# [illegible]

[illegible]

સુધરેલા જમાનાની નવી ફેશન.

# વખતનો ઉપયોગ.

એલ્યુમીનીયમ ( નવી ધાતુ ) ના જલ્દી અને થોડા વખતમાં રંધાઇ તયાર થાય એવાં વાપરવા લાયકનાં વાસણો હરહમેશ તૈયાર રહે છે.


હરેક કોમના ભરના-લખો

**એચ. એચ. [illegible]ાપભાઈ.**

કસા[illegible] પોસ્ટ નં. ૨.

**મુંબઈ.**

૭૮૬

# ખાતુને જન્નત

હઝરત બીબી ફાતમા સૈયદા (ર) ના સદ-
ગુણોનો ભંડાર, જે ઈસ્લામી બાનુઓને
ખાસ વાંચી મનન કરવા લાએક.

અનુવાદક. ઈ, એસ, બાનવા.

પ્રગટ કરનાર.

**મુનશી ફતેહખાન એહમદખાન**
"દીલફશા"

એડીટર-ઈસ્લામ.

ઈસ્લામપુરા. પોષ્ટ નં. ૪-મુંબાઈ.

૧૩૩૮ હિજરી. પ્રત. ૬૦૦. ૧૯૧૯ ઈ. સ.

કિંમત રૂ ૧-૮-૦

શ્રી સત્યનારાયણ પ્રીંટીંગ પ્રેસમાં પા. મોતીલાલ કાળીદાસે છાપી.

ઠે. સીવીલ હોસ્પીતાલ સામે પાનાભાઇની વાડીમાં—અમદાવાદ.

# યાદગાર

મારા માનવંતા મરહુમ બહેનઃ—

ફાતમા બાઇ, તે શેઠ
ફાજલભાઈ જુમાભાઇ લા-
લજીના પુત્રી તથા શેઠ હુસેનભાઈ
અબદુલ્લાભાઇ લાલજીના ધણીઆણી
જેઓ તરફની મારા પ્રત્યેની ઉત્તમ લા-
ગણી અને માયાળુ યાદમાં આ, "ખાતુને
જન્નત" તે બહેસ્તના સરદાર હજરત બીબી
ફાતમા તુઝઝાહરા (ર) ના વખાણવા ગાયક અને
મનન કરવા લાયકના સદગુણોના ભંડારની એક અજાત
બુક તેમની યાદમાં હું તેઓના મુબારક નામ સાથે
અર્પણ કરી મારા તરફની તેઓની માયાળુ યાદ
તરીકે કાયમ રાખવાની ફરજ સમજું છું
સાથે સાથે ખુદાવંદ કરીમના પાસે
દુઆ ગુજારૂં છું કે મરહુમ ફાતમા
બાઈની રૂહને "ખાતુને જન્નત"
ના તુફેલે બેહેસ્ત નસીબ થાય.
આમીન ! આમીન !

ઈસ્લામપુરા પોષ્ટ નં. ૪
મુંબાઈ
હાલ મુ. અમદાવાદ
તા. ૧-૧૨-૧૫

લી. તમારો
મુનશી ફતેહખાંન અહેમદખાન.
"દીલકશ"

# બે બોલ.

મહેરબાન સુરી માસિકના એડિટર જનાબ મોહમદદીન સાહેબના સુપ્રસિદ્ધ ' ખાતુનેજન્નત" નામે પુસ્તકનો ગુજરાતી તરજુમો વાંચક વર્ગ આગળ મુકતાં અમોને ઘણો આનંદ થાય છે. તેવોના લખાણ સુરી માસિક તથા અન્ય સ્થાને વાંચ્યા હશે. ત્યારે વાંચનારાઓને જરૂર ખ્યાલ આવ્યો હશે. કે તેવો પોતાની ફરજ ધર્મ તથા ધર્મના આગેવાનો પ્રત્યે કેવો સુંદર ભાવ રાખે છે. 'બે બોલ'ના ઘણા પૃષ્ટ ન ભરાય તેટલા માટે ટુંકમાં લખવા ધારીએ છીએ. બાકી આ પુસ્તકનું દરેકે દરેક પૃષ્ટ. દરેકે દરેક લીટી. દરેકે દરેક શબ્દ મનુષ્યના અંતઃકરણ ઉપર જાદુઈ અસર કરે છે, તે સંબંધી વધારે લખવાની આવ્ય શકતા નથી. કારણ તે પુસ્તક તમારા હાથમાંજ છે. તે વિચારવાનું તથા હમેશ મનન કરવા યોગ્ય કામ તમોને સોપીએ છીએ.

આ દુનિયામાં એવા ઘણા મનુષ્યો છે કે જેવો પોતાનાજ સ્વાર્થમાં સર્વ કાંઇ જુવે છે, તે બાહ્ય રૂપ–દેખાવ ઉપર મોહી પડે છે. તેવા અજ્ઞાન જીવોને સત્ય શું છે! કેવી રીતે મેળવી શકાય છે. ને કયા માર્ગે જવાથી તે મળી શકે છે. તે આ પુસ્તકમાં સંપૂર્ણ રીતે વર્ણવામાં આવ્યું છે. હાલની બાનુઓ શું માંગે છે. ન તે સંબંધી ઇસ્લામ ખુદા રસુલ વગેરે શું કહે છે. તે અમારી ઇસ્લામી માતાઓ. બ્હેનો વગેરે સમજશે એવી અમારી આશા કે જરૂર છે.

અમારા વાચક વર્ગની સરળતાને લઇ કેટલા ઉર્દુ કાવ્યનું ગુજરાતીમાંજ ગદ્ય કરવામાં આવ્યું છે. તથા જે શબ્દની ગુજરાતીમાં અછત છે તેનો એકવાર અર્થ આપી બીજીવાર અર્થ વગર તેજ શબ્દ આપવામા આવ્યો છે. તે માટે સર્વે માફી આપશે.

કેટલા નાના પ્રકરણોને એકઠા કરી મોટું પ્રકરણ બનાવવામાં આવ્યા છે.

"ભૂલના પાત્ર પ્રત્યેક મનુષ્ય છે. આવો વારસો આપણા વડીલ દાદા આદમ (અ) તરફથી પ્રત્યેક માણસને મળેલો છે. આથી થએલી અમારી ભૂલ ઉપર નજર ન કરતાં સુરીજન ગુણ ગુહણ કરશે એવી આશા છે. કારણ ઉર્દુ ભાષામા 'ખાતુને જન્નત' ની મીઠાસ જેવું ગુજરાતી ભાષામાં તરજુમામાં થવું મુશકેલ છે તો પણ જેટલુ બન્યું તેટલું કરવા કોશીશ કીધી છે.

મહેરબાન મોહમદદીન સાહેબે સદરહુ બુકનો ગુજરાતી ભાષામાં ભાષાન્તર કરવા સારૂં કોઇ પણ પ્રકારની શરત વગર રજા આપી તેટલા માટે તેમનો અંતઃકરણ પૂર્વક ઘણો આભાર માનીએ છીએ.

"ખાતુને જન્નત" બુકનું ગુજરાતી ભાષામાં તરજુમો કરવા સબંધી ઉર્દુ લેખકની પરવાનગી મેળવી. મારા મિત્ર મુનશી ઇમામશાહ લાલશાહએ જે મહેનત અને તરજુમા કરવામાં જે પોતાનો કીંમતી ભોગ આપી ઇસલામી વાંચન તરફ પોતાની ફરજ બજાવી છે તે બદલ તેવોનો ઘણોજ ઉપકાર માનવો આ તકે યોગ્ય ધારૂં છું. તેઓનું કૃતવ્ય હમેશાં તુરજુમો કરવા તરફ લાગેલું જોઇ મને ઘણો આનંદ થાય છે. ઉર્દુમાંથી ગુજરાતીમાં તરજુમો કરી ગુજરાતી વાંચ-

કોની ખોટ પુરી પાડવા તેઓ એક ચીતે કામ કરે છે. અને ઈસ્લામમાં એઓના લેખો હર હમેશ પ્રગટ થાય છે.

બીજીવાર પુસ્તકની અંદર, હ્રસ્વ, દીર્ઘની રામ ચિન્હોની, જાણીને અને ભાષાની ભૂલો જણાય તો તે માટે માફી ચાહું છું. તો પણ કોઇ ગૃહસ્થ સંબંધી સુચના કરશે તો બીજી આવૃતિમાં સુધારવા ચુકશું નહિ.

હાલ મુકામ—અમદાવાદ
લાલદરવાજા.
સોમવાર ૧–૧૨–૧૯

" દીલકશ "
એડીટર—ઈસલામ.
ઇસ્લામપુરા નાં. ૪—મુંબાઈ

---

# ! ઈસલામ !

# પ્રસ્તાવના.

હે ચાદરે તતહીર નીકાબે જોહરા;
ખાતુને જન્નત ખાસ ખીતાબે જોહરા.
ગુલમાંહેં ગુલામાને જનાબે હૈદર;
હુરેં હેં કનીઝાં ને જનાબે જોહરા

---

માણુસની કસોટી તેના ગુણો તે ગુણોજ છે. ગૃહસ્થાઈ, મોટાઇ, પ્રતિષ્ઠા, આબરૂ, સત્તા અને બાદશાહત જાહેર રીતે દીલને લોભાવનાર જણાય છે. પરંતુ જેને ખુદાએ જ્ઞાનરૂપી આત્મિક ચક્ષુ આપેલા છે, તે આ નાશવંત ને અસ્થિરતાના સંબંધમાં સંપૂર્ણ રીતે જાણે છે. આ અમારો દાવો કરવાનો સબુત ઇતિહાસોના પુષ્ટો છે ઘણા મોટા, સંપૂર્ણ ભરોસાદાર ઇતિહાસોમાં લખેલું નજરે પડે છે કે ફલાણો શહેનશાહ પોતાના વખતમાં એકકો હતો. જેના હુકમને બીજા બાદશાહો પોતાની ખાસ ફરજ સમજતા હતા. તેના રોબદાબની એટલી બધી સત્તા હતી કે જો તે રૂશીયામાં પોતાના રાજ્યની ગાડીને શોભાવે તો યુરોપના બાદશાહ ઉપર ધ્રુજારી જામતી તેનાથી ડરતા પરંતુ આજે તેનું નામ પણ કોઈ જાણતું નથી. માત્ર કેટલાકજ ઇતિહાસના જ્ઞાન સાથે પ્રેમ રાખનાર વગર હાલના જમાનામાં તેમના કૃત્યો સાથે પ્રેમ નહિ રાખનારાએ તેમને ભુલાવી દીધા છે.

ટુંકમાં વિદ્યા એક એવી અમર સત્તા છે. જે ગુણોની સાથે

મગીને નહિ જાણનાર સાથે પણ સંબંધે જોડી શકાય છે. પણ તેને ગુણોથી જુદા કરી જોવામાં આવે તો માત્ર નકામું દીલને રાજી કરવાજ યાદ રાખવામાં આવે છે. અલબત પુસ્તકોની સાથે સેલ કર નાર તેના વાંચવાથી ને વિચાર કરવાથી માલમ પડયા વગર રેહતું નથી કે આગળ થઈ ગએલા મોટા મોટા વિદ્વાનોને માલમ પડયા વગર રેહતું નથી કે આગળ થઈ ગએલા મોટા મોટા વિદ્વાનોએ પોતાની ખ્યાતી આકાશ સુધી પોહચાડી હતી. પરંતુ હાલ દુનિયા તેમના નામને પણ જાણતી નથી. તે કેટલા અજાણ છે. જે કે લકવામાજસ, અરસ્તા તાલીસ, અને ફીસાગોરસ, હીકમતોમાં ને વિદ્યામાં અને શેખ અકબરની ઉતમ માર્ગ તથા સંસારિક જ્ઞાનના માટે સંપૂર્ણ રીતે માહિતગાર હતી મુતનબી જેવા કવિ. રાજી જેવા ફીલસુફ ઈબ્ને મુકનેસ જેવા સંસોધક, હુસ્ન સબ્બા જેવા પોલિટિકલ પોત પોતાના વખતમાં પોતાની વિદ્યામાં આકાશમાં સુર્ય ચંદ્રની પેઠે પ્રકાશ આપતા હતા પણ તેમના મૃત્યુ પછી તે મના શરીર સાથે તેમના નામ પણ એક અંધારાના ખૂણામાં ભરાયા, અને આજે કેટલાએક પણ જાણુતા નથી કે તે કયા બાગના મોતી હતા.

આવીજ રીતે મોટા મોટા બહા બળ ધરાવનાર રૂસ્તમ, સોહરાબ અને ઇસ્ફન્દયાર શાહનામું વગેરે પુસ્તકોને વાચવાથી આપણી કર્મકાજ બહાદુરી વગેરે ઉપર આપણને પ્રકાશ કરે છે. પરંતુ એમના નામો, કાંઈ ઈજ્જત આંબરૂને માન સાથે લેવામાં આવતા નથી. અને વખત જતાં જતાં ભૂલવામાં આવે છે. કારણકે તેવો માત્ર કવિ હતા. ફીલસુફી હતા. સંસોધક હતા. પોલિટિકલ હતા.

અને ઉપચાર આપી શકાય તેવું બાહુબળ ધરાવનાર હતા. પરંતુ જ્યાં સુધી એક માણસ પવિત્રતાનો માલિક ન થાય ત્યાં સુધી તેની કોઈપણ શક્તિ કમાલ ચાહે ગમે તેટલી હદે પોહચ્યા હોય. લોકોએ તેમના ઘણાં વખાણ તથા આબરૂ આપી હોય. પરતુ છેવટે તે નાશ થનાર છે.

સારા ગુણોની શોભા પસંદ કરેલા ગુણો. જગતની ઉત્પત્તિથી લઇને અત્યાર સુધી ઉત્તપત્તિથી લઇને નાશ સુધી; કયામત સુધી. અર્થાત બીજીરીતે ભૂત વર્તમાન અને ભવિષ્ય વગેરે ત્રણે કાળમાં જુદા ધર્મવાલા, જુદાપંથવાલા, જુદી ટોળી કે કોમવાલા, જુદા દેશમાં રહેનારા, એકજદેશમાં રહેનારા વગેરે સર્વે માણસોની નજરોમાં ઘણાજ ઉંચ સ્થાને તેનુ સ્થાન છે. એમ સાબિત થયું છે અને થશે. ખુદાએ પોતાના પસંદ કરેલા બંદાઓએ અંબીયાને રસુલના સંબંધમાં પણ એક વિચાર પહેલાથીજ નજર આગળ મુકયો છે. સર્વેનો દ્રષ્ટિ બિંદુ ઉત્તમ ગુણોની અને વર્તણુકની ઉત્તમતા ઉપર રહેલો છે.

અમારા નબી કરીમ (નબુવતને (સ) પૂર્ણ કરનારા જેમની જાત સર્વત્ર જગતની સુંદરતા—પવિત્રતાની જડ—મૂળ અને આખા વિશ્વની ખૂબીયોની ચાવી—કીલી—કુંચી હતી. તેવો ફરમાવે છે કે. "મારા કેહવાનું તાત્પર્ય માત્ર એ છે કે ગુણોની ખુબીઓની પેરવી કરો. અને ખુદાની અનેદુનિયાની પવિત્રતા અને વ્યવસ્થાના ભેદો શીખવું જેથી તેવો જ્ઞાન સાથે વર્તનથી પોતાની હયાતીમાં ફરીસ્તાની વર્તણુકવાલા મુમુક્ષુ સત્તા ધરાવનાર બને, અને અશ્રફુલ મખલુકાત (પ્રાણીમાં

સર્વેથી ઉત્તમ ) જેવી પોતાની પૂંજી તથા આબરૂવાળો ખેતાબ સત્યાર્થ સાબિત થઇ શકે

અખલાક (પવિત્ર ગુણો)નો શબ્દ જાહેર રીતે આરબ અક્ષરોનો શબ્દ છે. પરંતુ તેને એવા વિસ્તારથી અર્થ થાય છે કે દુનિયાની કોઈ પણ ખુબી અને દુનિયાવાળાના કોઇ પણ સંપૂર્ણ વખાણવા લાયક કાર્ય કોઇ પણ એવો નથી કે જે આના સંબંધમાં ન આવતો હોય. અને અખલાકનો વર્તુલ તેને રોકી લેતો ન હોય. અદલ ઈન્સાફ સખાવતને પોતાનો લાભ બીજાના લાભ કરતાં થોડો ગણવો એટલે બીજાના લાભને પહેલો નંબર આપવો, દયા અને નરમાશ, સર્વેની દાઝ જાણવી, ભક્તિ અને ખુદાને ખુશ રાખવો, સબર અને સંતોષ, શરમ અને-હયા, સ્વતંત્રતા વગેરે વગેરે જુદા જુદા સર્વે અખલાકની ખુબીયો છે. જે થોડું થોડું દરેક નબી અને રસુલે પોતપોતાની કોમને આપ્યા તેને પેઢી દર પેઢી પ્રસરેલા રહ્યા છેવટે અમારા નબી જગતના સરદાર (સ૦) મેં સર્વેસ પવિત્ર ઉમ્મત આગળ મુકી દીધા. અખલાકની ઇમારતને બનાવનાર જેવી રીતે નુહ (અ૦) હતા તેવીજ રીતે તે ઇમારતને સંપૂર્ણતાને પોહચાડી દીધી. કે હવે મોટામાં મોટી કોઈપણ વ્યક્તિ-શક્તિ તેમાં કોઈ પણ પ્રકારનો રંગ નથી લાવી શકતી. અમ્બાયા (અ) જયાં અખલાકની ખૂબીઓ સંબંધી ચાહતા ને જયારે સંભળાવતા, ત્યારે સૌથી પહેલાં પોતાની મેળે પોતાને અમુલ્ય જેવર-ઘરેણાથી શોભાવી અને તેની આંખને પવિત્ર બનાવનાર ચમક પ્રકાશનું અંજન કરીને નમુનાને દાખલાથી બોધ લેનાર આગળ મુકયા કરતા હતા. અને આજ કારણે. તેમની કેળવણીની યુક્તિ, વાત આજ સુધી સર્વે જગતના નાના મોટાની જાણમાં છે. ત્યાં તેમની યોગ્ય બોધને ઉત્તમ વર્તન,

જીંદગીના વખાણુ—સમજમાં પણુ તેમની મધુર વાણી છે. જ્યાં સુધી દુનિયામાં અખલાક એવી આ બુક તથા બોધ આપનાર બુકની એક લીટી અરે ! એક શબ્દ કે એક બિંદુ બાકી છે, ત્યાં સુધી તેમનું નામ માન, આબરૂને અદબના બન્દોબસ્તથી યાદ થતો રહેશે જેના લાયક તેવો હતા.

કોણુ નથી જાણતું કે હજરત દાઉદ (અ) લવાર હતા. જનાબ મુસા (અ) સોઇબને ત્યાં દાસત્વ જીંદગી કાપતા હતા. અમારા આકા—સરદાર ઘણાં દીવસો સુધી બકરાને ચાર્યા કર્યા. અને કોણુ નથી જાણતું કે એ થઇ ગએલા તેમને દુનિયામાં કેવી કેવી તકલિફો પોહચી; અને તેમની જીંદગીનો વખત કેવી તકલિફ, ગરીબીને સબરમાં વહી ગઇ. આગળ શા માટે જઈએ. ખુદ અમારા કમલી વાલા શહેનશાહ (સ૦) નું જીવન વૃત્તાન્ત આ બીનાને સાબેતી આપે છે. કે મને કોઇ પણુ દહાડો પેટ ભરીને ખાવાનું નસીબ થયું નથી. ને આલે મોહમદ (સ) એટલે મોહમદ (સ) ની ઓલાદે કોઈપણુ દહાડો ઘઉંની રોટલી પેટ ભરીને ખાધી નથી. જેમના પાથરવા માટે એક ખાટલો હતો તે પણુ ભાગેલો. જેમને ઓઢવા માટે એક ગોધડી હતી તે પણુ હજાર થીગડા વાલી સવારમાં તેવો પોતાની બીબી આયેશા (ર)ને ત્યાં જતા ને ફરમાવતા કે કાંઇ ઘરમાં ખાવા માટે તૈયાર છે. જવાબ નકારમાં મળતો. આવો જવાબ સાંભળી રોજાનો વિચાર નૈયત કરી લેતા.

ખંદકની લડાઈમાં પેટે પત્થર બાંધી સર્વે સાથવાલાની સાથે ઘણાં અઘરાં કામો કરતા રહ્યા. પછી તેમના ખલીફા અબુબ કરસીદીક (ર) ની સ્થિતિ જિંદગી પણુ આવીજ બાબતને સંબંધ

રાખતી ગુજરી. જેવો ઇસ્લામની અપીલમાં તેના લાભમાં પોતાની જાહેરાત તથા છાની મિલ્કત ખુદાના નામ ઉપર આપી દેતા હતા. તેમના પછી ઉમર(ર) ની પણ આવીજ વર્તણુંક હતી કે જ્યારે બતુલ મુકદશ સફર કરતા હતા ત્યારે તેવો પગે ચાલતા હતાને તેમનો ગુલામ ઊંટ ઉપર સવાર હતો કારણ તે વખતે તેની-વારી હતી. તે વખતે ઉમર (ર) ખલીફા હતા. બરાબરીની ઇચ્છા એવી એવી નોહતી કે ઉમર (ર) જેવા ખુદાને ઓળખનાર પોતાના માન મરતબા, શાન શોકતને જાહેર કરવા સત્ય બીના વર્તણુંકને ભંગ કરનાર અને ઉપર નુરી (ર) જાહેરની સ્થિતિ સારી રાખતા હતા. પણ તેવો જાતે ફકીર અને નામના તથા અમર નામના ના દુશ્મન હતા. સયદના અસદુલ્લા ગાલીબ (ર) તેવો નબી મોહમદ (સ) ના જમાઈ થતા. સૌથી પહેલાં ઇસ્લામમાં આવનાર હતા. શારીરિક શક્તિમાં રૂસ્તમ જેવાને તે આત્મિક શક્તિમાં અલ્લી જેવા હતા. પરંતુ તેવોનો વ્યાહાર કેવી તંગ દસ્તિમાં હતો. અને જેવોની ફાકાની સ્થિતિનો વિચાર કરતા રૂવાંટા ઉભા થઇ જાય છે. અને આ વસ્તુ સ્થિતિમાં જનાબ મોહમદ (સ) ની ઇજ્જત તથા મરતબાને આગળ મુકતા હતા. આઠ આઠ દીવસ સુધી અનાજનો એક પણ કણ મુખે મુકવા મળતો નોહતો; તો પણ હોટો ઉપર ફરિયાદ સરખી પણ લાવતા નહિ; પણ પોતાના દુઃખને ઘણી સબરને સંતોષથી વેઠયું. માંગવું ભીખ જેવા નીચ કૃત્યને અમલમાં લાવવા યોગ્ય ન સમજ્યા આ સર્વે થયું. પણ તેમની ખરી શક્તિ તેવીજ રહી. એજ બોરીયા ઉપર બેસનાર તેજ ગોધડી ઓઢનાર દીન અને દુનિયાના શહેનશાહ કેહવાયા. અને પુથ્વીના ત્રણ કરોડ મુસલમાનો તેમના વખાણમા, માન આપવામાં અંતઃકરણ પુર્વક તૈયાર દેખાય

છે. જીવનની રેહણી કેહણી ઉપર પોતાનો છુટકારો તેમની પવિત્ર બનાવનાર વર્તણુક ઉપર ખરા દીલથી માનનારા કબુલ કરનારા છે. કેમકે તેમની પાસે જો રૂપીઆ ને અશરફીયોના ઢગલા નોહતા. તેમની ઘોડાલમાં જુદા જુદા પ્રકારના ઘોડા નોહતા. તેમની સવારી માટે કાંઇ મોટર કે ફેટીન નોહતી. તેમનો પહેરવાસ તદ્દન સાદો ને સામાન્ય હતો. કોઇ પણ દહાડો કીનખાબ. અતલસ વગેરે વગેરેએ તેમની પવિત્ર કાયાને સ્પર્શ ન કર્યો તેમના ખોરાકમાં કાંઇ શોભા નોહતી. તેમની જીંદગીમાં એક વખતે બે વખત ખાવાનું નથી મળ્યું. તોપણ આજે મુસલમાનો ને ઉપરાંત અન્ય ધર્મી જેમને ઈન્સાફ–ન્યાય સાથે પ્રીતિ છે. તેમના દીલમાં તેમની મોહબત. પ્રેમ છે, તેમનું માન છે. આ કદર કીમતી છે. તે થોડા વખાણને લાયક નથી. મહાન સિકન્દરને લોકોએ ભૂલી દીધો છે. કે જે હાલ થોડાકજ વખત ઉપર થએલો છે. પણ વખત જતા તેનું નામ માત્ર ઇતિહાસોના પૃષ્ટ ઉપરજ સ્થાન ધરાવતા જાય છે. પરંતુ એ શહેનશાહનું જીવનચરિત્ર, જેમની સત્તા લોકોની કાયા ઉપર નોહતી પરંતુ કરોડો મુસલમાનોના દીલ–આત્મા તેમના તાબામાં હતા. જેમથી જીંદગીનો હેતુ મનુષ્યોને લાભ કરનારો હતો. જેમની જીંદગીના બેદો મનુષ્યતાને સંપૂર્ણને પકવ બનાવનાર હતી. જેમના અખલાક (ગુણો)નું ફેલાવવું અને ઉત્તમ ગુણાલંકારમાં ટેવાયલા તેના સબ થતા [illegible] થયા હતા જ્યાં સુધી દુનિયા રહેશે અને જ્યાં સુધી દુનિ- [illegible] કાયમ છે ત્યાં સુધી કદાપિ પણ તેને ભૂલી શકતા નથી. એટલે તેમની યાદ ભુલી શકતા નથી. અને તેમના નામે પહેલાથી છેવટ સુધી માણસના દીલ રૂપી પૃષ્ટ ઉપર મોટા અક્ષરે કોતરાઇ રહેશે.

આ લાંબા મોડા લખાણથી વાચકના ધ્યાનમાં આવ્યું હશે માણસ માત્રના ઉત્તનતા તેના ગુણો છે તેના રંગ, માલ, દોલત, ઇજ્જત આબરૂ વગેરે નકામા છે. જો માણસો પરલોકનાં આનંદનો આબરૂ મળે છે તો તે માત્ર આ રાજ વર્તણુકથી પવિત્ર જીંદગીથી " ને થઇ ગએલા ગુણોથી ' પરંતુ તેની સાથેજ આ યાદ રાખવાનું ખાસ જરૂરનું છે. પવિત્ર કરનાર ગુણોની અમુલ્ય વસ્તુ માત્ર પુરૂષોને લાયક નથી. પણ તેની સાથે સ્ત્રીઓ પણ બરાબર હિસ્સેદારને સાથી છે.

ભવિષ્યના ઇતિહાસ તરફ નજર કરતાં આ વાત છાની નથી રેહતી કે કેટલી સ્ત્રીઓએ ' પોતાની વર્તણુકથી ' ' પોતાની રેહણી કેહણીથી ' તે વખતના પુરૂષો ઉપર ઘણી ઉત્તમ સરસાઈ લઇ ગએલીગો છે. અને ગુણોની ખૂબીઓથી તે સિદ્ધ કરી બતાવ્યું કે આજે સારામાં સારા, ઉંચમા ઉંચ પવિત્રમાં પવિત્ર પુરુષ પણ તેમના માર્ગે ચાલતાં ઉડતી ધુળની રજની પણ બરાબરી નથી પોહચી શકતા. અને તે સ્ત્રીઓ જેમના ઉપર ' થોડી અક્કલ ' ' આડી ચાલનાર ' નામે અન્ય સદગૃહસ્થો પોકારે છે. અને તેમને હલકી દુનિયા સાથે જોડે છે. પોતાના ઉત્તમ ગુણો, ધાર્મિક શક્તિ અને પોતાની ઉત્તમ વર્તણુક તથા ગુણોથી ઇતિહાસોના પૃષ્ટો ઉપર અમર ચિન્હ સ્થાપી શક્યા છે. આજ સંબંધ ને સંબધ ધરાવનાર એક એવી સ્ત્રીનો દાખલો તમારી આગળ મૂકીએ છીએ. જેના ઉપર અન્ય મનુષ્ય પણ નાહક ઘુમંડ કરે તો તે તેમને યોગ્ય છે. અમારી બ્હેનો એની પવિત્ર ને મુબારક જીવન વૃત્તાંત જેટલા વધારાને રંગેરંગી બોલે. ને સત્રે સત્ય સત્યતા નખી આગળ ' ચું ' ' ચાં ' કર્યા વગર નમશે. યોગજ ગણાશે. અમારી મુરાદ સૈયદતુન્નેસા હાતમા તુઝ

ઝેહરા (ર) થી છે. જે શારીરિક તથા આત્મિક વગેરેના સંગુણો સંબંધી આખી દુનિયાની સ્ત્રીઓના માથાનું તાજ, અને અત્યાર સુધી નજરે નહિ ચઢેલી વર્તણૂક તથા ઉત્તમ ગુણોને લઇ સર્વે પવિત્ર અને ઉત્તમ સ્ત્રી સરસાઈ ભોગવે છે. જેમને શાહેનશાહ યસ-રબ મોહમદ (સ) ની પહેલાંજ ખાતુને જન્નત સ્વર્ગની દેવી રૂપી સરદારીનો ખેતાબ મળી ચુકયો હતો. તેમના ગુણાલંકારની ખુબીયો તથાપવિત્રતા પેગમ્બર સાહેબની જાતમાં પ્રકાશતી હતી. અને ઉત્તમ ગુણો મોહમદ (સ) ની પવિત્ર સાથે સંબંધ ધરાવતા હતા. સૈયદા બીબી ફાતમા (ર) આંથી વધારે શું બની શકે એમ છે. કે તેમના પવિત્ર ગુણોને પણ મોહમદ (સ) પસંદ કરતા હતા; તેમના માટે જનાબ મોહમદ (સ) સીધા ઉભા થઈ જતા હતા. મોહમદ (સ) ના રીતી રિવાજ, વર્તણૂકનો ઉત્તમ નમુનો બીબી ફાતમા (ર) ની પવિત્રમય જાતમાં હતો.

સૈયદા બીબી ફાતમા (ર) ની કેળવણી એવા પવિત્ર હાથોમાં થઇ હતી. અને એક એવા માણસની દેખરેખ નીચે વ્યવસ્થા-વિધ્યાભ્યાસ કર્યો હતો કે જેનાથી વધારે ગમ ખાનાર, જેનાથી વધારે ભલું ચાહનાર, જેનાથી વધારે પવિત્ર આજ સુધી કોઇ માણસ ન પેદા થયો છે ના થશે. ગમખાનાર અને મહેરબાન માતાની છાયા બાળપણમાંજ ઉઠી ગયો હતો. ને માતાના ખોળાના બદલે બાપના ખોળામાં સૈયદા (ર) એ પરવીરશ મેળવી, અને જેમ જેમ ઉમરમાં વધારો થતો ગયો. ગુણો પણ વધારે પવિત્ર થવા લાગ્યા. અને છે-વટે જ્યારે અમારા સરદાર સૈયદતુલ મુરસલીન. (સરદારોના સરદાર), અફજલુલ અંબીયા ( અંબીયાથી-ઉત્તમ ) અને રોસુલ ( વહુવચન

રસુલનો સંદેશો લાવનાર ) નો ખેતાબ મળ્યો. ત્યાં તેમના જીગરના ટુકડાને સંપુર્ણ ઇજતવાળા ખેતાબો બક્ષવામાં આવ્યા.

સૈયદા (ર) ના જીવન ચરિત્રનો એક એક પ્રષ્ટ હાલના જમાનામાં વીસવીસ પ્રકરણની મહત્તા રાખે છે. તે જનાબ બતુલ (ર)ની જીંદગી હાલના જમાનાવાળા આગળ એક એવો સરદાર મુકે છે જેના થોડાકજ અનુકરણથી કે પુરુષ કે શું સ્ત્રી મનુષ્યતાના વીણી કાઢેલા ગુણો તથા અ મુન્યતાના ઉત્તમ વખાણોનો માલિક બની શકે છે.

જોહરા (ર) ની વારદાત વાંચી અમારે કબુલ કરવું પડે છે, કે તેમના એકલાનો સર્વ વખત, પ્રસંગો સબર અને સંતોષમાં સંપૂર્ણ થાય છે. અને દુનિયાની કોઇ પણ ખુશાલી ને; જગતનો કોઇ પણ પ્રકારનો ગમ તેમના લુગડાને પણ અડવા પામતો નથી. ભાઇ નો વધારે હોવાના પ્રસંગે પણ તેવો ખુદાના સંતોષ તથા ઉપકાર ના ભાર તળે દબાયલા–તેની પ્રાર્થના કરતા નજર આવે છે. અને સુખને નાશ કરનાર મુસીબતોનું નેશાન બને છે. તોપણ તેમની જીભથી નારાજીનો શબ્દ સાંભળવામાં નથી આવતો. તેમને વખતની સંપુર્ણ–ખરી કદર માલમ પડે છે; અને કોઈ મિનિટ, કોઇ કલાક પણ તેવો ખુદાની યાદથી બે ખબર નથી થતા. તેમની આગળ એક શ્વાસના જેટલો પણ સમય ખુદાને ભૂલવું કુફરને મળતુ છે. તેમના ઉપર પરીક્ષાઓ તથા કસોટીના પહાડો તુટી પડે છે. તેમના ઉપર એવા સખત વાર થાય છે. જે બીબી ફાતમા (ર) ના વચનોમાં કહીએ તો "જો પ્રકાશમય દીવસ ઉપર આ નીમવામાં આવત–ઉતરતો તે અંધકારમય રાત્રી કરતાં પણ વધારે અંધકારમય બની જાત" કહી શકાય. પરંતુ તેવો આવી સ્થિતિમાં ખુદા ઉપર

સબર રાખનાર અને તેના હુકમ ઉપર તાબેદાર બનતાં દેખાય છે ગરીબી અને ભુખા મરવા સાથે તેમન ખાસ પ્રેમ ..ય છે. ને જન્મ થી મૃત્યુ સુધી તેમની જીંદગી ફકીરી કપાય છે—અસર થાયછે. પરંતુ ગુણોની ઉત્પતિસ્થાન, ચાલ ચલગત, વગેરે કમલી ઓઢનાર શાહેનશાહ મોહમદ (સ) નો ફરમાન તેમના દીલને ધીરજ આપનાર બની રહે છે. અને આત્મિક અમર શક્તિ—ન્યામત તેમને સર્વે જગત બે પરવા બનાવી દે છે.

તેમને કોઇ નોકર અને ખીદમતગારની જરૂર નથી પડતી તેમને કોઈ જાહેર મદદગારની જરૂરત નથી રેહતી. તેવો પોતાના હાથે ઘરનું કામકાજ કરે છે. ને જીંદગીની જરૂરીયાતોને પોતેજ પોહચાડે છે. પોતેજ પૂર્ણ કરે છે. કઠણમાં કઠણ મહેનત અને ભારેમાં ભારે તકલિફ—મેહનત બરદાસ કરે છે એવાપર ખુશી ખુરમ રહે છે. જો તેમને કોઇ ગુલામ મળી જાય છે, તો તેની સાથે ભાઇ જેવી વર્તણુંક ચલાવે છે. અને બરાબરની નજર કાયમ કરવામાં આવે છે જેનો વિચાર હાલ હયાતી ધરાવનાર દુનિયાના કોઈ પણ તવંગર અમીરના ધ્યાનમાં પણ નથી. આવી શકતો એમને પોતે જાતે નાદાર હોવા છતાં ફકીરો અને ગરીબોના દુઃખ ઉપર ખાસ નજર રહે છે. કોઇ વખતે અચાનક કોઇ વસ્તુ મળી જાય છે. તો જ્યાં સુધી કોઈ ગરીબને તેમાંથી ભાગ નથી આપતા. ત્યાં સુધી તે પોતાને લાયક તે વસ્તુ ગણતા નથી.

આ સર્વે ગુણો સૈયદા (ર) ના ફોટામાં મળેલા છે; અને તે એક શુદ્ધિનો નાનો નમુનો છે.

વાચક આ કાર્યની ખાસ જરૂર હતી. કે તે તરકીબ, કાર્ય કે

જેના કરવાથી. સૈયદા (ર) ને આ ઉતમ કેળવણી, ઈજ્જત, પવિત્રતા મળી તે સામાન્ય લોકો આગળ મુકવામાં આવે જેથી પુરુષ એક સ્ત્રીની ઉત્તમ ગુણોની સાથે મળેલા જીંદગીથી બોધ લે અને સ્ત્રીઓ પોતાના વર્ગના અને સરના તાજ બીબીની ચાલે ચાલી પવિત્રતા મેળવે,

સૈયદા (ર) ની વારદાત જો કે અમને ઈતિહાસના મોટા પુસ્તકોમાં સોનેરી અક્ષરોમાં લખેલુ નજરે આવે છે પરંતુ ઘણાં પ્રષ્ટો ફેરવ્યા પછી એક જિજ્ઞાશુને–શોધનારને તેમની સંપૂર્ણ માહેતી મળી શકતી હતી. અને જ્યાં સુધી તેવોની એક બુક રૂપે જીવનવૃંતાંત ન થાત ત્યાં સુધી. એ અડચણ દુર થતી નોહતી. અમારા દેશના રહેવાસીયોમાં જ્યાં સેકડો એબો ખાપણો ને નુકસાનો સ્થિતિ ધરાવે છે. ત્યાં એ પણ એક ખાસ કમી છે કે પહેલાંતો નીતિ અને ઇતિહાસિક બોધ દષ્ટાંદ બે કદરોના હાથે ઓછો થતો જાય છે. અને તેમની નજર આગળ નીતિભંગ અને સંગારિક નોવેલો છે. ઘણું ખરા ભાગે દર્દવાલા, પ્રેમમય વાર્તાઓ લખેલી છે: અને વિશેક પસંદ જેમાં માત્ર કલ્પનાં શક્તિ, કવિત્વતા અને વિચારમાળા વગર અન્ય કાંઈ નથી.

સૈયદુન્નેસા (ર) ની પવિત્ર મય જીંદગીની ખુબીયોથી કયો મુસલમાન તે કબુલ કરવામાં જુદો પડે છે જેને સાચા દીલથી નહિ પરંતુ ખ્યાલમાં ઓછું અમારે એટલું જાણવું જોઈએ, કે તેમની પવિત્ર [illegible]તમાં કયા કયા ગુણો સમાયલા હતા. કે જેના કારણે જેમને આવો મરતબો મળ્યો. અને જ્યાં સુધી તેમની વારદાત [illegible]થી જણાવવામાં ન આવે. ત્યાં સુધી અમારી માન્યતા વગર

તકરારે દીનને નાજ કરવા બરાબર થશે ? જેના ઉ મો ગુહાને લઈ તેમની તરફેણુ કરી તેમના ઉપર ટીકાપણ ન કરાએ. પરંતુ અન્ય આ પવિત્ર માન્યના ઉપર હાસ્ય કર્યા વગર ક્યાં પાછાં હટે છે

વાંચકની સેવામાં સામાન્ય રીતે અરજ કરવામાં કાંઇ ખોટું નહિ ગણાય. કે ટીકા માટે તથા ખોડખાપણુ શોધવાને બદલે પવિત્રતા ને તાજુબી પમાડનાર પ્રસંગોથી શરમ મેળવે. તો તમારા માટે ઘણો ફાયદો થશે. અને ભવિષ્યમાં મળવાનો કુલ. ? અંદેશ વિચારથી તેમની સર્વે ખુબીઓ તથા પવિત્ર હુકમોથી વાકેફ થઈ શકશો. જેથી બીજો ફાતમા (૨) ને ખાસ સંબંધ હતો. પરિક્ષા કરવાની શક્તિ ખુદાએ હરેક બુદ્ધીશાળી પુરૂષને આપી છે એજ પ્રમાણે સદરહુ બુક માટે પણ વાંચકોના અભિપ્રાય ઉપર તેમનું તોલ કરવાનું બાકી મુકીએ છીએ.

મુનશી ઇમામશાહ લાલશાહ

બાનવા.

# ખાતુને જન્નત

## ઉર્ફે

# ફાતમ મુઅઝ્ઝહરા.

## પ્રકરણ ૧ લું.

દુનિયામાં ઇ. સ. છઠ્ઠીનો દોર ચાલી રહેલો છે. આ વખતે ખુબસુરત અરબસ્તાનની શી હાલત છે ! ચારે તરફ ધર્મ સંબંધી લડાઈ સળગી ઉઠી છે. તેનો બજાર ગરમાગરમ છે. જેણે એક ધરમા અનેક ધરો જુદા બનાવી દીધા છે. લોકોમાં પણ જુદાઇ, ફિતના નાખી દીધા છે. લોહી વહેવડાવનાર લોહીમાં નવરાવનાર ખોફનાકપડદો પડી ગયો છે, કુટુંબથી કુટુંબ, મંડળથી મંડળ જુદા જુદા કરી નાખ્યા છે. ઘણીજ અંધાધુધી રીતે જુસ્સામાં મુર્તિ પૂજા થઈ રહી છે. મુર્તિઓ આગળ જીવતા માણસનો વધ કરવામાં આવે છે. એક કુટુંબનો માણસ બીજા કુટુંબના માણસને કતલ કરી નાખે છે. નજીવી વાત ઉપરથી મોટી મોટી લડાઇઓ થાય છે. લોહીની નદીઓ વહે છે. અને ઘણીવાર આખું અરબસ્તાન ખળભળી ઉઠે છે કતલને જુલમના વરસના મુશળધાર વરસાદમાં એક બાળક કુરેશના કુટુંબમાં તા. ૨૯ અગષ્ટ સને ૫૭૦ માં પોતાની પવિત્ર નીરદોશ આંખો આ દુનિયાની રોશનીમાં ઉઘાડે છે.

સાંજન, ઍન્ડ કું. હેવલની ગલી ફોર્ટ–મુંબાઈ,

" અરબ પર છાસ ... ૧ફજલ અલ્લાહ તઆલાકા હુવા.
આફતાબે ૨કુદસસે નીકલા નુર બરસાતા હુવા.
તેઝ કીરને ઉસકી ૩તાઈફકે પહાડું પર પડી,
જુલ્મતે સબ મીટગઇ ૪રોશન અરબ સારા હુવા.
સંગે ફસલ ૫લાતા ૬જબલ સોહને ૭હરમમે ગીરપડે,
બુત કદુકી ગુંજ ઇલલીલ્લાહકા નારા હુવા.
આઇ હર તરફસે અલ્લાહો અકબરકી સદા,
બુત બડી હયરતસે ચીલ્લાએ અરે! યેહ કયા હુવા!
મહરે ૮તેહજીબો ૯તમદ્દુન કા ઉજાલા હો ગયા,
હર તરફ દીને નબીકા બોલ બાલા હો ગયા

જ્યારે આ બાળક પેદા થયો ત્યાર પહેલાં થોડાકજ અઠવાડીઆ પહેલાં તેમના પિતા ગુજરી ગયા હતા થોડા વખત પછી માતા પણ પોતાના પતીના પાછળ પાછળ કબરમાં જઇ સુઇ રહે છે. બાળકની સભાળ પોતાના દાદાને ઘેર થાય છે. બાળક, ખાનદાની મંજુર, પ્યારો, સબરવાળો સૈનો બહાદુર છે, કેટલા વર્ષ પછી દાદા પણ મૃત્યુ પામે છે. અબુતાલીબ જે બાળકના કાકા છે. તે સૌ કરતાં વધારે આબરૂવાળો અને સારા ગુણાકારથી છવાયલા છે. તે ત્રણવાર યતીમ થએલા બાળકને પોતાને ઘેર લઇ જાય છે. અને ત્યાંજ તે જવાન થાય છે પછી તે વેપાર અર્થે શામમાં જાય છે, તે પોતાના

(૧) ખુદાની મહેરબાની, (૨) પર્વત છે, (૩) પર્વત છે, (૪) પ્રકાશમય, (૫) (૬) મૂર્તિઓના નામ છે, (૭) ઘર, (૮) પવિત્ર શીખ ડવું (૯) બનદોબસ્ત કરવો, (૧૦) સુર્ય, મહોબત.

આજુબાજુના નજારાને, કાળજીપૂર્વક જુવે છે. તેની ઉમર ૨૪ વર્ષની થઇ ગઇ છે, ને તે પોતાના કુટુંબી ખદીજા નામક સ્ત્રીના વેપાર અર્થે શામ (એક મુલ્ક) નો સફર કરી રહેલા છે. જ્યારે તે પાછા આવે છે, ત્યારે તેમની અમાનતદારી, અને સત્યતાની ટેવને લઇ શાબાશી આપવામાં આવે છે, એ શાબાશીમાં ખદીજા (૨) તેમની થઇ જાય છે. અને તેમની સાથે સંબંધથી જોડાઇ જાય છે.

(૨)

" સેંકડો કીરનેથી ઇસ મેહરેજહાં [૧] અફ્રોજકી,
જો બજાએ ખુદ હરેક [૨] ખુરશીદ [૩] આલમ તાબથી.
ઓરતુમેં સબસેં પેહલી યે [૪] ઝારન યે રોશની,
બી ખદીજાકે દિલે સદહસરત [૪] આગનપર પડી.
જીસ્મલરજા ખુલ લઈ ચશ્મે [૫] હકીકત એક બાર,
ઉશ્રફતે ઈસ્લામને કી પેહલવુંમે ગુદગુદી.
[૬] શારએ ઈસ્લામકે દામનપે ડાલા [૭] દસ્તે શોક,
કેહકે અમન્ના ઝબા [૮] સાકીન હુઇ ગરદન ઝુકી.
કીસતરાં [૯] હુસ્ને કદિમ ઝલ્કે ના ઇનકી ઝાતમેં,
[૧૦] સાબેકુલ ઇમાનહેં યે ખાતુન [૧૧] મસ્તુરાતમે.

---

[૧] રોશન થએલો. પ્રકાશેલો (૨) સુર્ય (૩) દુનિયા (૪) તે વખતે (૫) કોઇ વસ્તુની જાતને અસલ અત્રે ખુદા પ્રત્યે (૬) જે લોકો ઈસ્લામનો બોધક ઉપદેશ કરનાર (૭) હાથ (૮) બંધ (૯) ખુબી ખુદાની જાણુ ખુદાની એક તારીફ (૧૦) ઇમાનમાં સહુથી આગળ વધેલા. (૧૧) ઓરતો સ્ત્રી.

---

( ૩ )

એહમદે મુખતારકો ઝન્નતકા માલીક કર દીયા,
માલોઝરકા જેવરો દોલતકા માલીક કરદીયા;
દેદીયા દીલપર ઉન્હેં હરએક તરેકા ઇખતીયાર,
અપને હર અરમાન હદ હસરતકા માલીક કર દીયા.
આરઝુમે જીસકે અકસર અમીરા ને ગરીબ,
ઉસને એક [૧૨]ગીરફીનકો [૧૩]ઇઝ્ઝતકા માલીક કર દીયા;
આપ પર મોકુફ કરકે અપના હરગમ હરખુશી,
આપકો હર દરદ હર રાહતકા માલીક કર દીયા.
એસે ખુશ કીસ્મત નજર આએ હેં કમ ઇન્સાન ભી,
દીલકી, હસરત ભી ખદીજાકો મીલી ઇમાન ભી.

## પ્રકરણ ૨ જું.

નામ ખદીજા, લકબ તાહેરા ( પવિત્રતા વીલા ) ખદીજાના પિતા ખુયલદ કુરેશના કુટુંબમાં ઘણી ઈજ્જતવાલા હતા. ખુદાએ તેમને ઘણોજ માલ, પૈસો આપ્યો હતો. પરંતુ સૌથી વધારે કીમત વાળું રત્ન જે આપવામાં આવ્યું હતું તે ખદીજા હતા. જે આગળ ચાલીને મોહમદ મુસ્તફા (સ) ના બી થયા, અને તેમના પેટે જે રત્ન પેદા થયો જેના સંબંધી લંબાણથી આગળ લખવામાં આવ્યું છે.

ખદીજા ( ૨ ) ના પિતાની વંશાવલી ખદીજાના પિતાનું નામ ખુયલદ તેમના પિતાનું અસદ તેમના પિતાનું નામ અબદુલગરઝાને

( ૧૨ ) ગરીબ ( ૧૩ ) ઇજ્જત.

તેમના પિતાનું નામ કરસા, કસ્સા મોહમદ મુ૦ ( સ ) ની ચોથી પેઢીમાં મળી જાય છે. જનાબ ખદીજાની માતા તરફની વંશાવલી ખદીજાની માતાનું નામ ફાતમા તેમની માતાનું નામ ઝાયદા તેમની માતાનું નામ અલઅસગમ તેમની માતાનું નામ હરમ તેમની માતાનું રવાજા, બી હજર બીન અબદ બીના મઇશ બીન આમર તુઇ, આ રીતે મોહમદ મુ૦ (સ) ની દશમી પેઢીમાં જઈ મળે છે. આ ઉપરથી સાફ માલમ પડી જાય છે સાબિત થાય છે કે હજરત ખદીજા (ર) મોહમદ મુ૦ (સ) ના વંશમાના હતા.

જનાબ ખદીજા (ર) નો જન્મ ઇ. સ. ૫૫૫ માં થયો હતો. બીબી ખદીજા બાળપણથી સારા ગુણવાલા ને નઠારા ગુણોને ધિક્કારનારા હતા અને નાનપણમાં પણ તાહેરા ( પવિત્રવાલા ) લકબથી ઉદ્દેશવામાં આવતા હતા તે મોટાં થતાં લોકો તરફથી ઉત્તમ કુટુંબના હોવાથી તે સાથે પવિત્ર ઉત્તમ ગુણવાલા હોવાથી સૈયદતુર્નાનશા લકબ આપ્યો હતો તેમના પિતા પરદેશ ખાતે વેપાર કરતા હતા અને આ વેપારના સબબે પૈસાવાલા તથા સર્વે અમીરોના અમાર બની બેઠા હતા. ઇસલામની પેદાશ નોહતી થઇ તે પહેલાં તેમનો વીહવા ઝશરહ તૈયમીના પુત્ર નેયાશની સાથે થઇ હતી ત્યાં તેમનાથી હાલા તથા હિન્દ નામે પુત્રો પેદા થયા. પહેલો પુત્રતો અંધકારના વખતમાંજ મૃત્ય પામ્યો. બીજો પુત્ર મોહમદ મુ૦ (સ) ના વખતસાંજ ઇસ્લામમાં દાખલ થઈ એક અશહાબી ( પાસે બેસનાર ) બન્યા હતા. હજરત ખદીજાનો બીજો સંબંધ અતીક આઇર મખરૂમી સાથે થયો હતો ત્યાં તેમને એક પુત્રી પેદા થઈ. અતીકના સ્વર્ગવાસ પછી બેવા તરીકે પોતાની જિંદગી કાપી હતી કારણ

તેમના પીતા ઉમર લાયક થઇ ગયા હતા. તેથી વેપાર સંબંધી કામ કરવાની તેમનામાં અશકિતએ વાસ કર્યો હતો એટલે બીબી ખદીજાએ વેપાર પોતાના હાથ ઉપર લઇ લીધો હતો. આ વેપારમાંજ રસુલ મોહમદ (સ) ની સત્યતા, તથા અનામતપણાના ગુણોનો અનુભવ થયો જે કે પહેલા પ્રકરણમાં લખવામાં આવ્યો છે. અને આ ગુણોને લઇ બીબી ખદીજા (ર) હજરતની બીબી બની ગયા.

બીબી ખદીજા (ર) એ પોતાની લોંડી સાથે હજરતને કેહવડાવ્યું કે, આપની પવિત્ર ચાલ ચલગત, સત્યતા, અનામતપણાના ગુણોરૂપી સુંદરતાએ મને એ વાત પર લોભાવી છે કે હું મારી જાતને આપની સેવામાં આપી દેવું, તે ઉપરાંત હું બીજા કુંટુંબની નથી. આપના કુંટુંબ સાથે સંબંધ ધરાવું છું એટલે આપના જદ્દાઆલા કસ્સાની પોતરી—ને ખુયલ્દની પુત્રી છું. હઝરતને જ્યારે આ પેગામ મળ્યો ત્યારે પોતાના કાકા—અબુતાલીબની સલાહ લીધી અબુતાલીબે. ખદીજા (ર) ના પવિત્ર ગુણો, સુંદરતા તથા આગેવાન. વગેરે—આજુ બાજુ જોઈ ખાતરી કરી 'તેમની સાથે સબંધ કરવા સલાહ આપી. અને કહ્યું કે તમો એમની સાથે સંબંધ કરો. આથી તમારી આબરૂ તથા શક્તિમાં સારો વધારો થશે. અને આ સંબંધ દુનેયાના બીજા કામોમાં ઘણો ફાયદો આપશે તે ઉપરાંત બીબી ખદીજા પોતેજ હોશમંદ અને અકલવાલા છે તેથી આપને ઘણીજ મદદ મળશે. મોહમદ મુસ્તુફા (સ) તેમની સાથે સંબંધ કરવા ખુશી થઈ ગયા. અને પોતાના કાકા. અબુતાલીબ, હમઝા અને બીજા કુરશીઓને સાથે લઇ તેમના ઘેર ગયા. અને ખુયલ્દની વકાલાતથી નીકાહ (સ્ત્રી પુરૂષને સંબંધ જોડતાં કરવામાં આવતી ધર્મ ક્રિયા) થઇ ગયો. આમાં જરા મતભેદ છે ઈમામા અશીર લખે છે કે તે

વખતે વકીલ ઉમરા અસદ જે એમના કાકા હતા તે થયા હતા કારણ તેમના પોતા તે વખતે મૃત્ય પામ્યાં હતા.

સીરતુન્નબુવ્વામાં લખ્યું છે કે જ્યારે હજરત શામની સફર કરીને પાછા આવ્યા ત્યારે એક લોંડીને હજરતની સેવામાં મોકલી કે તેમને સંબંધ કરવા સમજાવવામાં આવે ત્યારે આ લોંડીએ હજુરને આવી કહ્યું કે તમો ખદીજાથી સંબંધ કરવા ચાહો છો ? હજુરે કીધું કે મારી પાસે એટલી દોલત ક્યાં છે ? કે હુ તેમને મારી બીબી બનાવી શકું ? બીજુ એ કે તે એક અમીર સ્ત્રી છે, ને હું ગરીબ. મારી મુફલીસીને લઇ તેમના વિચારમાં અને મગજમાં ધુજારો પેદા થઇ જશે ! લોંડીએ કહ્યું તમો એ વાતની ફીકર નહિ રાખો. તે સર્વે જોખમ મારા માથા ઉપર છે અને હુંજ આ કાર્યની મુખત્યાર છું. અર્થાત લોંડીએ સર્વ વારદાત બીબી ખદીજા પાસે જઇ કીધી. બીબી ખદીજાએ કીધું કે તેમને મારી પાસે લઈ આવો લોંડી હજુરને બીબી ખદીજા પાસે લઇ ગઈ. ખદીજાએ હજુરને કીધું કે— હું તમારા ગુણ ઉપર ફીદા થઇ છું. તમારા ઉત્તમ ગુણોએ મને તમારી લોંડી બનાવી દીધી છે. બેશક તમો ગુણોમાં ઘણા અત્યોતમ છો. અને સંબંધ કરવા ખુશી જણાવી. હજુરે પોતાના કાકા અબુતાલીબને આ વારદાત સંભળાવી . અબુતાલીબ ઘણા રાજી થયા બીબી ખદીજાએ પોતાના કાકા ઉમરદ અસદને બોલાવ્યા. અને કુટુંબના મોટા મોટા આબરૂવાલા માણસોને એકઠા કર્યાં. અબુતાલીબે ઉમર અસદને બીબી ખદીજાના નીકાનો પેગામ આપ્યો. હજરત ઉમરદે તરત કબુલ કર્યું વીસ ઉંટ મહેર તરીકે થયા. અબુતાલીબે ખુતબો પડયો. ખુતબાના પછી બીબી ખદીજાના કાકાના છોકરા વરકા નોફલે એક

ટુંકો વ્યાખ્યાન કર્યો. અને છેવટે ઈજાદ મંજુર થઇ ગઈ. આ વખતે બીબી ખદીજાની ઉમર ચાલીસ વર્ષની હતી. ને હમારા હજુરે પાક મોહમદ મુસ્તફા (સ) ની ઉમર પચ્ચીસ વર્ષની હતી; પહેલાજ વિહવાનું માન બીબી ખદીજા (ર) ને મળ્યું. કારણ આ પેલાં કોઈ સાથે હજુરનો સંબંધ થયો નોહતો. અને આથીજ પેગમ્બર સાહેબની બીજી બીબીઓ કરતાં એમને વધારે ઈજ્જત છે પેગમ્બર સાહેબ સાત પુત્રોના પિતા થયા હતા. તેમાં ચાર પુત્રી ને ત્રણ પુત્ર તેમના નામ. જેનબ, રૂકૈયા, ઉમ્મેકુલસુમ, ફાતમુઝ્ઝેહરા કાસમ. તાહીરને અબદુલ્લા, પુત્રીઓમાં સૌથી મોટા જેનબ હતા ને પુત્રોમાં સૌથી મોટા કાસમ. આ સર્વે પુત્રો હજુરના નબુવતના જમાના પહેલાંજ પેદા થયા હતા. અને વળી પુત્રો તો નબુવતના જમાના પહેલાંજ મૃત્યુ પામ્યા હતા. ફકત પુત્રીઓએ નબુવતનો જમાનો જોયો હતો. ને સર્વે મુસલમાન થયા હતા.

બીબી જેનબ સૌ બેનોમાં મોટા હતા ને તે હજુરની ત્રીસ વર્ષની ઉમ્મરે પેદા થયા હતા. એમનો સંબંધ બીબી ખદીજાના ભાણેજ અબુલઆસબીન અરબા સાથે થયો હતો. બીબી જેનબને ત્યાં અલી (ર) નામે પુત્ર ને ઇમામા નામે પુત્રી પેદા થઈ. અલી ઉમ્મર લાયક થતાજ સ્વર્ગ ગયાને બીબી ઇમામાનો ફાતમુઝ્ઝેહરાના સ્વર્ગવાસ પછી અલી (ક) સાથે સંબંધ કરવામાં આવ્યો. પણ જ્યારે અલી (ક) શહીદ થયા ત્યારે તેમનો બીજો સંબંધ મોગીરા. બીન નોફીલબીન હારીસથી થયો ને તેમનાથી યાહ્યા નામે પુત્ર પેદા થયા.

બીબી રૂકૈયા તથા બીબી કુલશુમનો પહેલો સંબંધ હજુરના કાકા અબુલહબના પુત્ર અતબાને અતીબાથી થયો. અને ત્યાર પછી

બન્ને બીબીઓ હજરત ઉસ્માન આફ્ફાનની સાથે સંબંધ કરવામાં આવ્યો એટલે પેલી બીબી રૂકૈયાના સ્વર્ગવાસ પછી બીબી ઉમ્મે-કુલસુમ હજરત ઉસમાનના ઘરમાં આવ્યા. હજરત ઉસ્માનને ત્યાં એક પુત્ર અબ્દુલ્લા પેદા થયા કે જે ૭ વર્ષની ઉમ્મરમાં મૃત્યુ પામ્યા. હજરત ઉસમાની કુતયન (વશાવલી) અબ્દુલ્લાથીજ જાહેર છે બીબી ઉમ્મેકુલસુમથી કોઈ ઓલાદ નથી થઇ એથી પુત્રી ફાતમુજજેહરા કે જેમના સંબંધમાં આગળ લખવામાં આવશે. આ-મની સીવાય કોઇની નસલ ( ) આગળ ચાલી નથી, નબુવતના જમાનાની દશમી સાલ એટલે હીજરત ( ) ના ત્રણ વર્ષ પહેલાં રમજાનના મહીનામાં બીબી ખદીજા (ર) ખુદાની રેહમતમાં પોહચી ગયા.

" ઇન્ના લીલ્લાહે વઇન્ના એલયહે રાજે ઉન "

# ખાતુને જન્નત

અથવા

# બીબી ફાતમાં (ર)

## પ્રકરણ ૩ જું.

આખર તે પવિત્ર ને શોભાવનાર દિવસ આવી ગયો. જેના માટે આત્મિક શકિતવાળા બે કરાર હતા. આ એજ પેદાશનો દીવસ હતો. કે જેને માન આપવા માટે તવકુલ ( દીલ ઉઠાવવું દુનિયા પરથી ને ખુદાથી લગાવવું ) અને રેજા ( દુ:ખને મુસીબતમાં ખુદા ઉપર રાજી રહેવું ) એચન હતા. સ્ત્રીઓની પવિત્ર અને ઉત્તમ પહેલી અને છેલ્લી આ નિશાની આજે જાહેર થવાનો દીવસ હતો. દુનિયામાં સબર અને સંતોષની ધુની મોટા અવાજે થઇ રહી હતી. સ્ત્રીઓમાં ચડતી અને પરહેજદારી—પવિત્રતાના છેલ્લા સદેશો હતો. સબર. વફાદારી અને હરામનો માલ નહિ લેવાનો એકાન્શન હતો. અભિમાન, અપવિત્રતા નકામો ખર્ચ, શોભા માટે થતો ખર્ચના નાશનો ઢંઢેરો વાગતો હતો. હજરત મોહમંદ મુ (સ૦) ની પ્યારી ખદીજા (ર)ની લાડલી ફાતમાં. હાં ! એ ફાતમાં (ર) જેની પવિત્રતા, પાપી કાર્યથી પવિત્ર તવક્કુલ, રેજા સબર, સતોષ, મલતાવડાપણું તથા આજેજી પર ખુદાને ઓળખવા વાળી દુનિયા હમણા

સુધી. તે ગુણો ઉપર આશક થઇ રહેલી છે. હા ! એ ફાતમાં (ર) કે જે સૌથી ઉત્તમ સૈદાણી હતા કે જેના પીતા બન્ને આલમના સરદાર અને પતિ શેરેખુદા હતા. હમેશ ગરીબાં, એહતીયાજની દોલતથી માલામાલ રહી. આખર આ સ્વપ્નાસમ સંસારમાં સારા બોધ–શિખામણ દેવા જન્મ લીધો.

ફાતમાં (ર) ની પેદાશ ખરૂં પૂછો તો સર્વે સ્ત્રીઓની. ઇજ્જતની પેદાશ હતી અને અમારા માતા, બેનો અને પુત્રીઓની પવિત્રતામાં ફતેહ થવાનો દીવસ હતો. જેવી રીતે રસુલેપાકની પેદાશ પૃથ્વીના સર્વેના માટે પવિત્ર દીવસ ખુદાના દરબારમાં નોંધાયો છે તેવીજ રીતે પોતાના કાળજાના કકડાની પેદાશનો દીવસ સ્ત્રી વર્ગનો પવિત્ર દીવસ ખુદાના દરબારમાં નોંધાયો, કેમકે એ એવો દીવસ હતો કે જેની અંદર લતીફ ( પવિત્રકાર્ય, પવિત્રતા, ઉત્તમ ) સૌથી વધારેમાં વધારે ઇજ્જતનો સમાવેશ થાય છે. તે એજ દીવસ હતો કે જેની અંદર વફાદારી પવિત્ર કાર્યના સ્વર્ગના ઉત્તમ વૃક્ષના ઉત્તમ પાંદડા અને સુગંધમય પુષ્પોનો પોશાક બખ્શમામાં આવ્યો. એ એજ દિવસ હતો કે જેમાં સંસારની ગૃહવ્યવસ્થાની જડ પેદા થઇ ટુંકમાં એ એજ દીવસ હતો કે જેની અંદર, પરદાની સર્વ મોટાઇયો સર્વ ઉત્તમ ગુણો, સર્વે વફાદારીયો, સર્વ પરેજગારીયો. સર્વ સંતોષ અને સબરની પેદાશ થઇ.

ફાતમાં (ર) નો લકબ ઝેહરા છે. અને ઝેહરા લકબ શા માટે મળ્યો. તે વારદાતથી કેટલા જણ વાકેફ નહિ હોય કારણ એક માસમાં એક બે કે ત્રણ વાર સ્ત્રી વર્ગને ઋતુ ( લોહીનું વેહવું ) આવે છે. ને પુત્રની પેદાશ પછી ચાલીસ દીવસ સુધી જેમ થાય

છે તેમાનું એમને કોઇ નોહોતું થતું. માટે એમને ઝેહેરા લકબ આપવામાં આવ્યો હતો ઝહેરા એટલે પવિત્ર.

જ્યારે ફાતમાં (ર) ની પેદાશનો વખત હતો ત્યારે પેગમ્બર સાહેબના સગાંવહાલા પણ દુશ્મન બની ગયા હતા. કારણ અરબસ્તાનમાં મૂર્તિપૂજા થતી હતી ને પેગમ્બર સાહેબ તેનું ખંડન અને એક ખુદાને પૂજવા ઉપદેશ કરતા હતા. આથી કોઈ સ્ત્રી મદદ માટે આવી નહિ. પણ જ્યાં ખુદા રાજી ત્યાં અન્ય શું કરનાર હતા. જ્યારે ફાતમાં (ર) પેદા થયા ત્યારે તેમની માતાને કોઈ પણ જાતની તકલેફ પડી નહિ કે જેવી બીજી સ્ત્રીઓને થાય છે. પેગમ્બર સાહેબે તેમને ગોદમાં લઇ કપાળમાં ચુમ્મી કરી. અને ખુદાની દરગાહમાં પ્રાર્થના કરી. આ પ્રાર્થનાનો એવો અસર થયો કે દુનિયાની કોઇ પણ સ્ત્રી તેમના મરતબાને પોહચી નહિ.

શુક્રવાર સવારમાં સુર્ય ઉગવાની તૈયારી એ તારીખ ૨૦ જમાદીલ આખર સને ૬૦૫ માં જગતને પ્રકાશમાં લાવનાર સુર્યની સાથે દુનિયાના સર્વ ગુણોને ચમકાવનાર ફાતમાં (ર) પેદા થયા તે વખતે જનાબ પેગમ્બર સાહેબની ઉમ્મર પાંત્રીશ વર્ષની થવા આવી હતી. અને આજ વરસે મક્કામાં કાબા જે ત્યાં પવિત્ર મંદિરના નામથી જગજાહેર છે, તેને નવું નવી ઢબથી બનાવવામાં આવતું હતું. જેથી સાફ માલમ પડી આવે છે કે કાબાનો અને ફાતમાં (ર) નો જન્મ સાથેજ થયો હતો.

ફાતમાં (ર) નો જન્મ આજકાલ ત્યાં કાશાશા અને શેરૂલલેલ નામે મોહલ્લા છે. હજરત ખદીજા જતુલકુબરા (ર) નો ઘર એ સાંકડી ગલીમાં છે કે રસુલમોહમદ (સ) ની શાદી થઇ ત્યારે ત્યાર

તે ઘરમાં રેહવા ગયા હતા, ને તે ખદીજા (ર) ના તાબામાં હતો ત્યાં તેમનો જન્મ થયો હતો.

કાબાની તામીર અને ફાતમાં (ર) નો જન્મ એકજ વખતે થયો હતો કાબા બનીને ખુદાની પુજા સીજદા કરવાની જગા થઈને જહેરાની પવિત્રા હમેશ પુજાથી સરફરાજ થયો.

સાઅદબીન અબીવકાસ (ર) થી રીવાયત છે કે હજુર ફરમાવતા હતા કે ઝીબરીલ (અ) જે એક ફરીસ્તા છે, તે મારી પાસે આવ્યા ને મને જન્નતનો મેવો આપ્યો તે મેં મેરાજની રાત્રે ખાધો. અને તેજ રાત્રે ખદીજા (ર) ને ગર્ભ રહ્યો. અને આ ગર્ભથી ફાતમાં (ર) પેદા થયા. મને જ્યારે સ્વર્ગની સુગંધનો શોખ થાય છે ત્યારે ફાતમાં (ર) નું મુખારવિંદ સુંગી લઉછું.

ફાતમાં (ર) સુંદરતાના કોહીનુર હતા જેથી કેટલીકવાર હજુર તેમને જહેરાના નામથી બોલાવતા ને કેટલીકવાર બતુલના નામથી બોલાવતાં બતુલ તે અર્થ કાપવું–કત્એ થાય છે. એટલે બતુલનો અર્થ કાપવા વાલો એમ થાય છે. અને તે ફાતમાં (ર) નો લકબ છે કેમકે તેમણે ખુદાના રસ્તામાં દુનિયાને કાપી નાખી હતી. દુનિયાની કોઈ પણ જાતની પરવા નોહતી કરી.

વળી તેમના અન્ય લકબો કે નામો નીચે મુજબ છે. ખાસ નામ તેમનો ફાતમાં (ર) છે. ને બતુલ, સૈયદતુન્નેસા, ખેરુન્નેસા, શહીદા, જહેરા, તાહેરા, શકકેયા, રાજેયા, અને મોહદેસા વગેરે મશહુર નામો છે.

જનાબ ફાતમાની પેદાશ થય ત્યારે ખદીજા (ર) ની ઉમર પંચાવન વર્ષની હતી ને સંબંધ થએ દસ વરસ થઈ ગયા હતા. અ-

મણ્ણા ફાતમાં (૨) ની ઉમર પાંચ વર્ષની થવા આવી કે ખદીજા (૨) ગુજરી ગયા. આહ !! મોહથી કહી દેવું અથવા કલમથી લખી મારવું. તે સ્વાભાવિક વાત છે. પણ માતાનું ગુજરી જવું. તે ઓછો દીલને રૂદન કરાવનાર મોકો નથી. જેને નાનપણમાં આવી સ્થિતિ ભોગવવી પડી છે. માસુમ બાળકોના માથા ઉપરથી માતાનો મેહરબાનીને પ્રેમનો હાથ ઉઠી જવો તે ભયંકર આફત તુટવા બરાબર છે આ એવો વખત છે મોટા મોટા સખત દીલના માણસો પણ આવા બનાવો જોઇ રડી પડે છે. એમતો પિતાની જુદાઈ પણ બાળકો સહન કરી શકતા નથી. પણ નાનપણમાં માતાની જેટલી આવશ્યકતા છે તેટલી પીતાની તો નહિજ.

પાંચ વર્ષની નાની ઉમ્મરમાં માતાનું સ્વર્ગવાસ થવું તે ફાતમાં (૨) ના સંબંધમાં એક દર્દનાક સીન છે. પણ આવા બનાવમાં પણ એક ઘણો ઉત્તમ ભેદ સમાયેલો હતો તેથી ખુદાએ આ બનાવ બનાવ્યો હતો. કારણ ફાતમાં (૨) ના ગુણોને મજબુત બનાવવાનો વખત હતો. તેમાં તેમને વખાણવા લાયક બનાવવા હતા. તે માટેજ યતિમ પીતા મૃત્યુ પામે તો પુત્રને માતા મૃત્યુ પામે તો પુત્રી યતિમ ગણાય છે. બનાવ્યા હતા. જો તેમને આવો અનુભવ ના કર્યો હોતતો તેમનો બીજાને મદદ કરવાનો, ગરીબો તથા માતા કે પીતા કે બન્ને ગુજરી ગએલા બાળકો ઉપર જેવી હમદરદી બતાવી છે. તેવો વખતે વખત ના આવત એવું માનવાનું સાધન મળત કેમકે જે માણસે આખી ઉમ્મરમાં કદાપિ ભૂખ તરસની તકલિફ નથી ઉઠાવી તેવો કેવી રીતે બીજાની મદદ કરે છે. જે માણસ આરોગ્યતા ભોગવે છે, તે બીમારીની શી કદર કરી શકે છે. આંખોવાળો માણસ આંધળાઓની તકલિફનો અંદાજ નથી કાઢી શકતો.

આથી ખુદાએ પોતાના રસુલના કલેજાના કકડાને યતિમ બનાવ્યા કે જેથી આગળ ચાલી તે યતિમોના માથા ઉપર પ્રેમનો હાથ મુકે અને બીચારાઓની મદદ કરે, આમજ થયું આગળ જતાં આખી ઉમર તે નરમ દીલ, હમદરદી ખાનાર, ને ગરીબોની ગરીબી ટાળવામાં પાછી પાની નહિ કરી ખરેખર ખુદાની હીકમત ભેદવાળી છે. ભેદ વીનાની હોતીજ નથી.

ફાતમા (ર) હજુરની સહુથી વ્હાલામાં વ્હાલી પુત્રી હતી. ઉમતની હમદરદીઓ સર્વે તેમનાજ હાથમાં હતી, એટલે ઉમ્મત કરતાં તેમના ઉપર વધારે પ્રેમ રાખતા હતા. જ્યારે પણ એ કુદરતી કાયદો તેમના ઉપર લાગુ પડયો કે જે અન્ય યતિમો ઉપર લાગુ પડે છે. સૈયદાની ઉમ્મર હાલ ખરૂં ખોટું સમજવાને લાયક નોહતી થઇ. અને આ બનાવ બનવાથી તેમના મુખડા ઉપર ઉદાસીના નિશાન દેખાતા હતા. ને જીભ ઉપર કોઇ પ્રકારનો વજન હોય તેમ દેખાતું એટલે વધારે બોલતા નહિ. પોતાની નિર્દોષ આંખો ચારે બાજુ કાંઇ શોધતીજ રહેતી હતી. પણ માતા એવી જગ્યાએ નોહતા ગયા કે જે આમ શોધવાથી મળી જાય, જ્યારે આ આલમમાં ગરીબી અને તેમની માયુસી—લાચારીથી બે કરાર થતા ત્યારે હજુરને હસરત ભરી આંખોમાં જળ લાવી.

પૂછતા કે "અબ્બાજાન અમ્માં કહાં ગઇ?" ઓર અબ કબ આયેગી!" આહ!! આ માશુમ (નિર્દોષ)ને માતા તરફની ખરી લાગણી હતી; એવું ચાહતા હતા કે કોઇપણ પ્રકારે માતાને જોઇ લે. પણ તેમને ખબર ક્યાંથી. કે માતા હમેશના માટે જતી રહી છે. તે એવી જગ્યા ગઇ છે કે જ્યાંથી કોઇ પાછું નથી આવતું. હજુર

તેમને પ્યાર કરતા. ધીરજ આપતા પણ તે કદાપિ પણ એમ ના કહેતા કે આમ ગઇ છે તેમ ગઈ છે. આજ આવશે કાલ આવશે. પણ હર વખતે તે એમજ કહેતા તમારી માતા ત્યાં ગયા છે જ્યાંથી કોઇ પાછું નથી આવતું અહા ! હા ! સત્યતામાં આટલા બધા દ્દઢ કે પોતાના કલેજાને સમજાવવા માટે પણ અસત્ય નથી બોલતા. મુબારક છે ફાતમા (ર) કે જેના આવા પિતા મળે બાળ કેળવણી-નો આથી વધારે સારો નમુનો કયો છે ! નથ જ આજ કાલના માતા પિતા કે પોતાના બાળકોને અસત્ય ફરેબ કરતાં શીખવવામાં પોતાની હોંશિયારી સમજે છે. જેમકે ઘરમાં હોય ત્યારે પણ પોતાના બાળક પાસે કહેવડાવે કે મારા પિતા ઘરમાં નથી, બહાર કંઇ ગયા છે. જનાબ ફાતમાં (ર) ની સત્યતા તેમના પીતા તરફથી મળેલી જ પુંજી હતી.

હજરત ફાતમાં (ર) ની ઉમર નાની હોવાથી તથા ઘરના કામકાજ તેમની કેળવણી ગૃહ વ્યવસ્થાને લઈ અમીરુલમોમેનીન અલી (ર) સાથે નીકાહ કરી લીધો હતો. આ નીકાહથી ફાતમાં (ર) તથા તેમની બેનોની તકલીફ ઓછી થઇ ગઈ હતી. ફાતમા (ર) મોહોલ્લાની અન્ય બાળાઓ સાથ વધારે મેલજોલ રાખતા નોહતા. હમેશ પોતાના ઘરમાં પોતાની બેનો સાથે રમતા તેમની બેનો પડો-શીઓના ઘેર જતીઓ હતી પણ તેવો પોતાના ઘરથી બાર ડગલું પણ નહિ મુકતાં ફાતમા (ર)નો ઘણો ખરો વખત એકાન્તમાં જતો હતો. વગર માતાની પુત્રી છાનીમાની બેસી રહેતી. આ એકાન્ત અને ખામોશીએ ફાતમા (ર) ને મજબુત બનાવી દીધા પડોશીની કોઇ બાળા આવી જતી તો જરા મરજી રાજી કરી લેતા હતા. કુદરતે ઇસ્લામના ખરા કીમતી કામમાંથી નવરાશ નોહતી મળતી. કુદરતે

એકજ વસ્તુનો ઇશ્કહતો ને તે વસ્તુ ઇસ્લામ હતી. ઇસ્લામના ઇશ્કમાં આપે સર્વ વીસારી મુકયું હતું આપના જીંદગીનું સાધન માત્ર ઇસ્લામ હતું. ઉંઘતાં, જાગતાં ઉઠતાં, બેઠતાં ઇસ્લામ નીજ શીરને થઈ હતું સગાવ્હાલા તથા કુટુંબીઓના સીતમથી હજુરને તેથી પણ વધારે પરેશાન બનાવી દીધા હતા. આવા વખતમાં પોતાના માસુમ બચ્ચાના દીલને કેવા રીતે દીલાસો આપી શકતા હતા? જો કે ફાતમા (ર) હજુરના જીગરના કડો હતા દીલની ખુશી હતા. આંખોની રોશની હતી, અર્થાત ફાતમાં (ર) સાથે હજુરને કમાલ દરજાની મોહબ્બત હતી. જ્યારે ફુરસદ પામતા ત્યારે ફાતમાં (ર) ના હાલ ઉપર મેહરબાની કરતા. દીલાસો આપતા હજુર જ્યારે ઇસ્લામ ફેલાવવા માટે બહાર જતા ત્યારે ફાતમાં (ર) અરજ કરતા કે "અબ્બાજાન મુજેભી હીમરા લેતા લે ચલો" આહા!! કેવી દીલને હલાવી નાખનાર સ્થિતિ હતી.

હજુરના જીગરનો પારા (ટુકડો) ખદીજા (ર) ની દુલારા અને આ ગરીબીને વતિમી! ઘરમાં ના કોઈનો સહારો હતો. ના બહાર જવાનો વારાનો હતો. તંગદસ્તીના વારદાત હતી. ઘરમાં જો ચેરાગ (બત્તી, ડાઠીઓ) હતો તો તેલ નહોતો. અગર માટલી હતી તો પાણી નહિ. ખાવા માટે જો એક દીવસનું અનાજ હોય તો બીજા દીવસે રોઝો (અપવાસ) હતો આ ગરીબી હતી, આ યતિમી હતી. લાચારી હતી, અર્થાત કાંઈ પણ જોઇતા સાધન નોહતા. તે આવા વખતમાં ખુદા ઉપર રાજી રહી જીભ પર કોઈ પ્રકારની શીકાયત લાવ્યા વગર તહમ્મુલ અને બરદાસના માલિક . પિતા હતા તે સબરવાલા હતા. પુત્રી હતી તે

હનાર હતી માલ અને જરથી ખાલી હતા. પણ સબર

ખુદાની ઇચ્છા ઉપર રહેવાના ભંડાર ભરપુર હતા. નાઉમેદી અને હસરત કદાપિ એમના ગૃહમાં આવી નહિ, નામુરાદી અને દુઃખ–ગંમ એમના દીદારથી તરસ્યા રહ્યા. સૈયદા (ર) જો કે માસુમ હતાં તોપણ પાકદામા (પવિત્રતાવાલી) અને અત્યોત્તમ ઉમદા દીલવાલાં બીબી હતા–હજુરના હુકમને દીલો જાનથી અમલ કરતા હતા. અને કોઇ પણ દહાડો નકામી હટના કરતા. જનાબ જહેરા (ર) પાસે બેસનાર ફાતમાં બીન્ત અસદ્ ફાતમાં બીન્ત જબીરા, અશમા અને આયેશાં બીન્તે અબાબકર (ર) હતા અને તે તેમના ઘરની પાડોસમાં રેહતા હતા. તે આવી બેસ્યાં કરતી. ફક્ત આટલીજ તેમનો ગમખાનાર કહીએ કે સાહેલીઓ કહીએ. તો ચાલે. એમની સાથે ફાતમાં (ર) વિવેકથીજ ચાલતા રહ્યા. અને તે સાથે બેસનાર હતા તો પણ પોતાને તેમનાથી એહસાન કરાવી શરમીંદા નથી બન્યા. દુનિયાની આવી મુસીબત અને ગરીબીએ ફાતમાં (ર) ને દુનિયાની મોહબતને ધિક્કારનાર અને આત્મિક શક્તિમાં ઉત્તમ બનાવી દીધા. હમેશ ખામોશીની સાથે ભવિષ્ય; તથા ચાલતા વખતની વ્યવસ્થા સંપૂર્ણ તરીકે કરેતા રહ્યા. અને ખુદાની યાદમાં દીવસો કાઢવા લાગ્યા. હજુરને ફાતમાં (ર) ની આ વર્તણુક ઘણી પસંદ હતી. આપ પોતાના લખ્તે જીગરને બતુલ એટલે દુનિયાને તરક કરનાર તરીકે બોલાવતા હતા. ખરેખર હજરત બીબી ફાતમાં (ર) જહેરાનો લકબ આથીજ શોભતો હતો.

ફાતમાં (ર) એ જયારે હોશ સંભાળ્યો ત્યારે દુનિયાના કુફારોને આપના પિતાના દુશ્મન જોયા. કાફીર ભિન્ન ભિન્ન પ્રકારની તકલીફો આપતા હતા. અને ખુદાના સાચા રસ્તામાં અડચણ કરતા હતા. એક વખત હજુર કાબામાં નમાજ ગુજારતા હતા. જે અતબા

અને શીબા નામે જે હજુરને તકલિફ આપવા માટે કોશીશ કરતા હતા. તે કાફેરોની ટોળીના આગેવાન હતા. તેવો એ ઉંટની હોજરી કે જે તેજ દીવસે કાપવામાં આવ્યો હતો તેનો ભગદો લાવીને હજુરની ગરદન ઉપર નાખ્યો. આથી તેવો માથું સીજદામાથી ઉઠાવી શકયા નહિ આથી ફાતમાં (ર) દોડી તેમની પાસે ગયા અને તે તેમના હજુરના ગરદન ઉપરથી નીચે પાડી નાખ્યું. અને એ કાફેરોને કે ત્યાં ઉભા ઉભા હસતા હતા. તેમના હકમાં ખુદા પાસે પ્રાથના કરી તે જેથી અહદ નામની લઢાઇમાં નર્કવાસી થયા. આવા દેખાવોથી હજુર ફાતમાં (ર) સત્ય પારખનાર બની ગયા. આટલી નાની ઉમરમાં તેમને કુફર અને ઇસ્લામના ભેદની જાણ થઇ કે જે મોટા મોટા માણસોને માલમ નોહતો પડયો.

અને આપે જોયું કે એક દુનિયા સત્યતાની વીરૂધમાં કેવી ફસાદ ફેલાવી રહી છે ! અને ઇમાનદારી, સત્ય વારદાત બતાવવી કેટલી કઠણ છે ! આવી વારદાતથી પોતાના પિતાની તકલિફો, મુશ્કેલીઓનો ખ્યાલ થયો કે તે કેવા કટાકટીના વખતમાં જીંદગી કાઢે છે. અને તેનાથી એવો બોધ લીધો કે માણસ સત્યતા ને ઇમાનદારીની ખાસ જરૂર છે. કારણ આનાથી વધારે ઇજ્જતવાળો, આનંદ આપનારો કોઈપણ કામ નથી. આપે પોતાના પિતાનો ઇશ્ક જે ખુદા તરફ હતો તેની પરીક્ષા કરી તેમને ઈસ્લામની રાત દીવસ કેવી લગના લાગી રહેલી છે અને તેમને પોતાના ફરજ–ધર્મ કાર્યની કેટલી બધી લાગણી છે કે મારા જેવી લખ્તે જીગરની પણ પરવા કરતા નથી ! ! હર વખતે પોતાના કામથી કામ છે ! ! જ્યાં સુધી આવો ઇશ્ક, પ્રેમ, લાગણી નથી થતી ત્યાં સુધી મોટા કાર્યોમાં તો શું પણ નાના કાર્યમાં પણ ફતેહ મળતી નથી.

## પ્રકરણ ૭ મું.

વાચક બંધુ ! તમોને જણાવવાની ખાસ જરૂર નથી કે, કે હજરત ફાતમાં (ર) ની પેદાશ કેવાં વખતમાં થઇ હતી. તે એવો વખત હતો કે તેના વિચારમાં કલમ તથા જીભમાં ધ્રુજારી ઉત્પન્ન થાય છે. તે એ વખત હતો કે અમારા રસુલ (સ) એ પોતાના ઇસ્લામના પવિત્ર માર્ગના બોધમાં જીભ ઉપાડી ચુકયા હતા સ્વજન પરજન બની ગયા હતા, દુશ્મનનું કામ કરતા, સીતમનો વરસાદ વરસાવતા દીનના દુશ્મનો પોતાની સર્વે શક્તિ એકઠી કરી ચઢાઈ કરી ચુકયા હતા કુરેશોનો અભિમાનનો પ્યાલો સંપૂર્ણ ભરાઈ ગયો હતો. હજરતની એ ઈજ્જતી અને અપમાન થઇ રહ્યો હતો. મોહમદ મુ. (સ) પોતાના સગાવ્હાલાના આગળ ગુસ્સા નીચે આવ્યા હતા. તેમના ઉપર ગુસ્સે હતા. જે બાજુ નજર ઉઠાવી જોવામાં આવતું ત્યાં હસરત અને ના ઉમેદી વગર કાંઇ દેખાતું નહિ. પરંતુ તેમનો મન તથા મગજ જુદાજ પ્રકારના ખુદાએ બનાવ્યા હતા. આ મુશ્કલીને લાચારીમાં પણ તેમની પાસે ઉપમાના આપી શકાય તેવો ખજાનો હતો. અને તે ખજાનો યકીનની દોલતથી ભરપુર હતો. આ યકીન સાથે તે સમજતા હતા કે એક સૌથી મોટા, સૌથી ઉત્તમ ખુદા છે. તેની ખુશી અને મરજી આ કામમાં છે. જેને હું કરૂંછું; અને જેનો પ્યાર અને ઈશ્ક મને મારા તનને મારા જીવને તેજ વખતે મળી શકે છે કે તેના કાર્યમાં, તેના હુકમમાં વગર બીક ભયથી દોડું. પુષ્પોની સેજ ઉપરથી ઉઠી કાંટાની સેજ ઉપર જઇ બેસું–ઉંધું બાલ વગેરે જવાબીને દેંકી, અગ્નિના

અંગારાથી રમું. હું પોતાના હાથથીજ મારાજ આરામને એશના ઘરને બાળી નાખું. હું પોતાના હાથોથી દુશ્મનને સોપી દેવું. લેવા-થી નાસું. એવાઓ ૫ક્ક કરૂં બખશીશ કરનારથી દુશ્મની કરૂં. અને માંગનાર માટે પોકાર કરૂં. હું પોતાને મારાથી બીવાવા દઉં. પોતાને પોતાના હાથે ખોઇ નાખું. મારી આંખોને રોજ લોહીના આંસુથી નવડાવું. મારા શરીરને હંમેશાં દુસ્મનોથી જોડું. મારા એક એક જખમથી લોહીની નદીઓ વહેવડાવું તો પણ આટલાથી સંતોષ ના માનું! તે નાજમાનું!! અને જો તે મેહબુબ સાચાની એક મહેર-બાની પલક—નજર, મંદ હાસ્યનો દર્શન લગાર, મલી શકે તેમ હોય તો સુલીની આજુબાજુ નમ્રતા ને પ્રેમથી કરૂં. જલ્લાદના હાથોને ચુમી લેવું. શમશીરના પાણી અમૃત સમજવું!!

અહા!! કેવો પ્રેમ. જ્યારે જ્યારે તેવો ખુદાના માર્ગને બ-તાવવા. તેનો હુકમ સંભળાવવા જતા ત્યારે ત્યારે જખ્મ અને દર-દના ભૂખા પ્યાસા રહેતા. જ્યારે કોઈ નવો જખમ તેમને મળતો ત્યારે તેમાંથી શુકર સંતોષનો ધ્વની ઉઠતો. જ્યારે કોઈ નવી બર-બાદી, જ્યારે કોઈ શરીરની નવીન બારી. કોઇ નવી નવી સમશીર-ની ચોટ થતી ત્યારે ખુશી મનાવતા—માનતા. કારણ આજ ખુદાને રાજી કરવાને માટે સૌથી મોટી દોલત હાથ આવી છે. એમ સમજતા.

પીતાનો આવો ખુદા તરફ ઇશ્ક હતો. માતો પહેલાંથીજ દાગ આપી જતા રહ્યા હતા. હવે હાતમાં (૨) ની કેળવણીનો આધાર ખુદાવિનો કોણ?

પવિત્ર ગુણોના બિંદુ પોતાની નજર આગળ હતા, ખુદાની હીતાબ—કુરઆનની રોશની દીલ અને દીમાગને રોશન બતાવી દીધા

હતા. ખુદા વગર જેની યાદ નહિ ને દુઃખ અને દુનિયાના બનાવો એમનો શ નો પવિત્ર નિર્મળ બનાવી દીધો હતો. રસુલે ખુદા દુનિયાની નજરે અભણ મનાતા પણ કુદરતી ભેદો, તેની ઓળખાણ વિદ્યા અને હુન્નરમાં કામેલ હતા ને તેમની બરાબર તે વખતમાં કોઈ નોહતું. વિદ્વાનોના આંખોમાં રોશની હતી–હોય છે. પોતાની આન્તરિક આંખોમાં રોશનીથી માલામાલ હતી. પોતાના હૃદય ઉપર સર્વે પ્રકારની વિદ્યા તથા હુન્નરનો નકશો પડેલો હતો. અને આ વિદ્યાનો પરતવ ઝાતમાં (ર) ના દિલ ઉપર પડયો હતો. અને રાજ કેળવણીએ વગર ભણ્યા વિદ્યાની પુત્રીને ભણેલા, કેળવાયલા વિદ્વાનોના સરદાર બનાવી દીધા.

પિતાની આ ઓળખાણ ભેદ કીમીયો હતો. તેના પગોની ખાક સોના કરતાં ઉત્તમ હતી. એમના સોબત–સાથ તે ઝાતમાં (ર) ની સ્કુલ સમજી લો. એ એજ કોલેજ હતી. જેમાં જાહરાએ પોતાનો કાસ પુરો કર્યો. અને ઇજ્જતના તાજે એમના મસ્તકને ઓસો આપ્યો. દુનિયાની વિદ્યાને હુન્નર તેમના આગળ માથું નમાવવા લાગ્યા. ઝાતમાં (ર) ની બુદ્ધિ–ચ કશકિત પવિત્ર ને નિર્મળ હતી. તબીયત વધારે સમજનારને કલબ રોશનીથી પ્રકાશમય હતી. સમજ વખાણવા લાયક હતી, માંસ, ચાંમડી અને લોહીમાં ખુદાની ઓળખાણની નદીઓ વહી રહી હતી. નબીકરીમની સોબતમાં જેટલુ મેળવી લીધું તેટલું અમારી જીંદગી, માલમતા; બાલ બચ્ચા વગેરે વગેરે સર્વે ગુમાવતા પણ મેળવી શકતા નથી. ઝાતમાં (ર) એ આગળ વધી બતાવી દીધું કે ખુદાના શિખવેલા; કેળવેલા, ભણાવેલા આવા થાય છે. ! ! તમો આખી જીંદગી પુસ્તકોના કીડા બનીને મથ્યા કરો છો; પવિત્રતા મેળવવામાં ગાંડા જેવા બની જાવો છો

પણ જ્યારે તમારી પરીક્ષા લેવામાં આવે છે ત્યારે તમો કોરાજ નજર આગળ તરી આવો છો. એટલે કાંઇ પણ શીખ્યુંજ નથી. એવો દેખાવ થઇ રહે છે. મતલબ વિદ્યામાં તમો સમુદ્રના કીનારે કાંકરા વીણનાર તરીકેજ દેખાવો છે. આથી ઉલટું ફાતમાં (ર) તરફ જુઓ કોઇ સ્કુલ, કોલેજમાં દાખલ નથી થયા. પગ સરખો પણ નથી મુકયો. પિતા અભણ-દુનિયામાં જેવી રીતે વિદ્યાભ્યાસ કરવામાં આવે છે. તે તરફ સુચના છે-હતા. તો પણ રસુલની બરકતથી સાથથી વિદ્યા તથા ગુણોના સુર્ય બની ગયા.

હજરત ખદીજા (ર) હયાતીમાં તેમના કોઇ પાસેના સગાને ત્યાં લગ્ન હતા. આથી તેમણે પોતાના બાળકોને નવા કીમતી લુગડા તથા દાગીના પહેરવાવી ત્યાં મોકલ્યા; કારણ ખદીજા (ર) દોલતમંદ અને આબરૂદાર બાનુ હતા. એમણે ખુલ્લા દીલથી ઉત્તમોત્તમ લુગડા તથા ઘરેણા બનાવી મુકયા હતા બીબી ફાતમાં (ર) ની ઉમર આ વખતે પાંચ વર્ષની હતી. બાળપણની ભોલી ભોલી વાત, આટલી નાની ઉમર અને આવી સાદગી સાદાઇ અથવા દુનિયાના સુખ તથા દેખાવ તરફ ધિક્કાર અથવા અભાવ, પોતે જેવર તથા કીમતી લુગડા પહેરી જવા સાફ ના પાડી. પણ પોતાની અન્ય બ્હેનો બનાઠનીને ગયા આટલી નાની ઉમરમાં જેવા લુગડા તથા જેવર પહેરવાનો શોખ હોય છે તે સર્વેની જાણમાં છે. પરંતુ હજરેત મોહમદ મુ૦ (સ૦) ના પાક વિચારનો પરતવ તેમના ઉપર પડવાથી પાક બની ગયો હતો.

હજરત ખદીજા (ર) ની હયાતીમાંજ એમને કેળવવાની બીના નાખવામાં આવી હતી. અને તેમના મૃત્યુ પછી પણ પોતાના લખવા

સબક ભણવા ના કાર્યને થોડો આછો જારી રાખ્યો હતો. સાડાચાર વર્ષની ઉમરમાં તેમણે પોતાના માતાથી સવાલ કર્યો કે ખુદાની કુદરતો તમારી નજરે હર વખતે નજર આવે છે. શું ? ખુદાનો દીદાર–દર્શન કરવાનો પણ કોઇ માર્ગ છે. વખત છે ત્યારે ખદીજા (ર) ઘણીજ મોહબત સાથ ફરમાવ્યું કે અમો જ્યાં દુનિયામાં સારા કામ કરીશું, લોકોથી સારો મેળાપ અને વર્તણુક રાખીશું, ખુદાના હુકમોને માન આપી તે પ્રમાણે ચલીશું અને એના રસુલ પર ઈમાન લાવીશું, ત્યારે કામે દયા મતમાં ખુદાની મહેરબાનીમાં આવવાના ઉમેદવાર બનીશુ અને એજ ખુદાનો દીદાર–દર્શન છે.

જેવી રીતે આગળ આવી ગયું છે કે સોદાહ (ર) ના નીકાસંબંધ પછી હજરત સરવરે કાયનાતને પુત્રીઓની કેળવણી સંબંધી અંતઃકરણપુર્વક ખાતરી થઇ ચુકી હતી. એમણે પોતાનો આ ધર્મ એવી રીતે બનાવ્યો કે જો ખદીજા (ર) પોતે પણ જીવતા હોત તો આનાથી વધારે ન કરી શકત.

## પ્રકરણ ૪ થું.

હજરત જહેરા (ર) ને નબી કરીમ (સ) સાથે કમાલ દરજ્જાની મોહબત હતી એકનો એકે આખી દુનિયામાં તે એકલાજ પવિત્રમાં પવિત્ર પુરુષ હતા. જે ફાતમાં (ર) ની ઉમેદોના સંતોષનારા હતા. પોતાનીજ જાત ઉપર ફાતમાં (ર) ને પ્યાર હતો, અને પોતે પણ ઉમરનો ટકડો કર્યા કરતા હતા. બીજું જનાબ ફાતમાં (ર) એમ કહ્યા કરતા કે મારો પિતા કોઈ સાધારણ માણસ નથી. તે

ખુદાનો મોકલેલો નબી છે, અને અલ્લામીઆંએ પોતાની રેહમતો બક્ષીશો તેમની ઉપર મોકલવામાં આવી છે. અન્તરિક સ્થિતિ. જનાબ ફાતમાં (ર) ને ખુદાની ઓળખાણ સંબંધી વારસાથી ઘણી ગાઢ પ્રેમ હતો. આપની હરેક અદા રસુલે ખુદા (સ) નો પરતવ હતો. ખાવું પીવું, ઉઠવું બેસવું, બોલવું, પેરવેસ વગેરે વગેરેમાં રસુલે ખુદાની પેરવી માફક કરવું તેમાં ઇજ્જત, આબરૂ સમજતા હતા. જેમકે હજરત આએશા (ર) ફરમાવે છે કે "મેં સર્વે પ્રકારની મોહમદ (સ૦) ની પેરવી કરનાર, તેમનાજ જેવી વર્તણુંક રાખનાર ફાતમા જહરા (ર) ને જોયા" ઉમ્મે સુલમાં કહે છે કે "ચાલવું તથા બોલવું તો મોહમદ (સ૦) નો સારામાં સારો નમુનો ફાતમાં (ર) ને જોયા. અને તેજ છે." હજરત ફાતમાં ઉપર પેગમ્બર સાહેબનો સંપૂર્ણ પ્રેમ હતો. જ્યારે કોઈ લઢાઈ કે સફરથી પાછા આવતા તો મસીદમાં દોગાનો (બેરકાત નમાજ) અદા કરતા ને સૌથી પહેલાં બીબી ફાતમા (ર) ને જોવા જતા એના પછી અન્ય જનોને મળતા, જ્યારે કોઇ સફરમાં તશરીફ લઇ જતા તો સૌની પછી તેમને મળી રૂખસત થતા કારણ જુદાઈ અન્ય કરતાં પોતાની પુત્રીને ઓછો વખત રહે. રસુલે ખુદા (સ૦) તેમની ઘણી ઇજ્જત કરતા. જ્યારે જ્યારે તે ખીદમતમાં આવતા ત્યારે ત્યારે જનાબ ઉભા થઇ જતા. ને પોતાના પાસે બેસાડતા અને આંખો ઉપર બોસોલેતાં. એવુંજ જ્યારે રસુલે ખુદા (સ૦) એમના ઘેર જતાં ત્યારે એ કરતા. અર્થાત બાપબેટીમાં ઉત્તમ પ્રકારનો સંબંધ હતો. અને તેની ઉપમાં શોધી જડતી નથી. કોઈપણ પ્રકારની શંકા વગર આ બનાવ સર-ખાવનાર છે કે જે પોતાના માંબાપની ઇજ્જત કરતા નથી. અને પોતાના પિતાની ઇજ્જત તથા પ્રેમ રાખતા નથી. અને જે પોતાની

ઓલાદથી પ્યાર રાખતા નથી. આ ફાતમા મોહબતમાં પણ હજુરે કોઇ દહાડો ઇન્સાફ ને સત્ય વારદાતમાં તેમની મોહબત આગળ આવી નથી. એક વખતે હજરત અલી અને ફાતમાં (ર) વચ્ચે બોલચાલમાં દીલનારાજ થયા ત્યારે પોતાની આંખોના નુર ઉપર ગુસ્સે થયા હતા. એક વખતની વારદાત છે કે રુગરૂમ નામના કબીલામાં એક સ્ત્રીએ ચોરી કરી. કુરેશે રસુલે ખુદા (સ૦) પાસે સીફારસ પોહચાડવા માટે હજરત અસામા જેદ (ર) ને તૈયાર કર્યા. જેને આપ ઘણો પ્યાર કરતા હતા. પરંતુ જ્યારે આ વારદાત સંબંધી આપથી સફારસ કરી ત્યારે આપે લોકોને એકઠા કરી ફરમાવ્યું કે-

"અય લોગો તુમસે પેહલીકો મે ઇસલીએ હીલાકકી ગઇ, જબ ઉન્મેસે કોઇ બડા આદમી ચોરી કરતા થા. (ગોરીકા જીક્ર સીર્ફ્બ સુસીયતકી બીના પરહૈ વરના ઇસ મુરાદ આમ જરાઇમહૈં) તો લોગ ઇસકો છોડ દેતેથે, પર જબ કોઈ આમ આદમી ચોરી કરતા તો ઉસ્કો સજા દેતે, લેકીન ખુદાકી કસમ અગર મોહમદ (સ૦) કી બેટી ફાતમાંભી ચોરી કરતી તો ઇસ્કે હાથભી જરૂર કાટે જાતે" (બુખારી)

હજરત બીબી ફાતમાં (ર) ના ગુણો ઉંચા અને જુસ્સાદાર અવાજથી અમોને બોધ આપી રહેલો છે કે અન્યોન્ય સંપ એ એક ન્યામત છે. એક અમૃત છે. એક પવિત્રતા છે. એક ઇજ્જતની જડ છે. એક બુજુરગી છે, એક સત્યાસત્ય ઓળખવાની કુંચી છે. તમો એને સારા નસીબવાળો બાપ ના કહો. પણ અક્કરમી બાપ કહો, બાપના નામને એબ લગાડનાર, તેના ઉપર લુટારૂ થઇ કાળુ મેળવનાર કહો કે જે પોતાની ઓલાદની લાગણીના ઇજ્જત નથી

કરતો, એને માન નથી આપતો. એના ઉપર મહેરબાની તથા પ્રેમની લાગણી નથી રાખતો. એવીજ રીતે તમો એ ઓલાદને અક્કરમી, પાપી, ને દુશ્મન સમજો જેના દિલમાં માતા પિતાના હકોની આબરૂ નથી કરતો, તેને માન નથી આપતો તેવો બન્ને આવી અનમોલ સુખ શાન્તિથી દુર ફેંકાયલા છે. આનંદ શું! ને તેમના વિચારમાં પણ આવી શકશેજ નહિ! જેવી રીતે ફાતમાં (ર) ના દિલમાં પોતાના પવિત્ર બાપના ઇજ્જત હતી જેવી રીતે પોતાના બાપ ઉપર પતંગીયા માફક ઇશ્ક હતો. એવીજ રીતે ઓલાદે પોતાના માતા પિતાનો વિવેક કરવો જોઇએ, એવોજ ઈશ્ક દીલોમાં હોવો જોઇએ. જેવી રીતે રસુલે કરીમ પોતાના જીગરના આરામને પ્યારો સમજતા હતા. અને તેમનાથી બેહદ અથાગ પ્રેમ રાખતા હતા, એવીજ રીતે પિતાએ પોતાની ઓલાદ સાથે પ્રેમ સ્નેહ રાખવાની જરૂર છે. અફસોસ!! જો હજરત મોહમ્મદ મુ૦ (સ૦) ની પેરવી કરે, તેમના બતાવેલા, ચાલેલા માર્ગે ચાલે, અને તેમની ઓલાદ ફાતમાં (ર) ના જેવા ગુણો ગ્રહણ કરે!! હજુરને જેવી રીતે બતુલ સાથે મોહબત હતી. એવીજ રીતે ફાતમાં (ર) એ પોતાના ગુણોના પ્રતાપે તેમના દીલમાં સ્થાન મેળવ્યું હતું. અને કોઇ પણ માણસ એટલું ના જાણી શકયો કે હજરતની બીજી બીબીઓ ફાતમાં (ર) સગી માંયો હતી કે બીજીવાર પિતાએ લાવેલી. બીબી સફીયાં (ર) જયારે મદીનેથી મક્કે આવ્યા ત્યારે તેમણે ફાતમા (ર) ને પોતાના કાનના પાત–જુમ્કા જે મોટી કીમતના હતા. તે જે જવેહરાતથી જડેલા હતા તેમને આપ્યા અને તેમની જેટલી સાહેલીઓ હતી તેમને પણ કીમતી એક એક ઘરેણું આપ્યુ. કેટલા લોકો કહે છે કે હરજત આએશા (ર) અને હજરત ફાતમાં (ર) ને

કોઇ બનતું નોહતું. પરંતુ આ માન્યતા તદ્દન ખોટી છે. ખોટી તે સમજ, થોડી બુદ્ધનો પ્રતાપ છે. હજરત આયેશા (ર) ફરમાવ્યા કરતા હતા કે હજરત રસુલ (સ ) નાં પછી મને કોઇ અન્ય ફાતમાં (ર) થી સારો દેખાયો નથી. અગર તેમને જો ફાતમાં (ર) થી અદાવત હોતો આમ તેમની તારીફ કે વખાણ ના કરત. ટુંકમાં જ્યારે સીદીકા (ર) ને પોતાની લોકોથી અદાવત નોહતી તો પછી ફાતમાં (ર) કે જે રસુલે ખુદા (સ૦) ની વ્હાલામાં વ્હાલા હતા. કેવી રીતે બની શકે? જે કલેજાના કકડા હતા તેની સાથે કેવી રીતે બની શકે અને તેમ કરવામાં આવે તો શું પેગમ્બર સાહેબ ખુશ થાય? ખદીજા (ર) ઉપર રાજી રહે? કદાપિ નહિ.

જ્યારે અતીર મોઆવીઆએ શામથી આવીને એક મદીનામાં મોટા દરબાર ભર્યો ત્યારે ઇમામહુશેન (અ૦) ને બોલાવી બૈયતની (ફરમાં બરદારીનો ઇકરાર કરવો, મુરીદ બનવું) દરખાસ્ત કરી, પણ ઇમામહુશેને તે વાતથી ઇનકાર કર્યો. પોતાના તાબેદાર તરીકે ના કબુલ કર્યો. આથી અમીર મોઆવીઆની ફોજની એક ટુકડીએ તલવારો બહાર કાઢી અને લઢવા તૈયાર થયા આ વાતની જ્યારે આયેશા સીદીકા (ર) ને ખબર પડી ત્યારે ગુસ્સામાં ધ્રુજવા લાગ્યા, ને ઘણીજ ત્વરાથી મસજીદે નબવીમાં આવ્યા ને અમીર મોઆવીઆને બોલાવ્યો, ને કેહવા લાગ્યા કે મારા સાંભળવામાં આવ્યું છે કે તું મોહમદ મુસ્તફા (સ૦) ની ઓલાદ સાથે ગેરવર્તણુક અને અસભ્યતાથી વર્ત્યો છે, યાદ રાખજે ને એમની તોબા—માફી ના માંગી તો તારો બધો ઘુમટ ઉતારી નાખીશ. તારી તાકત-શક્તિ, દોલત, મકાનો, બરબાદ કરી નાખીશ. હાલ તેમના નાના અને માતા જીવતાં નથી. તોપણ એમની જગ્યાએ હું મોજુદ છું. આથી

સાબીત થાય છે કે આયેશા (ર) ને ફાતમાં ઝહરા (ર) સાથે નારાજ હોત તો એમના પુત્રોની આમ હમદરદીના ના કરત. આમ મદદે દોડી ના આવત. પણ એ ઇજ્જતા કે અપમાન કરાવત.

હજરત ઝાહરા (ર) ના સ્વર્ગવાસના બે ત્રણ દીવસ પહેલાં આયેશા આવ્યા ને ફાતમાં (ર) ને કહેવા લાગ્યા કે મારો કોઇ કામ આપની મરજી વિરૂદ્ધ થયો હોય તો લીલ્લા મને માફ કરીશે. એમણે ઉભા થઇ હજરત ફાતમાં (ર) ને સીનાથી લગાડયા ને રડવા લાગ્યા; આ મુસલમાનીનો કેટલાકનો સંપ વિરૂધ વિચાર છે, તે નકામાં વિચારો વગર ટેકાના છે કે જે આવા પવિત્ર અને મોટી ઉત્તમ ઇજ્જતવાલાને આમ ઇલ્જામ-ડાઘ લગાડે છે; ખુદા તેમના ઉપર રેમ કરે. અને ઘણી દિલગીરીની વાત છે. શરમાવવા જેવી બીના છે.

હફસી ઉમર આપની સરખી ઉમરની સાહેલી હતા પણ જ્યારે એમનો સંબંધ હજરત રસુલે ખુદા (સ૦) થી થઇ ગયો ત્યારે પોતાના સ્વભાવ તથા ગુણો પ્રમાણે તેમની ઇજ્જત કરવા લાગ્યા. હજરત ઉમ્મેસલ્લમાં (ર) આપની કમાલ મોહબતને સંપ રાખતા હતા. જ્યારે હીજરી ૬૧ માં ઇમામે મજલુમ હુશેનની શહાદત થઇ તેના કેટલા દિવસ પહેલાં અબુરાફેઅની સ્ત્રી સલ્લમાં તેમની પાસે આવી. તેમણે જોયું કે સલ્લમાં ઝારઝાર રડી રહી છે. કારણ પૂછ્યું ત્યારે કીધું કે મેં મોહમદ (સ૦) ને સ્વપ્નામાં જોયા. અને એવી ભયંકર હાલતમાં જોયા કે પોતાના દાડી તથા માથાના વાળ લોહીથી ખરડાએલા છે, મેં તેમની આ હાલત જોઇ પૂછ્યું કે આનુ કારણ શું ? ત્યારે ફરમાવવા લાગ્યા કે હું અમણા ઇમામહુશેનને કતલ કરવાની જગ્યાએ ગયો હતો ત્યાંથી આવી રહ્યો છું. જ્યારે ઇમામ-

હસનની શહાદતની કેટલા દીવસ પછી ખબર આવી ત્યારે આપે હદથી વધારે રડવા લાગ્યા. રડતા હતા ને બોલતા હતા કે શું ? મને આટલા માટે જીવતી રાખવામાં આવી છે કે હું રેસાલતના પુષ્પની પાંખડીઓ તુટતી અને છુંદાતી જોવું. આ સાચી મોહબત—પ્રેમ ફાતમાં (ર) ના સ્વર્ગવાસ પછી પણ તેમની ઓલાદ ઉપર હતી. અને તેવો તે ઓલાદ ઉપર ફીદા ફીદા થઇ જતા હતા. શું ખરી નાનીયો ( માતાની માતા ) પોતાના નવાસા સાથે આથી વધારે પ્રેમ રાખી શકે છે ? નહિજ.

સદરહુ બનાવો જોવાથી સાફ માલમ પડી આવે છે કે બીબી ફાતમાં (ર) સાથે હજરત સીદીકા (ર) બનતું નહિ. એમ સાબિત થતું નથી પણ બન્ને પવિત્ર બાનુઓ વચ્ચે અનહદ પ્રેમ હતો. આથી વિરૂદ્ધ માનવું તે એક મૂર્ખતા અને અજ્ઞાન છે. અને ગુનેહગાર થાય છે કારણ એક પાક બાનુના સંબંધમાં આમ માનવું તે બિલકુલ ઇનસાફ વિરૂદ્ધ ગણાય.

## પ્રકરણ ૫ મું.

" જનાબે ફાતમાં (ર) કે મરતબે કયા કેહના,
હમેશ ચાહીએ ઉન્યે દરૂદ ખ્વારેહના;
જનાબે હૈદરે કરરારકી હેંવો બીબી,
હસન હુશેનકી માંહે રસુલકી લરકી
+ + + + +
શાયાને શહ ફજીલતો તોકીર કોન હય ?

શાને નજુલ આયને તન્ઝીર કોન હય ?
કુરઆનમેં જીસકા વસ્ફહે તેહરીર કોન હય ?
આયાતે હલ અતાકી વો તફ્સીર કોન હય ?
કીસકો લકબહે અતરને ખેરૂલ અનામકા ?
કીસકો ખુદાને ભેજાહે તોહફા સલામકા ?
રફઅતકો કીસકી ઈજ્જતો ઈજ્જત પે હે શરફ ?
ઈજ્જતકો કીસકી ઈસમતો અફ્ફત પે હે શરફ ?
હોદો સખાકો કીસકી સખાવત પેહે શરફ ?
ઈલ્મો હયાકો કીસકી શરાફત પેહે શરફ ?
શાદાબ કીસસે ગુલ્શને આલે રસુલ હે ?
કીસકા ખીતાબ પાક જનાબે બતુલ હે ?
મખદુમો. વ અફીફયો માશુમએ જમાં,
ખાતુને હશર બીન્ત નબી બાનુએ જનાં;
નુરે ખુદા ચીરાગે હરમ શમએ લામકાં,
યાને વો પારે જીગર શાહે મુરસીલાં;
ખેરૂલ્વરાને બઢગતો મીન્ની કહા જીસે;
બખશા ખુદાને ખુદ શરફે ઝન્નમાં જીસે.
દુરરે સમીન દરજે સીયાદત હે ફાતમાં,
માહે મોઆો સર્ફનો રેહમત હે ફાતમાં;
શમએ હરીમ ઈસમતો અફ્ફત હે ફાતમાં,
મોહરે સહયરો રફઅત હે ફાતમાં.
રોશન હે પાક નામકા તુગરી લીખા હુવા,
અર્શે બરીપેં સાફહે જેહરા લીખા હુવા.
જ ચતહે જેર સાયએ દામાને ફાતમાં,

હુરેં હે ખડ઼ા પાએ કનીઝાને ફાતમાં;
રીદવાંહે મેજબીન પએ મેહમાન ફાતમાં
ખ્વાને ખલીલસે નહિ કમખ્વાહ ફાતમાં;
ટુકરા અગર મીલા કોઈ નાને શઈરકા,
હીસ્સા હુવા ગરીબો યતીમો અસીરકા.
અબારે શાન ફાતમાં અફતે ઈન્નેસાબ,
આતાહે જીસકે આગે મલાયક કોભી હીજાબ;
સરસે દમે સહરજો હટા મોરાએ નકાબ,
નીકલાના બાબે ચર્ખપે ગેરતસે આફતાબ.
રોશન કલામ હકસે હે તોકીર આપકી,
થી બસ્તાપોશ ચાદરે તનહીર આપકી.
ઈજ્જત શરફજો મરીમેઃ હવ્વાકોથા નાલા,
જો મરતબા હાજરાવ આસયાકાથા;
ફજલે ખુદાસે આપકો કુચ્છ હુવા અતા,
બાકીની કુચ્છ સાથીએ રીસાલત કે નેકગયા;
પેરૂથે અમ્બીયાએ સલફ જીસ રસુલ કે,
ઉસને ઉઠાએ તાજ જનાબે બતુલ કે.
લીખ્ખાહે ઉમર આપકીથી તીન સાલકી,
મસજીદમેં ખલતી હુઈ અઃઇ અસદ ખુશી.
મગલેગ દીનરકમે થે મશગુલ ગોનબી,
મીમ્બરસેં ઉતરે આપ જહેશાન ઈઝતદી.
નાજી મકા મહલયા બ જાહીના પ્યાર થા;
કયામતને રાજ કોનસાથા કીરદેગારકા.
[illegible]

એટીકોબી અતા હુવા એરૂન્નેસાં ખીતાબ.
માં વો જીસે ખદીજએકુબરા મીલા ખીતાબ,
શોહર વો જીસને પાયા શહેન્નાફતા ખીતાબ.
નુરે નજરભી ગેરતે શમ્શો કમર મીલે,
સલ્ઝે અલા હુશેનો હસન સે પીસર મીલે.

"મોલાના શફક રીદવા સમ્માદી"

\+ + + + +

આ વારદાત ઉપર જુદા મત જોવામાં આવે છે કે હજરત સૈયદા ફાતમાં (૨) જનાબ સદીકા આયેશા (૨) થી મરતબ માં ઉંચા છે. તહજનુલ મહાફીલ ( તપાસ કરાવનારા )નો વિચાર આમ લખ્યો છે કે ખદીજા (૨) ઉત્તમ છે આએશા (૨) થી અને ફાતમાં (૨) ઉત્તમ છે સૌથી સૈયદ અબદુલ જલીલ બીલગરામી આ મામલાને નીચે મુજબ લખે છે.

દેકસે ગુફત આયેશા દર ફ્જલ,
બેહત અઝ બીન્ત સૈયદુલ બશરસ્ત.
મીસરએ દર જવાબ ગુફતમ,
રસ્તા દીગર રગે જીગર દીગર,

એટલે કોઇએ મને આવીને કહ્યું કે આયેશા (૨) બુઝરગીમાં ભરોસામાં ફાતમાં (૨) થી ઉત્તમ છે. એનો જવાબમેં છેલ્લી સદરહુ લીટીમાં આપ્યો કે સગપણ બીજી વસ્તુ છે અને કલેજાનો કકડો જુદી વસ્તુ છે. એટલે આયેશા (૨) બેશક રસુલે ખુદા સાથે પહેલા સંબંધથી વધારે મરતબા વાલા હતા પણ ફાતમાં હજુરના જીગરનો કકડો હતા. અને આ મામલોજ જુદો છે. "સનદુલસ

આદાને " આ વારદાત ઉપર સંપૂર્ણ તકરાર ચલાવી છે. એમના આગળ સૈયદા (ર) તમામ દુનિયાની સ્ત્રીઓ કરતાં ઉત્તમ છે કે આપ અમારા રસુલે ખુદાના જીગર છે. એમના દીલનો સહારો અને આંખોનો તારો છે. આપ રસુલે ખુદાના સાયામાં મોટા થયા. તેમના લોહીમાં લોહી મળેલો છે. જનાબ રસુલે ખુદા ફરમાવ્યા કરતા હતા કે " ખાતુને જન્નત " ખાતુને બેહીસ્તની સરદાર છે. તેમના ગર્ભથી એવા રત્ન ઉત્તપન્ન થયા કે જેમની શહાદતથી ઈમામતથી ( આગેવાનીથી) એક આલમે ભરોસા, ખુદાને ખુશ રાખવાનો રસ્તા, ઇસ્લામનો જબરજસ્ત પાયાની સ્થિરતા થઇ. અને જેની મજબુતીથી દુનિયાને તાબુબીમાં ગરકાવ કરી નાખી એ એજ ઓલાદ ફાતમાં (ર) ની હતી કે જેના પ્રતાપે ઇસ્લામ લીલોને હર્યો ભર્યો રહ્યો. અને મદહુમની ખેતી બળીને ભુનાઇને પણ લીલી ફુળ આપનાર થઇ ગઇ, ફાતમાં (ર) ને આ ઈજ્જત શું કોઈપણ પ્રકારે ઓછી છે ! ? કે જેમની બદોલત આજે ઈસ્લામ આપણી નજર આગળ દેખાય છે.

સહીહ મુસ્લીમમાં લખેલું છે કે હજરત સઆર અબીવકાસ કે જે ઈસ્લામના ત્રીજા મુશલમાન એટલે મોહમદ મુસ્તફા (સ૦) ના ઇસ્લામ કબુલ કરનાર હતા. એ સત્તર વર્ષની ઉમરમાં ઈમાન લાવ્યા હતા. ખુદાના રસ્તામાં સૌથી પહેલવહેલો આમણે તીર ચલાવ્યો હતો અને સર્વે લઢાઇઓમાં સામેલ હતા. એમની દરેક પ્રાથના ખુદાના દરબારમાં મંજુર થતી હતી, તેથી લોકોને તેમનાથી ડરતા હતા કે કોઇ આપણા હકમાં ખરાબ પ્રાથના ના કરે રસુલે ખુદાએ તેમના

માટે પ્રાર્થના કરી હતી કે અય ખુદા! આમનો તીર નકામો ના જજો. અને એમની પ્રાર્થના ના મંજુર ના થજો. આમનો જીસમ ભારે ને કદ નાનો હતો. એમના બધા શરીર ઉપર વાલ હતા. મદીનાના પાસે પોતાના ઘરમાં સ્વર્ગવાસ થયા અને તે વખતે મદીનાનો ગવર્નર મરવાન હુકમે જનાજાની નમાજ પઢાવી હીજરી ૫૫માં તેમનો સ્વર્ગવાસ થયો. અને જનતુલ બકીયામાં તેમને મદફન કરવામાં આવ્યા. તેમને ખીલાફત ફારૂકીમાં કુફાના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. તે ફરમાવે છે કે "અબના એ નાવ અબનાએ કુમ" આયત જ્યારે નાજલ થઈ ત્યારે હજુર [મોહમદ](સ૦) મેં અલી (ક) ફાતમાં (૨) હસન અન હુશૈન (૨) ને બોલાવ્યા. ને ફરમાવ્યું કે ઇલાહી આ મારી ઓલાદ છે એહલે બેત છે. તફસીરે કસ્સાફમાં લખ્યું છે કે આ આયત નસારી ને બેહરા નામે કોમની સાથે અન્યો અન્ય બદદુવા કરી નાસ કરવા માટે નાજીલ થઇ હતી પણ આથી તે ડરી ગયા હજરત મોલાના અબદુલ આજીજ દેહલવી લખે છે કે આથી વધારે તાકતદાર દલીલ ફાતમાં (૨) અને તેમની ઓલાદની ઇજ્જતની કોઈ નથી થઈ શકતી. બીબી ફાતમાં (૨) હજુરની ઓલાદ છે.

આપતે તનહીરઃ—હજરત આએસાહ (૨) ફરમાવ્યું છે કે એક વખતે હજુર મોહમદ (સ૦) મે એક ચાદર ઓઢી હતી. કે જનાબ હસન (૨) તશરીફ લાવ્યા એમણે એમને ચાદરમાં લઇ લીધા. ફેર બીજા હુશૈન તશરીફ લાવ્યા, તેમને પણ તે ચાદરમાં લઈ લીધા પછી ફાતમાં (૨) ને પછી અલી (ક) આવ્યા તેમને પણ એજ ચાદરમાં લઇ લીધા ને પછી તે આયત બોલ્યા.

અબુસઇદ ખુદરી (૨) કે જે જેમનું નામ સઅદબીન માલિક હજરી અનસારી (૨) છે, તે મોટા વિદ્વાન હતા. તેમનાથી કેટલી હદીસોનો પત્તો લાગ્યો છે હીજરી સન ૭૪ માં ૮૫ વર્ષની ઉમરે સ્વર્ગવાસ થયા. તેમણે હદીસ કહી હતી કે તે ચારે જણાને પોતાની ચાદર ઓઢાડી કહ્યું કે ખુદાવંદ આ એહલે બેત છે, એમને પવિત્ર કર, ને અપવિત્રતા બાહ્ય ને આન્તરિક નાશ કર.

હજરત ઉમર ફારૂકથી રીવાત છે કે હજરત મોહમદ (સ૦) ફરમાવ્યું હતું કે કયામતના રોજ સર્વે માણસનું સગપણ ઓલાદ વગેરે ઓળખાણ નાબુદ થશે, પણ મારો નસબ ફાયદો આપશે, અને દરેક નબીનો પોતાની ડીકરી ઉપરનો પિતાનો હક મટાડવામાં આવશે. પણ ફાતમાંની ઓલાદ મારી સાથે જોડવામાં આવશે ને તે મારી ઓલાદ ગણાશે.

સહીબુખારીમાં હજરત મશવીર બીન મખર (૨) માંથી રીવાયત છે કે રસુલે ખુદા (સ૦) ફરમાવતા હતા કે ફાતમાં (૨) મારા માંસનો ટકડો છે; એને જે ગુસ્સે કરશે અને નારાજ કરશે તે મને ગુસ્સે કર્યા બરાબર તથા નારાજ કર્યા બરાબર છે.

જેદબીન અરકમથી રીવાયત છે કે હજરયત રસુલે ખુદા (સ) એ ફરમાવ્યું હતું કે, ફાતમાં, હસન હુસેન (૨) અને અલી (ક૦) થી જેણે લઢાઇ કરી તેને મારાથી પણ લઢાઇ જોડી જેણે એમની સાથે સલાહ કરી તેણે મારી સાથે સલાહ કરવા બરાબર છે. ફતેહુલ બા- રીમાં લખ્યું છે કે મસીદથી મળેલા ઘણાં અસહાબો (પેગમબરની પાસે બેસનાર)ના ઘરો હતો અને જેમના દરવાજા મસીદમાં પડતા

હતા હજુરે ફાતમાં (ર) ના વગર સર્વેના બારણા બંધ કરાવી દીધાં. જ્યારે અસહાબીઓએ અરજ કરી ત્યારે હજુરે ફરમાવ્યું કે મેં મારી મરજીથી આવું કર્યું નથી પણ મને ખુદાનો હુકમ મળવાથી આમ કરવાની ફરજ પડી.

હજરત અબ્બાસ (ર) થી રીવાયત છે કે જ્યારે આ આયત ઉતરી જેનો અર્થ હું તમારાથી બદલો નથી માંગતો પણ એ કુટુંબ સાથે તમારી મોહબ્બત ચાહું છું ત્યારે મોહમદ (સ૦) ને અસહાબી-ઓએ પૂછ્યું કે આ કયા લોકો તરફ ઈશારો છે કે જેની મોહબ્બત વાજીબ થઈ છે ત્યારે આપ ફરમાવવા લાગ્યા કે ફાતમાં (ર) અલી (ક૦) અને તેમના બન્ને પુત્રો (ર).

અબુસઇદ હજરી (ર) થી રીવાયત છે કે રસુલે ખુદા (સ) ફાતમાં (ર) ને ઘેર ગયા અને ફરમાવ્યું કે ફાતમાં (ર) હું અને તું, અલી (ક) હસન અને હુશેન (ર) કયા મતના દહાડે એક જ-ગ્યાએ હોઇશું.

હજરત ઈમામ માલિક (ર) ફરમાવે છે કે હજરત ફાતમા (ર) ની બુજરગી તારીફ કરવા કરતાં પણ વધારે છે. એટલે તે લખી કે બોલી શકાય તેના કરતાં વધારે છે. જ્યારે ખુદા પોતાના પવિત્ર કુરઆનમાં ફરમાવે છે કે ' નીકાહ કરીલો જે તમોને પસંદ હોય ત્રણ અથવા ચાર " આ આયતની રૂએ હજરત અલી (ક૦) બીજી સ્ત્રીઓ કરવ્રાનો હક હતો પણ રસુલે ખુદાએ તેમ કરવા તેમના સંબંધમાં ના કહ્યું. ઇમામ માલિક (ર) લખે છે કે જેવી રીતે ચારથી વધારે નીકાહ કે શાદી કરવાનો હક અને રજા ફક્ત

: રસુલે ખુદાનેજ બક્ષવામાં આવી હતી. તેવીજ રીતે ફાતમાં (૨) ની હયાતીમાં બીજી સ્ત્રી કરવા અલી (ક૦) ને રોકવા તે ઉત્તમ હતું જેવો શરીઅતપના હતા. બીજાઓને આ હક મળ્યો નથી નાકે રજા આપવામાં આવી છે. અને બીજા કોઇ પણ પોતાના જમાઇને બીજી સ્ત્રી કરવા રોકવાનો હક છે, આ મરતબો માત્ર પોતાની પવિત્ર પુત્રીના માટેજ હતો નાકે હરેક બાપનો હક રસુલ જેવો થઇ શકે છે નાકે હર એક પુત્રીનો હક ફાતમાં (૨) જેવો બની શકે છે. ઈસ્લામમાં દરેક પુરુષ એક સ્ત્રી હયાત હોવા છતાં મરજી હોયતો ચાર સ્ત્રી કરી શકે છે.

હાકીમ (૨) એ આહદેસની રીવાયત અબુસઇદ હજરી (૨)થી કરી હતી અને આને સત્ય હદીસ કહી હતી તે વખતની વારદાત લખનારા લખે છે કે હજરત ફાતમાં (૨) સર્વે સ્વર્ગની સ્ત્રીઓના સરદાર છે, પણ મરીયમ બીન ઉમર આથી જુદા છે—અલગ છે.

હાકીમ (૨) એ હજરત આએશા (૨) એ રીવાયત કરી છે, અને સદરહુ હદીસને સત્ય કહી છે. એમણે લખ્યું છે કે હજુર પોતાની બીમારીમાં હજુર મોહમદ (સ૦) મેં ફરમાવ્યું કે તમો આ કાર્યથી ખુશ છો કે તમોને આ ઉમ્મતની સ્ત્રીઓ, તમામ મુસલમાનની સ્ત્રીઓની અને સર્વે દુનિયાની સ્ત્રીઓની સરદાર બનાવવામાં આવે.

હાકીમ (૨) એ ખદીજા (૨) પાસેથી અને તેમણે મોહમદ (સ૦) પાસેથી આ વારદાત મેલવી છે કે એકવાર જીબરીલ (અ) એક ફરીસ્તાનું નામ છે જે ખુદાઈ સંદેશા લાવતા હતા મારી પાસે આવ્યા ને કેહવા લાગ્યા કે હજરત હસન અને હુશેન (૨) જન્નતના સ્વર્ગના જવાનોના સરદાર છે.

---

હારસબીન અલી (ર) ના અસમાં (ર) થી મોહમદ બીન અલી (ક) થી રીવાયત છે કે હજરત હસન અને હુશેન (ર) બન્નેને કુશ્તી લઢાવી ને બોલવા લાગ્યા કે હસન જલદી કરો ત્યારે ફાતમા (ર) બોલવા લાગ્યા કે હજુર આપ હસનનો પક્ષ કરો છો, એટલે તમોને હસન આપને હુશેનથી વધારે વ્હાલા છે, તેમને વધારે ચાહો છો ત્યારે તે બોલ્યા કે હજરત જીબરીલ હુશેનનો પક્ષ કરે છે અને હું ચાહું છું કે હસનનો પક્ષ કરૂં,

તઆલ્લલા અજબ રૂતબાહે ખાતુને જન્નતકા;
અજાબે અર્દસે આલા હે પરદાજોગ મુદહનકા. ૧

સુખુન જેરે ઝબાહે લબપે હે મોહરે સકુત અબતક;
દો આલમમેં હે ઇસરાર એહદે મજકુર અસમતકા. ૨

જનાબે સૈયદા ફકરૂન્નેસાએ દીન દુનિયા હે;
ઉનીકી ચાદરે તતહીર હે પરદા શફાઅતકા. ૩

બરાહે દામને મકસુદે સાઇલ આપકે દરપર,
દો આલમમેં હે શોહરા આપકે દસ્તે સખાવતકા. ૪

દીલે મોમીનકા હે તસકીન તસબીહાતે અરબાસે,
તરીકા આપહીસે હે રૂએ મસકુમે ઇબાદતકા. ૫

મશ્કત આસિયા સાઇકી ફજ્જાકી મસાલીથી;
કનીજોંકી બરાબર ભાર ઉઠાયા રંજો મેહનતકા. ૬

મલાઇકથે બરાતી અર્શપર અકદ ઉન્કા હોતાથા,
અર્શકે ઘરમેં જબ ઉતરા સીતારા ખાસ રેહમતકા. ૭

ખુદાને હુલ્લએ ખુલ્દે બરીં ઇન્કે લીયે ભેજા;
રદાએ હુર શદકાહે ઉન્હીકે ફકરે દંશમતકા. ૮
જનાજા શબકા ઉઠા આપહીકા બાદ પેગમ્બર;
વફાતે સૈયદે કાનૈનથા કયા દાગ ફુરકકા. ૯
મદીનેમેં મજારે પાક ઓર બેતુલ હુજન દેખો;
શમીમ એક ઉમ્રસેહે શોક આખુંકા જીયારતકા. ૧૦

"સૈયદુસ શોહરા બુલંદ શહેરી"

જનાબ ફાતમાં (૨) થી ઘણી હદીસો જાણવામાં આવી છે, તેમાની થોડીકજ અત્રે લખવામાં આવે તો વાંધા જેવું તો નહિ ગણાય કારણુ તે હદીસોથી ફાતમાં (૨) ના સંબંધમાં ઘણું જાણવાનું મળે છે.

જનાબ ફાતમાં (૨) એકવાર પેગમ્બર સાહેબની પાસે બેઠા હતા. એવામાં એક લોંડી આવી ને અરજ ગુજારીકે મોહમદ મુ० (સ०) મારા માલિક વેપાર માટે પરદેશ ગયા છે, તેમની સ્ત્રી એકલાં છે. તે વચલા માલમાં રહે છે અને નીચેના માલમાં તેમની ઘરડી માતા રહે છે. મારા માલિકે નસીયત કરી હતી કે જ્યાં સુધી હું ના આવું ત્યાં સુધી ઘરથી બહાર પગ ના મુકવો. હવે વારદાત એ છે કે તે બીબીના પિતા સખત બીમાર છે. અને તેમની માતા પણુ માંદા છે. કોઈ માણુસ તેમની ખાતર બરદાસ કરનાર નથી હુકમ હોય તો હુ ઉપરથી નીચે ઉતરી મારા માતા પિતાની ચાકરી કરૂં.

જનાબ ફાતમાં (૨) ફરમાવે છે કે તે લોંડીને પોતાની પાસે બેસાડીને કોધું કે "તારી બીબીને કહી દે કે તારો પતિ બહારથી

ના આવે ત્યાં સુધી ઘરની બહાર પગ ના મુકવો." આ સાંભળી તે લોંડી ચાલી પગ પછી બે કલાક ફેરે આવીને અરજ કરવા લાગી કે હજુર હવે તો મારી બીબીના પિતાની હાલત ઘણીજ ખરાબ છે અને થોડીકજ વખતમાં મૃત્યુ પામશે જો હુકમ હોય તો નીચે ઉતરી આવે ત્યારે પેગમ્બર સાહેબે ફરમાવ્યું કે તારી બીબીને કહી દે કે જો તે ખુદા તથા તેના રસુલને ખુશીનો મેળવવા માંગતા હોય તો તેમનો બાપ મરી કેમ ના જાય! પણ પતિના હુકમ વગર ઘરમાંથી કદમ ના કાઢવો જોઇએ. લોંડી ફેર ચાલી ગઇ ને પાછા પગે આવીને કહેવા લાગી કે બીબીના પિતાતો મૃત્યુ પામ્યા ને માતા પણ થોડાકજ વખતમાંજ મૃત્યુ પામશે હવે તો રજા આપો. બીબી ઉપર પડી પડી રડી રહી છે અને પોતાના માતપિતાના છેલ્લીવારના દર્શન માટે પણ લાચાર છે. રસુલે ખુદા (સ૦) મે ફરમાવ્યું કે છોકરી સારી પેઠે સાંભળી લે ને યાદ રાખ કે જ્યાં સુધી તે સ્ત્રીનો પતિ ખુદ આવીને નીચે ઉતરવાની રજા ના આપે ત્યાં સુધી ગમે તેમ થઇ જાય પણ નીચે ઉતરવું વાજબી નથી. જા જઇ કહી દે કે ખુદા, રસુલ અને પોતાના પતિની ફરમાંબરદારી જે કરે તેને આનો બદલો ખુદા આપશે. છોકરી રડતી રડતી ચાલી ગઇ. જનાબ સૈયદા (ર) ફરમાવે છે કે એક વખત તે લોંડી મારી પાસે આવી ત્યારે મેં પૂછ્યું કે બોલો તમારી બાબીની કેવી હાલત છે? કુરબાન જાવું બીબી ફાતમાં (ર) તેમના માબાપતો તેજ દીવસે મૃત્યુ પામ્યા. બે દીવસ પછી તેમના પતિ આવ્યાને તેમને સર્વે વારદાતની ખબર મળી ત્યારે ઘણાં પસ્તાયા, અને પોતાની સારા ગુણવાલી

બીબી મળવાથી ખુશી જાહેર કરી તેજ દીવસે બીબીએ રાત્રે સ્વ-પ્નામાં જોયું કે પોતાના માતા પિતા જન્નતમાં મોહોલ્લામાં મોતી-ચોના તખ્ત ઉપર બેઠેલા છે તે હુરો પંખો નાખી રહી છે. બીબીએ તેમને પૂછ્યું કે તમારા કામ દુનિયામાં એટલા સારાતો નોહતા કે તમોને સ્વર્ગ મળે તો પછી આ શી વારદાત છે? તેવોએ જવાબ આપ્યો કે પુત્રી તેં જે ખુદા રસુલ (સ૦) અને તારા પતિનો હુકમ માન્યો તેના બદલામાં અમોને આ લાભ મળ્યો છે અને આ તું જુંવે છે તે જન્નત અને એશો આરામ આપ્યા. વાહ! વાહ! ખુદા ને રસુલના હુકમને કેટલું માન આપવામાં આવતું! તેમના દિલમાં કેવી જગ્યા કરી હતી! તમો આ નેક બખ્ત બાનુંના ઉપર નજર કરો. એકજ ઘરમાં એકજ માળ ઉપર રહે છે, નીચલા મજલામાં માબાપ બીમાર છે. આખર મૃત્યુ પણ પામી ગયા પણ શું તાકત વગર રજાએ મોહમદ (સ) ની પોતાના ઘરમાંથી પગ બહાર કાઢે! માતા પિતાનો પ્રેમ!! અહા આ પ્રેમના સમુદ્રમાં જરૂર તોફાન શરૂ થયું હશે. પ્રેમની શકિતએ તેને ત્યાં લય જવા ઘણા ફાંફાં માર્યા હશે પણ પોતાનો દિલ ના ડગ્યો તે નાજ ડગ્યો. વચન પા-ળનાર હુકમ માનનાર દેવી હતી. વફાદારીની ખરેખરી તસવીર હતી. દુઃખને ગમથી અંતઃકરણ છલાછલ થઇ ગયું હતું. પણ ફરમાં બર-દારી પતિ અને રસુલ (સ૦) થી પણ અંતઃકરણ લબરેજ હતું. નબીના હુકમ ઉપર આખર સુધી માથું નમેલુંજ રહ્યું અને આજ હાલતમાં દુનિયાનો સૌથી ઉત્તમમાં ઉત્તમ મેવો (માબાપ) અને હમેશના લીધે જુદા થઇ ગયા. તે એક તે વખતની સ્ત્રી હતી. હાલ અમારા મુસલમાનોની સ્ત્રીઓ જુવો. એમને જો કોઇ લાભકારી

કામમાં પણ સારી સલાહ આપે છે તો કરડી ખાવા દોડે છે. ના એમનામાં વિવેક કે લાજનો ડર નથી કે ખુદા રસુલ છે. ન પતિની પરવા છે. તે પોતાને સ્વતંત્ર ને ઊઠણી વગર નકામની સમજે છે અને આજ કારણે તે અપવિત્ર છે. જનાબ સૈયદા (ર) ની એક બીજી રીવાયત છે. એક વખતે મોહમદ મુ૦ (સ૦) એક બગીચામાં તશરીફ લઈ ગયાં તેમની સાથે કેટલા અશહાબીઓ પણ હતા. તે બગીચામાં કેટલી બકરીયો હતી. તે નમી નમી હજુરને સીજદો કરવા લાગી. ત્યારે તે અસહાબીઓ માંહેથી એક બોલ્યા કે હજુર આ વગર જીભના જાનવર પણ આપને સીજદો કરે છે તો અમોને પણ હુકમ કરો કે અમો પણ મસ્તક નમાવી દઈએ ત્યારે તેવો બોલ્યા કે જો ખુદા વગર કોઈ અન્યને સીજદો કરવાનો હુકમ હોત તો હું તરત ખુદાના સોગન ખાઇ કહું કે તમામ દુનિયાની સ્ત્રીઓને વગર હરકતે હુકમ કરી દેત કે તમારા પતિને સીજદો કરો. આ ઉપર સાફ માલમ પડી આવે છે કે રસુલે ખુદા મોહમદ મુસ્તફા (સ૦) ને ખુદાનો હુકમનો અમલ કરવા કેટલી બધી લાગણી હતી. સ્ત્રીને પોતાના પતિ કરતાં વધારે કોઇ વધારે મરતબા વાળો નથી પતિ સ્ત્રીના માથાનો તાજ છે. શીરછત્ર છે. પતિજ તેનો માલિક ને મુખત્યાર છે. પતિજ એના લાભ તથા નુકશાનમાં હોય છે. ખુદા અને તેના રસુલ (સ૦) ની નજર તેના ઉપર રહે છે પતિનો આવો મરતબો છે, ત્યારે કેટી બેઅદબ સ્ત્રીઓ છે કે જે પોતાના પતિના સંબંધમાં બે અદબીયો અવિવેક અને નાલાયકીઓ કરે છે. સત્ય પૂછો તો અમારો બન્દોબસ્તજ બરાબર નથી રહ્યો તે સંબંધી આ-

ગળ લખવામાં આવ્યું છે. જો ઇન્સાફની નજરે જોવામાં આવે તો બન્ને પલ્લા બરાબર છે. એકલો સ્ત્રીઓનો વાંક કાઢવો તે ગેર ઇન્સાફ છે. પુરૂષો પણ જે હકો શરીઅતમાં છે તે ક્યાં સ્ત્રીઓને પુરા પાડે છે? નથી પાળતા. ટુંકામાં સ્ત્રીઓ પુરૂષોની મરીયાદા રાખે છે ત્યારે પુરુષો ના સ્ત્રીઓના દરદોને દુર કરી શકે છે. એટલે મીયાં બીબીકી જોડી એક અંધી એક ખોડી. ઘણાંજ અફસોસની વારદાત છે. જ્યાં સુધી પોતપોતાની ફરજ અદા કરવામાં નહિ આવે ત્યાં શુધીના સ્ત્રી વર્ગ સુખી થશે તોજ પુરુષ વર્ગ જો એક વર્ગ આ વાતની હીમત રાખી કાર્ય કર્યા જાય તો બીજા વર્ગ પણ તેમ કરવા લાચાર થાયજ. ખુદા તેમને એવા વિચાર સ્ફુરાવી અમલમાં મુકાવે. આમીન !!

---

## પ્રકરણ ૬ હું.

અલીઇબ્ને અબુતાલીબ હજરત મોહમદ મુ૦ (સ૦) ના કાકાના પુત્ર હતા. બાળપણમાં સૌથી પહેલા ઇસ્લામ કબુલ કરનાર તેવો હતા. જ્યારે જનાબ શેરખુદા અલીએ ઇસ્લામ કબુલ કર્યો ત્યારે તેમની ઉમર દશ વર્સની હતી. આજ કારણે કેહવું પડે છે કે તેમની ગલથુથીમાંજ ઇસ્લામ રૂપી ન્યામત હતી, આતે વખત હતો કાફેરોની સખ્તીઓ હદથી વધી ગઇ હતી, તેવો અમારા નબીને ભિન્ન ભિન્ન રીતે સતાવતા હતા. એકવાર કુરેશના વંશના ટોળાને ફરમાવવા લાગ્યા કે અગર જો તમારામાંથી થોડાજ આદમી મારી સાથે

થઈ જાય તો જોઇલો પછી ખુદાના હુકમોને કેવી રીતે ધિક્કારવામાં આવે છે? તેજ વખતે અલી (ર) ઉભા થઇ ગયા. અને સંપૂર્ણ સ્વતંત્રતા ને વગર બીકે કીધું કે: "અય ખુદાકે સચ્ચે બરગુઝીદા રસુલ! મેં દીલોજાનસે આપકે સાથ હું." અહાહા!! શું નવાઇ! દશ વર્ષનો બાળક! દુનિયામાં ખરૂં ખોટું પારખવાને અજાણ! અને આવી સત્યતા? શાબાશ જાહેરમાંતો કલ્મો તેમના મુખથી નીકળી રહ્યો હતો પરંતુ જાણવાવાલા જાણે છે કે તે ખુદાનીજ શક્તિ હતી ને આ બાળકને "લબ્બેક" કહેવા તૈયાર કરી રહી હતી. કુરેશના લોકો આ સત્યતાને મશ્કરીમાં ઉડાવવા લાગ્યા. પણ રસુલે ખુદા [ સ૦ ] મે અલી [ક]ને ગલાથી લગાવ્યા. ઇસ્લામની વારદાત સમજાવી, તેમને સમજ પાડી અને હિંમત તથા. સ્વતંત્રતા ઉપર શાબાશી આપી. તે વખતે કોણ જાણતું હતું કે આજ બાળક કે જેને હાલ કુરેશ હલકી નજરથી જુવે છે. તે એક વખતે દુનિયામાં બહાદુરીને ખુદાને ઓળખવા માટે એકકો થશે. ક્યામત સુધી બહાદુરીને ઇમાનદારી તેના નામપર સોગન ખાશે. જનાબ રસુલ (સ૦)ની પુત્રી કલેજાનો કકડો તેમના ઘરમાં આવશે. ને કેટલો વખત ગયા પછી ખલીફાની ગાદી પોતાના તાબામાં આવસે. હજરતઅલી (ક)નું ઈસ્લામ કબુલ કરવો હતો કે કુરેશ તેમની જાનના દુશ્મન બની ગયા. આ વાતની હજુરને ખબર થઈ ગઈ હતી એ જોઇ રહ્યા હતા કે આખું કાફર અરબસ્તાન એમની જાન પાછળ લાગુ થઇ ગયા છે; તેમને અલી (ક) ના જાનનો હમેશ ખ્યાલ રેહતો હતો, અને તેમને પોતાની નજરો આગળજ રાખતા હતા. કે

વખતે કોઇ તેમની સાથે અવિવેક ના કરે. પહેલાં મોહમદ (સ૦)ને ફેબદ ઝહરા (૨)નોજ ખ્યાલ હતો પણ હવે તેમની સાથે અલીના ઉપર પણ નીગાહ રાખવાની જરૂર પડી. પોતાની મહેરબાનીનો હસ્ત. તે યતિમ (પિતા મરી ગએલા હોય તે અને પુત્રી હોય તો માતા મરી ગઈ હોય તે)ના માથા ઉપર હતો જેવો કે અલી (ક) ના પિતા અબુતાલીબનો હાથ મોહમદ (સ૦)ને જેવી લાગણીને પ્રેમથી પાળ્યા હતા તેવીજ રીતે તેમણે તેમની નીશાનીને કાયમ રાખી. અલી (ક૦) સાથે મોહમદ (સ૦)નો બેહદ પ્યાર હતો. આપે તેમને કોઇ દહાડો ઉદાસ થવા નથી દીધા. હજરતઅલી (ક૦) ના વિચારો-મનની લાગણીને બહુ માન આપતા હતા. જ્યારે હજુર બહાર કાંઇ જતા. ત્યારે અલી (ક૦) સાથે લઇ જતા. કુરેશના લોકો એમને જોતા ને જુસ્સામાં અગ્નિ થઇ જતા. અને તેમાં બળતા હતા. એમને અલી (ક)ને મોહમદ (સ૦)ની જોડે જોવા નોહતા ચાહતા. દુશ્મનીનો અગ્નિ શરીરમાં બળી રહ્યો હતો, તેમની દુશ્મનીનો લોહી જોશમાં હતો કુફરનો સમુદ્ર તોફાનમાં હતો. સત્યના દુશ્મન સોગન ખાઇ ચુકયા હતા. સત્યને અનામતની સાથે ખુદા સાથે પણ દુશ્મનાવટ હતી. તે સર્વેને ઇચ્છા હતી તો એ હતી; અરમાન હતા તો એ હતા કે જેમ બની શકે તેમ સત્યને અનામત પણાને જડમૂળમાંથી ઉખેડી નાખી દેવામાં આવે, કુરેશના આગેવાનોના મનમાં એવો વિચાર સ્થાપન કરી ગયો હતો કે અબદુલ્લાના પુત્રને (તોબા તોબા) મારી નાખવામાં આવે કે જેથી તે નાસ થાય તેની સાથે અમારે નીચું જોવાનો વખત ના આવે, કુદરતને એમને નમાવવા

મંજુર હતું, એટલા માટે હરેક જીવના જોખમે ખોલેલી તરકીબ કાંઇપણ અસર કરી શકતી નહિ. તેમના વિચારો. કપટબાજી તેમનો વાલપણ વાંકો કરી નોહતી શકતી. આપનો દીલ ઘણોજ મજબુત હતો, જેમ જેમ તેને દબાવવામાં આવતો, તકલિફો આપવામાં આવતી. તેમ તેમ તેટલાજ જોરથી સામું થતું હતું ને સત્યનો લેકચર ઘણા જુસ્સાથી સંભળાવતા કુરેશમાં આપે ઘણાજ જુસ્સાદાર લેકચરો આ-પ્યા દરેક ઘરઘર આગળ તેમ કરવામાં આવ્યું કારણ કોઇ આવા ઉત્તમ લાભથી રહી ના જાય ને કોઇ પણ રીતે સીધા રસ્તા ઉપર આવી જાય. ઘણું સમજાવ્યું, કે આવી મૂર્તિપૂજા મુકી સત્ય રસ્તા ઉપર આવીને દોજખ નર્કના દુ:ખથી બચી જાય. પણ અફસોસ! તેમના નસિબમાં આમ લખ્યું નોહતું, તેમના દીલ ઉપર તેમનાં પાંચે તત્વો ઉપર અસત્યતાને અપવિત્રતાની મહોર લાગી હતી. આ કમનસીબ ખુદાની રેહમતમાં કેવી રીતે આવી શકે! કેમકે તેમના નસીબમાં ખુદાના ગજબમાં આવવા લખાઇ ગએલું હતું બહુ ટંટા થયા, લડાઇઓ થઈ, દગાને ફસાદો પેદા થઈ, લોહીની નદીઓ વહી. પણ આ કમનસીબ જ્યાં હતા ત્યાંને ત્યાંજ રહ્યા. અને પોતાની મૂર્ખતા ના મુકી તે નાજ મુકી જ્યારે કાફરોના જુલ્મો હદથી વધી ગયા ને મોહમદ (સ૦) તેમની સાથે સલાહ કરવામાં લાચાર થયા ત્યારે આપે મુસાફરી કરવાનો વિચાર કર્યો. મક્કાને મુકવો તે સાધારણ રીતે દીલને રડાવનાર વાત નહોતી તે પવિત્ર જગ્યા હતી. જ્યાં અમારા પેગમ્બરના બુજરગોની નીશાનીઓ હતી. અને તે તેમની સંપ કરાવવાની યાદગીરીની હતી. એજ જગ્યા આપની

જન્મભૂમિ હતી; એની મોહબ્બત આપના શરીરના રગે રગમાં પ્રસરેલી હતી; હવે મક્કામાં રેહવાની એકજ શરત હતી અને તે એકે આપે ઇસ્લામની સત્ય વારદાત મુકી દેવી પરંતુ ઉપર જણાવેલી વારદાત—કારણોથી વધારે આપને ઈસ્લામનો ઇશ્ક હતો. આપે એ પસંદ ના કર્યું કે સત્ય રસ્તાને મુકી દર્દ—મટાડી મક્કામાં સ્થાઈ થાય આપે મુસાફરી કરવાની ઈચ્છા જણાવી અને મદીના તરફ ચાલી નીકલ્યા. મદીના વાલા માહેની એક કોમ તેમના સત્ય રસ્તા ઈસ્લામ પર ઈમાન લાવી હતી. તેમનો દ્રઢ વિચાર હતો કે હજુર મક્કા મુકી મદીનામાં સ્થાઇ રેહે. અને આજ ખેચાણને લઇ તેમણે ત્યાં જવા કબુલ કર્યું મદીનામાં મુકામ કર્યા પછી. આપે ઝેદબીન હારસા (ર) કે જે ખદીજા (ર)ના ગુલામ હતા ને ખદીજાએ પોતાના નીકાહ પછી હજરત આપી દીધા હતા. હજુરે તેમને બાળકની માફક પાળ્યા અને જેનબબીન્ત જમશ(ર)નાં તેમનો વિહવા કરી આપ્યો, જેના સંબંધી કુરઆન શરીફમાં લખાણુ જોવામાં આવે છે. તે અને રાફએ કે જે મોહમદ (સ૦) ના ગુલામ હતા. અબ્બાસ (ર) એ આપને નજર કર્યા હતા. જ્યારે હજરત અબ્બાસ ઇમાન લાવ્યા ત્યારે તેમને આજાદ કરવામાં આવ્યા હતા. તેમને મક્કે મોકલી ફાતમા (ર) ઉમ્મે કલસુમ (ર), સોદાબીન્ત ઝમઆ (ઉમ્મીલ મોમેનીન) અસામાં બીન જેદ જેવો જેદ બીન હારના પુત્રી હતા તે હજુરના સ્વર્ગવાસ વખતે તેમની ઉમર વીસ વર્ષની હતી ને ઉશમાનની (ર) શહાદત પછી સ્વર્ગવાસ થયા હતા અને તેમની મા ઉમ્મે યમનને મક્કાથી બોલાવી મંગાવ્યા. અબદુલ્લાબીન અ-

બાબકર સાથે પોતાની માતા ઉમ્મેરૂમાન અને અન્ય સ્નેહિઓ સાથે મદીનામાં આવ્યા. સર્વેના આવ્યા પછી હજુરે પોતાના નવા ઘરમાં રહેવા ગયા અને રહેવા લાગ્યા.

## પ્રકરણ ૭ મું.

રસુલે ખુદા મોહમદ મુસ્તફા (સ૦) મક્કાથી મદીનામાં આવ્યા હતા હવે જનાબ સૈયદુન્ જાહરા (૨) પણ ( માશા અલ્લા ) ઉમર લાયક થયા હતા અરબના સરદારોની દરખાશો તેમની સાથે સંબંધ કરવા આવતી હતી પરંતુ હજુરે સર્વેને જવાબ આપી દીધો હતો. જોનારા આગળ માણુસના ઇજ્જત દોલત, માલમતા ને પાયગાના ઘોડાથી નથી. માણુસની ઈજ્જત કવિત્નતા વિદ્વતા કે નજુમથી નથી પણ માણુસની ઇજ્જત માણુસાઇથી છે. માણુસ બુજરગી, મોટાઇ, ઇજ્જત વગેરે તેના દીલમાં રહેલી સક્તિથી થાય છે. આન્તરિક શક્તિને લઇને થાય છે નાકે બાહ્ય, શક્તિને લઇને થાય છે. જે માણુસના ગુણો ઘણા ઉત્તમ છે, તે બયાબાનોમાં કે જંગલોમાં રહીને પણ ઇજ્જત, મોટાઈ, બુજરગી મેળવી શકે છે, ને સર્વે તેને માન આપે છે. પણ જેના ગુણોમાં ખામી છે તે સોના ચાંદીના વાસણોમાં ખાય; મોટી મોટી આલીશાન ઈમારતોમાં રહે, મખમલ અને રેશમના ગાદલાંમાં સુખ ભોગવે. એક કેહતાં હજાર દાસ દાસીઓ હાજર થાય એમ હોય ત્યારે પણ તે હેવાન છે. કારણ આ વસ્તુઓને તેણે જીંદગીનું સાર્થક માન્યું છે. જે નાશ

થવાની છે. જેની સ્થિતિ ઉપર ભરોશો નથી. આજ છે ને કાલે નહિ એવી સ્થિતિ છે, અને તે સંભાળવાની તથા જતા રહવાની રાત દીવસ ફીકર છે. ચોર, લુટારા, પ્રપંચીઓ તેને એક મીનિટમાં લઇ જાય છે. તેની આલીશાન મહલોને એક ધરતીકંપના જેટલો ધક્કો બરબાદ પાયમાલ કરી નાખે છે, પણ જે સારા નસીબવાલા પાસે ગુણોની દોલત આવી છે પાસેજ છે. તે હમેશા ઇજ્જતવાળો છે. ના તેમના ગુણો રૂપી ખજાના ચોર કે લુટારા લઇ જઈ શકે છે. ના એમની રૂહાની ઇમારતો ( આત્મિક શક્તિની ઇમારતો ) ને ધરતીકંપ નાશ કરી શકે છે. રસુલે ખુદા (સ.) પોતે ખાસ રૂહાની ખજાનાથી માલા માલ હતા. તેથી તેવાજ ઉત્તમ ગુણ વાલા જમાઇને જોવા માંગતા હતા તેમનો એવો વિચાર નોહતો કે પોતાના કલેજાના કકડાને કોઇ માલદારને ત્યાં સંબંધ જોડીદે. આ માગણીઓમાં તેવાજ ગુણા લંકારનો નંબર પણ આવી ગયો કે જેના નસીબમાં આ ઉત્તમ ન્યામત પહેલાંથી લખાયલી હતી. એટલે હજરત અલી (ક૦) ના દીલમાં પણ વિચાર આવ્યો કે હજુર મારા જેવા ફકીરનેજ ખુશાલીમાં નવડાવે ! અલી ( ક૦ ) પાસે દુનીયાની દોલત નોહતી. પણ હા !! વિવેક સારી વર્તણુંકનો ખજાનો તો એમનોજ હતો. હજરતઅલી (ક૦) ઘડી ઘડી એવાજ વિચારો કરતા કે હું ફકીર છું. મુફલીસ છું, ગરીબ છું. એવું ના થાય કે રસુલે ખુદા [સ૦) ની પુત્રીને મારી આવી સ્થિતિને લઇ તકલિફ પોચે. વળી અદબને શરમ પણ વચમાં હતા. તેમના દીલમાં ફાતમાં (ર] ની ચાહત હતી પણ ઉપરના કારણોને લઇ જીભે કાંઈ બોલતા નો

હતા. અને મોહમદ (સ૦) ના શેબહાબને લઇને પણ તેમના મુખ ઉપર મોહોર લાગી ગઈ હતી.

હજરત અબાબકર સીદ્દીક (ર) અને હજરત ઉમરીબન ખીત્તાબ (ર) એ બન્નેએ પણ ફાતેમાં (ર) સાથે સંબંધ કરવા અરજ ગુજારી જાહેર છે કે આમના મરતબા બરાબર કોઈ અન્યનોનો હતો પણ હજુરે જવાબ આપ્યો કે ફાનમાં (ર) નાની ઉમરના છે. આ સંબંધ મારી નજરમાં સારો નહિ દેખાય.

એક દીવસે જનાબ સીદીક અકબર (ર) ઉમર ફારૂક (ર) સાઅદ બીન વકાસ [ર) ત્રણે નબવી નામની મસીદમાં બેઠા હતા. અને ફાતમાં (ર] નીજ વાતો કરી રહ્યા હતા. કે અરબસ્તાનના સર્વે અમીરો પોતાની દરખાસ્તો મોકલી ચુકયા છે, પણ હજુરે કોઇના પણ પેગામને મંજુર કર્યો નથી. હવે માત્ર અલી (ક૦) બાકી છે. તેમના તરફથી અત્યાર સુધી દરખાસ્ત, પેગામ નથી આવ્યાં. કોણ જાણે એમનો પેગામ મંજુર કરવામાં આવે. હજરત અબુબકર (ર] એ કહ્યું કે અલી (ક૦) પોતાની ગરીબીને લઈ તેમ કરી શકતા નથી. પરંતુ મારો વિચાર મારી માન્યતા એવી છે કે ફાતમાં (ર) નો નીકાહ તેમની સાથે મંજુર કરવામાં આવશે. જો તમો સર્વે મારી સાથે ચાલો તો આપણે અલી (ક૦) ને દરખાસ્ત કરવા સલાહ આપીએ, જો તેવો પાસે પૈસા, ના હોય, ગરીબી હોય તો તેમને આપણે મદદ કરીએ.

અર્થાત ત્રણે વિચાર કરી અલી [ક૦[ની શોધમાં નીકળ્યા. પોતે જંગલમાં પોતાનો ઉંટ ચારી રહ્યા હતા, તે સર્વે ત્યાં ગયા. અને

સાંજન, એન્ડ કું. દેવલની ગલી ફોર્ટ-મુંબાઇ,

હજરત ઉમરે (ર) કેહવા લાગ્યા કે અલી (ક૦) જનાબ મોહમદ (સ૦) ની પાસેમાં પાસે સગાઇનો સંબંધ છે, કુરેશના સર્વે સરદારોએ ફાતમાં (ર) ના નીકાહ સંબંધી પેગામ મોકલ્યા પણ હજુરે કોઇનો પેગામ મંજુર કર્યો નથી; અમારી માન્યતા છે. કે ફાતમાં (ર) આપના માટેજ બેસી રહ્યા છે, જો તમો દરખાસ્ત કરો તો જરૂર તમોને તમારી માંગણી હજુર જરૂર કબુલ કરશે.

જનાબ અલી (ક૦) બોલ્યા કે જયારે તમોને તથા અબુબકરે સીદીક (ર) ને જવાબ મળી ગયો તો પછી કઈ આશાએ હું તેવી માગણી કરૂં? એક રીવાયતમાં છે કે તેવો ફારૂક (ર) ની આ વાતથી રડવા લાગ્યા અને બોલવા લાગ્યા કે તમોએ મારા દીલમાં ઇશ્કની આગ હતી તે સળગાવી મુકી છે. જેણે મેં લાંબી મુદતથી દીલમાં સ્થાપી હતી. ને સ્થાઈ બની ગઇ હતી. તેને હું મટાડવા હોલાવવા પ્રયત્નો કરતો હતો તેને આપે મને સલાહ આપી પહેલાની હાલતે પોચાડી છે, "ફીર બહાર આઈ ચમનમે જખ્મદીલ નાઝી હુવા" હજુરને મારા સસરા બનાવવા ને ફાતમાં (ર) સાથે સંબંધ કરવા માટે મને જેટલી લાગણી છે તેટલી અન્ય કોઇને નહિ હોય. અને તે મારા વગર કોઈ જાણી શકતું નથી,

આ રજુએ કે બઇ અકદ બરારદ દીલેમન;<br>
દીલ મન દાનદી મનદાનમી દાનદ દીલેમન.

પરંતુ અફસોસ!! ગરીબીથી, મુફલસીથી. હુ લાચાર છું અને આ નાદાર છબ તેથી રોકાય છે. અને મુફલસી આ મારી લાગણી

ને જગ્યા નથી આપતી, ઘણીવાર દીલે મને કહ્યું કે માગણી કરે પણ પૈસા નહિ હોવાથી. મને પાછો નકારનો જવાબ મળે છે. હ૦ જરત અબુબકર (ર) એ કીધું કે હજુર આગળ માલને દોલતવાળા ની ઈજ્જત નથી, તેને ખરો ઇજ્જતવાળો માનતા નથી. તમો તમારી આ સ્થિતિથી ના ઘભરાવો ને આવા બાનાં ના કાઢો પણ હજુર આગળ જઇ તમારી દરખાસ્ત તેમના કદમોમાં મુકો. હું તમોને ખાતરી પૂર્વક કહું છે તે તમારી માંગણી રદ નહિ થાય અને જરૂર તેવો (સ૦) કબુલ કરશે.

અર્થાત ટુંકમાં અલી (ક૦) તેમના કેહવાથી તૈયાર થઈ ગયા. ને ઉંટની નકીલ હાથમાં પકડી. ચાલવા લાગ્યા. ઘેર આવ્યાને ઉંટ ને બાંધી પેગમ્બર (સ) ની હજુરમાં હાજર થયા. જનાબ રસુલે ખુદા (સ૦) અમીરૂલમોમેનીન ઉમ્મસલમાં (ર) ના ઘરમાં રોનકઅફ-રોજ હતા. હવે પછી તેમનો દીલ ધડકવા લાગ્યો દીલને કઠણ કરી બારણું ઠોકયું. દરવાજો ખુલ્યો, હજરત અલી (ક૦) ને અંદર બોલા-વવામાં આવ્યા; શરમે તેમના ઉપર ચઢાઇ કરી હતી. સૌથી દુર એક ખૂણામાં માથું નમાવી બેસી ગયા. ખામોશ હતા. શરમથી બે બાન જેવા થમ ગયા. હતા. જનાબની નજર જાદુઇ અસર કરનારી ને બાહ્ય શરમને દુર કરી દેતી હતી તેમની આગળ અન્યના દીલ ની વારદાત હાજર થતી હતી. અને તેવો જાણી જતા હતા. તેમ અલી (ક૦) ના વિચાર પણ જાણી ગયા હતા ઘણીજ મોહબતથી કેહવા લાગ્યા આજે આમ શી વારદાત છે. કે તમારા ઉપર શરમ તથા વિવેકની આવી અસર થઈ છે ? ને તારા મુખ ઉપર હવાઇઓ

ઉડી રહી છે અને પરસેવાથી. તારૂં આખું શરીર પાણી પાણી થઈ ગયું છે. આજ કોઈ ખાસ મતલબને માટે આવ્યા છો. પરંતુ શરમ તથા વિવેકને લઈ મતલબ મુખે નથી લાવતા આખર કહોતો ખરા કે શી વારદાત, માંગણી છે? જનાબના સવાલના જવાબમાં ખામોશ રહેવામાં પણ વિવેક તથા શરમ આડે આવી. આગ્રહ કરવાથી તેવો ઘણીજ શરમ અને અનંત વિવેકથી માથું નમાવી, જમીન સામે જોતા જોતા અદબ કરી બોલવા લાગ્યા કે યા રસુલલ્લાહ! (સ૦) મેરે વાલેદેન આપપે સદકે " મે બચપનસે હજુરકા પરવરદાહ અને આવરદાહ હું, હજુરે ઇબ્તેદાસે મેરે સરપર શફકતકા હાથ રખ્ખાહે ઓર મેને હમેશા હજુરકો અપને બાપ (અબુતાલીબ) ઓર અપની માં ( ફાતમાં બીની અસદ ) સે જીયાદા શફીક પાયા હે. દીનો ઇ-માનકા સહારા હજુર હેં, આપહી મેરે વાલી વ મુખતીયાર ઓર સરબરાવાંહ હેં. હજુરકે લુતફ ફરમાયું કે બરોસેપર મેં ઇસ ફકીરી અફલાસમે શાદાં વ ફરમાં હું. હજુરે ઇબ્તેદાસે અપની કેફાલતમેં લીયા હે ઓર આજ તક આપ મેરે સરપર શફીકકા દરજા રખતે હો મુદતસેં દીલમે આરજુથી. કે હજુરસે ફાતમાં જેહરા (ર) કી દરખ્વાસ્ત કરૂં, મગર શર્મ ઇજાજત નહિ દેતીથી ઓર હયા માનેઅ સવાલથી, આજ કમાલ ઇજતરાબસે—

—" કરમ હાયત મકા ગુસ્તાખ કરદા,
વગર નાકે મજાલે ગુફત ગુબ" આપકે આગે લાયાહું

હું ઘણાં વિવેકથી અરજ કરૂંછું. તમારા આભારના ભાર તળે દબાયલો છું. મારા ઉપર મહેરબાની બતાવી મુમતાજ કરશો એવી

આશા રાખુંછું. હજુર મોહમદ (સ૦) હોટોમાં મંદ-મંદ હસ્યા. અને અલી (ક) ને પાસે બેસાડયા. ને બોલ્યા કે મારૂં મતલબ તો હું સમજી ગયો પણ તમારી પાસે ફાતમાં (ર) ના નીકાહના સંબંધમાં કેટલા પૈસા છે? આ વારદાત સાંભળીને અલી (ક૦) માયુસી અને લાચારીથી. તેમની હાલતમાં તફાવત પડી ગયો. આશા ભાગવા લાગી ...મને દેખાયું, હજરત અલી (ક૦) ઘણા વિવેક સાથે ...ના લાગ્યા. કે મારી પાસે હજુરની કૃપાની દોલતની કયાં કમી છે જ્યારે હજરતનો મહેરબાનીનો હાથ મારા માથા ઉપર છે તો પછી અન્ય બીજી નાશવંત દોલતની કયારે ઇચ્છા થઈ શકે છે? બીજું મારો પાસે જે છે તે જનાબથી અજાણું નથી. એક તલવાર એક ઉંટ અને એક બખતર વગર મારી પાસે શું રહ્યું છે? હા!! આપનો ગુલામ-સેવક છું. અને આ ગુલામીને એક અખુટ ખજાનો માનવામાં આવે તો જરા પણ અતિશોક્તિ નહિ ગણી શકાય.

પરવાએ જર નહિ નહિ દોલતશે કોઇ કામ,
કુચ્છ મેરે પાસ હેતો ફક્ત હે ખુદાકા નામ.
મુફલીસહું તંગદસ્તહું પર દીલકાહું ગની;
એક જરરા હે જો જંગમેં આતીહે મેરે કામ.
ચલકે દેખેં મેરે ઘરમેં હે યા સૈયદુલબશર (સ)
એક તેગે મુશીગાહ તો એક શુતર પુશહરામ.
જો કુચ્છ હે હજુર પે સબ હાલ મુનકશાફ;
કયા કમ હેયે શરફ-મોહમદકા હું ગુલામ.
નીયા કે જાહો માલસે કયા વાસ્તા-કે હે!
વીરદે જુબાન ખુદા વ રસુલે ખુદાકા નામ.

મોહમંદ (સ૦) તરફ જુવો, કેવા વિચાર! કેવી માન્યતા! મોટા મોટા અમીરો રઇસોની માગણીને ના સ્વિકારી અને અલી (ક)જેવા ગરીબ, પૈસાથી વેર, વાળાને ફકરને કબુલ કરી લીધા. વાહવાહ!! જેમની પાસે સબર અને સંતોષ વગર કાંઈ નોહતું આજ અસુએ હુસ્ના (સારી ચાલ ચલગત.) છે, કે જેની પેરવી કરવાની ખાસ જરૂર છે. આજ કાલ પુત્રના છોકરાના ગુણામાં તેની સુંદરતાને રૂપ જોવામાં આવે છે, તે પુત્રી ખરાબ ચાલના પુત્ર સાથે સંબંધ થઈ ગયા પછી કેવો આનંદ ભોગવે છે? તે વાચકને જાણુમાં તો હશેજ માટે લંબાણુ કરી. વખત વેરટ કરતો નથી. હજરત ફાતમાં (ર૦) ના નીકામાં એક છુપો ભેદ છે. તે એકે પોતાની પુત્રી આપની વખતે ઉપરની ટીપટાપને સુંદરતા જોવાની જરૂર નથી પણુ અંદર પડદો ઉઠાવી જોવાનું છે. તેની ચાલ ચલગત કેવા પ્રકારની છે. જનાબ અલી (ક૦)ની ચાલ ચલગત ઘણાં ઉંચા પ્રકારની અને દીલને ખેચનાર તથા લોભાવનાર હતી. આ સંબંધી સર્વે ઇતીહાસ કર્ત્તા કોઈ પણુ પ્રકારની શંકા લાવતા નથી અને એકમત છે હજરત અલી (ક૦) ની બીબી પણુ એવાજ પવિત્રને ચાલ ચલગતવાળા હતા. જનાબ ફાતમાં (ર) ની શાદી ઘણી સાદગીથી કરવામાં આવી; બાહ્ય શોભાને નકામા ખર્ચોને માન આપવામાં ના આવ્યું. એટલું તો નહિ પણુ તેવા કાર્યોને ધિક્કારી કાઢવામાં આવ્યા.

હજરત મોહમદ (સ૦) એ કીધું કે હર વખતે લઢાઇ રહે છે તલવારતો કામની છે પરન્તુ જગ આવવામાં ઉંટની તો જરૂર રહે છે હાં! એક બખતર છે જો કે તે પણુ કામનું છે પણુ તેના વગર

આલી શકે છે. એને વેચી નાખો શેરે ખુદા અલી (ક) એ ફરમા-
વ્યું કે તેતો ઘણીજ હલકી કીમતનો છે. ચારસો દીરમ પણ તેની
કીમત આવે તેમ નથી. પણ હઝુરનો જેવો હુકમ હોય તે કબુલ
કરવા તૈયાર છું. જાવો એને વેચી કીમત લઇ આવો. જનાબ અબુ-
તરીબ (ર) ને બખતર વેચવા લઇ ગયા. એ બખતર એવી કારી-
ગરીથી બનાવવામાં આવ્યો હતો કે તેના ઉપર તલવાર જરા પણ
અસર કરતી નોહતી ચારસો દીરમ અને એક રીવાયતથી ચારસો
એસી દીરમમાં હજરત ઉસ્માન (ર) એ વેચાતો લીધો એના પછી
ફરમાવવા લાગ્યા કે આ બખતરનો હું માલીક છું ચાહેતે કરી શકું
કે નહિ? અલી (ક) કેહવા લાગ્યા બેશક, તમો તેના માલીક છો
ઉસ્માન (ર) કેહવા લાગ્યા કે મારા કરતાં આપ આના વધારે હક-
દાર છો અને હું તે તમોને શરીઅતની માફક ભેટ આપું છું.
હજરત અલી (ક) તેમની આ શખાવતથી તાજુબ થયા. અને હઝુર
(સ૦) ની ખીતમતમાં આવી સર્વે વારદાત તેમને જણાવી. હજરતે
તેમના હકમાં સારી પ્રાથના કરી. ને હજરત ઉન્સ (ર) કે જે હઝુ-
રના ખાસ ખીતમત ગાર હતા. જ્યારે મક્કાથી મદીના હઝુર આ-
વ્યા ત્યારે તે પણ તેમની સાથે આવ્યા હતા તે વખતે તેમની ઉમર
દશ વર્ષની હતી. ફારકાના વખતમાં મદીના મુકી બસરે રેહવા ગયા
હતા. અને ત્યાંજ એકાણું વર્ષની ઉમરે સ્વર્ગવાસ પામ્યા. તેમને
૭૮ ઇઠોતેર પુત્રને બે પુત્રીઓ હતી તેમના પીતાનું તફરને માતાનુ
નામ ઉમ્મે સલીમા બીન્તે સુલેમાન હતુ પછી પેગમ્બર (સ) બોલ્યા
કે મસીદમાં સર્વે સ્નેહિઓને બોલાવો થોડી વાર પછી આપ પણ

ત્યાં ગયા. તે વખતે તે ઘણા ખુશીમાં જણાતા હતા ઉત્સ (ર) ફરમાવે છે કે હું તે વખતે તેમની સંગાતે હતો તેમના ઉપર વહી-ખુદા તારથી સંદેશા આવતો હોય તેવા ચિન્હ દેખાતા હતા. જ્યારે વહી બંધ થઇ ત્યારે તે બોલ્યા કે ઉત્મ (ર) ખુદાએ મને હુકમ કર્યો છે કે ફાતમાં (ર) ના નીકા અલી (ક) સાથે કરો. પોતે ઘરમાં તશરીફ લઇ ગયા મે બીબી ફાતમા (ર) ને કહેવા લાગ્યા કે અલી (ક) તમારા નીકામાં મંજુર કરવામાં આવ્યા છે. ફાતમાં (ર) ખામોશ રહ્યા. ફેર મસીદમાં તસરીફ લાવ્યા આથીજ આલમોની આગળ નીકામાં પૂછતા ના બોલે તો તે ખુબ છે એમ માનવામાં આવે છે.

જ્યારે સર્વેજણ ત્યાં હાજર થઇ ગયા ત્યારે હજુરે કીધું કે અય હાજ રહેલા સ્નેહિઓ અમણા જીબરીલ (અ) મા-ી પાસે આવ્યા હતા ને તે હતા કે ખુદાએ મલાયકાને ફરીસ્તાઓને એકઠા કરી તેમની દ ી ફાતમાં (ર) નો નીકા મારા ગુલામઅલી (ક૦) સાથે કર ખુદા ે કરી નાખ્યો છે. માટે તમારી આગળ પણ કાયદા પ્રમાણે કબુલ કર ી દેવું સંબંધ ધર્મ પ્રમાણે જોડી દવું આ સંબંધ તા. ૨૧ મી માહે મોહરમમાં થયો. અને એક અરબી ભાષામાં ખુતબો પડયો.

જ્યારે આપે નીકાનો ખુતબો (નીકાહ થયા પછી અરબી ભાષામાં બોલવામાં આવે છે તેમાં પ્રાથના રૂપે વીવેચન હોય છે.) શરૂ કર્યો ત્યારે અલી (ક) હાજર નોહતા બજારમાં કાંઇ કામ માટે ગયા હતા, ને ખુતબો પઢતા હતા તે વખતમાં આવી પોહચ્યા હજુર મોહમદ (સ) તેમને જોઇ મુશકરાયા અને બોલ્યા કે મે ચારસો સી કાલ મહોર (ઇંગ્રેજી ૧૨૫। રૂ.) બદલામાં તમોને આપી દીધા તમાને

મંજુર છે. શેરેખુદા અલી [ક] બોલ્યા કે "બસરો ચશ્મ" ત્યારે આપે તેમના હકમાં નીચે મુજબ દુવા માંગી.

"અય ખુદા તું દોનીકી પરાગંદગી જમેઅ કરે, ઓર તુમારી સયીમશકુર કરે, તુમ દોનું પર બરકત નાઝીલ કરે ઓર તુમસે પાક ઓલાદ પેદા હો."

આ નીકાહ જેવો ઉપર લખવામાં આવ્યાં છે, તે પેહલા ખુદાના હુકમથી આસમાનપર થયો. તે પછી જીબરીલ [અ૦) તે વારદાત મોહમદ (સ૦) જણાવી અને તેજ પ્રમાણે જમીન ઉપર બન્દોબસ્ત કરી પોતાની પૂત્રી અલી (ક૦) ને આપી દીધી ફેર હ-જરતે એક મુઠી ભરી દીરમ લઇ શીદીક અકબર (ર) ને આપ્યાને કીધું કે ફાતમાં (ર) ના સાધન લઇ આવો તે ૭૬૦ દીરમ હતા. હજરત સુલમા અને બીલાલને પણ સાથે મોકલ્યા. ફેર ખજુરનો એક થાલ મંગાવી હુકમ કર્યો કે લુટીલો અર્થાત મજલીસના સર્વે જણે હાથો હાથ વેચી લીધા. નીચે મુજબ સાધન હજરત ફાતમાં (ર) ને આપવામાં આવ્યા (૧) એક પાથરણું મીસરની બનાવટનો જેની અંદર ઉન હતી (ર) એક ચામડાનું પાથરણું (૩) બે તકીયા કે જેમાં એકમાં ઉન હતી ને બીજામાં ખુજુરના ઝાડના રેસા ભરેલા હતા. (૪) એક રેશમી ચાદર (૫) બે માટીના વાસણ પાણી ભરવા માટે (૬) બે ચાદરો (૬) બે બાજુબંધ; જે માંદલીયા જેવા હતા તે નકુર ચાંદીના હતા. (૮) બે કતીફા ચાદર જે અરબસ્તાનમાં મખમલના પોશાકમાં ગણાય છે. (૯) એક ચખી (૧૦) એક મશક જેમાં પાણી ભરવામાં આવે (૧૧] એક પ્યાલો (૧૨)

એક પલંગ (૧૩) એક મુસલો-જાનમાજ જેને પાથરી નમાજ ગુજારવામાં આવે છે. આ સાધન જે ફાતમાં (ર) તે આપવાના હતા. જ્યારે તેમની નજર આગળ મુકવામાં આવ્યા, તેમણે જોયા ત્યારે આંખમાં આંસુ લાવી બોલવા લાગ્યા કે ખુદા આમાં તારી બરકત કરજે, સદરહુ સામાન લાવતાં જે વધ્યું તે ઉમ્મે સલમાને હવાલે કરી તેનાથી બીજી જરૂરની વસ્તુઓ જેવી કે સુગંધી વગેરે વગેરે મંગાવી લીધી. આ પવિત્ર બનાવ હીજરી સન બીજીના આખર બન્યો તે વખતે હજરતઅલી (ક)ની ઉમર એકવીસ સાલની અને ફાતમા (ર)ની ઉંમર પંદર વર્ષ ને પાંચ માસની હતી.

હજરતઅલી (ક૦) ઘોડા ઉપર ચઢયા ના બીબી ફાતમાં (ર) પાલખીમાં બેઠા. ના બરાત જાન લાવવામાં આવી ના ઢોલ તાંસા વાજા વગરે વગાડવામાં આવ્યા. હજરત મોહમદ (સ] મે અલી(ક)ને ખજુર અને દ્રાક્ષ પોતાના તરફથી આપ્યા. હજરતઅલી (ક૦) જવનો દલીયો સર્વેને આપ્યો તેપણુ સાદો અને તે સર્વે પોતાની મરજી માફક ખાધું. પરંતુ જો આજકાલની સાદી હોતતો બન્ને તરફ હજારો રૂપીઆ ખર્ચવામાં આવતા. નાચ તમાશા થતા આતસબાઝી છુટતી, દારૂખાનું ફોડવામાં આવતું, નકલ કરનાર ભાંડ ભવૈયા આવતા મોટી મીજલસ ભરવામાં આવતી, ટીપાર્ટી કરવામાં આવતી. અર્થાત હજાંરો રૂપીયા નકામાં ખર્ચવામાં આવતા પણુ બે જહાનના સરદાર બીલકુલ સાદીજ શાદી કરવામાં અનંત ખુશી બતાવી અર્થાત આથી પોતાની ઉમ્મતને બતાવી દીધુ કે શાદીના સંબંધ ાં રૂપીઆ ખરાબ કરવામાં હુકમ નથી. ઇજજત નથી. તથા

ફાયદો નથી. નીકાની તારીખમાં ઇતિહાસ કરતાઓમાં મતભેદ છે. કેટલા માને છે કે માહે સફર સને ૨ હીજરીમાં કેટલા માને છે કે માહે મોહરમ હીજરી ૨ માં ખમીસ નામની કીતાબમાં માહે રજબ હીજરી બે લખી છે. હજરત અબુબકર (ર) સ માહે સૌવાલ હીજરીમાં થયો એવું જણાવે છે. નીકાના કાર્યથી પરવારી રહ્યા બાદ પોતે બીબી ફાતમાં (ર) ની પાસે તશરીફ લઈ ગયા. તેવો ઉદાસ અને દરરોજના સાદા લુગડા પેરી શરમ તથા હયાથી છાનામાના બેઠા હતા. આમ જોઇ મોહમદ (સ૦) એ વિચાર કર્યો કે અલી (ક) ની મુફલસી ને ગરીબાઇને લઈ તેવો નારાજ છે. રસુલ મકબુલે ફરમાવ્યું કે બેટા બતુલ નારાજ ના થાવો. આપણા સ્નેહિઓમાં બીજો કોઈ લાયક નોહતો કે તેની સાથે તારા સંબંધ જોડવામાં આવે જોકે અલી (ક) ગરીબ છે તોપણ પરવા નહિ દુનિયાના સાધનો થોડા દીવસના છે. આખેતરના સાધાન ઉપર ધ્યાન આપો, આખરતના ખજાંના તમારી માલેકીમાં છે. નારાજ થવાની કોઈ જરૂર નથી. ખુદા સર્વે આપનાર છે અને આકાની દુનિયા, નાશવંત જગતમાં એવી વસ્તુઓની ઇચ્છા રાખવી તે નકામી છે. હજરતની આ શીખામણની અસર સચોટ થઇ અને ખુદાએ ફાતમાં (ર) ને સબર કરવાની હીંમત આપી સત્ય છે કે આખરતના ખજાના તેમની પાસે અખુટ હતા તેથી પોતે તો માલ માલ થશે પણ અન્ય મુશલમાનો પણ માલામાલ બનાવી સ્વર્ગમાં પોતાની સાથે લઈ જશે.

હજરત શાહ મોહમદ અમીનુદીન કેશર આલાબાદી યાદગાર હજરત ખ્વાજા આતીસ લખનવીએ સદરહુ શાદીનાં તારફાત કાવ્યમાં ઉત્તમ પ્રકારે લખી છે તે નીચે મુજબ છે.

---

જબ હુકમ હકસે જીનત અર્શ ઉલાહુઇ,
આવાજ તેહની યતકી બપાજા બજા હુઈ.
અવનવા શ્રમે તોરકી હરસોજીર્યા હુઇ,
તજવીજ અકદ હજરતે ખેરુન્નેસા હુઇ.

મબજુલ કીજે અપની ઇનાયત કરીમને,
પેહના લીબાસ તુરકા અરશે અજીમને.

શીદવાનને હદુશ્રપે બીછવાયા વો ફુરશેતુર,
જીસકી ચમક દમકસેં થી રોશની એતુર.
ફેલાજે અકસ આપે નાએ કુદરતે જહુર,
મમલુ તજીલીયું સેહુ ખુલ્દકે કોસુર.

ખેશા જે થા વેરસકે દુરેશાહ વાર થા,
કયા ફેજ બાગે કુદરતે પરવર દીગાર થા.

હુરાતે પાક બાજથી આરાસના તમામ,
રૂખથે જે રસકે સુબ્હની ગેસુથે રસ્કે સામ,
થે બાર બાર સબકી જબાંનુમેયે કલામ,
હોતાહે અકદ દુખ્ત શરે અરશ એહતશામ.

મરીયમકી ઇફતેખારહે અફતે મઆબહે,
વો નુર ચશ્મે સૈયદે આલી વકાર હે.

શાતી ખુદાને ખલ્કના ઇનકા કહાં કીયા,
શોહરા હે ઇનકે નુરે મુનહરકા જા બજા.
ઇનસે અજલકે રોજસે રાજી હે કીબ્રીયા,
તાજીમ નકી કરતે હે સરદાર અમબીયા.

---

પાયા નહિ કીસીને જો ઇનકા મકામહે,
ઇનકા જનાબ સૈયદા પાક નામ હે.

સબ જાનતે હે ઇન્કો યેહે ફકરે કાયનાત,
મેશરકે રોજ વજહે શફાસન હેઇનકી જાત;
ઇનકા મતીઅ હુકમહે હર એક જીહયાત,
કુદરત હે જીંદગી પેતા કબજે કબજે હે મમાત.

મુખતાર કારખાન હેં રબ્બે જલીલકી,
વારસ હે લાકલામ જનાબે ખલીલકી.

યેવો હે જબકે આયગા ઐયામહર્શકા,
પરદા કરેલા ઇન્કા વહાં ઈસતરાં ખુદા,
આયેગી બારબાર યેહી ગેબસે સદા.
અય એહલે હર્શ આતીહેં યાં બીન્તે ફાતમાં

ઇનકાહી જાબ ઈસમતો અફકતમેં નામ હે,
સબ બંધ કરલે આંખે સબરકા મકામહે.

ફખર્ય કર રહીથી થીયે હુરેં અભી બયાન,
પોહંચા ખુદાકા હુકમ યે જીબરીલકો કેહાં
જા જલ્દ અબ હજુર શહેનશાહી દો જહાં,
યુંદે ખબર કે અય મેરે મેહબુબ રાજદાં,

બાંધાહે મને અકદ યે અપને દોસ્લીકે સાથ. ૧. દીલ.
કરદુંગા ફાતમાં જેહરા (૨) અલી (૨) કે સાથ.

---

બસ અકલ કુલયે સુનતેહી ફરમાયા કીબ્રીયા,
બશાશો શાદ કામ ચલે સુએ મુસ્તફા;
પાંચે બસદ સરૂર કીયા અરજમુદુઆ,
મુઝદાયે સુનકે શાદ હુવે શાહ અમ્બીયા.

આવાજે શુક્રતા સરે અરશે ઉલા ગઇ,
સુરખી બરંગ ગુલરૂખે અકદસપર આ ગઇ

સીજદેમેં જાકે હકકો કીયા બારબાર શુક્ર,
ફરમાયા ફીરકે અય મેરે પરવર દેગાર શુક્ર;
કરતાહે લાખ બન્દએના અત ગુજાર શુક્ર,
શેહરા બંધા બતુલકો આયર બહજ્નર શુક્ર,

યે સચહે હેં બહોત તેરે લુતફો કરમ કે ઘર,
તેરી કનીજ આઇ મેરે ઇબ્ને ઉમ કે ઘર,

વોઇબ્ને ઉમકે જીસકા યકુલ્લા નામહે,
વો ઇબ્ને ઉમ જો મજએ હરખાશો આમહે
વો ઇબ્ને ઉમ જો કાસમે દારૂલ સલામહે,
વો ઇબ્ને ઉમ જેસે મેરી ઉલ્ફતસે કામહે.

વો ઇબ્ને જો ફાતહે બદરોજનીન હે,
વો ઇબ્ને ઉમ જીસે મેરી રાહતસેચેન હે.

ફરમા કે યે ઉઠાઇ શેરખાકસે જબીન,
દેખા તો હેં અલી વલી જલ્વાગીરોહેં,
બીલેયે મુસ્કરાકે શહેનશાહે મુરસલીં,
સુનલો ખુદાકે હુકમકો આવો મેરે કંઇ

હારેનમેં સબબ એહી હોગા ફસાદકા,
સામાં કરી બતુલ (ર) સે આપને નીકાહકા.
ગોયા હુવે થે સુનકે શાહે દીનસે બુતરાબ,
અરૂપો જરા હેપાશ ફકત અય ફલક જનાં,
તલપીસે હું જો દૌલતે ઈમાંસે કામ યાબ,
જરરેકો આપનકી બનાબાબા આફતાબ.
તકીયાહે જાત પાક ખુદાએ ગફુરપર,
જાહીર હરેક હાલ મેરા હે હજુરપર.
એરૂલ વરાને જબકે સુના હાલે મુર્તુજા,
ચલો જરાકો જાકે બતાકે દેયું રહા.
ઘોડા જહાદકે લીયે રેહને દો મે ફીદા,
નાં ઈન્સરાબ જલ્દહો ઈરશાદ કીઆયા.
ભુલે ખુદા કે હુકમકો બંદાના ચાહીએ,
ઈસ કારખેરમેં તુમે વકફાના ચાહીએ.
તાઅમીલ હુકમ શાહકોઅલી ફલકે વકાર,
દૌલત સરામે આએ બસદ જાહો ફકતેહાર.
ગરદને સે મરહબાકી સદા આમ બારબાર,
બેચા જરાકો ઓર કાયા શુક્ર કિરદેગાર.
ગેથી હસબ શુમારમે જાહદના કમને વો,
લીખ્ખાહે દેકે ચારસેં એરસી દરમ થેવો.
લાએ નબીકે પાસ અલી (ર) જબવો સબદીરમ,
એક મુઠ્ઠી દેકે ઈરમે સે બોલે શાહે ઊમમ.
હાં અય બેલાલ જલ્દ ઊઠા અપને અબકદમ,
ખુશબો બનાએ ફાતમાં લેઆ કે ખુશહો હમ.

---

હુકમે ખુદાસે નીકલેગા અરમાન મુસ્તફા,
અબવો નબી બનેગે' મેહેમાન મુસ્તફા.

ઇરસાદ શાદ જબ સુનાયે બેલાલને,
ખુશબોકી ચીજ મોલલી ઉસ ખુશ નેહાલને.

તાઅમીલ હુકમ પાકકી જેકી જી કમાલને,
ફરમાયા મરહબા નબી જુલ જલાલને.

ઇમદાદકી ઇનાયત રબ્બે ગ રને,
બાકી દીરમએ સલ્લે માંહો હજુરને.

દીગર દીરમ શીર ઉન્સે યે તાકીદયું કહા,
તૈયાર ઇસસે જલ્દીહો સામાને જહીરકા.

હાલ ઉસકા રાવીયુંને ઇસ તરહાહિ લીખા,
મીટ્ટીકે દો કુજે ઓર એક તકીયાથા.

યે શીકસ્ત અકદ બીને રીસાલત મઆબથી,
ચાંદીકે બાજુબંધથે એક મસ્ક આબથી.

થા એક પલંગ બરકી દો ચાદરેં બીથી,
થા એક પલંગ વરકી દો ચાદરેં બીથી,

થી દોત હાસીયાંબી કતાંકી કરી કરી;
સન્દકી તરાં વાંકી મેહકતીથી સજબી,

યસરબમે ખુરરમીથી કહી શાદીયાં કહી.
ઉસ ફબરે અમ્યાકે લીએ આસીયાબીથી.

જીસદમ ખુદકે ફજલસે હરમે હુઇ બહમ,
એક રોજ સાઅદ કરકે મુક ર શાહે ઉમમ.

ઓલેથે ફીર બેલ્લાલસે અય મરદ બા કરમ,
કરદે ખબર હરએકકો યે ચાહતેહેં હમ.
હોજાય લુત્ફ હાલપે મેરે હરએકકા,
હોગા નીકાહ આજ મેરી દુખતરે નેકકા.

શાએ હુઈ વહાં જો મોસરતકી યે ખબર,
અનસાર ઓર સબ શરેફાએ નેકો સયર.
હાજીર હુઇ જનાબ પયમ્બરમે હમદેગર,
હાસીલ હુઈ સઆદત કોનેન સર બસર.

આકર મકીં મકાનમે જો વોહ જાબજા હુએ,
રાજી હરએકસે હજરતે ખેરૂલવરા હુએ.
અલ્લારે ઉન વાહરે સામાન એહતશામ,
તબકા જમીંકાવાંકે બના આસમાં મકામ.

હરએક મુલ્કથા અરશકા સર ગરમ એહતમામ,
થાનુરયેકે વાદી યમન બનીથી શામ.
પરતવ ફગંન ગોયાથી જોકન્દીલ અરશકી,
ગુલથા દરદપાકકા રફઅત યેથી ફરશકી.

રીહવાંને ચુનદીએથે જો ગુલદસ્તેજાબજા,
ઇશતરહાથા બજમમે ઝોંકાનસીમકા.
થા હરદીમાગ નકહતે પીરદોસ્ત સે બસા,
નાજાંથી કયા બહાર જો ફુલકા ફરશથા.

ખુશબોયેથી કે શહેરકે કુચે મહકતેથે,
કીસકીસ ખુશીસે બુલબુલે સદરાહ ચમકતેથે.

સાંજન એન્ડ કું. દેવલની ગલી ફોર્ટ-મુંબાઇ.

ભાનીંથી આપંકે જો પસીને કી ન કહતેં,
ગુલમાં તમામ કેસે ના સફલે અલા કહેં
યે કોલ ઉન્કે થે કે સદા હમ યહીં રહે,
કયા ગમ ફીરાક ખુલ્દકે સદમે અગર સહેં
જન્નતં મીલે ના હમકો ના વાંકી ફીઝા મીલે.
પુર બુએ જીસ્મે રસુલે ખુદા મીલે.
વલ્લાહ વાંકે ફુલુમેં એસીબરાીથી મહક,
હે આપકે પસીનેકી ખુશ્બો સમા તલક,
નકહતમેં લા જવાબ હે ઈસમેં નહિ હે શક,
કીસમતસે ઈસિંકો પાએં અગર શીશએ ફલક.
ઈસબુએ કામયાબ ઈસે જબકે રબ કરે,
ફીર ફખર કીસ તરાંના જમીને અરબ કરે.
ક્યાશાન કયા બહારથી અલ્લાહરે વકાર,
થે ખજરે પાકલી ઉસી મજમાએકે આબદાર
પાએગા આબરૂ યે કભી દુરેરે શાહવાર,
બે.હે સદકૂકી જ.નથે મેહબુબ કીરદેગાર
યે શાન હે શકવાહે શાયાને મુસ્તફા.
શાહી હે ઈન્કી જો દીલોજાને મુસ્તફા.
તશરી ફર્જ શરીફ અરબ અપની લાયથે,
કયા લોક વાંકે મુજમએ આલીને પાયથે.
હુરને ખ્વાન ભેરએ જન્નત લગાએ થે,
આંખે બજાએ ફસે ફરીસ્તે બીછાય થે.
એસી ઝીયાના અર્સપેથી માહતાબમેં,
કયા રોશનીથી બજમ રીસાલત મઆબમેં.

---

યે વરફ હો રહેથે કે હજરતને નાગહા,
બુલવાયા અપને પાસ અલીકો બઇજ્જેહ.

ફરમાયા પીર યે ઉનસે કે અય મેરે ફદંદા,
હે ઇસતરાસે મરજી ખલ્લાકે દોજહાં

હુકમે ખુદાએ પાક બજા આજ લાવુંગાં,
જોહરાસે અબનીકાહ તુમારા પઢાવુંગા:

ફરમાકે યે હરમમે ગએ શાહ બાશફા,
ખરૂન્નેસાકે કાનમેં ચુપકીસેં યે કહા.

અયજે જીંદગાની મેહબુબ કીબરીયા;
ખપ નુરચરમ તુજપેહો તસદ્દુક નબીફીદા.

દારેનકા સવાબ મેરીજાં વસુલકર
હોતા હે અકદ સાથ અલીકે કબુલ કર.

સુનતેહી યે કલામ રસુલે ફલક વકાર,
ચુપ હો ગઇ વો સૈયદે ફખરે રોજગાર

બાહીરફીર આયે વાસેં શહેનશાહ નામદાર,
ખુલથા પઢા નીકાકા પાઞાહ અફતખાર

હરએક તરફ શોર મુબારક બપા હુવા,
જારી હરેક જુંબાપે સલ્લે અલા હુવા.

રૂખસત કીયા બતુલકો જીસદમ બચશ્મેતર,
લાએ જનાબ શેરે ખુદા ઉન્કો અપને ઘર

કયા હો સકે બયાન સવારીકા કરરો ફર,
હુરૈકે હુલ સાથથે બાંધે હુવે કમર

સાંજન, એન્ડ કું. દેવળની ગલી ફોર્ટ—મુંબાઈ.

જારૂ કશી જનાનકી હવાયાંથી ર:હમે
સાહસીન મરહબાકી સદાથી રાહમે.
થી ગેબકી સદા રહી શાદાબ યે ચમન,
નવશી કે સાત ખુરરમો શાદાબરે દુલહન.
છન્પે સદા હો સાયએ અફ્જાલ જુલ મનન,
આબાદ હુએ ખાનએ શહેનશાહે જમન
ઈનકો ના કુચ્છ અલમહો ના દરદે ના કહો,
યારબ યે જદ્દ શાહેએ અવલાદ પાકહો
જન્નત બનાથા વાહરે મુશકુએ મુરતુજા,
ગુંન્વાન મત ખીઝા થાને કોએ મુસ્તફા.
જાહરા બની જો રાતકો બાનુએ મુરતુજા,
ઇસગુલસે મીલકે ઓર પડી બુએ મુરતુજા.
ફીરએ મુરાદ શાહે રસુલ કામ હોગએ,
એહકામ રબ્બેપાક સર અનજામ હોગએ.
અબયાંસે એક ઓર રીવાયતહે મોતબર,
ઘરમે ગએ અલીકે પયગમ્બર દમેહસર
દેખા બતુલો શેરે ખુદાકો બેજહવાગર,
શાદાં હુવે કમાલ દીલે સૈયદુલ બશર
દેને લગે દુવાએં નરરકી કે બાહમે.
રખે મેરા ખુદા તુંમે અપની પનાહમે.
દોનુંસે ફીર યે આપને ઇરશાદયું કીયા,
પાની મંગાવો જદ્દ ફીદા તુમપે મુસ્તફા,
લાઈ જો આબ જરહ્મે બીન્તે શહે હુદા,
થોડાસા ઉસમેંસે દહન પાકમે લીયા.

ફુલી ફીર ઉમેદી શહે આલી જનાબને
અરમેદા અપને સહુ ક્યા આફતાબને
છીરકા હરેક પર શહેવાલાને બાવકાર,
યાને સદ્રપે, શીનુંપે પુસ્તુંપે બાર બાર
હાથુંકા ફીર ઉઠાકે દુવાકી કે ફીર દેગાર,
દોનુંકા રખપનાહમે અપને નબી નીસાર
શહે વફામે અપની ચલાના હરેકકો
શીનાં કેમ કરો શરસે બચાના હરેકકો.
યા રબતું ઇનકો શાહેએ ઓલાદ કીજીઓ,
અપને કરમસે દોનુંકે દીલશાદ કીજીઓ
ઘર ઇનકા લુત્ફે ખાશસે આબાદ કીજીઓ,
હરદમ હરેક વખ્તમે ઇમદાદ કીજીઓ.
અફ્જાલ પાક તેરે ઉમેદવાર હું
યારબ મે બન્દએ નાચત ગુજાર હે.
યારબ તું જાનતા હે મોહબત કે મેરે હાલ,
ઇનકો હુવા મલાલતો મુજકો હુવા મલાલ,
રખીયો હમેશાં શાદ ઇન્હે મેરે જુલ જલાલ,
હરદમ બતુલ ઓર અલીકા રહે ખયાલ.
યારબ ઉમેદ મુજકો કબુલે દુવાકી હે.
દોલત ગેહી જહાંનમે બસ મુસ્તફાકી હે.
જુજ તેરે અય કરીમ મદદગાર કોન હે;
ઇનકા ખમીર અય મેરે ગફ્ફાર કોનહે.

---

સાજન, એન્ડ કું. દેવલની ગલી ફોર્ટ—મુંબાઈ.

અય કરદેગાર માલેકો મુખત્યાર કોનહે,
તેરે સીવા બતા મુજે સત્તાર કોનહે.
રેહમતકી રખ નીજર સદા ઇનકે હાલ પર
કરમ કર કરીમ મેરે કોનો કાલ પર
પોંચી હરેમ કબુલપે જીસદમપે ઇલ્તેજા,
લબ્બેકકી જનાબ ઇલાહીને દી સદા,
આયાહે હુકમ અય મેરે મેહબુબ ગમનાખા,
દોનુપે લુતફ ખાસ હમેશા રહે મેરા.
મે ઇનકા ખાસ્તગાર યે મેહબુબ હે મેરે
તેરી તરાંસે તાલીબે મતલુબ હે મેરે

અલી (ક૦) પાસે ઘોડા હતો એવી પણ રીવાયત છે માટે આ કાવ્યમાં ઘોડો લખ્યાં છે ઊંટ લખ્યો નથી. ટુંકમાં સવારી કરવા બન્નેમાંથી એક હતું તો ખરૂંજ એમ નક્કી થાય છે.

## પ્રકરણ ૮ મું.

ખુદકી તકદિરસે યા પરન્તે કીસમત હો ગઇ,
દુખતરે બેરૂલ બશર ખાતુને જન્નત હો ગઈ;
આપકે સીરત કે સદકે મેં જનાબે ફાતેમા,
નુરકી તકદીર દેખો ખુબસુરત હો ગઈ;
ખાનએ શેરે ખુદામે દુખતરે ફખરે રસુલ,
આપ જબ તશરીફ લાએ લાખ બરકત હો ગઇ.
આપકા રસ્તા અલીકા કમ નથા મેરાજસેં,
દુની ઇજ્જત હો ગઇ ચોચન્દ હુરમત હો ગઇ.

નુએ ઇન્સાં કો શરફ ખેરૂલ બશરસેં ગઃહુવા,
નબીકા નીસવા બાનું તુમસે જીનત હો ગઇ.
આપકી તશરીફસે અદહામ જાઇલ હોગઇ,
આપકી તસદીકસે કામ શરીઅત હો ગઈ.

થા શરાપા આપકી શાને તહમ્મુલકા જહુર,
માહરમાં કો રૂબરૂ આનેકી જરૂઅત હો ગઈ.
આપકે સરકે મુબારકકી સદાએ રેશમી,
ઉર્દુમે ક્યા કહું મશહુર ઇસમત હો ગઇ.

આપજબ ખંદા હુ વેં ફુલુંકો હંસી આગયા,
આંસુવુંસે આપકી શબનમકો રહત હો ગઇ.
આહતે જેહરાકી હે તકલીદ યે કરરોબીયાં,
હમ ગુનેહગારૂમે જબ રસ્મે ઇબાતહો ગઈ.
હમ સરે સેરે ખુદાએય નુરે એને મુસ્તફા,
શરતબર બાલાયે મીજાને કુદરત હો ગઇ.

આપકે અબ્બાકા હમસે કોઇ પુછે માજરા,
નામ ઉન્કા જબ લીયા ગાયબ મુસીબત હો ગઈ.
આપકે શોહરસે સીખે કોઈ ફન્ને રૂસ્તમી,
જુલફીકારે હૈદરે શાને શુજાઅત હો ગઇ.
નાઅરરે અલ્લાહો અકબર હૈદરે કરરારકા,
જબ સુના કુફફારને સમજે કયામત હો ગઈ.

ખુનકા ડીસકે અસરથા ખાક દસ્તે કરબલા,
ઇસ્મતરાં મુમતાજ આલમમે શહાદત હો ગઈ.

બાજન, ઍન્ડ કું. દેવલની ગલી ફોર્ટ-મુંબાઈ.

હજરત અલી (ક૦) ના નીકાને લગભગ એક માસ થવા આવ્યો હતો. અને આ વખતમાંજ મોહમદ (સ) ના કેહવાથી અલી (ક૦) હારસાબીન નામઅમાનો એક નાનું ઘર ભાડાથી રાખી લીધું. પણ શરે ખુદાએ શરમ અને લેહાજને લઈ હજુરના આગળ પોતાની ઇચ્છાનું એક પણ અક્ષર બોલી ના શકયા. ફાતમાં (ર) ને પોતાને ત્યાં મોકલવા અલી (ક૦) વિવેક અદબને લઇ મનમાંની ઇચ્છા જ- ણાવી શકતા નહિ. જ્યારે જ્યારે એકાન્તમાં મુલાકાત થતી ત્યારે મોહમદ (સ૦) ફરમાવતા કે "અયઅલી (ક) તુંજે મુબારક હો તેરી બીબી બહોત અચ્છી હે" આખરે એક દીવસ અલી (ક) અને તેમના ભાઇ અકીદ (ર) હજુરની ખીદમતમાં હાજર થયા. અને અરજ કરી કે હમો ચાહીએ છીએ કે હવે રજા આપવામાં આવે તો સારૂં. કેટલા ઇતિહાસ કર્તાએ લખ્યું છે કે એક દીવસે અકીદ (ર) પોતાના ભાઈ અલી (ક૦) પાસે આવ્યા ને બોલ્યા કે અમારી આશા છે કે રસુલે ખુદા પોતાની ડીકરી ફાતમાં (ર) ને હવે મોકલે તો સારૂં. અલી (ક૦) એ જવાબ આપ્યો કે હું પણ એજ ચાહું છું પણ અદબ અને શરમથી હું તેમ બોલી શકતો નથી. અકીદ હજરત અલી (ક) નો હાથ પકડી હજુરની સેવામાં હાજર થયા. સૌથી પહેલાં રસુલ (સ) ની દાસી યમન (ર) સાથે મેળાપ થયો, અને પોતાનો વિચાર જણાવ્યો. ત્યારે તેમણે કહ્યું કે આની સંબંધમાં સ્ત્રી વર્ગની સલાહ તથા મદદ લેવામાં આવે તો સારૂં કારણ આવા કામોમાં પુરુષો કરતાં સ્ત્રીઓની બુદ્ધિ સારી ચાલે છે. માટે આટલું કર્યાં પછી જનાબની ખીદમતમાં અરજ કરો તો સારૂં. અર્થાત ટુંકમાં હજરત ઉમ્મેસલમા (ર) અને અને બીજીબીબીઓ

બીબીઓને લઇ આયેશા (ર) ના ઘેર ગયા. ત્યાં રસુલે ખુદા (સ) પણ હાજર હતા. આમ તેમની વાતો કર્યાં પછી ઉમ્મે સલમાં (ર) એ હજરત ખદીજા (ર) ની વાત કાઢી. ખાનગી કાર્યમાં તેમનો બન્દોબસ્તને ચાલાકી યાદ અપાવી અને કેહવા લાગ્યા કે અફસોસ જો આ વખતે બીબી ફાતમાં (ર) ની શાદી વખતે જીવતા હોત તો એમને કેટલી ખુશી થાત! અમોને કોઈ વાતની ફીકર કરાવી ના પડંત અને અમો હસી ખુશીથી શરીક થાત. અલી (ક૦) પોતાના નવા ઘરમાં પોતાની બીબી સાથે રેહવા માગે છે. અને અમો સર્વે તેમની ઇચ્છા પ્રમાણે કરવા ખુશી છીએ. હવે શાની વાર છે! સરવરે કાયનાંત મોહમદ (સ) મેં ખદીજા (ર) નું નામ સાંભળ્યું ત્યારે આંખોમાં આંસુ આવી ગયા ને બોલવા લાગ્યા કે ખદીજા (ર) ની બરાબરી કરનાર કયાં છે? એમણે મને મદદ, મારા સત્યની ઓળખાણ એવા વખતે કરી કે જયારે મને સર્વે જુડાવી રહ્યા હતા; એમણે પોતાની સર્વે માલમના મારા તથા ખુદાના માટે લુટાવી દીધી અને ઇસ્લામની મદદ કીધી" ઉમમાં સલમાએ અરજ કરી. અય ખુદાના પ્યારા જે કંઈ કીધું તે સર્વે સત્ય છે.

યા રસુલીલ્લા (સ) અમોને તેમને સ્વર્ગમાં મેળવે. હવે આપના ભ્રાતા ને કાકાનો ડીકરો ખાહેશમંદ છે કે તેમની બીબીને અત્રેથી તેમના ઘર મોકલવામાં આવે. હજુરે ફરમાવ્યું સલ્લમાં આવ અલી (ક૦) એ મને નથી કહ્યું. સલ્લમાં બોલ્યા કે તે શરમ, વિવેક તથા અદબને લઇ આપના આગળ બોલી શકતા નથી. હજુરે કીધું કે સારૂં જાવો અલી (ક૦) ને બોલાવી લાવો તેવો આવ્યા એટલે

હજરત અલી (ક૦) બહાર ઉભા હતા તેમને અંદર બોલાવવામાં આવ્યા આ વખતે સ્ત્રી વર્ગ અંદર જતો રહ્યો. હજુરે ફરમાવ્યું અલી (ક) શું ચાહો છો ? શું એ ચાહો છો કે હું તમારી બીબીને તમારી સાથે રૂખસત કરૂં ? તમારા નવા ઘરમાં મોકલું ! અલી (ક૦) કહ્યું હા ! મારા માંબાપ આપ ઉપરથી કુરબાન કરી નાખું એવીજ મારી આશા છે ! હજુરે થોડા દીરમ અલી (ક) ને આપ્યા ને કહ્યું કે થોડી ખજુરને પનીર ( ખજુરનો રસ ) લઇ આવો. એટલે હજરત અલી (ક) ફરમાવે છે કે મેં પાંચ દીરમનું ઘી ચારની ખજુર અને એકદીરમનું પનીર લઇ હજુરની આગળ લાવી મુકી દીધું હજુરે દસ્તરખાન મંગાવ્યું, તેમાંથી કેટલી વસ્તુઓને મેળવી જીસ ( રોટલી ઘીને મસલી મેળવવું જેવો કે મલીદો બનાવ્યો અને મને ( હજરત ) હુકમ કર્યો કે બહાર જાવો અને જે મુસલમાનની મુલાકાત થાય તેને લઈ આવો મહાજર અને અનસાહની ટોળી આવી ને જીસ ખાઇને જતી રહી. તે બે કોમના નામ છે. એક માટીનો પ્યાલો હજુરે માંગેયો ને તેમાં જીપ ભરીને કેહવા લાગ્યા. આ ફાતમાં (ર) અને તેના શોહરનો ભાગ છે. એ પછી અનસ્તે હિસગાવાળાને વહેચ્યું. પછી ફરમાવ્યું કે અય સલમાં ફાતમાં (ર) ને લાવો તે હિઠયાને સૈયદદુન્નેસાંને સાંમે લાવ્યા. તે વખતે ફાતમાં (ર) ના મુખારવિંદ ઉપર પરસેવો વરી રહ્યો હતો, અને પગ ઘણી મુશ્કેલીએ ઉપાડતા હતા. જ્યારે પાસે પોહચ્યા. ત્યારે હજુરે રીસાલત મઆબ (સ) એ રવાજે બુરકાના જેવો હતો તે ઉઠાડયો અને જમણી બાજુના બાજુ ઉપર ફાતમાં (ર) નુ માથુ મુકયું, કપાળ વચ્ચે બોસો આપ્યો અને હજરતઅલીના હાથમાં હાથ આપીને બોલ્યા.

" અલી (ક) ! પેગમ્બરકી બેટી તેર વાસ્તે મુબારક હૌ ઔર આપ ફાતમાં (ર) તેરા ખાવિંદ બહોત ચચ્છા હૈ અબતુમદોનું બીવી બીબી ઘર જાવે " આપવા લેવા માટે પેગમ્બરને ત્યાં જે કાંઇ હતું તે સર્વે જાણમાં છે. હા ! નસીયતે, ઉપદેશોનો અનુપમ જાગીર પોતાના જીગરને જરૂર બખ્શીશ કર્યો. જેની કીમત મોટામાં મોટા મોતીઓ તથા પુખરાજ કરતાં પણ વધારે છે. ફાતમાં (ર) ને સારી પેઠે બતાવી દીધું કે ખાવિંદના હક આઆ છે. અને હજરત અલીને તેમનો ધર્મ સમજાવી દીધો, જ્યારે દીન ઈમાનની દોલતથી બન્નેને માલા માલ કરી દીધા તો ખુદ પોતે દરવાજા સુધી વળાવવા ગયા અને ત્યાં પોગીને અલી (ક) ના બે બાજુ પકડી ઉત્તમ પ્રકારની પ્રાર્થના ખુદાના દરબારમાં કરી. હજરત અલી (ક) અને ફાતમાં (ર) બન્ને ઉંટ ઉપર સવાર થયાં અને ઊટની નકીલ જે જાફરબીન અબુતાલીબના સ્ત્રી હતી. જે હીજરત કરીને ૭ જશા જતા રહ્યા હતા અને જેમનો ત્યાં મોહંમદ, અબદુલ્લા અને ઉદનામે પુત્ર પેદા થયા હતા. જ્યારે હજરત જાફર શહીદ થઇ ગયા ત્યારે તેમણે અબુબકર સદીક (ર)થી નીકાહ કર્યો હતો તેમના પછી હજરતઅલી શેરેખુદાથી તેમના ત્યાં યાહયા બેટા થયા હતા તેમણે પકડી હતી કેટલાક કહે છે કે અસલમાં જે કે જે અબુ રફિઆની સ્ત્રી હતી અને અશહાબી હતા એમનાથી, એમના પુત્રને અબદોલા બીનઅલીએ રીવાયત કરી છે કે તેમણે પેગમ્બર સાહેબની પેદાશ વખતે દાયનું કામ કર્યું હતું તેમણે અરજ કરીકે છોકરીઓને વખત બે વખતે સ્ત્રીની જરૂર પડે છે. ત્યારે કોઈ સ્ત્રી સાથે હોય છે માટે હું સાથે જાવું છું, જનાબ આ સાંભળી ઘણા-

ખુશ થયા એમના હક્કમાં દુઆએ ખેર માંગી હજરતઅલી (ક) કહે છે કે બીજા દીવસે સરવરે આલમ (સ૦) અમારી પાસે આવ્યા ફાતમા (ર) બન્ને તકીયા લગાવી બેઠા હતા હજુરનો આવાજ સાંભળી હમે થાહું કે ઉભાં થઈ જઇએ પણુ જેવી રીતે બેઠા છો એવી રીતે બેઠા રહો, અને અમારા માથા આગળ આવી બેસી ગયા અને પોતાના બન્ને પગ અમારી વચમાં કરી લીધા મે હજુરનો જમણોને ફાતમાં (ર) ડાબો પગ રાતના ઉપર લઈ લીધા કેટલીવાર સુધી વાતો કરતા રહ્યા એના પછી હજુરે ફાતમાં (ર) પાસે થોડું પાણી માંગ્યું અર્થાત તેવો એક માટીના વાસણમાં પાણી ભરી લાવ્યા તેમાંથી આપે થોડુ પાણી ફેંકયું અને થોડુ હાથમાં લઈ દુવા માંગી. અને કેહવા લાગ્યા અલી (ર) આમાથી થોડું પાણી પીજાવો. અને થોડું રહેવાદો. અર્થાત મેં થોડું પીધું ને થોડું મુકી દીધું જે બાકી રહ્યું તે મારા સીના ઉપર મુખપર છાટયું. અને મારા માટે દુવા કરી એના પછી બીજીવાર પાણી મંગાવ્યું ને ફાતમાં (ર) ને પણ મારી પ્રમાણુ કર્યું ઇતિહાસ કરતા નાસીખે લખ્યું છે કે જે વખતે સલમાં તેમની સાથે આવ્યા હતા અમણે રીસાલત મઆબ (સ) ફરમાવ્યું કે તમો અત્રે કેમ છો ? તેમણે જવાબ આપ્યા યા રસુલીલ્લા ! જ્યારે જનાબ ખદીજા (ર) ઘણા બીમાર હતા ને બચવાની આશા નોહતી ત્યારે તે રડતા હતા; અને નવાઈ ઉપજી ત્યારે મે પૂછયું કે અયા અમીરૂલ મોમેનીન આમ રડવાનું કયું કારણુ છે ? તમો પેગમ્બર સાહેબના બીબી છો. અને આપના તેમના તરફના એહસાન માટે તમારા માટે ઉત્તમ લાગણી છે આપનો કેમ દીલ ઉઠેલો છે ? અને કેમ રડો છો ? આંખમાં

---

શા માટે પાણી લાવો છો ? ત્યારે ફરમાવ્યું અય ઉમમે સલમાં ! કન્યાને પતિને ત્યાં જઇને પહેલવહેલાં અક્કલવાળાનો સાથ ઘણો ઉપયોગી છે. અને દરેક ઇચ્છાને પૂર્ણ કરવાં માટે મદદ કરે છે. ફાતમાં (ર) બાળક છે વખતે એમને અક્કલવાળીને લાયક સ્ત્રી તે વખતે ના મળે ! આ સાંભળીમેં અરજ કરી કે ઉમમૂલ મોમેનીન ! અગર જો હું ત્યાં સુધી જીવતી રહી તો તમે જણાવેલી ખીદમત બજાવવા પ્રતિજ્ઞા લવું છું. ખુદાનો મોટો એહસાન છે, ને પ્રતિજ્ઞા જે મે ફાતમાં (ર) ની માતા સાથે કરી હતી. આજે પૂર્ણ થઇ રસુલે ખુદા (સ) એ સાંભળી સલમાં માટે દુવા કરી અને ફેર તે બોલ્યા કે ઘરનું અન્દરનું સર્વે કાર્ય જેનકે રાંધવું, ઘર સાફસુફ રાખવું, ચખી દલવી. તો ફાતમાં (ર) કરે ઓર બહારનો કામો સલમા કરે અને ઉંટ ચરાવવાનું વગેરે કામ અલી (ક) અથવા તેમની માતા બીન અસદ વ્યવસ્થા કરે.

રસુલેખુદાને એમનું ઘર હોવાથી તકલિફ હતી, કેમકે ઘણીવાર તેમને જોવા માટે જતા હતા એકવાર તેમણે કહ્યુ કે તમોને મારા ઘરની પાસે રાખવા માંગુ છું ફાતમાં (ર) બોલ્યા કે તમારી પાસે, તમારા ઘરની પાસે હારેસાહ નામના કોમના માણસોના ઘર છે. જો આપ તેમને કહોતો તે કોઇપણ ઘર અમારા માટે ખાલી કરી નાખશે હજુરે ફરમાવ્યું કે હારેશાહ કોમે મારા માટે એટલા બધા મકાનો ખાલી કરી આપ્યા છે કે હવે મને તેમને કેહતા પણ શરમ આવે છે. ! આ ખબર હારેસાને પણ ઉડતી ઉડતી મળી તેવો હજુરની ખીદમતમાં આવ્યા ને બોલવા લાગ્યા. આપ ફાતમાં (ર) ને આપની

પાસે રાખવા માંગો છો. માટે આપના મકાનની પાસનોજ મકાન ખાલી કરી આપીએ છીએ મસજીદે નબવીમાં જે જગા આજકાલ બનાવ્યા છે તેની ઉત્તરની બાજુ છે. તે તેમના નામથી ઓળખાય છે. અને ત્યાંજ તે મકાન હતું બીજી જગ્યા લખ્યું છે કે હજરત ફાતમા (સ) ની છેલ્લી આરામગાહ જે પેગમ્બર મોહમ્મદ (સ )ના રોજાથી ઉત્તર તરફ બનાવવામાં આવ્યું છે, તેજ તે મકાન હતું.

## સૈયદાકા જહીજ.

ગરીબ બેકસ યતીમ દુખીયા, નબીકે ઘરકા ચેરાગ જોહરા;
રસુલને કાથી ખુદ રેયાજત, લગા ગએથે વો બાગ જોહરા.
પીદરહે આલી મુકામ ઈનકે, પીસરહે ગીયારા ઈમામ ઈનકે,
ખુદાને ભેજા દરૂદ ઉનપર ખુદાને ભેજા સલામ ઉનપર.
શારીઓ રોજે જજાકી દુખતર, જહીજ ઉસકો હોયે મયસ્સર;
કે એક ચક્કી ઓર એક મુસલ્લા ઓર ઊંટકી ખાલકાથા બીસ્તર.
ઓર એક ચાદર બહોતસી કોહના, કેજીસમે પેવંદ લેકે ખુરમા;
જો ચંદ જરફકલીમીલથે બાફકર, ઉનમેં થા ખાના પીના.
યેહીથે સામાને એશરાહત, કાસીસે શકવાની કુચ્છ શીકાયત,
ખુદાકી હર હાલમે ઈબાદત, નબીયો હૈદરકી થી અતાઅત.
ના કયું હો એશુંપેહકી રેહમત, અયાંહે બીન્તે નબીકી ઈસમત;
ખુદાને દીથી વો ઉનકો ઈજ્જત, કે મેહરમેં બખશા બાગ જન્નત.
ઉસી ઘરાનેકા સદકા, દીખાદીયાહે હરેક રસ્તા,
હે ઉસકી ચસમે બરૂપે પરદા, શરફકો ઉનકેના જીસને સમજા.

---

ઉનીકી કુરઆંમે હે ફઝીલત ઉનીંકી વાઝીબ હુઇ હે મેહનત;
મલીવો અયગાર મુજકો દોલત કે હો નહિ શકતા શુકે ન્યામત.

"જનાબ મીરઅમજદહુશેન અઝીમા આબાદી"

અમારા રસુલ અમો તેની ઉમ્મત, તેમના પ્રતાપે સ્વર્ગનું સુખ ભોગવવા ઇચ્છા ધરાવનાર કલ્મો પઢનાર મુસલમાનો સદરહુ નીકાહ અને વળાવવા તરફ ધ્યાન આપો તે તરફ જરા જુવો. શું આજકાલની શાદીઓ આને અનુસરી થાય છે? શું આજકાલના માબાપમાં આવો સલુક જોવામાં આવે છે.? શું આવી સાદગી સાથે નીકાહને વીદાયગીરી આપવામાં આવે છે! શું આજકાલના માંબાપોએ વાત પસંદ કરે છે કે પોતાની પુત્રી સસરાને ત્યાં જઇ પોતાનાજ હાથે રાંધે. તેજ લોટ દળે, તેજ લુગડા સીવે, અને ફાટી જાયતો થીગલા પણ પોતાના હાથેજ લગાડે. શું બોધને સારી વર્તણુંકનો નવલખો હાર ગલાને શોભાવવા માટે આપે છે? શું તેમના માલિકો તેમને ઉપર જણાવેલી રીતેચાલે છે? અફસોસ નહિ! કદાપિ નહિ!! તોપછી આમ થવાનું કારણશું? જ્યારે અમો મુસલમાન છીએ.

ઇસ્લામ નામ લેનાર છીએ. અમો રસુલની ગુલામીને અમારી ઇજ્જત, આબરૂ, મોટાઇ વગેરે માનીએ છીએ. તોપછી આમ થવાનું શું કારણ! અમોને રસુલના હુકમ વર્તણુંક પ્રમાણે ચાલતાં શામાટે શરમને હલકાઈ સામા આવે છે? અમોએ આત્મિકશક્તિ ચમકદમકને શામાટે કાળી બનાવા દીધી છે? શું? અમોને જરૂર થી પોતાની પુત્રીઓના નીકાહ પેગમ્બર મોહમદ (સ૦)ની પુત્રીના નીકાહ પ્રમાણે કરવામાં આવે એને ભારી ભારી જે વરને વલાવતી વખતે આપવા ઘણા કરજે કરી

હદ ઉપરાંત આપવામાં આવે છે કે સારી ચાલ ચલણ ને સારા ગુણોથી માલામાલ કરી દેવામાં આવે છે અને તેમના (બન્ને) આગળ એક એકના ગુણ જણાવવામાં આવે છે? તેમને લાયક છે કે કન્યા આગળ પુરૂષના અને પુરૂષ આગળ સ્ત્રીના વખાણ કરી અને તેમના પ્રેમમાં જેમ વધારો થાય તેવા કાર્ય કરવાની આવ્યશકતા છે. ફાતમાં (ર)નો નીકાલ તથા વીદાયગીરી હાલના મુશલમાનો ને શરમાવનાર છે. એ મુશલમાનો જે પોતાની પુત્રી શાદીઓ ઉપર હજાર હજાર રૂપીયા ઉપાડી દેવાના ભાર તળે દબાઇ પોતાની આખી જીંદગી બરબાદ કરે છે. અથવા બરબાદ કરી રહ્યા છે. તે લોકો માને છે કે આથી નામ તથા આબરૂ વધે છે. દેવું કરી હજારો રૂપીયાના ધણીઓને વીદાય કરવાની વખત આપવાના સામાનમાં વાપરવામા આવે છે, સારાને ઉત્તમ ખાવાનું રાંધે છે, અને એક થોડા વખતના આનંદને લઇ, આ નકામા ખરચને લઇ ગરીબ આખર દેવા નીચે દબાઇ જાય છે, મકાન ઘર જતા રહે છે ને બે દીવસની વાહ! વાહ!! ને લઈ હમેશનો દેવાલો ફું કે છે. વાંચકબંધુ અથવા મુસલમાનો તમો જરા વિચાર કરો તમો મોહમદ મુ. (સ૦)થી વધારે હેસીયત નથી રાખતા તમારામાં એટલી શક્તિ નથી તે બન્ને જહાંના પાદશાહ હતા—છે, જોકે તેમની પાસે દુનિયાની દોલત નોહતી પણ આપના અસહાબો પોતાની માલ મીલકત તેમના ઉપર વારી નાખવા તૈયાર હતા. જો આપના એકજ અશહાબ ઉસ્માનગની (ર) ચાહતા તો તેમની શાદી એવી શાનશોકતથી કરતા કે તેનો વિચાર કરવો પણ હદથી બહાર છે, પરંતુ તેમણેનો સત્ય સાદાઇનો નમુનો બનાવવો હતો—તેને કાયમ વો હતો હજુર મોહમદ (સ૦) જાણતા હતા કે મારી ઉમ્મત ને

પણ શાદીઓ કરવી પડશે. જો હું મારી પુત્રીની શાદી વગેરેમાં નકામો ખર્ચ કરીશ તો મારી ઉમ્મતના શા હાલ થશે? તે હરવખતે મારી પેરવી કરશે અને આ મારી પેરવીથી તેમને દુઃખ પડશે, એ લોકો માટે શરમાવવાનું છે અને જે રસુલના ગુલામ કેહવાય છે, ને તેમાં પોતાની આબરૂ માને છે. શું ગુલામીની શર્ત જીભથી બોલવાથી થાય છે!! ગુલામી અગે પેરવીના પ્રશ્નને જવાદો પણ જીભ ઉપરજ આધાર રાખવામાં આવે. અમો દુનીયાને દેખાડવાજ ખજાના ખાલી કરી નાંખવામાં આવે છે. અને આ નકામાં ખરચથી જમીનજાગીર પાયમાલ ને બરબાદ થઈ જાય છે. અમારી જીંદગી સુકી ને કંટાળામય બની જાય છે. એક દીવસની અથવા થોડા કલાકની વાહવાહ માટે અમો અમારી વ્હાલામાં વ્હાલી પૂંજી જરાપણ અટકયા વગર કુરબાન કરી નાંખીએ છીએ અને અમારી બરબાદીનો જરાપણ વિચાર કરતા નથી, રસમને રીવાજની બેડીઓ અમારા પગોમાં જડાઇ ગઇ છે. નકામા ખર્ચની સાંકળ અમારા ગલામાં નાખવામાં આવે છે અમોએજ નાંખી છે, અમોને કાર્યોને પણ જાણીએ છીએ કે આ કાર્ય કરવાનો હુકમ નથી પણ મનાઇ કરવામાં આવી છે ત્યારે પહેલા નંબરે તે કરવા તૈયાર થઇએ છીએ. અમો તે લોકોની પેરવી કરીએ છીએ જેવી ઇસ્લામ સાથે સંબંધ નાહોય-નથી અને અમારા રસુલના કહેલા આત્મિક ગુણો કેળવવા માટે પીઠ બતાવીએ છીએ. જીભથી બોલીએ છીએ કે અમો મોહમદ (સ૦)ની ઉમત છીએ, ઇસ્લામી છીએ, પરંતુ અમો રસમને રીવાજના ગુલામ છીએ, આ સર્વે સાથી! અમારી ઇમાનની શક્તિ ધરડી થઇ ગઇ છે—અમેજ કરી છે. અમારા દીન ઉપર જરાનજર નથી કરવામાં આવતી. અમારા દીલ ઇમાનની રોશનીથી

મેહરૂમ છે, અમારા દીલો ઉપરથી ઇસ્લામની મોહબ્બત ઉડી ગઇ છે. નાશ પામી છે. રસુલ (સ૦)ની ખરી મોહબત અમારા દીલોમાં કાયમ નથી રહી, નહિ તો અમો આમ રસુલના હુકમોથી મોહું ફેરવત નહિ!! અફસોસ,

## પ્રકરણ ૯ મું.

### —બતુલ (ર) શરે ખુદાના ઘરમાં—

ખાતુને જન્નત (ર) પોતાના ખાવિંદ અલી (ક) ના ઘરમાં જીંદગી બસર કરે છે. દુનિયાવી સર્વે ખુબીઓ, પવિત્રગુણો. તેમના આગળ આવી નમન કરે છે દીન અને દુનિયાની બરકત. તેમની આજુબાજુ ફેરા ખાય છે. સબર અને સંતોષને એ ગોદડીના લાલો થી સત્ય પ્રેમ છે. જે ફાટેલા લુગડામાં હાસ્ય કરતાં પૂષ્પો છે!

તમામ દુનિયાની તકલફોને દુઃખ તેમના નસીબમાં લખાઇ ચુક્યા છે. પણ શી તાકત કે શક્તિ કે, તેમના મુખારવિંદ પર પણ જરા પણ અસર કરી શકે! યુગલનો સંબંધ ઘણોજ ખુશી ઉપજાવનાર હતો હજરત અલી (ક) કહે છે કે જ્યાં સુધી ફાતમા (ર) જીવતા રહ્યા ત્યાં સુધી. મને કોઇ પણ પ્રકારની તકલિફ વેઠવી પડી નથી. અને તકલિફ કઇ રીતે પોચે? જ્યારે બન્ને તરફ રસુલની કૃપાનો રંગ લાગેલો હતો. જ્યારે કોઈ સાધારણ બીના, વારદાત ઉપર નારાજ થઇ જતાં પણ રસુલ (સ૦) તેમને એવી પ્રકારથી

બીબ શિખામણ આપતા કે તેમની ગમી. આનન્દમાં પસંદાઈ જતી. અલઅસરાએમાં લખેલું છે કે એક વખતે હજરતઅલી (ક) અને બીબી ફાતમાં (ર) બન્નેમાં કોઈ કારણથી. તકરાર થઈ જ્યારે આની ખબર રસુલે ખુદા (સ) નેમલી ત્યારે તેઓ તેમના મકાન ઉપર ગયા. ત્યારે ફાતમા (ર) ને જમણી બાજુને અલી (ક૦) ને ડાબી બાજુ બેસાડી નસિયત કરવા લાગ્યા અને એવી દ્રઢ ને ચોક્કસ નસિયત કરી કે જાણે તકરારજ થઇ નથી. તે આજકાલની તકરાર જેવી તકરાર નોહતી. ને તે ખરેખરી તકરારો થતી નોહતી પણ સાધારણજ થતી જેને સાધારણ શિખામણ માત્ર નાબુદ કરી દેતી હતી. હાલ જે તકરારો જોવામાં આવે તે તેને તકરારો કેહવું તે બરાબર નથી. આનો હસદથી, દગલબાજી ને જંગની દુશ્મનાવટો છે. જેનાથી ખરાબ વર્તણુંકનું કામ થઈ રહ્યું છે. વિવેક અને અદબની એ સ્થિતિ છે કે મીયાં કંઇ બોલ્યા કે બીબી રીસાઇ એક કોણામાં જઈ ઉઆં ટીટાં કરતા જઇ બેઠી ત્યારે મીઆં હાથમાં સોટો લઈ તૈયાર થયા જો બીબી જરા સહનસિલ હોય તો ઠીક નહિતો મીયાના માથા ઉપર પણ સપાટે આવી સ્થાન લીધુંજ છે. હવે જોખલો બન્ને એવી રીતે વઢવા લાગ્યા કે અલ્લાની પનાહ!! ગાળો ને ગુસ્સાની બીજલીઓ ચમકવા લાગી. મારામારનો વરસાદ વરસવા લાગ્યો. હવે બન્નેને શાન્ત પડનાર કોણ? જે કોઈ તેમ કરે તો સામાં તેને પણ પસ્તાવો કરવો પડે. મીયાં તો પહેલાથીજ બજારમાં અન્ય જગ્યા રેહવા લાગ્યા. સવારે ઉઠયા ને ચાલતી પકડી. ત્યાં તેમની માતાને જોશ આવ્યો, જોશ વધ્યા કે મામલો વધી ગયો, બે ચાર જણાએ મીયાને ઉલટીપટી ભણાવી. કે મીયાં તલાક-

છુટાછેડા કરવા તૈયાર થ ગયા સગાવ્હાલા સ્નેહિ મંડળમાં તેની ચરચા ચાલી, વિચાર કરવા લાગ્યા છેવટે સરકાર દરબાર અરજીઓ કરવામાં આવી. બન્ને તરફની દુશ્મનાવટે બન્નેને બે આબરૂ બનાવ્યા. કેટલાક દુસ્ટ મીયાંના દોસ્ત-મિત્ર બન્યાં બીબી ને બે ચાર બીઓએ ભરમાવી. કોઈએ બીબીને ધમકાવી તો કોઈએ મીયાંને ઉતારી નાખ્યા હવે બીબી કચેરીમાં બુરકો ઓઢી ઉભા છે, દરેક જણ તાકી તાકી જોવા લાગ્યાં, આંગળીઓ થવા લાગી. અને એવી રીતે બે ઇજ્જત રૂશવાઇ થઈ કે લખવા માટે કલમ લાચાર છે.

આમ મીયાં બીજાને ચાહે તો બીબી તો પાછી પાની કરેજ નહિ. આમ થવાનું કારણ શું? જરા આ લુખી સુખી વાત સાંભળી લો કે અમોએ થઇ ગએલા અમારા ખેરખાર, ભલું ચાહનારની વર્તણુંકને નજરથી ફેંકી મારી છે. અમોને ખુદાએ અક્કલ ને જ્ઞાન આપ્યા છે. પણ અમોને તેની કયાં પરવા છે. "દાના દાનીસ્તા સબ અનજાન બને બેઠે હે." શુ ? અમારી ફરજ નથી કે પોતાના બાળકોને પવિત્ર બીબી ફાતમાં (ર) નું જીવનચરિત્ર ભણાવીએ ને જે ના વાંચી શકે તેને વાંચી સંભળાવીએ અને પછી પણ આવી તકલીફો વેઠીએ ? કોઈ દહાડા નહિ, ફાતમાં (ર) પવિત્રતાને બુજરગી. મોટાઈનો પ્રકાશમય સુર્ય હતા. અદબ, વિવેક, ને સુંદર કર્તવ્યની જડ હતી. સબર અને સંતોષના સમુદ્ર હતા. ફેર કેમ? આવી પવિત્ર ને સીધા રસ્તે દોરનાર. આ લોક તથા પરલોકમાં શાન્તિને આનન્દ આપનારને માન નહિ આપવામાં આવે !!

ઈમામુલ ઓલીયા હજરત હસન બસરી રીવાયત કરે છે કે

અલી [ક] ફરમાવતા હતા કે ફાતમાં (ર) ઘણી ભક્તિ કરતા અને આ ઉપર વળી ઘરના કાર્યમાં મને કોઇ દહાડો કેહવાની જરૂર પડી નથી.

હજરત અલી (ક૦)ની પૈસા સંબંધી સ્થિતિ પહેલાંથીજ સારી નોહતી ગણી ખેંચખુંચથી ગુજરાન ચલાવતા ઘણું ખરૂં મજુરી કરી ગુજરાન, રોજી, મેળવતા. એક દીવસ આપને કોઈ મજુરી નામલી, બન્નેજણુ આઠ પહોરથી ભુખા હતા. સાંજરે ઊંટનો એક વેપારી આવ્યો તેને સામાન ઉતારવા એક મજુરની જરૂર હતી. હજરત અલી (ક) એ રાત્રી વાધી એનો સામાન ઉતાર્યો, વેપારીએ એકજ દીરમ તેના બદલામાં આપ્યો ત્યારે પણુ ખુશીથી તે કબુલ કર્યા ઘણીખરી દુકાનો બંધ થઇ ગઈ હતી. પણુ એક કાન ઉઘાડી હતી. ત્યાંથી જવ લઇ પોતાને ઘેર ગયા. હજરત ફાતમાં (ર) હસી ખુશીથી તેમને વધાવી લીધા ને તેમની પાસેથી તરત જવ લઇ લીધા ને તેજ વખતે દળી, રોટલી બનાવી તેમના આગળ મુકી જ્યારે હ-જરતઅલી (ક) પેટ ભરીને ખાઇ રહ્યા ત્યારે બીબી ફાતમાં (ર) ખાવા માટે બેઠા હજરતઅલી (ક) ફરમાવે છે કે મને તે વખતે મોહમદ (સ)નો વાક્ય યાદ આવ્યો કે "ફાતમાં દુનિયાની બેહતરીન ઓરત હે." જેના ઉપર મેં ખુદાનો પાઢ માન્યો.

પોતાની જીંદગીના છેવટના ભાગમાં અલી (ક૦) દુનિયાના માલથી માલામાલ હતા. અને પોતાનો આજાદ કરેલો ગુલામ અ-બુરાફેઅને ખજાનાનો ચોકીદાર હતો. એક દીવસે તેમની એક પુત્રીએ સાચામોતીનો હાર પેહરેલો તેમણે જોયો ને તે હાર પોતાના ખજા

નાનો છે, એમ તેમણે જાણી લીધું, ત્યારે ગુસ્સે થયા કે આ મોતી-નો હાર ક્યાંથી લાવ્યા, તેમણે કીધું કે અબુરાફેએ આપ્યો છે. આપે તેને બોલાવી નસિયત કરી કે આમ કરશો તો તમારા હાથ કપાઈ નાખવામાં આવશે. ફરમાવવા લાગ્યા કે જ્યારે મેં ફાતમાં (ર) સાથે સંબંધ કર્યો ત્યારે મારો ગુજરાન એવી રીતે ચાલતો, કે રાત્રીનું પાથરણું એક મેઢાની ખાલ હતી દીવસે મારા ઊંટને તેના ઉપર ખવડાવતો હતો ને રાત્રે તેજ ચર્મ અમારી સેજના કામમાં લેવામાં આવતો ખાદીમ ગુલામ અમારા ઘરમાંનો હતો. સર્વે ઘર-કાર્યના કામ ધંધા કરતા.

એકવાર હજરત ફાતમાં (ર) ના સ્વર્ગવાસ પછી હજરતઅલી (ક) થી પૂછ્યું કે ફાતમાં તમારા તરફ કેવી રીતે ચાલતાં હતા. ત્યારે આપે એક આહ ભરી ને ફરમાવવા લાગ્યા એ સ્વર્ગનો એક સુગંધમય પુષ્પ હતા. જેના હવાથી પણ તેની સુગંધ અત્યાર સુધી મારા મગજમાં સ્થાઇ થઇ રહી છે.

જનાબ સૈયદા (ર)નો કાયદો હતો કે પહેલાં પતિ અને બાળ બચ્ચાને ખવડાવી છેલ્લીવાર પોતે ખાતા. આપણે મનમાં સર્વેથી વધારે વખાણવા લાયક ગુણલંકાર હતો. કારણ દરેક વાતમાં પતિની ચાકરી ફરજ હતી. આથી ખાવાપીવામાં પણ તેની નજર રાખવાની ખાસ જરૂર છે. તે વખતની સ્થિતિ એવી હતી કે જનાબ હજરત-અલી (ક)ના ઘરમાં ફાકા પર ફાકા વખતે થતા. સબર અને સંતોષ બગર તેમની પાસે કાંઈ પણ નોહતું. ફાતમાં (ર)ના હૃદયમાંથી બાની નીકળતો કે પહેલાં અલી (ક) અને બાળબચ્ચાને ખવડાવવા. એ

---

તેનો તેવો અમલ સારી પેઠે કરતા. કેમકે વખતે પાણી વર્ષે કે ના વર્ષે, ખુદ પોતે ભુખ્યું ખાઇ સબર અને સંતોષથી આનન્દમાં દીવસ ગાળતા. સુબહાનલ્લા !! હસાર (બીજાની મતલબ પોતાની મતલબ કરતાં વધારી ગણીને] તેમના ઉપર સલામ થઈ જાય છે, ખાવિંદ તથા બાળબચ્ચા માટે કેટલીક ફીકર રાખતા હતા! પોતાનું પેટ કાપી એમને ખવડાવતી ને પોતે સબ્ર ને સંતોષ ખાતા! ક્યાં છે આજકાલની ફેસનેબલ બાનુઓ ક્યાં છે. એ બેગમો જેમને પોતાની શોભા માટેજ સર્વ ધ્યાન છે. જેમને સારા સારા ઉત્તમ ઉત્તમ જેવર અને લુગડાનેજ પોતાનું સાર્થક સમજતી હતી? તે આ બાજુ આવો અને બીજી ફાતમા (ર)ની કેરેકટર તરફ ધ્યાન આપો. શું? ફાતમા (ર)ના સંબંધ તેમના માટે કાંઈ લાગવગ છે? શું તેમને હક છે કે પોતાના પતિ પહેલાં પોતાના વ્હાલા પહેલાં જમી લે! પેટ ભરી લે! શું એ એમ સમજે છે કે દુનિયાના સારાસારા લુગડા, જેવર, ઘરેણા, અત્તર, વગેરે વગેરે સર્વે કાંઇ છે? શું બીજા બનાવોને નકામાં સમજે છે? યાદ રાખો. તમો જે લુગડા પેહરો છો તે એક દીવસે મેલા થશે ને નાશ થઇ જશે. ઘરેણા છે જેના ઉપર તમો નાજ કરો તે એક દહાડો ઘસાઇ જશે, ખરાબ થઇ જશે. જે આ એશઆરામ તમોને ખુદાએ આપેલા છે તે નાશ પામશે. એમને પણ અમરપણું નથી. પણ ઉતમ પ્રકારની કેરેકટર અમૃત સમાન છે જેને કોઈ દહાડો નાશ નથી. કોઇ નાશ કરી શકતું નથી. ચોર લઇ જઈ શકતા નથી, અને તે અખુટ છે, જેમ જેમ વાપરો તેમ તેમ તેમાં ડબલ વધારો થતો જાય છે. શું થયું કે આજ તમો દુનિયાના આરામ એશ શોભા ઉપર મરી મટો છો પણ કાલે જોજો

ના તમો હશો ના તમારૂં આરામ, એશ, શોભા, પરંતુ ફાતમાં (ર) અમુએ હુસ્ના નાશવંત નથી, એની સુગંધને આજે સવાતેરસો વર્ષો થવા આવ્યા પણ તેવી ને તેવી છે. તેવીજ રેહશે. કયામત સુધી પણ તેવીજ રેહશે.

## પ્રકરણ ૧૦ મું.

### ગરીબી અને સંતોષ.

જનાબ ફાતમાં (ર) ના પીતા ફકીર અને ગરીબ હતા, ને ખાવિન્દ દરવેશ હતા જાણે પીયરમાં ને સાશરામાં ગરીબી સરખીજ હતી. આ હાલતમાં સ્થિતિમાં ફાતમાં (ર) ની સબર, ઘણીજ કીમતી હતી. તકલિફ આપની. અને મુસીબતોનો જરા પણ ખ્યાલ સરખો પણ તેમને થતો નહોતો, પોતાના ઘરનું સર્વ કામ પીસવું, દલવું, રાંધવું પોતાનાજ હાથથી કરતા અને આ સ્થિતિમાં પણ ઘણાજ ખુશી હતા.

અરબમાં રીવાજ હતો કે લડાઈમાં જે લુટનો માલ હાથમાં આવે તેની ચોથ સરદારને આપવામાં આવતી અને બાકીનું લશ્કરને વેંચી દેવામાં આવતું. પણ પેગમ્બર સાહેબે પાંચમો ભાગ નકી કર્યો. અને આ પાંચવા ભાગમાં એક અનાર થઇ બીમાર એટલે એક દાડાને સોજણુ માંદા જેવું હતું.

એક વખતે જ્યારે હજરત અલી (ક) ને માલુમ થયું કે

લહાઇની લુટમાંથી કેટલી દાસીઓ આવી છે. તેમણે ફાતમા (ર) ને ખબર આપી તમો મને કહ્યા કરો છો કે ઘંટી દળતાં દળતાં મારા હાથમાં ફોલ્લા પડી જાય છે અને ઘરના કામમાં મને એટલી નવરાસ નથી મળતી કે બાળકોની ખબર રાખી શકું. માટે આવામાં જઇ તમારા વાલીદ પાસેથી દાસી માંગી લઈ આવો, તેવો ગયા પેગમ્બર સાહેબની આદતથી તે વાકેફ હતા કે તે મુશલમાનોની તકલિફ આગળ પોતાની તથા પોતાના કુટુંબ તથા સ્નેહિઓની પરવા કરતા નોહતા ડરતા ડરતા પિતા પાસે ગયા પણ તેવો તેમને મળી શકયા નહિ, તેમણે આયેશા (ર) ને તે પોતાની વારદાત જણાવી અને જતી વખતે કેહતા ગયા કે મારા આવવા સંબંધી તેમને જણાવી દેજો. પછી કેટલી વારે પેગમ્બર (સ) આવ્યાને તેમને સર્વે વાત જાહેર કરવામાં આવી.

પેગમ્બર સાહેબ પણ તેમને ઘેર ગયા તે વખતે જણ આરામ કરવાની તૈયારીમાં હતા તેવા પેગમ્બર (સ) ની આવવાની જાણ થવાથી તેવો ઉભા થવા લાગ્યા પેગમ્બર સાહેબે કહ્યું "બેટા કયા કર રહે હો ?" અર્થાત પોતે હજરઅલી (ક) તથા ફાતમા (ર) વચ્ચે જઇ બેઠા ને કેહવા લાગ્યા તમોએ મારી પાસે જે માંગ્યું છે તેના કરતાં વધારે ઉત્તમ વસ્તુ તમોને આપવા આવ્યો છું અને તે એ કે તમો જ્યારે આરામ લેવા માટે બીછાના-પાથરણા ઉપર આવો ત્યારે ૩૩ તેતરીસ વાર "સુબહાનલ્લા" ૩૩ તેત્રીસવાર "અલહમદો લીલ્લાને ૩૪ ચોતરીસવાર "અલ્લાહો અકબર" કહ્યા કરો. આ અમલ તમારા માટે નોકર કરતાં ઘણો સારો છે, ઉત્તમ છે. એમ નહિ માનતા

કે પેગમ્બર સાહેબ એમને ખુશ કરવાનો વખત આપતા નોહતા. પરંતુ તેવો ખુશીમાં, આરામમાં પોતાની જીંદગી કાપવાનો હતા માંગતા પણ અલ્લા પાસે દુવા માંગતા કે "અય ખુદાવંદા મોહમદ અહલેઅ યાલકો ઈતની રોજ્દે જીસમે વો સરકશ ઓર મુરતકબ ગુનાહ ના હો."

આ વારદાતને શીબલી સાહેબે સારી ઉત્તમ રીતે લખ્યો છે તે નીચે મુજબ.

ઇફ્લાસસેથે સૈયદાએ પાકકાગે હાલ,
ઘરમે કોઇ કનીજના કોઈ ગુલામથા
ઘીસ ઘીસ ગઇથી હાથકી દોનું હથેલીયાં,
ચક્કીકે પીસનેકા જો દીન રાત કામ થા.
સીનેપે મશ્ક ભરકે જો લાભથી બારબાર,
ગોહુરસે ભરાથા મગર જાલેફ્રામ થા.
ઉંટ જાતાથા લીબાસ મુબાગ્ક ગુબારસે,
જારૂકા મસગલાબી જો શુબહોશામથા,
આખીર ગઇ જનાબ રસુલે ખુદાકે પાસ,
યેભી કુચ્છ ઇનતેફાક કેતાં ઇજને આમથા.
મોહરૂમ ન નથે જો લોગતો કુચ્છ કરસકેના અરજ,
વાપીસ ગએ કે પાસ હવાકા મુકામ થા.
ફીર જબ ગએ દો બારતો પૂછા હજુરને,
કલ કીસલીયે તુમ આએથે કયા ખાસ કામ થા.
ગેરત યેથી કે અબભી ના કુચ્છ મુંહસે હસકે,

હૈદરને ઉનકે મુંહસે કહા જો યામ થા.
ઇરશાદ યે હુવા કે ગરીબાને બે વતન,
જીનકા કે સફ્એ નબવીમે મુકામ થા.
મેં ઇન્કે બન્દોબસ્તસેં ફારીગ નાહે હનોજ,
હરચંદ ખાસ ઈસમે મુજે એહ તમામ થા.
જો જો મુસ્તબતે કે અબ ઇન પર ગુજરતી હેં,
મે ઇનકા જીમ્મેવાર હું મેરા યે કામ થા.
કુચ્છ તુમસેંભી જીયાદા મુકદમ થા ઇન કાહક,
જીનકો કે ભૂખ પ્યાસસે સોના હરામથા.
ખામોશ હોકર સુઠદે પાક રેહ ગઈ,
જરાઅતના કરસકીકે અદબકા મુકામ થા.
યુંકી હર એહલે બેત મુતાહરને જીંદગી,
યે માજરાએ દુખતરે ખેરૂલ અનામથા !

લખેલું છે કે જ્યારે ખૈબરની લઢાઈ પછી ગુલામોની સંખ્યા ઘણી વધી ગઈ ત્યારે પેગમ્બર મોહમદ (સ૦) મે ફીજ્જા નામે એક દાસીને તેમની પાસે પોહચાડી અને કહેવડાવ્યું કે અર્ધું ઘરનું કામ એ કરે અને અર્ધું તમો કરો. બન્ને મળીને ઘટી દળવી. અને જે ખાવાનું તમો ખાવો તે કનીજને ખવડાવજો.

એક વખત હજરત કોઈ સફર કરી આવ્યા ત્યારે પોતાના નિયમ પ્રમાણે બીબી ફાતમાં (ર) ને ત્યાં પહેલ વહેલા ગયા પણ ત્યાં તેમને ત્યાં એક રંગીન પડદો બારણા આગળ લટકાવેલો હતો અને હાથમાં તેમણે ચાંદીના કંગણ પેહરી રાખ્યા હતા. હજુર

જોઇનેજ પાછા આવતા રહ્યા; હજરત ફાતમાં (ર) આમ જતા રેહ-વાથી રડવા લાગ્યા. એટલામાં તેમનો ગુલામ રાફેઅ ત્યાં જઇ પોહ-ચ્યા તેમણે બીબી ફાતમાં (ર) રડતા જોઈ વારદાત પૂછી ત્યારે તેવો બોલવા લાગ્યા કે હજુર મારે ત્યાં આવ્યા ને ગુસ્સે થઈ કોણુ જાણે શાથી જતા રહ્યા. રાફેઅ બોલ્યા કે આ કંગણુ અને પડદો જોઇને ત્યારે તેમણે તે વખતે તે પડદો તથા કગણુ હજરત બેલાલ (ર) સાથે મોકલી કહેડાવ્યું કે આ બન્નેનો મેં સદકો કર્યો છે, આપની નજરમાં આવે તેને આપીદેજો. આપે તેને વેચીને તેની કીમત અસહા બોના ખર્ચમાં ખર્ચી નાખી.

જાઇજમાં જરની વારદાત છે કે એક વખતે સરવરે કાયનાત (સ) મેં મને હુકમ કર્યો કે તમો અલી (ક૦) ને બોલાવી લાવો અર્થાત હું ત્યાં ગયો ત્યાં શું જોયું કે બીબી ફાતમાં (ર) હજરત ઇમામ હુશેનને ગોદમાં લઇ ચખ્ખી દલી રહ્યા છે આનીજ બાબત એક બીજી વારદાત નાસીખના પુસ્તકમાં લખેલાં છે કે તે ઉપરથી સાફ માલમ પડી આવે છે સૈયદા બીબી ફાતમાં (ર) ને બે બે વખતના ખાધા વગર ફાકા થતા હતા. બાળક ગોદમાં હોય ને ચક્કી પીસ્તા હતા. મુલ્લા જમાલુદ્દીન કહે છે કે એક વખતે બીબી ફાતમાં (ર) નબવી મસીદમાં આવ્યા ને રોટલીનો એક નાનો કકડો રસુલ (સ) ને આપ્યો. રસુલ (સ) તે લઇ લીધો ને ખાવા લાગ્યા ને પૂછવા લાગ્યા કે આ કયાંથી લાવ્યા ? બીબી ફાતમાં (ર) બો-લ્યા કે થોડીક જવ દળીને રોટલી બનાવી હતી. જ્યારે બાળકોને ખવડાવતી હતી ત્યારે વિચાર આવ્યો કે આપને પણ થોડી ખવડાવું.

ખુદાના સાચા રસુલ હું સત્ય કહું છું કે આ રોટલી ત્રણ દહાડા થયા પછી નસિબ થઈ છે. રસુલે ખુદા (સ) તે રોટલી ખાધા પછી બોલ્યા કે અયફાતમાં (ર) ચાર ફાકાની પછી આ પહેલવહેલો આ રોટલીનો કકડો મને પણ નસિબ થયો છે. આ વારદાતથી વાંચકને માલમ પડી ગયું હશે કે બીબી ફાતમાં (ર) ની જીંદગી કેવા પ્રકારે ચાલતી હતી. હમેશ સબર, અને સંતોષ તેમના હોવાથીજ નાજ કરતા હતા.

એક વખતે અમીરૂલ મોમેની (ર) એ કીધું કે જે કાંઇ હોય તે મને ખાવા માટે આપો. પણ ઘરમાં કાંઇ નોહતું. ભૂખ ઘણીજ કડક લાગેલી હતી. બહાર આવ્યા કે કાંઈ ખાવાનો બન્દોબસ્ત કરે. જ્યારે પાછા આવ્યા ત્યારે તેમણે જોયું કે બીબી ફાતમાં (ર) ખરી સબર કરવાલા જોહરની (ત્રણ વાગે ખુદાની બંન્દગી કરવામાં આવે છે તે) નમાજ અદા કરીને સીજદામાં પડી રહેલા છે, ને ખુદા પાસે સંતોષ સાથે દુવા માંગી રહેલા છે.

એક વખતની વાત છે કે હજરતઅલી (ક૦) એ પૂછયું કે ખાવા માટે ઘરમાં કોઈ પ્રકારનું સાધન તૈયાર છે કે નહિ? ત્યારે તેવો બોલ્યા કે ત્રીજો દીવસ છે ઘરમાં એક જવનો દાણો પણ નથી. ત્યારે અલી (ક૦) પૂછયું કે મને કેમ ના કહ્યું? ત્યારે તેવો બોલ્યા કે હું તમારે ત્યા આવી ત્યારે મારાવાલેદે મને બોધ આપ્યો હતો કે કોઇપણ વખતે કાંઇ માંગીને શરમીન્દા ના કરીશ અહા!! કેવી આસ્થા.

---

# પ્રકરણ ૧૧ મું.

## સખાવત.

અબ્બાસ (ર) ફરમાવે છે કે એક વખતે એક માણસ સરવરે કાયનાત મોહમદ (સ) ની ખીદમતમાં હાજર થયો તેણે જોરથી બોલવા લાગ્યો કે યા મોહમદ! યા મોહમદ!!! આપે જવાબ આપ્યો. તે બોલવા લાગ્યો કે તે જાદુગર તુંજ છે. જેની બાબત જાહેર છે કે તેનો પડછાયો પડતો નથી? મને મારા બુતોથી સોગન છે! જો મને આ વિચાર ના હોત કે મારી કોમ મારા પર ગુસ્સે થશે, તો હું આ તલવારથી તારૂં માથું કાપી નાખત. હજરત ઉમર (ર) આવું બોલવું સાંભળી આગળ વધવા જતા હતા કે આને આની નસિહત આપે ને તેના અવિવેકનો જવાબ આપે પણ હજુરે તેમ કરતા તેમને રોકયા ને તેની સાથે બોલવા લાગ્યા કે હું ખુદાનો બન્દો છું, અને સંદેશો પહોચાડનાર છું. હે ભાઇ! તું કયામતની આફતથી ડર, ને દોજખ (નર્ક) ના અગ્નિની ધાક રાખ. પૂજાએજ ખુદાની કર કે જેનો ભાગીદાર કોઇ નથી આટલા નાના વાકયોની તેના ઉપર એવી અસર થઇ કે તે ઇમાન લાવ્યો ને મુસલમાન થઇ ગયો. હજુરે પોતાની પાસે બેસનારાઓને કહ્યું કે આને કેટલી આયતો (કુરઆનના વાકયો) શિખવી દો. જ્યારે તેણે તે યાદ કરી લીધું ત્યારે હજુર બોલ્યા કે તારી પાસે કેટલો માલ છે? સોગન છે તે ખુદાની કે જેણે આપને પેગમ્બર બનાવી

મોકલ્યા છે, કે અમે ચાર હજાર માણુસ સલીમ નામે વંશથી ઓળખાઇએ છીએ તે સર્વેમાં મારા કરતાં વધારે ગરીબ-ફકીર અન્ય નથી આદિ પાસે બેસેલા સામા જોયું ને બોલ્યા કે તમારા-માંથી કોઇ આને એક ઉંટ આપે તેમ છે? હું તેનો જામીન થાઉં છું કે ખુદા તેને સારો બદલો આપશે. સાઅદ આબાદ (ર) ઉભાં થવાને કેહવા લાગ્યા કે હે અલ્લાના સાચા રસુલ! મારી પાસે એક ઉંટણી છે તે હું તેને આપુંછું. ફેર આપ બોલ્યા કે હવે કોણ છે કે આનું માથું ઢાંપે? હજરત અલી (ક) બોલ્યા કે તે કામ હું કરીશ. આમ કહી પોતાના મા ર બાંધવાનો ફેંટો તેને આપી દીધો. હવે કોણ છે કે એને ખાવા વગેરેનો સામાન આપે! તરત સુલમાં (ર) ઉઠયા ને તેને સાથે લઇ કેટલાકના ઘેર ગયા પણ કાંઇપણ તેમની આશા પૂર્ણ ના થઇ એટલામાં તેમની નજર ફાતમાં (ર) ના ઘર તરફ પડી. તેણે દરવાજો ખટખટાવ્યો. બીબી ફાતમાં (ર) બોલ્યા કે કોણ છે? જવાબ આપ્યો કે હું સુલમાં ફારસ્ત (ર) છું: પૂછયું કે કેમ આવ્યા છો? સુલમાં (ર) એ સર્વે વારદાત ત્યાં કહી ને બોલવા લાગ્યા કે આના માટે ખોરાક માટે બન્દોબસ્ત કરવા એકઠો કરવા માટે આવ્યો છું હું કેટલાક જણને ત્યાં ગયો પણ કાંઇ મળ્યું નથી. ત્યારે બીબી ફાતમાં (ર) આ સાંભળી રડી પડયા ને બોલ્યા કે સુલમાં (ર) ખુદાની સોગન ખાઇને કહું છું કે આજે ત્રણ દીવસથી ફાકા છે. ત્રણ દીવસથી અનાજનું મોઢ નથી જોયું. બન્ને બાળકો હસન (અ) અને હુશેન (અ) ગમણા સુધી ભૂખના મારે પરેશાન ફરી રહ્યા હતા. પણ અમણા તે ઉંઘી ગયા છે. પણ મારા બારણે સાઇલ ( ઇચ્છા ધરાવનાર, માંગનાર ) આવ્યો છે માટે

પાડો નથી કાઢતી. હે સુલમાં (૨) મારી પાસે આ એક ચાદર છે તે તમો લઈ જઇ શમઉન યહુદી પાસે જાવોને કહો કે આ ચાદર મોહમદ (સ) ની પુત્રીની છે તે રાખી લઈ કાંઈ કરજમાં રકમ આપો. સુલમાં (૨) એ તેમ કર્યું. તે યહુદી પાસે ગયા ને સર્વે વારદાત તેને કહી. તે યહુદી થોડીવાર તો ચાદર જોતો રહ્યો. ને આમ જોતા જોતાં તેની સમજ ના પડે તેવી સ્થિતિ થઈ ગઇ. તે પછી બોલવા લાગ્યો કે હે સુલમાં (૨)! ખરેખર તે એ લોકો છે જેની ખબર અમારા પેગમ્બર મુસા (અ૦) મે પોતાની પાક કીતાબ તોરેતમાં આપી છે. હું ફાતમાં (૨) ના બાપ ઉપર ઇમાન લાવું છું ને મુસલમાન થાવું છું આ પછી અનાજ તથા ચાદર સુલમાં (૨) ને આપ્યા. તે લઇ બીબી ફાતમાં (૨) પાસે આવ્યા તેમણે તેજ વખતે દળી રોટલી રાંધી આપીને સુલમાં (૨) ને આપી દીધી સુલમાં (૨) બોલ્યા કે આમાંથી થોડી બાળકો માટે તો રાખી લો. ત્યારે તેવો બોલ્યા કે મેં તે ખુદાના નામ ઉપર આપી દીધેલી છે. ને બાળકો માટે લેવી મને યોગ્ય લાગતું નથી સુલમાં (૨) તે રોટલી લઇ પેગમ્બર સાહેબની હજુરમાં હાજર થયા. અને પહેલાથી સર્વ બીનાથી તેમને જાહેર કર્યા. પેગમ્બર સાહેબે તે રોટલી તે માણસને સોપી દીધી અને તેવો બીબી ફાતમાં (૨) પાસે ગયા. ત્યારે તેવો ઉદાસ હતા. ત્યારે ઉદાસ થવાનું કારણ પુછતાં માલમ પડયું કે ફાતમાં (૨) એ ખાવાનું ખાધે આજે ત્રીજો દીવસ છે. હજુરે બીબી ફાતમાં (૨) ને પોતાની પાસે બેસાડયાને દુવા કરી કે "ઇલાહી ફાતમાં (૨) તેરી લોંડી હે ઈસસે રાજી રહીયો."

---

યે મુફલસિ ઓર આપકે ઇસારાકા યે હાલ;
ખુદ ભૂખા રેહના કરના તા સાઇલકા રદ ક્ષેવાલ.
જેહરાથી ગોકે દુરરે સરદારે દો જહાં,
ખુદ ચક્કી પીસ્તીથી પકાતીથી રોટીયાં.
શેહરે ખુદાકી જવઝાથી હાશમકી પોતીથી,
ફીર ઘરકે મેલે કપડેભી આપ ધોતીથી.
યે કુલજો ઓરતું કે લીયે જો શરીફ કામ,
લગતાહે આજ ઈન્સે બહુ બેટીયુંકો કામ.
સદીકી પડ દરૂદો અદબસે તું રાતદીન,
સલ્લુઅલા મોહમદો આલે મોહમદ.
" અબદુલ મજીદ સીદીકી. "

ઉપર વર્ણવેલી વારદાત જનાબ મુન્શી અબદુલખાલીક દેહેલવીએ કાવ્યમાં ઘણો સારો વર્ણવ્યો છે તે વાચક આગળ મુકું છું.

હુઈ હે નેક ખસલત બીબીયાં ઇસ્લામમે કયા કયા,
કે તન મન ધનસે પડતીથી ખુદાકે નામમે કયા કયા.
પડીહએં અપને દુનયવી આરામમે કયા કયા,
ભરીથી બાદએ ઉન્સો મોહમદમે કયા કયા.
જનાબે ફાતેમાં જેહરાકા ઉન્મે નામ અવ્વલહે,
ઉનકી જીંદગાની ઓરતુંમેં સબસે અફજલહે. ૧
રીવાયત આપકી મશહુરહે સાઇલ નવાજીં,
જહાં મેં આપથી અપના નમુના શરત બાજીમે.
હમાદમ મુસતઅદ રેહતીથી હરદમ કાર સાઝીમે,
મીઠા રખ્ખાથા ઘર ઈસાર તહરત પાક બાજીમે.

---

સુનાહે એક એરાબી કા લેકર હજરતે સુલમાં,
દરે બીન્તે રસુલે પાક પર આયે બસદ અરમાં. ૨

કહા અય ફાતમાં સારા અરબ આબાદ તુમસે હે,
હમેશાં સૈયદે મુરસલકાબી ઇરશાદ તુમસે હે;
કહાં ઇશ ઘરસે જાએં એ સકસુંકી દાદ તુમસે હે,
જમાનેકી શીકાયત ચર્ખકી ફરિઆદ તુમસે હે.
સહારા હે ખુદાએ પાકકા તુમ પાક બન્દુકા,
ઠીકાના આપકે દરપેહે સારે દરદ મંદુ કા. ૩

જનાબે મુસ્તફાકે હુકમકી તાઅમીલ કર દીજે,
બને જીસ તરહ અય ઇસએનવાકા પેટ ભર દીજે;
સવાબે આખરતહે યે ઇધર દીજે ઉધર લીજે,
મુનાસીબ હે યે હરબે મુકદર સાઇલકા જરદીજે.
જહાં આવાજદી મેને જવાબે ખુશ્કમેં પાયા,
ચલો આગે બડો ખાલી નહિહે હાથ અય બાબા. ૪

જનાબે ફાતમા આખુમેં આંસુ સુનકે ભરલાઇ,
દીલે પુરદરદસે એક આહ ખાંચી ઓર ઘબરાઇ,
નીહાયત નર્મ લેહજાસે કહા આપે મેં જબ આઈ,
ખુદાએ પાકકી મુજકો કસમહે કયા કહું સાઈ.
મેરે ઇસ ગમકદેમે તીન દીનસે હે ખુદામરેમાં,
મેરે માસુમ બચ્ચે ઓર અલી ફાકેસેહે બેજા. ૫

અલી સાએહે બચ્ચે ભૂખકે મારે બીલમતે થે,
મીસાલે નીમ બીસ્મીલથે તડપતેથે સસકતેથે;

જીગરમે આતિશે ફાકાસે અગાહી દરેકતે થે,
નીહાયત ના ઉમેદીસે મેરે ચેહરેકો તકતેથે.
મગર ઇસ હાલમેંભી કામ બદ કરતે નહિ આતા,
સવાલે સાઇલે બેકસમે રદ કરના નહિ આતા. ૬
મેરે કેહનેસે અય સુલમાં નહો રંજીદા વ મુજતર,
તુજે દેતી હું ચાદર જા અભી શમઉકે ઘરપર.
યે કેહ દેના યે હે બીન્ને રસુલે પાકકી ચાદર,
હમેં ખાનેકા કુચ્છ સામાન દેદો તુમ ઇસેરખકર.
ગરજ સુલમાં ચાદર ફાતમાકી હાથમેં લાએ,
સુનાયા માજરા શમઉન કે જીસ વખ્ત પાસ આએ. ૭
કહા શમઉનને ક્યા હેં યેહી વો લોક મરદાને,
ખબર તોરેતમેં પેહલેસેં દીહે જીન્કી મુસાને;
જવાહીરકી પરખ જીનકો હો વો જોહરકો પહેચાને,
રસુલલ્લાકા જો મરતબા હે કોઈ ક્યા જાને.
અદબસે મેં ઇસે કરતાહું વાપીસ હાથમેં લેજા.
તુજે જો જીન્સહે દરકાર અપને હાથમે લેજા.— ૮
ગરજ સુલમાંને કલમાં પડાયા જીન્સ સબ લેલી.
જો બીતીથી જનાબે ફાતમાંસે દાસ્તાં કેહદી,
જનાબે ફાતમાં બેઠી પકાને કે લીએ રોટી,
ખીલાયા પેટભરકે હો ગયા જબ સેયર એરાબી.
કહા સુલમાને ફાકેકી મુસીબત આપ ક્યું જીલેં
ઇસીમેં જરાસા બાલબચ્ચું કે લીએ લેલેં—૯

સાંજન, એન્ડ કું. દેવલની ગલી ફોર્ટ—મુંબાઇ.

અર્શકે જાંરકયા અચ્છાં કહા કુરબાન હિમતકે,
રસુલે પાકકી બેટીકીં ઇસ આદત કે ખસલત કે,
ઈનીં બાતુસે તો અતવાર જાહીરહેં શરાફતકે,
નજર ઈસ્લામમેં આતેહે જલ્વેપાક સુરતકે.
કહા સુલમાં સુનો હે આખેરત કી યે જહાં ખેતી.
જો મેને દેદીયા રાહે ખુદાપર ફીર નહિ લેતી–૧૦

હજરત ઇમામ હુશેન (અ)થી રીવાયત છે કે એક દીવસે એક વખતનું અમોએ ખાવાનુ નહિ હોવાથી ભુખા રહ્યા હતા. ફેર અમોને ખાવાનું નસિબ થયું, અમારા પિતા તથા અમો ખાઇ ચુકયા હતા. મારી માતા બીબી ફાતમા (૨) અમણા સુધી ખાધું નોહતું અમણા થોડુકજ હાથમાં લીધું હતું કે બારણે માંગનારનો અવાજ આવ્યો. " બીન્તે રસુલલ્લા કો સલામ ! મેં દીનરાત કે ફાકેસે હું મેરા પેટ ભરદો " આ સાંભળતાજ તેમણે ખાણા ઉપરથી હાથ લઇ લીધો, અને મને કહ્યુ કે જાવો આ ખાવાનું માંગનારને આપી દો. મેં એકજ વખત ખાવાનું ખાધું નથી. પણ એ મારા કરતાં વધારે ભુખ્યો છે, વાહ વાહ !!

સરદેતેહે સાઇલકો જો બન્દે હે ખુદાકે,
ભરદેતે હે ફાકુમેંભી કીસે પુકરાકે.

ક્ષદરહુ વારદાતને મોહમદ યાકુબ–ઉજ ગીયાબીબી, એ, એ ઉત્તમ રીતે કાવ્યમાં લખ્યું છે તે આપની આગળ મુકું છું જુવો તે કેવું ઉત્તમ છે.

ફરમાતે હેં ઈમામે હુસેન ઈબ્ને મુર્તુજા,
ફાકેપે એક વક્ત કે સબકો મીલા તઆમ.

અમ્મા ! જનાબ સૈયદએ પાક હાલમાં,
કાઇલહેં જીનકે જાદ સરખાવતોકે ખાસો આમ.
હમ દોનું ભાઇ આપસે પેહલેથેખા ચુકે,
કરતેથે શુક ન્યામતે રજ્જાકે જુલ કરામ.
લેકીન જનાબ સૈયદએ આસમાં હશમ,
ખાનેકા કરેહીથી અભી અપને એહ તમામ.
નાગાહ એક સાઇલે બેકસને દી સદા,
બીન્તે રસુલે પાકકો પોહચે મેરા સલામ.
દો વક્તસે ગીજા ના મોયસ્સર હુઇકિહ,
હાજીર હુવાહે આપકી ચોખટપે યે ગુલામ.
મારા હુવાહું ફાકુંકા મેં પેટ ભરદો આપ,
બેહરે ખુદાએ પા:  હાજીર હો કુરચ્છ તઆમ.
ખાનેસે હાથ રોકકે બીન્તે રસ  ,
ફરમાયા જાકે દે  સે અય તીફલે નેકનામ.
મુજકો તો એક વક્તસે ખાના નહિ મીલા,
દો પેકતસેહે ભૂખાયે મીસ્કીનો મુસતહામ.
તેરીહી જાત પાકો જેદ્રો અતાહે ખન્મ,
દાદો દહશકા શોહરાહે અજરૂમ તાબશામ.
અય માવો, બ્હેના, બેગીયો લો ઇસ્સે તુમ સબક,
બેકારહે તુમેં હાસે જાહો એહતે શામ.
મીસ્કી, યતિમ સાઇલે બેવાકી રાતદીન,
લેને રહો ખબરકે કયામતમે આયે કામ.

સાંજન, ઍન્ડ કું. દેવલની ગલી ફોર્ટ—મુંબાઇ.

જરકોના સાઇલોકો ચહારોના તિવરીયાં,
શાહિદ હે લહુજુમેં અલ્લાહકા કલામ.
હરલઅપે જી હયાતકી જીકરે મમાતહે,
ખેરાત બજમે દહેરમે શમએ નજાતહે.

પરોપકારના ગુણ તેમનામાં ખુદાએ પહેલાથી સંપૂર્ણુતાથી ભર્યો હતો. દશ વર્ષના તેવો હતા ત્યારે ફાતમાં શામેયા જે એક અમીરની પુત્રી હતા. તે ઘણુાજ ઈમાનદાર ભક્તિ કરનારા હતા. તે નજુમ જોવાની વિદ્યામાં સંપૂર્ણુતા મેળવી હતી. તેવો બીબી ફાતમાં (ર)નું નામ સાંભળી તેમને મળવા માટે આવ્યા. તેવો જબુર, તોરેતને ઇન્જીલ નામે કીતાબોના વિદ્વાન હતા. તેવો પોતાની સાથે જેવર, જવેર ખાવાપીવાની વસ્તુઓ અને લુગડા કીમતી કીમતી લાવ્યા હતા. બીબી ફાતમાં એ ઘણા માનથી તેમની આગળ ભેટ મુકર્યા. ત્યારે બીબી ફાતમાં (ર) તેમની રજા લઈ સર્વે ઇસ્લામના લાભાર્થે તરીકે આપી દીધા. તેમાં ખાવા પીવાની વસ્તુઓ તથા લુગડા તે મુસલમાનોને આપી દીધા. જે તે વખતે ઇસ્લામમાં આવ્યા હતા.

ફાતમાં (ર) સામેસા બીબી ફાતમાં (ર) ની આ વર્તણુંક જોઈ ફીદા ફીદા થઇ ગયા ને જ્યાં સુધી જીવતા રહ્યા ત્યાં સુધી હમદરદી અને તેમના ગુણ ગાતા રહ્યા.

રીવાયત કરવામાં આવે છે કે એક દીવસ બીબી ફાતમાં (ર) નમાજ અદા કરીને મુસલ્લા ઉપર બેઠયા હતા. ભૂખ તેમને લાગી હતી. ને તેથી બેચેન હતા. બીજી તરફ બાળકોની ફીકર હતી કારણુ તેમણે પણુ ખાવાનું મળ્યું નોહતું ત્યારે તે વિચાર કરતા હતા કે ખુદાએ અમોને દુનિયામાં નકામાં પેદા કર્યા છે. ના સારૂં લુગડું

મળે છે ના પેટ ભરીને ખાવાનુ મળે છે. માથા ઉપર ઓઢવાની ચાદરમાં પણ પચીસ થીગલા છે. જો અમોને ખુદા પેદા ના કરતે તો એની ખુદાઇમાં શું કમી આવી જાત? બીબી ફાતમાં (ર) આમ વિચાર કરતાં કરતાં ઉદાસ થઈ બેઠયા હતા ને રડતા હતા. એટલા હજુર મોહમદ (સ૦) તેમની રજા લઈ ઘરમાં આવ્યા. તે પોતાની પુત્રીની આ હાલત જોઈ પૂછવા લાગ્યા કે શી વારદાત છે? ઉદાસ કેમ બેઠયા છો? બીબી ફાતમાં પોતાના પિતાને જોઈ સુધીમાં આવ્યા. સાવધાન થયા. ઉભા થઇ અદબથી સલામ કરીને અરજ કરવા લાગ્યા કે મને આ ગરીબીનો જરા સ્થિતિનો વિચાર આવી ગયો. હજુર બીબી ફાતમાં (ર) નો હાથ પકડી ત્યાંજ બેસી ગયા. ને બોલ્યા ફાતમાં (ર) તમો તમારો મુસલ્લોતો ઉઠાવો. બીબી ફાતમાં (ર) તેમના કહ્યા પ્રમાણે કર્યું.

ત્યાં શું જુવે છે કે એક નદી સોનાની એક ચાંદીની વહી રહી છે. હજરત કેહવા લાગ્યા કે લઇલો ફાતમાં (ર) જેટલું જોઇએ તેટલું લઈ લો. જેટલું જોઇએ તેટલું સોનુ અને ચાંદી લઈ લો. હવે તે તમારા તાબામાં છે. સારામાં સારા પકવાન ખાવો. સારામાં સારા લુગડાં પેહરો. મહેલ બનાવો. કીલ્લા ચણાવો. નોકર ચાકર રાખો. અર્થાત જે ચાહો તે કરો પરંતુ સારી પેઠે યાદ રાખો કે આ આરામ, એશ સર્વે દુનિયાના માટે છે ને દુનિયા થોડાકજ દીવસની છે. ફેર કયામતમાં કાંઈ મળનાર નથી. એટલે તમો આ સર્વે દુનિયામાં લઈ લો. અથવા કયામતના માટે રાખી મુકો. આ સાંભળી બીબી ફાતમાં (ર) ઘણા શરમાઈ ગયા ને બોલવા લાગ્યા અબ્બાજાન! હવે પછી હું સોગનપૂર્વક કહું છું કે આવો વિચાર

ફરખો પણ નહિ કરૂં, મને દુનિયાની દોલતની જરૂર નથી. આમ બોલી આપે મુસલ્લો સીધો કરી દીધો.

હજ્જતુલ ઇસ્લામ નામક કીતાબમાં લખેલું છે કે એક વખતે બીબી ફાતમાં (ર) બીમાર થઇ ગયા. હુજુર રસુલ (સ૦) ઉમરાન હસીન જે હજુર આગળ વધારે ઇજ્જતવાળા ને મરતબાવાળા ગણાતા હતા. તેમને કીધું કે ચાલો બીબી ફાતમાં (ર) બીમાર છે માટે જોવા માટે જઇએ, તેવો હજુરની સાથે ચાલ્યા હજુરે બીબી ફાતમાં (ર) ના દરવાજા ઉપર જઈ અવાજ કર્યો ને બોલ્યા કે અસ્લામો અલૈકુમ રજા હોયતો અંદર આવીએ, તેમને જવાની રજા મળી. ત્યારે આપે કીધું કે મારો એક સાથી પણ છે, અવાજ આવ્યો કે કોણ છે. તેમણે કહ્યું કે ઉમરાન સહીત છે. ત્યારે અવાજ આવ્યો કે મારી પાસે એક ઝભા વગર કાંઈ નથી. અબા કમ્મલકે કમ-લીને બોલાવવામાં આવે છે. આપે હાથના ઈશારાથી તેને એઢાવા બીબી ફાતમાં (ર) ને કહ્યું, આપે તેમ કર્યું પણ માથું તે કમલીમાં ના રહી શકી એટલી નાની હતી. આપે પોતાની જુની ચાંદર તેમના તરફ ફેંકી ને કીધું કે માથા ઉપર લઈ લો. આની પછી ઘરમાં આવવાની રજા આપવામાં આવી જઇને તેમની હાલત પૂછી. બીબી ફાતમાં (ર) એ અરજ કરી કે મને જે તકલિફનો દરદ છે તે એ છે કે ઘરમાં કોઈ વસ્તુ ખાવાની મોજુદ નથી. ભૂખે મને લાચાર બનાવી દીધી છે. મોહમદ સ) બોલ્યા કે ગભરાવવાની કાંઇ જરૂર નથી. મેં ત્રણ દીવસથી [illegible]ાનું નથી ખાધું ને તારા સંબંધમાં મારો મરતબો [illegible]ાના દર[illegible] પાં વધારે છે. હું જે ખુદા પાસે જે કાંઈ માંગુ તે મે[illegible]રત મ[illegible] તેમ છે. પણ મે. આખેરત ઉપરથી

દુનિયાને વારી નાખી છે. આખેરતને વધારે મહત્ત્વની ગણું છું ત્યાર પછી પેગમ્બર મોહમદ (સ) મે તેમના વાંસા ઉપર હાથ ફેરવ્યો ને બોલ્યા કે તુમ જન્નતકી ઓરતુંકી સરદાર હો. દુનિયાકી મુસીબતુંસે એ દીલ નાહો.

## પ્રકરણ ૧૨ મું.

### પોતાના હક કરતાં અન્યના હકો, માંગણીને વધારે માન આપવા સંબંધીના દાખલા.

કાવ્યોમાં.

હાનેમેં સૌકડું હુઈ દુનિયામેં ઓરતે,
ઈસારે ફાતમાંકી ના લેકીન મીલી મીસાલ. ૧
મેહરૂમ કોઈભી ના ફીરા દરસે આપકે;
સાઈલકા આપને ના કભી રદ કીયા સવાલ. ૨
ખાનેકે પેહલે દેખની જાકે પડોસમે,
ભુખા પીયાસા હોતા કોઈ ઓર ખુસ્તીહાલ. ૩
ફાકેસે દેખતીથી કભી કીસીકો અગર કભી;
પેહલે ઉસે ખીલાતીથી જેહરાએ ખુશ ખેસાલ. ૪
ઈસ ખુલ્ક ઈસ અતાકી મદીનમે ધુમથી;
પડતાથા કલમાં આપકા હર પીરો ખુર્દ સાલ. ૫

(૨)

એક રોજ ખીદમતે શાહે તેઆમાં એક ગદા,
આયા ઓર ઇતેફાકસે મોજુદ થાના માલ. ૧
ફરમાયા ઉસે આપને જેહરાકે પાસ જા,
ઓર ઉસ જાકર નામે ખુદા કર દો સવાલ. ૨
મજબુર હું કે કુચ્છ નહિ ઇસ વક્ત મેરે પાસ,
મકુરર હે કે દેગી તેરા હાલ વોહ સંભાલ. ૩
અલકીસ્સા આયા ખીદમે જેહરામે વો ફકીર,
ઓરદી સદાકે ફાતમાં બીબી દીજીએ સવાલ. ૪
ભુખા હું ઓર ગમજદએ રોજગાર હું;
લીલ્લાહ કરદો જખ્મ મુસીબતકા અન્દમાલ, ૫
સુનકર સદા ફકીરકી ઘબરાયે ફાતમાં;
સોચીકે આજ ઘરમે ન આટા હે ઓરનદાલ. ૬
દોરોજહો ગએ હેં કે ફાકા સે ઘરકા ઘર;
બચ્ચુકા મેરે ભૂકકે મારેહે જી નિઢાલ. ૭
લેકીન ફકીર ગમજદ એ રોજગાર હે;
દુંગી જવાબ સાફતો હોગા બુરા ખ્યાલ. ૮
દેખા ઇધર ઉધરમે ઉઠાકર નિગાહકો;
આઈ નજર પડી હુઈ મેંઢેકી એક ખાલ. ૯
સોતેહેં ઇસપે રાતકો આકે હસન હુશેન;
નુરે નીગાહે મુર્તુજાએ ફાતમાકે લાલ. ૧૦
લાકર વો ખાલ આપને ઉસ્સે કહાકેલે,
અલ્લાહ ઓર દેગા વોહે રાજકે તઆલ. ૧૧

---

ઔલા ફકીર ખાલકે મોજ્જું લેબાસકા;
ઔર છસ્સે પેહલે ભુકકા મેને કીયા સવાલ. ૧૨
ખાનાના પેટમે હોતો કપડેકી ફીક્ર કયા;
ખાનાભી હો અતા તો ફીર એહસાં હો કમાલ. ૧૩
યે સુનકે અપની કંડી ઉતારી બતુલને,
જો હદીયતન કીસીને અભી દીથી બે મતાલ. ૧૪
કેહને લગી કે લે મેરી કન્ડીયે બેચલે;
કીમતજો કુચ્છ ગીલે ઉસે ખીસેમે અપને ડાલ. ૧૫
ખા, પી, પીલા, પીલા જોતેરેજીમે આય કર;
બાબા ખુદાકે નામ પર હોચ્છ હે જાન માલ. ૧૬
" સીદ્દીકી અકબરાબાદી"

એક વખતે ઇમામ હુશેન (ર) ઘણાં બીમાર થઈ ગયા હતા; પુત્રના પ્રેમને લઇને બીબી ફાતમાં (ર) ઘણા ઘભરાઇ ગયા હતા. કારણ પુત્રનો પ્યાર અજબ હોય છે. અને તેનો અનુભવ ઓલાદ-વાલાને પૂછવાથી પણ બરાબર માલમ પડતો નથી. પણ જ્યારે માથે ગુજરે છે ત્યારેજ તેનો અનુભવ થાય છે. ગમેતેમ પણ બીબી ફાતમાં (ર) મનુષ્ય હતા. તે રડવા લાગ્યા ને ખુદાની દરગાહમાં પ્રાથના કરી કે હે! ખુદા જો તું મારા આરામના તારા ને સાજો કરી દઇશ, તેના ઉપર આવેલી આફત દુર કરીશતો હું ત્રણ દીવસ સુધી લાગલગાટ રોજા-અપવાસ રાખીશ ખુદાના દરબારમાં તેમની પ્રાથના મંજુર થઇને ઇમામહુશેન (ર) સાજા થઇ ગયા. તેથી તે બણે પોતાના કરાર પ્રમાણે પેહલો રોજો રાખ્યો. પણ રોજો છોડવા

મારે ઘરમાં કાંઈ પણ નોહતું. જ્યારે આ વાત હજરતેઅલી (ક) ના જાણવામાં આવી ત્યારે પોતાનો બખ્તર મુકી થોડાક જવ ઉ· ધાર લાવ્યા બીબી ફાતમાં (૨) ને દળીને રોટલી બનાવી તે જ્યારે રોજો છોડવા બેસ્યા કે બારણે એક ફકીરે અવાજ કર્યો કે હું ઘણો ભુખો છું મને પેટ ભરાય એટલું ખાવાનું કાંઈ પણ આપો. બીબી ફાતમાં (૨) આ અવાજ સાંભળતાંજ સર્વે રોટલી તેને આપી દીધી તે પાણી પીને ઉંઘી ગયા. બીજા દીવસે પણ રોજો રાખ્યો. ને જ્યારે રોજો છોડવાનો વખત આવ્યો કે એક યતીમ બારણે આવ્યો ને તેણે પણ ખાવાનોજ સવાલ કર્યો ત્યારે બીબી ફાતમા (૨) પો· તાના હાથે દળીને બનાવેલી રોટલી તેને પ્યાર કરી આપી દીધી. આમ બે દીવસ એમણે પાણીના આધારેજ કાઢયા. ને ત્રીજે પણ રાખ્યો. ને જ્યારે રોટલી જવ દળી, પકવીને તૈયાર કરી ખાવાની તૈયારીમાં હતા કે એક ત્રીજે પણ ફકીર આવ્યો ને તેને સર્વે રો· ટલી આપી દીધી.

બે દીવસ સુધી ખાવાનું ના મળવાથી તેમની હાલત ઘણી ખરાબ થઈ ગઇ હતી ને ભુખના મારે લથડીયાં આવતા હતા. ને ત્રીજા દીવસે પણ ખાવાનું ના મળવાથી જરા પાણીનો ઘુંટડો લેતાંજ ચક્કર ખાઇ બેહોશ થઈ પડી ગયા. જ્યારે આ વારદાત પેગમ્બર સા· હેબના સાંભળવામાં આવી ત્યારે તેવો બીબી ફાતમાં (૨) ના પાસે ગયા તેમની આવી હાલત જોવાથી રડી પડયા ને ઉદાસ થયા. એ· વામાં ખુદા તરફથી સલામ લઈ જીબરીલ (અ૦) આવ્યા. ને તે· મણે કીધું કે આ સબક પાઠ કયામત સુધી અમર રેહશે તે ત્યારેજ કુરઆન શરીફની સુરતે દહેર નાજીલ થઇ (યતીમૌવ વ અસીરે.)

---

આ વારદાતને જનાબ શફક રીદવીએ ઘણીજ ઉત્તમ રીતે લખી છે. તે નીચે મુજબ.

સખ્ત બીમારથે સિબતેનબી રસુલે સકલેન,
તીન દીન ફાતમાંને રોજેકી માની મન્ત. ૧

હજરતે મુર્તુજા કોભી ઉસી રોજ થા શોક,
બાદમાને બી વહીં રોજેકી કરલી નેયત. ૨

લેકીન ઇફતારકા ઘરમે કોઇ સામાન નથા;
હુઇ તૈયાર ફકત નાન જવીં બાવકકત. ૩

એક મીસ્કીનને નાગાહ સદાકી દરપર;
દીનકે રોજે સેહુઈ ફાકસે શબકી નોબત. ૪

દુસરે દીનભી યતિમ એક પુકારા આકર;
દે દીયા સામને જો કુચ્છથા જહેુ યે શફકત. ૫

તીસરે દીન જો અસીર એક હુવા ફરિયાદી;
ફીર સખાવતથી વોહી ઓરવોહીથી હીમ્મત. ૬

હો ગયા વહી યતિમઉં વ અસીરકા હુજુમ
લાએ જીબ્રીલ અમીં ખુલ્દસે ખ્વાને ન્યામત. ૭

એસે ઇમાંહી મુશ્કીલ હે મીલે કોઈ મીસાલ;
એહબાત નબવીહી કીથી યે ખાસ સ્તફ્ત. ૮

# પ્રકરણ ૧૩ મું.

## ઇબાદત અને રેઆજત.

એવા પ્રકારની ગરીબી હતી કે ફાકા થતા હતા. પણ અન્યની આશા પૂર્ણ કરવા તથા ઇબાદત-ભક્તિ કરવામાં તેમનો સીતારો ચપકતો રહ્યો. હસન બસરી (ર) ફરમાવે છે કે ઈબાદત એવા પ્રકારની કરતાં કે રાત દીવસ ઉભાને ઉભાજ રેહતા. સુલ્લમાં (ર) ફરમાવે છે કે એક દીવસે હું પેગમ્બર સાહેબના હુકમથી બીબી ફાતમાં (ર) ની ખીદમતમાં હાજર થયો મે ત્યાં જઇને શું જોયું? કે બાળકો ઉંઘી ગયા છે ને પોતે તેમના ઉપર પવન નાખે છે અને મુખથી કુરઆન પઢી રહ્યા છે આ જોઇ મારા ઉપર સમજ ના પડે તેવી અસર થઈ ગઇ ને મે વિચાર્યું કે સાધારણ સ્ત્રીઓ પોતાની જીંદગી એશ આરામમાં કાપે છે પણ પેગમ્બર સાહેબની પુત્રી આવી. ઇબાદત વાળી ભક્તિ કરનાર, ઉત્તમ ગુણોવાળી છે. એક જગ્યા લખ્યું છે કે હજરતઅલી (ક) ઘરમાં ગયા તો જુવે છે કે બીબી ફાતમાં (ર) રોટલી બનાવી રહ્યા છે ને જીભ ઉપર ખુદાનુ નામ જારી છે. ઇબાદતની આવી સ્થિતિ હતી. રેયાજત ( પોતાની લાગણી, સુખ. જરૂર વગેરે કરતાં પારકાની લાગણી સુખ, જરૂર ઉપર વધારે ધ્યાન આપવું તે ) વિષે તો જેટલું લખવામાં આવે તેટલું ઓછું છે કારણ આખી ઉમર તેમાંજ આપે ગુજારી છે.

ઇતિહાસ કર્તાઓએ લખેલું છે કે દોજખ-નર્કના સંબંધમાં

જે જે તકિલફો, દુઃખો પડશે તે સંબંધી ખુદા તરફથી વહી આવી ત્યારે પેગમ્બર સાહેબ રડવા લાગ્યા. અને એવા રડયા કે પાસે બેસનારા પણ મોહબતને લઈ રડવા લાગ્યા. પણ તે કામ વગર આમ રડવાનું કારણ જાણમાં નહતું. પેગમ્બર સાહેબની આદત હતી કે જ્યારે જ્યારે ફાતમાં (ર) ની સુરત જોતા ત્યારે ત્યારે તે ખુશી થતા ને હસતા ત્યારે પાસે બેસનાર અશહાબીઓએ વિચાર કર્યો કે ગમે તે રીતે પરમ પવિત્ર ફાતમાં (ર) ને અત્રે બોલાવવા જોઇએ જેથી આ હાલત નાબુદ થાય. આખર સર્વે મળી બીબી ફાતમાં (ર) ને ત્યાં ગયા. સુલમાં (ર) અંદર ગયા ત્યારે જુવે છે કે તેવો ચક્કી પાસે છે. તે કુરઆન બોલી રહ્યા છે. પઢી રહ્યા છે. તેમણે અરજ કરી કે તમો પેગમ્બર (સ) ની ખીદમતમાં આવો. બીબી ફાતમાં (ર) તેમના કેહવાથી ઉભા થયા ને એક કમલી પોતે ઓઢી લીધી કે જેમાં બાર કરતાં વધારે થીગલા હતા. આ જોઈ સુલમાંનું દીલ ભરાઇ આવ્યું કયસર અને કસરા રશમને હરીરના લુગડા પેહરે ને છેક્ષા પેગમ્બર રસુલ મોહમદ (સ) ની પુત્રી આવા લુગડા પેહરેને તે પણ ધણા થીગલાવાળા આમ બોલતા હ ા ને રડતા હતા. કેશર કે કસરા પાદશાહ હતા. ને તે પેગમ્બર સાહેબના તાબામાં હતાં.

જ્યારે હજુરના પાસે સર્વે હાજર થયા ત્યારે બીબી ફાતમાં (ર) એ પોતાની સર્વે વારદાત કહી ને વધુમાં કહ્યું કે પાંચ વર્ષ થઈ ગયા મારે તથા અલી (ક) પાસે માત્ર એક બકરીની ખાલ વગર કાંઇપણ પાથરવાનું નથી આ સાંભળી તેવો બોલ્યા કે ફાતમાં (ર) મારી પુત્રી છે. અને તેના સબરનો બદલો ખુદા પાસે અમા-

મત છે તે પછીજ બીબી ફાતમાં (ર) એ અરજ કરી કે એવો શો બનાવ બન્યો કે તમોને આવી રીતે રડવું પડયું. તમોને રડાવ્યા. રસુલે ખુદાએ તે આયત તેમને સંભળાવી સાંભળતાની સાથેજ બેહોશ થઇ પડી ગયા ને મોહફાટ રડવા લાગ્યાને તે આયત બોલતા ગયા. ખુદાને આ અંદાજ પસંદ પડયો. આવી બીબી ફાતમાં (ર) ની લાગણી જોઈ ખુશ થઇ ગયો ને બીજી રેહમતની આયત તરત નાજીલ થઇ આથી પેગમ્બર સાહેબ તથા અન્ય ઘણા ખુશ થઈ ગયા.

હજરત ઇમામ હસન (અ) ના બોલેલા વાકયોમાં જો કહીયે તે વાકય નીચે મુજબ છે. મેં મારા માતા સૈયદા ફાતમાં (ર) સાંજથી સવાર સુધી ખુદા આગળ રડયા કરતા અને તેની પછી ઘણીજ આજીજી ને ગરીબાઇથી દુઆ માંગતા જો આ એ દુઆ પ્રથમ કોઇ દિવસ માંગતા નથી જોયા પોતાના માટે કાંઇ પણ માગ્યું હોય એવું મે કોઈ દહાડે નથી જોયું કે પોતાના માટે કાંઈપણ માંગ્યું હોય હું શું કહું ! તેમના દીલમાં ખુદાનો ખોફ એટલો બધો હતો કે પ્રાથનામાં રડતા રડતા હીજકી થઈ જતી હતી ને તે પ્રાથનામાં અન્ય માટેજ ભલાઇની માગણી કરવામાં આવતી, એમ મેં ઘણા વર્ષથી જોયું છે.

" અશકબારી કામથા ઔર આહો જારી કામથા,
હાય ! ઇસ પરદેમેંભી દેખોતો ફેજે આમ થા."

ખુદાના સાચા બંદાઓ માટે તેમની પાસે દોલત નોહતી તો પણ તેના કરતાં પણ વધારે કિમતી, મહત્વની દોલત હતી ને તે દોલત એક પ્રાથના હતી. તેવો પોતાના પતિ તથા બાળકો માટે

પણ ખુદા આગળ પ્રાર્થના કરતા હતા. પોતાના માટે તો કાંઇ પણ તે માંગતાજ નહિ ને હરેક વખતે ખુદાને ખુશ રાખવા માટે રસ્તાઓ શોધતા હતા. જ્યારે આમ રડતા રડતા ને ગરીબાઈથી મોહમદ મુ૦ (સ૦) ની વ્હાલામાં વ્હાલી પુત્રી પ્રાર્થના કરે ને તે મંજુર ના થાય તે બનવું અસંભવિત હતું.

" દોસ્તા જીન્દહિ બાસત ફેજે દરિયા બારકી,
ઇસસે બડકર હોગી ક્યા? અબ ઇન્તેહા ઇસારકી. "

એક વખતે રીસાલત મઆબ (સ૦) મે જોયું કે હજરત સૈયદા ના શરીર ઉપર ઉંટની ખાલનો લેબાસ હતો. એક હાથથી ચક્કીદળી રહ્યા હતા. ને બીજે હાથ ઇમામ હુશેન (અ) ને દુધ પાવામાં રોકાયલો હતો આ જોઈ હજરતની આંખોમાં આંસુ વહેવા લાગ્યા ને બોલ્યા હે! ફાતમાં!! દુનિયાની તકલીફો, દુઃખોનું હવે ખાતમાં કરી નાખ મટાડી દે.

હજરત અલી (ક૦) કહે છે કે મને ઘરના કામ ધંધામાં કોઇ પણ વખતે ફાતમાં (ર) થી વિરૂધ ફરિયાદ નથી આવી એક વખતે ચક્કી દળતાં દળતાં હાથમાં છાલા પડી ગયા. ને હજરતઅલી (ક) એ બીબી ફાતમાં આગળ કહ્યું કે મશકો ઉપાડતાં ઉપાડતાં મારૂં શરીર થાકી ગયું છે. આ વખતે કેટલા કેદી પેગમ્બર સાહેબ પાસે આવ્યા છે. જાવો અને દરખાસ કરોકે અમારા માટે પણ એક દાસી કામકાજ માટે મોકલી આપો, આપ પેગમ્બર સાહેબ પાસે ગયા ને પોતાની તથા અલી (ક) ની વારદાત કહી ને એક દાસી

માંગી પણ ના મળી, ને બોલ્યા કે આ વખતે મસીદમાં ચારસૌ માણસો એવા છે કે ના તેમને ખાવા કકડો રોટલા તથા ના પહેરવા લુગડા છે. ઘરના કામોનો તમોજ અને સ્ત્રી થયાને હકને કાયમ રાખો ! એવું ના થાય કે કાલ કયામતના દીવસે અલી (ર) તમારી પાસે પોતાનો હક માંગે ! તેવો હર વખતે ફરમાવ્યા કરતા હતા કે અય લખ્તે જીગર ! આ વાતનો કોઇ પણ વખતે અભિમાન ના કરશો કે ખુદાના પેગમ્બરની પુત્રી છું ! મને કયામતના દીવસે પૂછવામાં નહિ આવે ! એવું નથી બની સકતું નહિ બને. ખુદાનો ઇન્સાફ સર્વે માટે સરખો છે. ને દરેક જણના કાર્યનો ત્યાં હિસાબ આપવો પડશે તે એવી કચેરી છે કે અમીર અને ફકીર ઓળખી શકાશે નહિ જયારે આવું સાંભળતા ત્યારે ભર ભર રડતા અર્થાત ઘણું રડતા અને પહેલાં કરતાં વધારે ભક્તિ કરતા હરેક વખતે ખુદાને રસુલના ડરથી ધ્રુજતા હતા. ઘરમાં માત્ર શબ્બરને સંતોષનોજ સહારો હતો. કેટલા દીવસ ચુલામાં દેવતા પણ ના જણાતો. આ બન્ને મીયાં, બીબી દુનિયા સામે મોહું પણ નોહતા કરતા. અને ફાકાનેજ પોતાનો મિત્ર અને ઇજ્જત સમજતા હતા, તેવો દીન અને દુનિયાના સરદારની લખ્તે જીગર હતા. સેરે ખુદા અલી (ર) ના મોહોરદાર હતા પણ આખી જીંદગી એક ચટાઇ ઉપર ઉંઘીને કાઢી. સાંભળનારને તાજુબી થશે કે રેસાલતપનાહની પુત્રી પોતાના હાથેજ ચકી દળતા હતા તે પોતાના હાથેજ ઘરનું સર્વે કામકાજ કરતા હતા. પરંતુ તાજુબીમાં આવવાની કઇ બીના છે ? જે ખુદાના સાચા આશક છે તેમને દુઃખ તકિલફ સાથે પ્રેમ

હોય છે. અને આ એશો આરામને નાશવંત સમજે છે. તેમની ઇમાનની, ધર્મની શક્તિ ઘણી જોરાવર અને અનુપમ હોય છે. જે સુખો, આનન્દોનો ખુદાએ તેમની સાથે ઇકરાર કર્યો હોય છે ને પોતાની નજરે જોઈ લે છે. અને આ થોડા દીવસની તકલીફ એવી રીતે ગુજારી નાખે છે કે રાત્રીના વાટ જોવામાં અને રોજો છોડવાની ખુશીમાં રોજા રાખનાર પુરો રોજો કરી નાખે છે. આ રોજો જે મુસલમાનો રમજાનમાં રાખે છે ને દીવસે કાંઇ પણ ખાતાકે પીતા નથી તે સમજવાનો છે.

હજરતઅલી (ર) કહે છે કે જયાં સુધી ફાતમાં (ર) જીવતા રહ્યા, ત્યાં સુધી મારા જે હકો છે તેમાં જરા પણ કસુર થએલી મે કદાપિ જોઇ નથી. જયારે રાત્રી થતી ત્યારે તે ખુદાની ભક્તિમાં તન, મનથી રોકાઈ જતા. ઘરમાં એ અનાજ જયારે જયારે સીલકમાં રેહતું ત્યારે ત્યારે વખતની પહેલાં મજેદાર ખાવાનું રાંધતા. એક વખત એવું બન્યું કે તેવો બીમાર હતા. ને તય્યુમમ (વજુના કરે અને તય્યુમમ કરે છે) પણ તે વખતે તય્યુમમ કરવા સંબંધી હુકમ કરવામાં આવ્યો નોહતો. તેથી આવી બીમારીમાં પણ વોજુ કરી નમાજ અદા કરવા સારૂં ઉભા થઈ ગયા. તે રાત્રે મને જરા પણ નીંદ દીલગીરીને લઇ જરા પણ ના આવી. સવારમાં જયારે અલ્લાહો અકબર " ની અવાજ આવી. ત્યારે હું મસીદ તરફ ગયો ને વોજુ કરી જમાત સાથે નમાંજ અદા કરી. ને ઘેર આવ્યો ત્યારે ફાતમાં (ર) ચકી દળવાના કાર્યમાં જોડાઇ ગયા હતા. મને આ જોઈ ઘણી દયા આવી. ત્યારે મે કહ્યું કે હવે

આરામ કરો. આરામનો વખત છે. તમો શરીરે માંદા છો અને આવી મહેનત કરો છો તેથી તેમાં ખતરો સમાયલો છે. માટે જરા આરામ લો, ત્યાંરે તેવો બોલ્યા મારા ખાવિંદ આતો મારો હમેશ-નો માવરો છે, મને બીમારીનો ઇલાજ કરવાનો વિચાર પણ નથી. કારણ મારી બીમારીનો ઇલાજ આપની સેવા અને ખુદા અને રસુલના હુકમ ઉઠાવવાનો છે. કેમકેઃ--

હો અગર દોનુમેં કોઈ મેરે મરનેકા સબબ,
તો ભલા ઇસ મોતસે બેહતરહે કોઇ મોત કયા !
જીન્દગીકા માહશલ યેહે કે સરફે ફૂર્જ હે;
તાઅતે શોહર કરૂં ઓર બન્દગીએ કીબ્રીયા.
મોત ઇસ હાલતમેં આ જાએ તો અય ખુશ કીસ્મતી ?
મેં તો એસી મોતપે કરતીહું સો જાતે ફીદા. ?

## પ્રકરણ ૧૪ મું.

## રસુલ સાથે પ્રેમ.

રસુલે કરીમ મોહમદ (સ૦) ને બીબી ફાતમાં ઉપર હદ ઉપરાંત પ્રેમ હતો, અને તેવીજ રીતે બીબી ફાતમાં (ર) પણ હજુર ઉપર જાન અને દીલથી કુરબાન થઈ જતા અહદની લઢાઇમાં જ્યારે રસુલે ખુદા (સ૦) સખ્ત જખમી થયા તે એટલે સુધી કે મદીનાની ગલીઓમાં તેમના શહીદથવાની ખબર પોહચી ગઈ. ઇસ્લામની લડાઈમાં

જે મુસ્લમાનોનો સ્વર્ગવાસ થતો તેને શહીદ કેહવામાં આવે છે. જ્યારે આ ખબર સર્વે જગ્યા વ્યાપી ગઇ ત્યારે મદીનામાંથી ચૌદ સ્ત્રીઓ તે વારદાતની સત્ય ખબર લાવવા માટે લઢાઇના મેદાનમાં જવા લાગી. તેમાં બીબી ફાતમાં (ર) પણ હતા. ત્યાં પોહચ્યા સૈયદા (ર) એ બાબાને ખાક ઉપર બેહોશ જોયા. બીબી ફાતમાં (ર) એ પોતાના વાલિદનું માથું પોતાની ઝાનુ ઉપર રાખી લીધો અને રડવા લાગ્યા. હજરતઅલી (ક૦) ઢાલમાં પાણી ભરી ભરી લાવતા. ને હજુરના મુખને લોહીથી ધોઇ ધોઇ સાફ કરતા હતા. ત્યાં સુધી કે તેવો હોશમાં આવ્યા. ને આપે સર્વેને ધીરજ આપી ત્યાથી સર્વેને રજા આપવામાં આવી. જ્યારે મસીદમાં હજુર નમાજ અદા કરતા ને ત્યાં તેમને બીબી ફાતમાં (ર) ચકી દળતા હતા તેનો અવાજ આવતા ત્યારે તેવો પ્રાથના કરતા આમ બે ઇપ્તી યાર થઈને પ્રાથના કરતા કે " કે ઇલાહી ફાતમાં (ર) કાઇ સઈ-યાજતો કીયામ્રુતકા અજરદે ઓર ઇસે હાલતે ફકરમે સાબિત કદમ રેહનેકી તોફીક અતા ફરમાં "

•

એક દીવસે પેગમ્બર સાહેબ મસીદમાં બેઠેલા હતા. ને સર્વેમાં શાન્તિ પ્રસરી રહી હતી. ને ચુપકીનો આલમ હતો. એટલામાં હજ-રતઅલી ( ક ) આવ્યા ને બેસવા પણ નોહતા પામ્યા કે આપે ફરમાવ્યું કે 'કેમ અલી (ક) તમોએ મને જોયા પણ છે ! હે ખુદાના રસુલ ? મારી જાત આપના ઉપરથી કુરબાન ]! મેં આપને જેમ જોવાય તેવી રીતે જોયા છે. અહદની લઢાઇમાં, બદરની-લઢાઇમાં, હનેનની લઢાઇમાં અર્થાત મોટા મોટા કામોમાં આપની

સાજન, એન્ડ કું, દેવલની ગલી ફોર્ટ—મુંબાઇ.

હિમત અને બહાદુરી તથા નબીપણાની. રસુલ હોવા સંબંધી નીશાનીઓ જોઇ ચુકયો છું. અને મારા સારા નસિબને લઈ આપના કદમોમાં જગ્યા મલી છે. અને આ વખતે પણ હજુરને જોઇ રહ્યો છું. પેગમ્બર સાહેબ ફરમાવવા લાગ્યા કે નહિ, અલી (ક] તમે મને નથી જોયો. નથી જોયો ! નથી જોયો !! આ વાકયની એટલી બધી અસર થઈ તે ગભરાઇ ગયા અને મગજ તથા હૃદય પણ અસર થવામાં બાકી ના રહ્યું ને તાવ ચઢી આવ્યો. આખું શરીર ધ્રુજવા લાગ્યું. દિલના ઉપર બીક લાગવા લાગી, હજુરની રજા લઈ તે પોતાને ઘેર ગયા અને જનાબ ખાતુન (૨) ની આગળ સર્વે વારદાત પહેલાંથી છેવટ સુધી કીધી. અને બહું રડવા લાગ્યા. સૈયદા (૨) એ કમલ ઓઢાવી દીધો ને તે ઉંઘી ગયા જનાબ સૈયદા અથવા ફાતમાં (૨) એ એક દાસીને મોકલી પિતાને કેહવડાવ્યું કે જો નવરાસ હોય તો ઉભા ઉભા આવી જાય. એવી ખબર કહેવડાવી, પેગમ્બર સાહેબને દાસીની સાથે નબવી મસીદમાંથી બરોબાર આવ્યા, ઘરમાં આવીને પૂછ્યું કે કેમ ફાતમાં (૨) મને શા માટે બોલાવ્યો ? ફાતમાં (૨) ઘણી નરમાસથી અરજ કરીકે "અબ્બા જાન આજ આપને શેરે ખુદાકા દીલ તોડદીયા, ઇનેહ બુખાર હો ગયા હે, અબ મેરે ખાતીરસે ઇનેહ અપના જમાલ બા કમાલ દીખાહી દીજીએ ।"

રસુલે ખુદા (સ૦) તે વખતે ચોકમાં ઉભા થઈ ગયા એક હાથ બીબી ફાતમાં (૨) ના ખભા મુકયો ને બોલ્યા અલી (ક૦] આ હાથ નીચેથી નીકળી જાવો અને અમોને જોઇલો હજરતઅલી

(ક) એ તેમ કર્યું ને સામાં આવ્યા તેવાજ બેહોશ થઇ ગયા. અને જ્યારે હોશમાં આવ્યા ત્યારે બોલ્યા કે મેં આની પહેલાં હકીકતમાં આપને જોયા નોહતા. આ ઉપરથી સાફ માલમ પડી આવે છે હજુરને બીબી ફાતમાં (ર) સાથે કેવો પ્રેમ હતો. જે વાતની બીબી ફાતમાં (ર) શીફારસ કરતા તેને તરત હજુર મન્જુર કરી લેતા બીબી ફાતમાં બેશક હજુરની આંખના તારા હતા ગમગીન દીલનો સહારો હતા. રસુલે કરીમ (સ) ફરમાવ્યા કરતા કે ફાતમાં (ર) મારા જીગરનો કકડો છે.

જયારે (નરક) દોજખ સંબંધી આયત નાજીલ થઇ ત્યારે હજરત મોહમદ (સ) પોતાના સર્વે ખાનદાન અને કબીલાને બોલાવી તેવોને હુકમ સંભળાવ્યો કે.

અય કુરેશીઓ ! અય અબદ મનાફના પુત્રો ? અય અબદુલ મુતલબના પુત્રો ! અય ફાતમાં (ર) મોહમદ (સ) ની પુત્રી ! તમો પોતે પોતાને દોજખ—નર્કની અગ્નિથી બચાવ કરો. કેમકે કયામતના દીવસે કોઇ કોઇને કામ આવશે નહિ. ઉમ્મે સલમાં (ર) થી રીવાયત છે કે આપ એક રાત્રીએ ઉઠયા ને ફરમાવવા લાગ્યા આકાશમાંથી ફીતના અને ફસાદનો વરસાદ વરસી રહ્યો છે. અને તેવીજ રીતે રેહમતના દરવાજા ઉઘાડવામાં આવ્યા છે. ઘરમાં સોવાવાળીઓને જગાડી દો કારણ દુનિયામાં ઘણી લુગડા પહેરવાવાળી સ્ત્રીઓ નગ્ન હશે.

આપ હજુર એક વખતે રાત્રે હજરતઅલી (ક) ને ફાતમાં

(ર) પાસે આવ્યા ને કહેવા લાગ્યા કે તમો તહજ્જુદ ( રાત્રીની નમાજ ) ની નમાજ નથી પઢતા હજરતઅલી (ક) એ જવાબ આપ્યો કે યા રસુલ (સ) ! અમારૂં જાગવું તથા ઉંઘવું તે ખુદાના હાથમાં છે જો તે જગાડશે તો જાગીશું. મોહમદ (સ૦) આ જવાબ સાંભળી ચુપ થઇ ગયા પરંતુ પોતાની સાથળ ઉપર અફસોસ સાથે હથ માર્યો ને " કાતલ ઇન્સાના અકસરરો જદલા " માણુસ ઘણો જઘડાવાલો છે.

એક વખતે મોહમદ મુ. (સ૦) ને માલમ પડયું હજરતઅલી (ક] ને ફાતમાં (ર) નાવચે તકરાર થઈ છે. તેવો ઉદાસ થયા અને તેમના ઘેર ગયા. અને તેવો ત્યાં સુધી રહ્યા કે બન્નેમાં સલાહ થઈ ગઈ. તેના પછી તેવો ખુશી ખુશી બહાર આવ્યા લોકોએ આનું કારણ પૂછયું ત્યારે બોલ્યા કે મેં તે માણુસો વચ્ચે સલાહ સંપ કરાવ્યો છે કે જે મને આ દુનિયામાં વહાલામાં વહાલા છે.

એક વખતે હજરતઅલી (ક૦) એ અબુ જહેલની પુત્રી સાથે નીકાહ કરવાનો વિચાર કર્યો. ડીકરીના વાલીઓને વિચાર થયો કે આ બનાવથી વખતે પેગમ્બર (સ) નારાજ થાય આથી તેવો તેમની સલાહ લેવા માટે આવ્યા. આમ બીજી બાજુ ફાતમાં (ર) અરજ કરવા લાગ્યા, કે અલી (ક) અબુજહેલની પુત્રી સાથે સાદી કરી મારા ઉપર શોક લાવી બેસસે. આવારહાત સાંભળતા અને ફાતમાં (ર) ને ગમગીન જોવાથી હજરતના દીલ ઉપર ચોટ લાગી. મસીદમાં જઈ મીમ્બર ઉપર ચઢી બોલવા લાગ્યા કે હશામ મોગીરાહ ના ખાનદાનના લોકો રજા લેવા આવ્યા હતા કે અલી (ક) સાથે

પોતાની પુત્રીનો નીકાહ કરી આપે હું કદાપિ પણ રજા નથી આપી શકતો. તે કદી પણ બની શકતું નથી. કે રસુલ (સ) અને ખુદાના દુશ્મન (અબુજહેલ) ની પુત્રી તે ખુદાના દોસ્તની પુત્રી એક ઘરમાં રહે. અયશેખો !! ફાતમાં (ર) મારા જીગરનો કકડો છે. તેના રંજમાં દુઃખમાં મને રંજ અને દુઃખ થાય છે અને તેની તકલિફે મને તકલિફ હજરત અલી (ક) આ વારદાત સાંભળી. કાનો ઉપર હાથ મુકયા. હજુર વધારામાં બોલ્યા કે જ્યાં સુધી ફાતમાં (ર) હયાતી ભોગે છે ત્યાં સુધી બીજી સ્ત્રી લાવવી નહિ. આયશા (ર) કેહતા હતા કે મોહમદ મુ૦ (સ) ના સ્વર્ગવાસના કેટલા દીવસ પેહલાં અમો સર્વે ઘરમાં હતા ફાતમાં (ર) આવ્યા તેમણે મોહમદ મુ૦ (સ) મેં પોતાની આદતની માફક ઘણાજ પ્યારથી પોતાની પાસે બેસાડયા. અને ફાતમાં (ર) ના કાનમાં ધીમેથી કોઈ વાત કહી જેને સાંભળી તે રડવા લાગ્યા. ફેર આપે કંઇ કહ્યું એટલે હસવા લાગ્યા. અને ઘણી નવાઇ લાગી કારણ એકદમ રડવું ને એકદમ હસવું તે અજીબ બીના હતી. અને ત્યાંથી ઉઠયા પછી જ્યારે પૂછવામાં આવ્યુ ત્યારે ફાતમાં (ર) એ કહ્યું કે જે વાત મોહમદ મુ. (સ૦) છાની રાખી તેને હું જાહેર નહિ કરૂં મોહમદ મુ૦ (સ૦) ના સ્વર્ગવાસ પછી મેં ફાતમાં (ર) ને કહ્યું કે લો હવે એ વખત ગુજરી ગયો માટે તે સબબ બતાવી દો. ફાતમાં [ર] બોલ્યા કે હવે કાંઇ પણ અંદેશો નથી. હવે બતાવી દવું છું આપે મને કહ્યું કે જીબ્રીલ (અ) દરેક વર્ષ મને રમજાનના મહીનામાં કુરઆન મજીદનો વીર્દ કર્યા કરતા હતા. આ સાલ બે વાર ઘટી

ગયા છે. આથી માલમ પડે છે કે મારી વફાતના દીવસો નજીક આવ્યા છે. આ સાંભળી હું એકદમ રડી પડી ત્યારે આપે બીજીવાર કહ્યું કે જુવો સર્વે સગાઓમાંથી સૌથી પહેલા તમો મને સ્વર્ગમાં આવી મળશો અને સ્વર્ગમાં સર્વે સ્ત્રીઓના તમો સરદાર થશો. આ સાંભળી હું ખુશી થઇને હસી પડી હતી.

મોહમદ મુ૦ (સ૦) ને જેવી રીતે પોતાની પુત્રી ઉપર પ્રેમ હતો તેવો પ્રેમ પોતાના જમાઇ તથા તેમના પુત્રો એટલે હજુરના નવાસા ઉપર પણ રાખતા હતા. આપ ફરમાવતા કે જે અલી (ક) નો દોસ્ત–મિત્ર છે તે મારો પણ દોસ્ત–મિત્ર છે. કોઈપણ ફરમાવતા કે અલી (ક) તમો આખેરતમાં તથા દુનિયામાં મારા ભાઇ છો. નવાસાની મોહબતનું તો પૂછવુંજ શું! આનાથી વધારે શું હતું કે બન્નેને પોતાના ખભા ઉપર બેસાડતા. કદી પોતાની ગોદમાં બેસાડતા ને ખુશ થતા હતા. એક વખતે આપ ફાતમાં (ર) ને ત્યાં તશરીફ લાવ્યા. બીબી ફાતમાં (ર) ઉંઘતા હતા હુશૈન (અ) એ પાણી માંગ્યું. આપ ઉઠીને પાણી લઇ આપવા ગયા. પણ વચમાં હસન (અ) પીવા માટે આવ્યા, આપે તેમને હઠાવી દીધા ને હુશૈનને પાણી પીવાડી દીધું. આ જોઈ ફાતમો (ર) એ પૂછ્યું કે હજરત! આપને હુશૈનથી વધારે ઉલ્ફત છે! આપે ફરમાવ્યું નહિ બન્ને બરાબર છે. અને મારા દીલની રાહત છે પણ તેમણે પહેલાં માંગ્યું હતું માટે તેમને આપ્યું. અય ફાતમાં (ર)! તુમ ઓર તુમારા ખાવિંદ અને તમારી ઓલાદ સ્વર્ગમાં સર્વે એકજ જગ્યાએ હોઇશું હજુરે મકબુલ (સ) ફરમાવ્યા કરતા હતા કે ફાતમાં મારા રીહાના

( પુજ્ય ) છે. હજરત આયેશા (ર) ફરમાવતા કે પેગમ્બર (સ) ના પછી ફાતમાં (ર) વગર કોઇને મેં સારો જોયો નથી. એક વખતે કોઇએ આયેશા [ર] થી પૂછ્યું કે રસુલે ખુદા (સ) કોની સાથે વધારે મોહબત રાખતા. જવાબ આપ્યો કે ફાતમાં (ર)ની સાથે.

અશહાબોએ એક વખતે પૂછ્યું કે સ્ત્રીઓમાં કોનો દરજ્જો ઉત્તમ છે ? આપે ચાર લીટી જમીન ઉપર ખેંચી અને બોલ્યા કે મરીયમ (ર) ખદીજા (ર) ફાતમાં (ર) અને આસીયા (ર) નો મરતબો સૌ સ્ત્રીઓમાં વધારે છે. આસીયા ફીરઓનની બીબીનું નામ છે. આવારદાતમાં મોહદસેન ( હદીસો કેહનાર ) માં મતભેદ છે. કે આ ઉમ્મતમાં કોનો દરજ્જો વધારે છે. કોઇએ હજરત આયેશા (ર) ઉત્તમ માન્યા અને કેટલાક બીબી ફાતમાં (ર) સૌથી વધારે ઈજજતવાળા ફઝીલતવાલા માને છે. અગર અમારાથી પૂછવામાં આવેતો દરેક જણુ પતિ પોતાના સ્થાને અફજલને પાકદામન હતા. અમો ફાતમાં (ર) ની સીરતમાં ( ગુણોમાં ચાલ ચલગ ) આયેશા પવિત્રતા અને સત્યતાને ઈલ્મીયતથી ઈન્કાર નથી કરી શકતા. ના સીરત આયેશા (ર) રસુલે ખુદા (સ) ના જીગરના કકડાના સંબંધમાં આંખ આગળ કાન નથી કરી શકતા ! જનાબ ફાતમાં [ર] ની ચલગતમાં જે પવિત્રતા સબર, ધીરજ સંતોષ હતો. તેના પ્રતાપે રસુલે ખુદા (સ) ને પોતાના ગુણ ગાનાર બનાવી દીધા હતા. અને હજુર પણ તેમની સાથે અનહદ પ્રેમ બતાવતા ને રાખતા હતા આ વગર બીજા પણ કારણો છે કેથી બીજી ફાતમાંના ગુલામોનાજ કરી શકે છે. એટલે (૧) ફાતમાં (ર) રસુલે ખુદા (સ) ના જી-

ગરનો કકડો અને આંખોના નુર હતા (ર) તેમના શોહર અલી (ક) અબુતાલીબ હજુરના કાકાના ડીકરા અને શેરેખુદા હતા. જેવી રીતે બીબી ફાતમાં (ર) સબરવાળા, સંતોષી, પરહેજગાર અને ખુદાનો ખોફ (બીક) રાખનાર હતા તેવાજ તેમના પતિ પણ સબર અને બહાદુરીના માલિક હતા. (૩) ફાતમાના પ્રતાપેજ હસન (અ) ને હુશેન (અ) પેદા થયા જેમની શહાદતની વારદાત ઉમ્મતને કયામત સુધી રડાવતી રેહશે અને તેજ ગુનેહગારને છોડાવશે તથા તેમનાજ પ્રતાપે સૈયદવંશની હાલ દુનિયામાં હયાતી છે.

## પ્રકરણ ૧૫ મું.

—ઇદ—

બીબી ફાતમાં (ર) ની આગળ વર્ણવેલી હાલતને લઇ તેમની પ્રાથના માંગણી ખુદાના દરબારમાં મંજુર થતી હતી તેવો દીલથી જેવી દુવા કરતા તેવી ત્યાં મંજુર થતી હતી. એકવાતની બીના છે કે ઇદનો મુબારક તેહવાર હતો. આપે સવારની નમાજ અદા કરી હતી. લોટ દળતા હતા. હલાલની રોજી અને સત્યતા એમને પવન નાખી રહ્યા હતા. રેયાજત અને મેહનત તેમને બોસા આપી રહી રહી. મન મારવું, તેને કાબુમાં રાખવું,–તેને જીતવું તેમના પગોમા બોસો આપવું. તેમના બંને લાલ અને નાનાના દુલારા હસન (અ) ને હુશેન (અ) બારણે રમતા હતા. જ્યારે તેમને માલમ પડયું કે આજે ઇદ છે. ત્યારે એકદમ દોડી ગયા ને માતાને વલગી પડ્યા

ને બોલવા લાગ્યા માતા ! તમોને ખબર નથી ? કે આજે ઈદ છે! આજ એ દીવસ છે કે અમીરને ગરીબ બન્ને ખુશીઓ મનાવશે. આજનો દીવસ મારા નાનાની ઉમ્મતનો ખુશીનો દહાડો છે. આજના દીવસ અમારા નાનાના નામનો ખુતબો પઢવામાં આવશે. અને કુરેશના સર્વ બાળક આજે સારા સારા લુગડા પહેરશે. ખુશબો લગાડશે અને પોતાના લુગડા ઉપર નાચ કરશે. લોકો ઉંટો ઉપર સવાર થશે ને ઉંટોને સંગારશે. અને તેમને જેવર-ઘરેણા પહેરાવશે શું અમો આવીજ હાલતમાં રહીશું ? લાવો અમોને પણ સારા લુગડા આપો. જેથી અમો પણ પહેરી ઈદગામાં જઇએ. બીબી ફાતમાં (ર) બાળકોની આ વાતો સાંભળતા અને બેકરાર થતા હતા. કે આ બાળકોને ક્યાંથી લુગડાં લાવી આપું ? અને કેવી રીતે તેમના દીલને રાજી કરીશ ? દીલમાં પરેશાની ને ગભરામણ હતી પણ મુખે તેમને શાન્તિ આપતા હતા. ને કેહતા હતા કે જરા થોભો હું લોટ દળી લઉં, ફેર તમોને નવા લુગડા પહેરાવું છું. પણ બાળકોને આટલી વાર થોભવું પસંદ નોહતું. ને બરાબર હટ પકડી બેઠા હતા. લાચારી સાથે ચકી બંદ કરવી પડી. ને બોલ્યા કે જાવો સારી પેઠે નાહી નાખો અમણા દરજી લુગડા લઇને આવતો હશે બાળકો આ સાંભળી ખુશ થઇ ગયા અને નાહવા માટે રોકાયા, નાહવા લાગ્યા. જ્યારે બાળકો નાહવા માટે રોકાયા ત્યારે ફાતમાં (ર) મુસ્લો પાથરી-રડવા લાગ્યા. આપ રડતા હતા અને ખુદાના દરબારમાં પ્રાથના કરતા હતા કે અય ! ખુદા મારી ઈજ્જત આબરૂ હવે તારા હાથમાં છે. હવે તારા વગર કોણ છે કે નબી (સ) ના નવાસાઓને ધીરજ આપે. અને મારા કોલ અને કરારને પુરો કરે. તારી જાત શહેન-

શાહી છે. તારા મહેરબાનીના સમુદ્રથી લાખો પ્યાસાઓને પાણી પીં. વડાવી સંતોષ આપ્યો છે. તેમની ભુખ ભાગી છે. આજે આ બાળકો મારી પાસે લુગડા માંગે છે. મારો એવો હાલ છે કે થીગડા વાળું લુગડું પણ મળતું નથી. આ માસુમો ઉપર મહેરબાનીની કૃપા દૃષ્ટિ કર. ને ગેબના ખજાનામાંથી તેમને લુગડા પહોચાડ કે આખર તે તારા મેહબુબના નવાસા છે. તારી મહેરબાનીની નજરથી તે શાદ શાદ થઈ જશે તું ગની છે. તું જો આપવા ચાહેતો કોઇ વાતની કમી નથી તે માસુમ નબી મોહમદ મુ૦ (સ) ના નવાસા છે. અલી (ક૦) ની આંખોના તારા છે. અને તારો સહારો છે. એવું ના થાય કે એમનું દીલ તુટી જાય જો તેવો આવી હાલતમાં ઇદગામાં જશે તો તે નારાજ થશે. કુરેશના બાળકો તેમના ઉપર આંગલીઓ ઉંચી કરશે. અને તેમની સામે હીકારતની નજરથી જોશે મેં પોતાની જાતની હાલત માટે કોઇવાર માંગણી કરી નથી અને હાલ પણ કરૂં છું. માત્ર હુસ્ને (અ) ના માટે માગણી કરૂં છું તારો દરવાજો ખટખટાવું છું. મારો સવાલ પુરો કર કહે છે કે અમણા દુવા-પ્રાથના પણ સંપૂર્ણ થઈ નોહતી કે દરવાજાને કોઇએ ખટખટાવ્યો અને જોરથી બોલ્યો કે લુગડા લઇ જાવો બાળકો દોડતા દોડતા ગયા ને જઇને જુંવે છે તો એક માણુસ જેને જોતાં દરજી છે. એક કલ્પના કરતાં વાંધો આવે તેમ નોહતું જાણે દરજીજ આવ્યો છે. એક થાલ લઈ ઉભો છે, તેમણે તે લઇ લીધો ને ઘરમાં આવ્યા તે માણુસ સલામ કરી જતો રહ્યો ફાતમાં (ર) અમણા પણ સીજદામાં હતા. બાળકો તેમની પાસે ગયા ને કેહવા લાગા કે માતા અમારી પવિત્ર માતા ઉઠો દરજી અમારા લુગડાં આપી ગયો છે. ચાલો અમોને પેહરાવો

બીબી ફાતમા (ર) ખુદાનો શુક્ર ગુજારતાં ઉઠયા ને તેમને લુગડા પહેરાવાની ઇદગા તરફ જવાની રજા આપી. સુબ્હાનલ્લાહ.

આ વારદાતને કેસર બાગના બુલબુલ હજારદાસ્તાન મોલાના સીમાબ અકબર આબાદી આને નજમમાં લખ્યું છે તે વાંચક આગળ મુકું છું.

મુનઅમ બચશ્મે ગોરરૂએ વાકઆત દેખ,
હાં ગોશે હોશ ખોલકે યે દાસ્તાન સુન;
હોતીથી ઇદ એહદે નબુવત (સ) મેં કીસતરાં,
કરતા હું એહલે બેતકા તુજસે બયાન સુન.
હાસીલથી દોં જહાંનકી જીનત ઉન્હે મગર,
અરબાબે ફખર ફકરકી રકતેથે શાન સુન.
ગુરબતમેં શુક્ર કરતેથે ક્યું કર ખુદાકા દેખ;
નામેં ખુદાપે દેતેથે કીસ તરહાં જાન સુન.
અન્દાજએ તવક્કલે આલે રસુલ (સ) કર;
નાં ઉમ્ર કેસે સખ્ત દીએ ઇમતેહાન સુન.
જો વાદીયું મેં મુલ્કે અરબકી હુઈ ફના.
ઉસ ગુંજસે ભરે હુવે અબતકહે કાન સુન.
તું મુબતેલાહે ક્યું હવસે ઇજ્જતે જાહમેં,
વકઅત તેરી નહિ હે નબી (સ) કી નીગાહમે.
આતીહે ઇદ તેરે લીએ જીનતુંકે સાથ,
ફીરતાહે શાદ તું તુઅકે જર લીએ હુવે.
કરતાહે કુન્બે ાલુંકા તકસીમ ન્યાઅમતે,

જાતાહે ખ્વાન હાથમેં ધરધર લીએ હુવે.
હાસીલ તેરે લીબાસકો હરશાને ઈફ્તેખાર,
પ્યકર તેરા લેબાસે મોઅત્તર લીએ હુવે.
[redacted]શમેં નાજહે તો શોકતું કે સાથ;
બેઠી હે ઘરમેં ઓરતે જેવર લીએ હુવે.
એહબાબ અદીં ગીર્દહેં પરવાનુંકી તરાહ,
સાથ અપને ખાદમુંકા લશ્કર લીએ હુવે.
રખતા નહિ જમીનપે તું પાવું ફખ્રસે,
હે સો ગરૂર એક તેરી ઠોકર લીએ હુવે.

[redacted]ાહરે ગફ્લતેં કે ખુશીકા મુરીદહે,
ઘરતેરા ઈદગાહહે તુ મોહરે ઈદ હે.

ઈદે સલફ્પે ડાલ જરા ગોરકી નજર,
આઈ હે ઈદ જાહરાએ મલકે હીજાજમેં.
પેહને હુવે હેં કપડે બહોત કીમતી કુરેશ,
ઉંટુકો દેખીયે તો હેં પોશીદાહ સાજમેં.
ચક્કી કે પીસનેમેં હે મસરૂફ ફાતમાં (ર)
બીલકુલ ખુશી નહિ હે દીલે પાક બાજમેં.
પેગંદાર સરપે હે એક ચાદરે કોહત,
સીજદેમેં હે કભી કભી બે ખુદ નમાજ હેં.
આંખુસે મોજ મોજ રવાંહે શરકતે અશ્ક,
લુત્ફ આ રહાહે ઈજજતે રાજે નેયાજમેં.
બેદારીયું કે ચશ્મે તમન્ના પેહે અસર,

મરતી જરા નહિ નીગારે જામ આજમેં.
હાં એ ખુદે મુસરરતે જાહીર મહાલહે,
ઓલાદ મુસ્તફાહે ખુદાકા ખીયાલહે.
આતેહે બચ્ચે ખેલકે બાહીરસેં નાગરા,
કેહતે હે અમ્માજાન ઉઠો રોજે ઈદ હે.
પેહનાઈએ હમેલી નયા આજતો લેબાસ,
મનજુર ઈદ ગાહકે જલસેકી દીદ હે.
કેહતેહે ફાતમા (૨) કે "જરા સબ્ર કીજીએ"
દરજી જરૂર લાયગા કપડે ઉમીદ હે.
સીજદેમેં સરકો રખકે ફીર કરતી હે યે દુઆ,
પરવર દીગાર તુંહી ખુદાએ મજીદ હે.
સામાન મેરે બચ્ચુકી દીલ જોઈકા નહિ,
દીલકો ઈસી ખીયાલસે સદમાં મજીદ હે.
અપને લીએ મે તુજસે નહિ માંગતી હું કુચ્છ,
ઇન બેકસુંકા સદમાં ગુરબત શદીદ હે.
અલફાજ ફાતમાં (૨) કે અજબ રંગ લાતે હે,
મલબુસ લેકે ખુલ્દસે જીબ્રીલ લાતે હે.

---

અસહાબ ઓર સૈયદે અબરારકે ઉનીસ,
ઓર ખુદજનાબે સૈયદે અબરાર રોજે ઈદ.
સાદા લીબાસ રખતેથે ઘરમે ધુલા હુવા,
કરતે ન થે વો ફકકા ઇજહાર રોજે ઈદ.

ધોતેથે અપને હાથસે કપડે એહલે બેત,
રખતેથે યાદ હકસે સરોકાર રોજે ઇદ.
જાતેથે ચલકે પાવુંસુંતા સહેન ઇદગાહ,
ખુદબી જનાબે એહમદે (સ) મુખતાર રોજે ઇદ.
અપની ખુશીકા કરતે નથે કોઇ એહ તમામ,
ખુશનીદીએ ખુદાકી તલબગાર રોજે ઇદ.
ખેરાત ઓર સદકાથા એક શુગલા એહલે બેત,
બનતેથે એહલે દર્દકે ગમખાર રોજે ઇદ.
અસબાબ એશ કબથે નદીમું કે વાસ્તે,
ઉઠતેથે ઉન્કે હાથ યતિમુકે વાસ્તે.

---

હે તુજકો એહલે બેતકી તકલીદ લાજથી,
જો કુચ્છ કીયા નબીયો (સ) અલી (ક) નેવો કામકર.
તુ અપને એહલે બેતકા ઇતના કરે ખીયાલ,
રોયા કરે યતિમ કલેજુંકો થામકર;
યેરસમપે તરીકએ ગફલત ખરાબ હે,
ઇસ્લામકી ચાહતો ઉસ્કો સલામ હે.
માનાકે રોજ ઇદ મુસરરતહે દહેરમેં,
લેકીનના જાહેલુંકી તરાં ધુમ ધામહે.
શાદીહો મલાલ મોહરમ હોયા હો ઇદ,
તુ પેરવી રસુલ (સ) હીકી સુબહો સામકર.
ઇતનાબી ચાહીએના અસર રોજે ઇદકા,
દીલમેં તેરે ખીયાલના આયે વો ઇદકા.

---

# પ્રકરણ ૧૯ મું.

## —કરામત—

આદમો જીન્નો મલક સબહો જો મસરૂકે સના;
તોભી એક સમાહના હકકે વસ્ફ જાહરા હો અદા. ૧
જીસકી કુરઆનો અહાદીસ નબી પરહે નજર;
ફતબએ બન્તે નબીસે કુચ્છ વોહીહે બા અરબ, ૨
થી જનાબે ફાતમાં (ર) રૂહે રવાને મુસ્તફા (સ)
પયકરે જાહરામેંથી દર અસ્લ જાને મુસ્તફા (સ) ૩

તાહેરા, માસુમોહ, સદીકોહ, જકીયોહ આપ થી,
માઅનીયો મરહુમ મજીયોહ રજીયો આપથી. ૪
થી જનાબે સૈયદા ઈસ વજહેશે ખેરૂન્નેસાં,
સ.મેલે અહલે કબાથી દાખીલે આલે અબા. ૫

આદરે તતહીરથી જે બેસરો દોશે બતુલ,
રસમો નાપાકીસે બીલકુલ પાકથી બીન્તે રસુલ. ૬
નુર હકસે ખલકતે જાહરાથી કોઇ શક નહિ;
માનતેહે ઈસકો જાનો દીલસે અરબાબે યકી. ૭

ઉમ્મેયમન (ર) થી રીવાયત છે કે એક દહાડે હું બીબી ફાત-
માં (ર) ને ત્યાં ગયો ત્યારે ઘણીજ ગરમી પડતી હતી. તે વખતે

કોણુ જાણે કયા કારણે ઘણીજ ગરમી પડતી હતી અને બાળી ના-ખશે કે કેમ એવો પ્રશ્ન સ્વાભાવિક ઉદ્દ્ભવતો હતો. પૃથ્વીના તપ-વાથી હવા પણુ ઘણીજ તપી ગઈ હતી. અને અરબસ્તાનની ગરમી તો પછી પૂછવુંજ શું ! આવા વખતે હું તેમને ત્યાં ગયો ત્યારે બારણે ચકી દળવાનો અવાજ આવતો હતો. જાણે બીબી ફાતમાં (ર) આવી સખત ગરમીમાં દળી રહ્યા છે. બીબી ફાતમા (ર) ના દ્વારમાં ફાડ હતી તેમાંથી જોતાં માલમ પડયું કે બીબી ફાતમાં (ર) તો ઉંઘી ગયા હતા. ઉંઘતા હતા પણુ ચકીતો ફરી રહી હતી ને લોટ દળાતો હતો. તે ઉપરાંત શબ્બીર (અ૦)નું પારણું પણુ હાલી રહ્યું હતું ને બીબી ફાતમાં (ર) ના હાથમાં તસ્બી હતી ને તે જાણે કોઈ ફેરવતું હોય તેમ ફરી રહી હતી. આ વારદાત જોઈ મને ઘણી તાજુબી લાગી ને ત્યાંથી મોહમદ મુસ્તફા (સ) ની ખીદમતમાં હા-જર થયો. અને સદરહુ વારદાત સંબંધી ખુલાસો કરવા અરજ કરી ત્યારે તેવો ફરમાવવા લાગ્યા કે તેનું કારણુ હું તમોને સમજાવી દવું છું. તમો જાણોજ છો કે આજ ગરમી ઘણીજ સખત પડે છે. અને બીબી ફાતમાં (ર) એ આજે રોજો અપવાસ રાખ્યો છે ખુદા-વંદને બીબી ફાતમાં (ર) ને તકિલફ ના પોંચે તેટલા માટે મલા-એકોને હુકમ કર્યો કે જાવો તમો મારા પેગમ્બર (સ) ની લખ્તે જીગ-રને આરામ આપોને તેમના ગૃહના કાર્યમાં મદદ કરો. તેથી તેવો તેમના ઘરમાં આવી કામ કરે છે ને મારી પુત્રીને આરામ લેવડાવનાર પણુ ખુદાજ છે. કારણુ રંજ, મુસીબત ઉંઘમાં કોઇપણુ તકિલફ આપી શકતા નથી. ચકી પીસવાનું કામ કરનાર મીકાઈલ (અ૦) છે. પારણું

કલાવતાનું ક.મ ઉપર જીબ્રીલ (અ૦) છે અને તરફથી જે બીબી ફાત-માના હાથમાં ફરતી દેખાય છે તેના ઉપર ઇસરાફીલ (અ) નીમાએલા છે. આ મમ.ળે ખુલાસો કર્યો.

કુતબુદ્દીન (ર) થી રીવાયત છે કે એક દીવસે હજરત અલી (ક) બહારથી આવ્યા ને ઘરની હાલત જોવાથી ઘણુાજ વિચારમાં પડયા. જ્યારે તેવો ઘરમાં આવ્યા ત્યારે પેગમ્બર સાહેબના દીલ અને જાત હસન (અ) ને હુશેન (અ) તથા ફાતમાં [ર) ભુખની આપદામાં દુખી થાય છે અને તે ઉપરાંત જેનબ (ર) અને કલશુમ (ર) જે હાલ ઘણી નાની ઉમરના હતા તેવો આ વેદના વેઠી શકતા નોહતા. પૂછતાં માલમ પડયું કે ઘરમાં ખાવા માટે એક પણ દાણો નથી. તેથી તેવો ગભરાયા તેવો પોતે ભુખ્યા હતા પોતાના સંબંધમાં તો તે-મને કોઈ પણ ફીકર નોહતી પણ નાના બાળકો માટે આમા લાગી આવ્યું, તેવો શેરદીલના હતા સબર કરનાર હતા સાબીર હતા પણ તેમને એટલી બધી વેદના થઇ કે જાણે કલેજું તુટી ગયું નાં હોય મુખે તો ખુદાનો શુક્ર ગુજારતા હતા. પણ મુખાકૃતિ જોવાથી તેના-થી વીરૂધ માલમ પડતું હતું. ખાવિંદના હુકમને માન આપનાર તેમની ખુશીએ ખુશી ને ગમીએ ગમી રાખનાર બીબી ફાતમાં [ર) હતા. અને હરેક વખતે તેમનું દીલ રાજી રાખવા તન મનથી તૈયાર રેહતા. આવી બાબતોમાં દીલથી દીલ મળવાથી આરામ થાય છે. તેતો નક્કી છે. બીબી ફાતમાં (ર) અલી (ક) પાસે આવ્યા ને બો-લ્યા કે કાંઈ ફીકર નહિ મારી પાસે આ (ચાદર) મોજુદ છે. તેને લઈ જાવો ને જે મળે તે લઇ આવો. હજરત અલી (ક) વિચાર

ક્યાં પાછી તેવો એક યહુદીને ત્યાં ગયા તેને તે ચાદર આપી તેણે આહીશેર જવ આપ્યા તે લઇને પોતે ઘેર આવ્યા. બીબી ફાતમાં (૨) તે દળીને રોટલી બનાવી તે અરસામાં ! અફસોસ માત્ર સાક નહિ હોવાથી મીઠા નીમકની સાથે રોટલી ખુશી સાથે ખાધી અહા ! કેવો હાલ ! કેવો સંતોષ ! ! !

તે ચાદર યહુદીએ એક ઓરડીમાં લાવી મુકી દીધી ને રાત્રે કાંઇ કામ અર્થે તે યહુદીની સ્ત્રી તે ઓરડીમાં ગઇ તો શું જુવે છે કે તે ઓરડી ઘણીજ પ્રકાશી રહી છે તે એટલા સુધી કે આંખ પણ તે જોઇ શકતી નથી. ને તે સર્વે પ્રકાર બીબી ફાતમાં (૨) ની ચાદરથી હતો એમ તે જોઇ શકી આ વાતની તેણે પોતાના ધણીને ખબર આપી તે પણ ત્યાં આવ્યો, જાણે મુસા (અ) ને તુર ઉપર જે દીદાર થયા હતા તેમ આ યહુદીઓને થયું અને તે વાત તેને ત્યાં યાદ આવી ગઈ અને તે પ્રકાશને લઇ આંખો પણ બંધ થઇ ગઇ તે યહુદીના તાબામાં બીજા એંસી માણસો હતા તે સર્વેને આ દેખાવ દેખાડયો તે સર્વે જોતાંજ મુસલમાન થઇ ગયા ઇસ્લામી ધર્મ કબુલ કર્યો અને કલમો બોલતા બોલતા મોહમદ (સ) ના દરબારમાં આવ્યા ને પવિત્ર ચાદરને બીબી ફાતમાં (૨) ની ખીદમતમાં હાજર કરી તેમને પાછી આપી આ એક કરામત નહિતો બીજુ શું ?

એક વખતે પેગંબરશર મોહમદ (સ) ને બે દીવસથી ખાવાનું મળ્યું નોહતું ત્યારે બીબી ફાતમાં (૨) ને ત્યાં ગયા કારણ તેવો જાણતા હતા ખુદાની મહેરબાનીથી કાંઈપણ ત્યાં ખાવાનું મળશેજ

જ્યારે તેવો તેમને ત્યાં ગયા ને કહ્યું કે હું બે દીવસથી ભુખો છું માટે કાંઇપણુ હોય તે ખાવાનું આપો આ વાત સાંભળી બીબી ફાતમાં (ર) ઘણાં ધભરાઈ ગયા કારણુ બીબી ફાતમાં (ર) દર્દીઓના દર્દ ટાળનાર હતા. અને કોઇપણુ એવો બનાવ બન્યો નથી કે તેમના બારણુાથી કોઇ ખાલી હાથે ગયું હોય અને વળી આતો પોતાના વાલીદ અને પેગમ્બર તેથી ગભરાઈ ગયા ને મુખડા ઉપર હવાઇઓ ઉડવા લાગી જ્યારે બીબી ફાતમાં (ર) ની આવી હાલત જોઇ ત્યારે તેવોએ કહ્યું શું ઘરમાં ખાવાનું નથી ત્યારે જવાબ ઘણી નમ્રતાથી મળ્યો કે મારા પરમ કૃપાળુ પિતા અમો પણુ ભુખા છીએ તે સાથે નાના બાળકો પણુ ભુખા છે. જ્યારે આ વરિદાત જાણુવામાં આવી ત્યારે પેગમ્બર સાહેબે રોજે રાખવાનો બોધ આપ્યો ને ત્યાંથી પધારી ગયા આ બાજુ પેગમ્બર સાહેબ ગયા કે તરત એક કનીજ જે બીબી ફાતમાં (ર) સાથે ઘણોજ પ્રેમ રાખતી હતી તે ખાવાનું લઇને આવી તેમાં એક ગોસ્તનો કકડો અને બે રોટલી હતી. આ ઉપકારના બદલામાં તે બાઇનો ઘણો ઉપકાર માનવામાં આવ્યો એટલે ઘણી ઇજ્જત કરી અને તેની ભેટ સ્વિકારી બાદ તેવોએ પોતાના પુત્રોને કહ્યું કે જાવો નાના જાનને બોલાવી લાવો. કારણુ તે આપણુા કરતાં ઘણુા ભુખા છે. આ સાંભળતાંજ તે બાળકો હસતા હસતા મસીદમાં ગયા. મોહમદ (સ) જ્યારે બાળકોને હસતા જોયા ત્યારે ઘણુાંજ ખુશી થયા.

અર્થાત બીબી ખેરુન્નેસા (ર) ના મકાન ઉપર પાછા પેગમ્બર મોહમદ (સ) આવ્યા ને ફાતમાં (ર) એ ખાવાનું તેમના આ-

ચળી મુકી દીધું. પણ તેમાં એવી તાસીર થઈ કે તે ખાવાનું ખુટેજ નહિ ઉલ્ટું વધતું જાય આથી એક ગોસના કકડા તથા બે રોટલી-માં સર્વે ઘરવાળાએ ખાધું તે ઉપરાંત આડોસી પાડોસીને પણ વે-ચવામાં આવ્યું.

સત્ય છે કે:—

વાહ જાહરાકી બદૌલત ખૂબહી દૌલત મીલી;
અપને ઘર બેઠે સબકો ન્યામતે જન્નત મીલી.

## પ્રકરણ ૧૭ મું.

## શરમ અને હયા.

હજરત અબુ હરીરાહ (ર) થી ઈરશાદ છે કે પૈગમ્બર મોહમદ (સ) એ ફરમાવ્યું હતું કે હયા ઈમાનની શાખ છે. અને ઈમાનવાલા સ્વર્ગમાં સ્થાન મેળવશે. અને તેનાથી વિરૂધતા તે એક જુલમ છે. અને તેમનું સ્થાન નર્કમાં થશે.

( તીરમજી )

હયા—શરમ, વિવેક અને ઈમાનનો અરસપરસ સંબંધ છે. જ્યારે આ બન્નેમાંથી એક જતો રહે છે, ત્યારે બીજો પણ આપો આપ જતો રહે છે. અથવા પોતાની મેળે તેની પાછળ જતો રહે છે.

(બીહકાત)

પરંતુ અમારા હિંદુસ્તાનની બાનુઓએ આ ગુણોને લપેટી બાંધીને તાકમાં મુકી દીધા છે. તેવો પોતે તો હાલ ચાલતી સ્વતંત્રતાના વાયરામાં ઉડે છે. તેના ઉપર સંતોષ નહિ માનતા અન્ય બાનુઓને તેવી શીખામણ આપે છે. તેવો પાઠ ભણાવે છે. હાલ જે અંગ્રેજી ફેસન, કેળવણીના લીધે શરમ અને હયાની હદ ઓળંગવામાં આવી છે તે જાણે તે વસ્તુઓ, ગુણો છેજ નહિ. તેવી વર્તણુંક જોવામાં આવે છે. ક્યાં ઇસ્લામના ગુણો ને ક્યાં આ ફેશનબાઇના ગુણો. ક્યાં આકાશ ને ક્યાં પાતાળ, ક્યાં કેળ ને ક્યાં થોર !

પરંતુ આ નવી ફેસનની બાનુઓ અરે લેડીઓ (કેમકે તેવો બીજી શબ્દથી અપમાન થયું માને છે) કહે છે કે "જેણે રાખી શરમ તેના કુટયા કરમ" "જેણે કરી બેહયાઈ તેણે ખાધી દુધને મલાઇ" કેટલી ઉતમ સમજ ! કેવી પવિત્ર માન્યતા, ! અફસોસ !! શું ધિક્કારને લાયક નથી.

પરંતુ સૈયદા ફાતમા (ર) ના ગુણાલંકારને જાણવાની અમારી પુત્રીઓ, માતાઓ, બ્હેનો, સ્ત્રીઓ વગેરેને ઘણીજ આવ્ય શકતા છે. હજરત સરવરે કાયનાત (સ૦) મેં એક દીવસ પૂછયું કે સ્ત્રીમાં સર્વેથી સારામાં સારી નીશાની કઇ છે ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે તે કોઇ અન્ય પુરૂષને જુવે નહિ અને અન્ય પુરૂષ તેને જુવે. નહિ ધન્ય તેવી સ્ત્રીને.

તેમની આ શરમ અને હયા ખુદાને પણ પસંદ હતી. જેમકે અજીનાઈમાં એ આ રીવાયત હજરત અબુ હુરેરાહ (ર) થી મેળવી

હતી. સાંભળી હતી કે મોહમદ (સ૦) મેં ફરમાવ્યું હતું કે. કયા૦ મતના દીવસે બીબી ફાતમાં (ર) પુલસેરાત ઉપરથી જશે ત્યારે ફરીસ્તો મુનાદી કરશે કે અય લોકો તમારા માથા નીચા નમાવી દો. આંખો મીંચીલો કેમકે મોહમદ મુસ્તફા (સ૦) ની પુત્રી બીબી ફાતમાં (ર) પુલ સેરાત ઉપરથી પસાર થઇ સ્વર્ગમાં પધારે છે.—જાય છે.

પુલસેરાત એ કઠીનમાં કઠીન માર્ગ છે, તે માર્ગમાં પાપી લોકો ચાલી શકશે નહિ ને ત્યાં ચાલતાંજ નર્કમાં હોમાશે.

બીબી ફાતમાં (ર) ફરમાવતા હતા કે એક સ્ત્રીથી બીજી સ્ત્રીને ખાસ જરૂરના કાર્ય વગર તેનું નગ્ન પણમાં જોવું મુનાસબનથી. તથા એકજ ચ દર બે નગ્ન સ્ત્રીઓએ ઓઢવી નહિ જોઈએ. અથવા નહિ લપેટવી જોઇએ. પરંતુ જો વખતે આવો બનાવ પોતાની નજરે ચઢી જાય તો પોતાના પતિ આગળ તેના શરીરની બનાવટ તથા અવયવોના સંબંધમાં કાંઇ પણ કેહવું ના જોઇએ. આવી એમના ઉપર હયાની સત્તા જામેલી હતી, આપે મૃત્યુ પહેલાં વસીહત કરી હતી કે મારો જનાજો રાત્રે કબરસ્તાનમાં લઇ જવો. અને જે સીદીક અકબર (ર) ના બીબી અસમાં જે મારા ભેદોને જાણનારને પવિત્ર ગુણોવાલી છે તેજ માત્ર મને મૃત્યુ પછી નવડાવે. કોઇ અન્ય સ્ત્રી મને ગુસલ (નવડાવવું) આપે નહિ.

ઉમરાન હુશેન જેવો ખૈબરની લઢાઇમાં ફતેહ મળ્યા પછી ઈમાન લાવ્યા હતા. મુશલમાન થયા હતા. ને ત્યાર પછી જેવો બસ રાસાં રેહતા હતા. ને ત્યાંજ હીજરીસન (પર) બાવનમાં સ્વર્ગવાસ

થયા. એકવાર મોહમદ (સ) બીબી ફાતમાં (ર) ના બીમારીના વખતમાં તેમના ઘેર તેમને સાથે લઇને ગયા. પરંતુ જ્યાં સુધી બીબી ફાતમાં (ર) એ પોતાના પિતાની ચાદર માંગીને પોતાનું બધું સરીર ઢાંકયું નહિ ત્યાં સુધી આવવાની રજા ન આપી.

એક વખતે અબદુલ્લા (ર) ઉમ્મે મકતુમ જેવો આંખથી જોઈ શકતા નોહતા આંધલા હતા. તેવો પેગમ્બર સાહેબને શોધતા હતા. રસુલે ખુદા (સ) બીબી ફાતમાં (ર) ને ઘેર તશરીફ રાખતા હતા. તેવો પણ શોધતા શોધતાં ત્યાં જઇ પોહચ્યા બીબી ફાતમાં (ર) એમને આવતા જોઇ કોઠડીમાં જતાં રહ્યા જયારે તેવો વાત ચીત કરી ચાલ્યા ગયા ત્યારે તેવો કોઠડીમાંથી બહાર આવ્યા જનાબ હજરત મોહમદ (સ) તેમને પૂછયું કે તેવો તો આંખે જોતા નોહતા તમોએ શા માટે તકલિફ ઉઠાવી ? ત્યારે તેવોએ જવાબ આપ્યો કે જો તેવો તો આંધલા હતા પણ હું તો આંધલી નોહતી. કે અન્ય પુરૂષને જોઇ શકતી.

આજ વારદાત કાવ્યમાં લખવામાં આવી છે તે વાચક આગળ આનંદ માટે મુકું છું.

ખાનએ જાહરામેં એક દીન જલવા ફરમાતે થે રસુલ.
માહબીત અનવાર હકથે મન જીલે પાકે બતુંલ--૧
પ્યારી બેટી જાનો દીલ સેબી જો પ્યારીથી સવા.
કર રહેતે ઉસ્સસે બાતેં પ્યારકી બેરૂલ વરા--૨
આંઇ આવાજ એક સહાબીકી પસે દીવારસે;
ભુટે હોનેકે અલાવાહ જોકે ના બીનાબી થે-ક

નામ અબ્દુલ્લાહ થા કુનીયતથી ઉન્કી બુ બસીર,
આલમેં પીરી વ ફેરીમેં અસાથા દસ્તગીર-૪
ઈબ્ને મક્તુમ ઉન્કા ઉરફા આમ કેહતે થે સબ;
થા ઝુબાં ઝદનામો કુનીયત સે જીયાદાયે લકબ;-૫
ઐસેથે જીનકા કે જીકરે ખેરહે કુરઆનમેં;
આયાહે "ઈનજા આ ઇલ્લા અમા" ઇનકીશાનમેં-૬
ચશ્મે જાહીર બંધથી પર ચશ્મે બાતીન થી ખુલી;
રખતેથે ઇનપર નીગાહે રેહમતો શફ્કત નબી-૭
અરજ હાલકી જરૂરતસે થે જોપાએ નબી;
તાં મકાને સૈયદાહ તકદિરને કી રેહબરી-૮
સુનકે આવાજ હજરતને પુકારા આઇએ;
ઘરમે દાખીલ હોઇએ કેહના હોજો ફરમાઇએ-૯
ફાતમાં જાહરા ઉઠીં જીલ્દીસે સુનકર યે કલામ;
બેહરે પરદા એક ગોશે મેં ક્યાયા જાકે કીયામ.-૧૦
ઈજન પાકર ઇબ્ને મકતુમ આયે કેહ સુનકર ચલે;
હો ગઈ સબ આમદો રફ્કે જો સારે મર હલે-૧૧
ગોશેસે પેશ નબી ફીર આ ગઇ બીન્તે નબી;
લુત્ફો શફ્કતસે રસુલીલ્લાહને પુરશીસ યે કી—૧૨.
જાગે અબદુલ્લાહકે આનેસે અય જાને પીદર;
વોહતોના બીનાહે ઉનકો કુચ્છ નહિ આયે નજર-૧૩
અરજ કી સીદીકા કુબરાને ને તબ યે બા અદબ,
ગુજકો ઇસ ઈરશાદ આલી પરના કયું આયે અજબ-૧૪

---

ખુબસીર અંધે સહી પર મેં તો નાબીના નહિ;
બેઠી રેહતી કીસતરાં અય રેહમતુલીલ આલમી-૧૫
પડતીના માહરમપે આખીર કુચ્છના કુચ્છ મેરી નજર;
કયું ના કરતી શર્મ કીબલા આપકી લખતે જીયા-૧૬
ખુશ હુવે સુનકર પયમ્બાર યે જવાબે બા સવાબ;
દી દુવા-તુજપર હો નાઝીલ રહમતે હક બે હીસાબ-૧૭
પેશગાએ હક્સે મઝદા લાએ તબ રૂહહુલ અમીં
ફાતમા જાહરાહે સરદારે નેસાએ આલમીં-૧૮

"સૈયદ મોહમદ નુહ"

એક વખતે હજરત નબી મોહમદ (સ) પોતાની સાથે કાચી ઉમરના ગુલામને લઈ કે જે પોતાની આંખોના નુર બીબી ફાતમાં (૨) ને આપી દીધો હતો તેને લઇ બીબી ફાતમાં (૨) ના ઘેર આવ્યા બીબી ફાતમાં (૨) એ આ વખતે એવું નાનુ લુગડું ઓઢેલું હતું કે જો તેવો માથુ ઢાંપે તો તે લુગડું પગે નોહતું પેહોંચતું. અને જો પગ ઢાંપે તો મસ્તક ઉઘાડું થઇ જતું હતું. આપ આ વખતે ઘણી ગભરાટ સાથે બધા શરીરને ઢાંપવા કોશીશ કરી રહ્યા હતા. ત્યારે હજુરે ફરમાવ્યું કે અય! ફાતમાં (૨) ના ગભરાવો. જેના માટે તમો શરમાઇ રહ્યા છો. એતો માત્ર તમારો પિતા અને તમારો કાચી ઉમરનો ગુલામ છે. આ હદીસ અબુદાઉદ (અ) થી રીવાયતથી કરવામાં આવી છે.

(મીશ્કાત)

## ઉત્તમમાં ઉત્તમ ગુણાલંકાર.

બીબીફાતમાં (૨) જે ઘરમાં રહેતા હતા તેજ ઘરની પાડોશમાં શમઉન નામે યહુદી રેહતો હતો. અને તે અલી(ક)નો કટ્ટો શત્રુ હતો. અને તે શત્રુતાટ એટલી બધી હતી કે બસ કાંઈના પૂછો કોઈપણ એવી તકલિફ નહિ હોય કે જેણે તેમના ઉપર ના વરસાવી હોય. અને કોઈપણ એવું દુઃખ નહિ હોય કે શમઉનના તરફથી તેમણે વેઠવું ના પડયું હોય આ ઉપરથી અલી(ક)ને શમઉન સાથે કેવા પ્રકારનો દઢ સંબંધ હતો તે ખ્યાલમાં આવી જાય છે. પરંતુ દરેક કાર્યની હદ હોય છે. તેથી તે કેટલા વખત પછી ઈસ્લામમાં આવ્યો. આથી તેના સગાવાલા તેના જાનના દુસ્મન બની ગયા. અને તે જે જે માર્ગે વેપાર ચલાવતો હતો તે સર્વે તે લોકોએ બંધ કર્યાં તેની સાથની લેવડદેવડ એકદમ બંધ કરી. તે ઉપ-

તે જે જે કાર્ય કરતો તેમાં તેને નફાને બદલે ખોટ જતી. ફાયદાને બદલે નુકશાન થતું. ટુકમાં તેના ઉપર દુઃખ પડવામાં બાકી ના રહ્યું. આવી હાલતમાં તેની સ્ત્રી મૃત્યુ પામી. સગાવ્હાલા તો આની સાથેનો સબંધ તોડી બેઠા હતા. એટલે બીચારો તે એકલો તથા પોતાની સ્ત્રીનું મૃત્ય શરીરજ તેના ઘરમાં હતા. અન્ય કોઈપણ નોહતું કે તે બાઇને નવડાવે. તે વખતે રાત્રી પણ જાણે પોતાની સર્વે કાળાશ પૃથ્વી ઉપર વરસાવી રહી હતી ને ઘણી ભયંકર દેખાતી હતી.

જ્યારે આ વારદાતની બીબી ફાતમાંને ખબર પડી કે, શમઉનની સ્ત્રી મૃત્યુપામી છે અને તેની પાસે મદદ કરનાર કોઈ નથી.

---

ત્યારે તેવો તેજ વખતે આવા ભયંકર સ્થિતિએ તેના ઘેર ગયા. ત્યાં પોતાના હાથે તેને નવડાવી. જેવી રીતે કોઇ પાસેના સ્નેહિને નવડાવે છે તેવીજ રીતે તેની ખાતર બરદાસ કરી. અને દીલમાં એટલો પણ વિચાર ના લાવ્યા કે તે કેટલા વખત ઉપર અમારો કટ્ટામાં કટ્ટો શત્રુ હતો. અહા! શતરૂની સાથે પણ આવા પ્રકારની વર્તણુંક!! અહા! સત્ય છે. તેમનો ગમવાલાને ખુશી કરવા. દુઃખીના દુઃખ કાપવાનોજ ધંધો હતો.

"ગુરૂબતમેં મુસીબતમેં હમસાએકે કામ આના
યે મસલકે જાહરાથા યે મશરબે જાહરાથા"

"સીમાબ"

## પવિત્રતા અને બેપરવાઇ.

એક યહુદી જે પોતાનો પડોસી હતો. તેની પુત્રી બીબી ફાતમાં (૨) ના ગુણો ઉપર મોહી પડી હતી. અને એવી રીતે તેમના ગુણા-લંકારમાં ઓતપોત થઈ ગઇ હતી કે જાણે બાજ પક્ષીએ પોતાના પંજામાં શિકાર પકડયો. અર્થાત ટુકમાં જાણે તે બીબી ફાતમાં (૨) ની દાસીજ ના હોય!!!

એક દિવસે તે એક જાતનો હલવો લાવી ને બીબી ફાતમા (૨) આગળ મુકી બોલવા લાગી કે મારી આટલી ભેટ સ્વિકારો. બીબી ફાતમા (૨) એ વિચાર કર્યો કે આ યહુદીનો માલ છે. આનું ખાવું તથા લેવું બન્ને અપવિત્ર છે. કારણ તે માટે હુકમ

નથી. જો હું ના કહુંછું તો તેનું દીલ તુટી જાય છે. દુખે છે તે મુખથી તો કંઇપણ નહિ બોલે એવી તો શરમવાલી છે. છેવટે તે હલવો બીબી ફાતમાં એ લઈ વીધો ને તે યહુદીની પુત્રી ખુશી થતી થતી જતી રહી. તેના ગયા પછી સર્વે વારદાત તેમની વ્હાલી દાસી ફીસ્સાને માલમ પડી ત્યારે તેણે કહ્યું કે આ સર્વે હલવો અસ-હાબો આગળ મોકલી દો. જેથી ખેરાત પણ ગણાશે અને ખુદા પણ ખુશ થશે. આવા વિચાર દાસીના જાણી તેવો બોલ્યા કે ફીસ્સા જરા વિચાર કર જે વસ્તુ મને પસંદ નથી તે ખુદાના નામ ઉપર આપું? જે મારા માટે ના લાયક છે. અયોગ્ય છે તે ખુદાના નામે આપું? નહિ નહિ કદી નહિ. જા રસ્તામાં કોઇ યહુદી મળે તો તેને તે આપી દે કારણ તેનો હકદાર તે છે. અન્ય કોઇ નથી.

એક વખતે બીજીવાર તે યહુદીની પુત્રી કેટલાક દીનાર અને દીરમ લાવીને બીબી ફાતમાં (૨) આગળ ભેટ મુકયા. આ વખતે તેમણે તે નાણા તેને પાછા આપ્યા ને કહ્યું કે આ પારકા છે તમારી તેના ઉપર કોઇ પ્રકારની સત્તા નથી. તમો તમારા પિતાની રજા લીધા વગર આ માલ લાવ્યા છો, અને તમારો બાપ ઈસ્લા-મનો શતરૂ છે. આ ઉપરથી સાફ માલમ પડી આવે છે કે તમો ચોરી કરીને આ માલમતા લાવ્યા છો. ને ચોરીનો માલ ઇસ્લા-મને લાયક નથી. જાવો પાછું લઈ જાવો. અને હવે પછી આવું ભુલેથી પણ કરશો નહિ. અને ઇસ્લામની મોહબત આવી વારદાત ઉપર નથી—અથવા ઇસ્લામની મોહબત આવી વારદાતોથી નથી

પેદા થતી, જો તમો મોહતાજ હોવતો તેની પરવા કોઈપણ નથી કારણ ખુદાતો માત્ર નૈયત જોનાર છે. કે પવિત્ર છે કે અપવિત્ર.

" એહતીયાત ઇસ્લામમેં હું એક ઓસુલે બેહતરીં;
થાજો એહલે બેતકા વીરદે નબુવતમેં શઆર,
ઔર ઇસતગનાકાથે આલમ તવક્કલકી યે શાન;
કે જહાંમેં ફાતમાં જાહરાકી જીન્દાયાદગાર"

"સીમાબ સીદીકી"

# પ્રકરણ ૧૮ મું.

## —અવકાદ—

### "બાત તેરી ભેદસે ખાલી નહિ."

આમા પણ ખુદાનો ભેદ હતો કે પેગમ્બર મોહમદ (સ૦) નો કોઇપણ પુત્ર જીવતો ના રહ્યો પણ માત્ર ડીકરીની ઓલાદથી તેમની વંશાવલી ચાલી અને વળી પુત્રીઓમાં માત્ર બીબી ફાતમાં (ર) થીજ ઓલાદ થઈ. તેમની બ્હેન કુલસુમ (ર) ને તો પુત્ર પુત્રી હતાજ નહિ. સોથી મોટા તે હતા નબી (ર) ને એક પુત્ર થયો હતો પણ તે પણ સ્વર્ગવાસ પામ્યા હતા. અને એકજ પુત્રી એમામા જીવતા રહ્યા હતા. જેમની સાથે બીબી ફાતમાં (ર) ના મૃત્યુ પછી નીકાહ કર્યો હતો. અને તેમના તરફથી ઓલાદની વંશાવલી યે પે-

ડીથી વધારે આવી નહિ. બીજી બ્હેન રૂકઇયા (ર) થી પણ ઓલા-
દની હયાતી થઇ નહિ. બીબી ફાતમાં (ર) ના હસન (અ) હુસેન
(અ) અને મોહસીન (અ) નામે ત્રણ પુત્ર હતા. અને ઝેનબ (ર)
ઉમ્મે કુલસુમ (ર) અને રૂકીયા (ર) નામે ત્રણ પુત્રીયો હતી.

ફ્જલે ખીતાબમાં લખ્યું છે કે હજરત કુલસુમનું બીજું નામ
રૂકીયા હતું. આ હીસાબથી તેમને બે પુત્રીઓ હતી. પરંતુ મારો
વિચાર પહેલાની વાત ત્રણ પુત્રીઓની વાત વધારે પસંદ કરે છે.
રૂકઇયા ઘણી નાની ઉમરમાં મૃત્યુ પામ્યા હતા. કુલસુમના વિહવા
અલી (ક૦) એ પોતાની રાજી ખુશીથી હજરત ઉમર બીન ખતાબ
(ર) સાથે કર્યા હતા. જેમનાથી એક પુત્ર ઝેદ અને પુત્ર રૂકઇયા
નામે થયા પરંતુ બન્ને નાની ઉમરમાંજ મૃત્યુ પામ્યા હજરત ઉમર
(ર) ની શાહાદત પછી જાઅફ્ર (ર) સાથે ઉમ્મે કુલસુમ (ર) એ
નીકા કર્યા. એમનો પણ કોઈ ઓલાદ ન થઇ ફેર મોહમદ જાફ્ર
સાથે નીકા કર્યા આ વખતે તેમને એક પુત્ર થયો પણ નાની ઉમ-
રમાંજ સ્વર્ગવાસ થયો. આ પછી અબદુલ્લા જાફ્ર સાથે નીકા કર્યા
તેમનાથી પણ કોઈ ઓલાદ ના થઇ અને એમની પાસેજ ઉમ્મે
કુલસુમ (ર) સ્વર્ગવાસ પામ્યા.

ઝેનબ (ર) ની શાદી અબદુલ્લા જાફ્ર (ર) સાથે થઈ જેથી
અલી (ક) ને કુલસુમ (ર) નામે પુત્ર પુત્રી પેદા થયા. ઉમ્મે કુલ-
સુમ કાસમ મોહમદ જાફ્ર (ર) ના નીકામાં આવ્યા. આથી તેમને
ઘણી ઓલાદ થઈ. અલી અબદુલ્લા (ર) તે પણ ખુદાની કૃપાએ
ઓલાદના ભોકતા બનાવ્યા જે " જાફ્રીત ફાતમી " નામે
ઓળખાય છે.

રમજાન મહીનાની ૧૫ મી ને કેટલાના કેહેવા પ્રમાણે ૧૫ મી શાબાન હીજરી સન ત્રણુમાં (૩) માં હજરત ઇમામ હુશેન (ર) માતાના ખોલાને દીપાવવા લાગ્યા. આ વારદાત સંબંધી બીજી પણુ રીવાયતો છે. હજરત ઇમામ જેનુલ આબેદીન (ર) થી રીવાયત છે કે જ્યારે તેમના પેદા થવાનો વખત નજીક આવ્યો ત્યારે મોહમદ (સ૦) મેં અમીસ (ર) તથા અયમન (ર) ને બીબી ફાતમા (ર) પાસે મોકલો દીવા. ને કુરઆન માહેલા "આયતુલ કુરસ્ત" અને "મઉજતેન" પઢી પઢોને ફાતમા (ર) ઉપર ફુંકતા રેહજો તેવો પેદા થયા પછી બીજી સ્ત્રીઓને બાળકનો જન્મ થયા પછી બીજી સ્ત્રીઓને બાળકનો જન્મ થયા પછી જે લોહી વહે છે. તેવો દેખાવ સરખો પણુ ના દેખાયો. ત્યારે તેવો તાજુબ થયા અને પેગમ્બર સાહેબની ખીદમતમાં અરજ કરી ત્યારે તેવોએ જવાબ આપ્યો કે મારી પુત્રી પવિત્ર છે. તેવોએ તેજ દીવસે નાહીને રાત્રીની નમાજ અદા કરી હતી. હજરત અલી (ર) થી રીવાયત છે કે તેમનો અકીકો (પુત્રીની સલામતી અર્થે કરવામાં આવતું ધર્મ કાર્ય કે ખેરાત) સરવરે આલમ મોહમદ મુસ્તફા (સ) મેં કર્યો ને ફાતમા (ર) ને હુકમ કર્યો ને હું હસનના વાલ ઉતારી તેના વજન જેટલી ચાંદી ખેરાત કરી દેજો. જ્યારે વાલ તોલવામાં આવ્યા ત્યારે તે એક દીરમ અથવા તેનાથી ઓછા વજનમાં હતા.

બીબી ફાતમાં (ર) થી મરવી (રીવાયત) છે કે એક બકરીની રાન અને એક દીરમ દાઇને આપ્યા. ને હજરત અમીસ (ર) થી રીવાયત છે કે. હુશેન (અ) ના પેદાશના સાતમા દીવસે અકીકો

કરવામાં આવ્યો. ત્યારે બે બકરાને કાપવામાં આવ્યા ને કોઈને શાન આપવામાં આવી. હસન (અ) ના માથા ઉપર ખુશબોઇ લગાડવામાં આવી. અને પછી મોહમદ (સ) બોલ્યા કે આવા વખતમાં છોકરાના માથા ઉપર લોહી લગાડવું તે અજ્ઞાનતા છે. પણ તે નહિ લગાડતાં ખુશબોઇ, જાફરાન વગેરે લગાડવું જોઇએ. ફેર બીજા વર્ષે તારીખ ૪ અથવા ૬ શાબાન વાર મંગળ હીજરીસન ચા૨ (એક રીવાયત પ્રમાણે માહે રબી ઉસ્સાનીમાં ) હુશેન (અ) પેદા થયા. તેમનો અકીકો. પણ આજ પ્રમાણે કરવામાં આવ્યો. અસમાના કોલ પ્રમાણે તે કહે છે કે મેં હુશેન (અ)ને મોહમદ (સ) ની ગોદમાં સુવાડી દીધા ત્યારે તેવો રડવા લાગ્યા. ત્યારે મેં. અરજ કરી કે આપના દુશ્મન કેમ રડે છે. અથવા આપ કેમ રડો છો, રડે તમારા દુશ્મન ત્યારે તેવો બોલ્યા કે આ મારો પુત્ર જફા રૂપી તેગે શહીદ થશે. મારી ઉમ્મતના બાગી આમને કતલ કરશે. ખુદાવંદ મારી શફા-અત તેમના સંબંધમાં કબુલ નહિ કરે. પણ અય અસમા ખબરદાર ફાતમાં (૨) ને. આ વાત ના કહીશ. કારણ હાલ તેમની હાલત તરફ ધ્યાન આપતાં તેવો સાંભળશે ત્યારે ગમ કરશે. નારાજ થશે.

હજરત જબીર (૨) થી રીવાયત છે કે તેમનો અકીકો સાતમાં દીવસે કરવામાં આવ્યો ને તેની સાથેજ મુસ્લમાની-ખતના કરવામાં આવી.

હજરત અલી (ક) ફરમાવે છે. કે જ્યારે હસન (અ) પેદા થયા ત્યારે મેં તેમનું નામ હરબ રાખ્યું કે જેનો અર્થ ગુસ્સે થવું અને કોઇને માલ લઇ લેવો એવો થાય છે પણ જ્યારે પેગમ્બર

સાહેબ મારે ત્યાં આવ્યા ત્યારે તેવો બોલ્યા કે મારા પુત્રને લાવો. એમનું નામ શું રાખ્યું છે. લોકોએ કહ્યું હરબ ત્યારે તેવો બોલ્યા નહિ પણ તેમનું નામ હસન છે. જેનો અર્થ નેક. પવિત્ર, ખુબસુરત, રૂપવાનં સારો થાય છે. ફેર જ્યારે હુશૈન પેદા થયા ત્યારે પણ તેમનું નામ હરબ રાખવામાં આવ્યું ત્યારે પણ પેગમ્બર સાહેબે તે નામ પસંદ ના કરતાં હુશૈન નામ રાખ્યું કે જેનો અર્થ હસનથી નાહના, તથા તેજ અર્થ થાય છે. જ્યારે મોહસીન (અ) પેદા થયા ત્યારે પણ તેમનું નામ હરબ રાખવામાં આવ્યું. પણ તેવો એ તેપણુ પસંદ ન કરતાં મોહસીન (અ) નામ રાખ્યું જેનો અર્થ નેકીને એહસાન કરનાર થાય છે. તે પછી તે બોલ્યા કે આ બાળકોના નામો હજરત હારૂન (અ)ના પુત્રોના નામ ઉપરથી રાખ્યા છે. કે જેના નામો શબ્બર (અ) શબ્બીર (અ) ને મુશબ્બર (અ) હતા અને હસન (અ) હુસેન (અ) ને મોહસીન (અ)તેનો અરબી ભાષામાં તરજુમો છે.

રીવાયત છે કે હસન અને હુશૈન તે સ્વર્ગના નામો છે. અને એક રીવાયત પ્રમાણે આગળના અંધકાર ગણાતા વખતમાં આ નામો કોઇ જાણતું નોહતુ એક રીવાયત પ્રમાણે ખુદાએ હસનને હુશૈન નામો પોતાની મખલુકથી છુપાવી રાખ્યા હતા. જ્યારે આ બન્ને સાહેબ જાદા પેદા થયા. ત્યારે પેગમ્બર મોહમદ (સ) એજ તે નામો રાખ્યા. હજરત ઇમામ જાફર (ર) થી મરવી છે કે આ નામો સાતમા દિવસે અકીકો કર્યો ત્યારે રાખ્યા. હજરત અબુ રાફેઅ (અ) થી રીવાયત છે કે જ્યારે હુશૈન (અ) પેદા થયા ત્યારે પેગમ્બર સાહેબે તેમના કાનમાં અઝાન આપી હતી.

---

હજરત ઉમ્મે અફજલ જે અબ્બાસ (ર) ની સ્ત્રી હતા. તેવોએ ફરમાવ્યું છે કે મેં સ્વપ્નામાં મોહમદ (સ) ના અવયવોના માનો કોઈ અવયવ મારા ઘરમાં છે. એમ જોયું જ્યારે આનો ખુલાસો પેગમ્બર સાહેબ પાસે માંગ્યો ત્યારે તેવો બોલ્યા કે તમારૂં સ્વપ્નું સારૂં છે. બીબીફાતમાં (ર) ને ત્યાં પુત્ર પેદા થશે અને તેને દુધ તમો પાશો. અને થયું પણ તેમજ. હસન (અ) પેદા થયા ત્યારે. હજરત કસમ (ર) ની સાથે ઉમ્મે અફજલનું દુધ પીધું. અને સ્વપ્નું ખરૂં પડયું.

હાકીમે જાબરથી રીવાયત કરી છે કે. પેગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે પુત્રનો વારસો બાપના તરફથી વીરસાદાર બને છે. પરંતુ ફાતમા (ર) ના બન્ને પુત્રોનો કોઈ વારસ નથી હું બન્નેનો આગેવાન અને વીરસાનો સંબંધ બનાવનારછું.

એક દીવસે મોહમદ (સ) પોતાના ઘરથી આવતા હતા. ને ઇમામ હુશેન (ર) ને ખભા ઉપર બેસાડેલા હતા. એક માણસે માર્ગમાં કહ્યું કે મીયાં સાહેબજાદા તમારી સવારીતો સારી છે. ત્યારે પેગમ્બર સાહેબે કહ્યું કે આ સવારપણ સારો છે.

"ઇબ્ને અબ્બાસ (ર)

ઇમામ હુશેને એક વખતે સદકાની ખજુર નાનપણમાં મોહમાં ખાવાના ઇરાદેનાખી પેગમ્બર સાહેબની તેની ઉપર નજર પડી કે તરત ટોકયાને "કખ" કખ" કહ્યું ખબર નથી કે આપણા ખાનદાનમાં સદકાની વસ્તુ નથી ખાતા નથી. ખપતી. આપણને મનાઇ છે.

"સહીબુખારીભા. ૨ પૃ ૧૨૭"

ઈમામ હસન ( ર ) મોહમદ [ સ ) ની સાથે રૂપ રંગમાં મળતા આવતા હતા. હજુર તેમને ઘણા પ્યારથી ચાહતા હતા. મેં ઘણીવાર જોયું છે. હજુર ઘણીવાર સીજદામાં હોતા ને ઈમામહસન (ર) આવતા ને તેમના ઉપર સવાર થઇ જતાં ઘણીવાર એવું બનતું કે હજુર રકુમાં હોતાને તેવો પગોમા ઘુસ્સી જતા. હજુર પગમાં માર્ગ કરી દેતા કે જેથી તેવો બીજી બાજુ નીકળી જાય. આવું અબદુલ્લા અબદુરરેમાન જુબેર કહે છે.

સહી બુખારી નામે કીતાબમાં ઉકબા હારસથી રીવાયત છે કે એક વખતે સીદીક અકબર (ર) અસરની નમાજ પઢી (અલી(ક)ની સાથે મસીદમાંથી નીકલ્યા રસ્તામાં ઇમામ હસન બાળકોમાં રમી રહ્યા હતા તેવોને તેમણે ઉચકી લીધા ને બોલ્યા કે આ રૂપ રંગ તો મોહમદ ( સ ) થી મળતું આવે છે. અલી ( ક ) તમારા રૂપરંગથી નથી મળતી આવતી. અલી ( ક૦ ) આ સાંભળી હસવા લાગ્યા.

જામએ તીરમીજી નામે કીતાબમાં છે કે ઈમામ ( ર ) માથાથી છાતી સુધીને ઇમામ હુશેન ( ર ) છાતીથી પગ સુધી મળતા આવે છે.

અબુહુરેરા ( ર ) નો કોલ છે કે, જ્યારે હું હસન (ર) ને જોવું છું. ત્યારે મોહબ્બતને લઈ મારી આંખોમાં પાણી આવી જાય છે. આનું કારણ એ છે કે એક દીવસ સરવરે આલમ મોહમદ ( સ ) ઘરમાંથી બહાર આવ્યા. અને મસીદમાં પધાર્યા મારો હાથ પકડી તેવો એક બાજુ ચાલવા લાગ્યા હું પણ તેમની સાથે સાથે ચાલવા લાગ્યો. ને ત્યાં સુધી કે અમો નબીકીકાના રસ્તે થઇ નબવી નામે મસીદમાં પોહચ્યા. તેવો તે જગ્યા બેસી ગયા. ને બોલ્યા કે મારા

પુત્રને બોલાવો. એટલામાં ઇમામ હસન દોડતા દોડતા આવ્યા ને તેમના ખોલામાં આવી ભરાયા. બેઠા પછી હજુર ઘણીવાર તેમના મુખ ઉપર પોતાનું મુખ મુકયું ને બોલવા લાગ્યા. હું આનાથી પ્યાર કરૂં છું અને જે એમની સાથે પ્યાર કરે છે તે મને મેહબુબ છે.— તે મને વ્હાલો છે.

હજરત અબુબકર (ર) કહે છે કે મે હજુર મોહમદ (સ) ને મીમ્બર ઉપર ફરમાવતા સાંભળ્યા છે કે તે વખતે હુશેન (ર) પેહલુમાં બેસેલા હતા. થોડીવાર તેવો લોકો સામી જોતાને થોડીવાર ઇમામ હસન (ર) ની સામી જોતા અને ફરમાવતા કે આ મારો પુત્ર સરદાર છે. મને ઉમેદ છે કે મુસલમાનોના બે જુદા પડતા ટોળાઓમાં સલાહ કરાવશે. ને ફસાદનો અંત લાવશે.

હજરત ઈન્સ માલીક કહે છે કે અબદુલ્લા જીયાદ પાસે હુશેન (ર) નું મસ્તક લાવવામાં આવ્યું. ત્યારે તે એક રકાબીમાં રાખવામાં આવ્યું હતું. ત્યારે તે તેમની નાકમાં અને આંખમાં મારવા લાગ્યો. અને તે સુંદરતા-સંબંધમાં કાંઇ બોલ્યો ત્યારે હજરત ઇન્સે કહ્યું આ ચહેરો સહુથી વધારે મોહમદ મુ૦ (સ) થી મળતા આવે છે તે વખતે હુશેનના દાઢી તથા માથાના વાલને નીલના પાંદડાના રસથી કાળા કરવામાં આવ્યા હતા.

હજરત અસબા કહે છે કે મે. હસન (ર) ને પોતાની પીઠ ઉપર બેસાડેલા હતા અને આપ ફરમાવતા હતા કે અય ખુદા ! હું આને દોસ્ત રાખું છું તું પણ દોસ્ત રાખ.

---

હજરત ઇબ્ને ઉમર (ર) કહે છે કે હજરત અબુબ કર (ર) કેહતા હતા કે મોહમદ (સ૦) ને રાજી રાખવાની ચાવી તેમની આલ ઓલાદ ઉપર મોહબત્ત રાખવી તે છે.

હજરત ઇન્સ કહે છે કે મોહમદ (સ) થી વધારે મળતા આ-વતા હસન (ર) વગર અન્ય કોઈ નથી.

ઇબ્ને અલી નઅમ (ર) કહે છે કે મે હજરત અબ્દુલ્લા ઉમર (ર) થી સાંભળ્યું છે કે કોઇએ માખીને મારી નાખવામાં આવે તો શું કરે તે કેવું ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે એટલે ઇસક માખીના કાલનો સવાલ મસલો પૂછે છે. જો કે તેમણે રસુલે ખુદા (સ) ના સાહબજાદીના પુત્રને કત્લ કરી નાખ્યો જેના સંબંધમાં કહ્યું હતુ કે આ બન્ને મારી દુનિયાની શોભા છે. કેટલી જગ્યા માખીના બદલે મચ્છર પણ છે.

( સહી બુખારી )

"તરબીયત ઓલાદકી હોતીહે માંકી ગોદમેં,
મકતબે અવ્વલહે માંકી ગોદ ઇસમે શક નહિં.
સૈયદા દેતીથી જેસી તરબીયત ઓલાદકો;
આજ દુનિયામે નહિ પેદા નજર ઉસકી કહીં.
જબ સુલાતીથી કભી શબ્બરો શબ્બીરકો;
આયતેં પડતી કલામે પાકકી બીસદ યકીં.
જુઠે સચ્ચે ઉનંકો અફસાને ન બીલકુલ યાદથે,
લોરીયાં ઉનકી કલામેપાકકી આયાતથી.
વોડરાતીથી તો પડતી વોહી આયાતે પાક,
ઓર સમજાતી તો કરતી વીરદે આયાતે મુબી.

" સીમાબ "

એક દીવસે હસન (ર) અને હુશેન (ર) આપસમાં લડયા અને બન્ને જણા રડતા રડતા ધભરાતા તેમની માતા બીબી ફાતમા (ર) પાસે આવ્યા ને પોતાને માર્યો સંબંધી અરસ્પરસ બોલવા લાગ્યા કે મને માર્યાં અને અન્ય કહે મને માર્યાં ત્યારે બીબી ફાતમા (ર) એ બન્નેને સાધારણ ધીરજ આપી તે પછી બોલ્યા કે તમોને ખુદાનો જરા પણ ડર નથી.

" વોતો કેહતાહે કે આપસમે લડો ચધડો ના! તુમ,
ઓર કયો બરખાના રીતને લઢ ચધડ કર બારબાર "

---

આથી હું જોવા નથી માંગતી કે તમારા બન્નેમાં કોનો વાંક છે. પણ સત્ય કહું છું કે તમો બન્ને જણ આવી તમારી વર્તણુંકને લઈ ખુદાના ગુનેગાર બની ગયા છો. તો પછી તમોને આખતરના દીવસે સવાલ પૂછશે કે તમો કેમ લઢયા કારણ મે લઢવાનું તો ના કહ્યું હતું ત્યારે તમો શું જવાબ આપશો?

આવી માતાની વાણી સાંભળી તેમના દીલ ઉપર સંપૂર્ણ અસર થઇ ગઈ ને પોતાને વાગેલાનું દુઃખ ભુલી ગયા ને ખુદાના ડરથી ડરવા લાગ્યા. તેવો સમજી ગયા આખુ શરીર ધ્રુજવા લાગ્યું. રડી પડયા. ને બીબી ફાતમાં (ર) થી કેહવા લાગ્યા કેઃ—

" યે ખતા બેશક હુઇ હમ મોતે રહ્હે ઓર ખજલ,
અબતો તકિસર હકસે અપુ કરવા દીજીએ.
હોગી આઈન્દાના હમસે અબ કભી એસી ખતા;
બાજ આએ ડર ગએ હમ ખોફ્સે અલ્લાહકે "

---

ત્યારે બીબી ફાતમાં (ર) બોલ્યા કે ચાલો ત્યારે વઝુ કરી લો જો તમારી ખુદાની ખુશાલી મેળવવી હોય વઝુ કર્યા બાદ તેના આગળ સીજદો કરો અને પ્રાથના કરો. તો વખતે તે માફ કરી દેશે કારણ તે સત્તાર છે. તે ઘણો રેહેમ વરસાવનાર છે. મોટો મહેરબાની કરનાર છે. તે સરકાર મોટામાં મોટી સરકાર છે. માટે માફ કરી દેશે.

છેવટે ટુંકમાં તેવો સીજદો કરવા લાગ્યા ને મુખથી "યા રબ્બે અગફીરલી" હે ખુદા માફ કર બોલવા લાગ્યા અને તેવોની સાથે બીબી ફાતમાં (ર) પણ તેની માફી માટે પ્રાથના કરતા હતા. અહાહા! ફેર કેમ ના માફ થાય કારણ ખુદા બીબી ફાતમાં (ર) ની દરેક આશા પૂર્ણ કરનાર છે.

બચ્ચે વાલી બીબીયોકો તકલીદ કરની ચાહીએ,
યે તરીકા એહલે બેતે એહમદ મુખતારહે."

## હજ કરવા જવું.

હીજરી સન ૧૦ માં મોહમદ (સ) મેં મદીનામાં સર્વેને ખબર આપી દીધી કે મેં હજ કરવા જવાનો નિશ્ચય કર્યો છે. જેને હજથી અદા કરી ગુન્હાથી પાક થવું હોય. પવિત્ર થવું હોય હમારી સાથે ચાલો. આથી ઘણા માણસો જવા તૈયાર થઇ ગયા તારીખ ૨૫

મી જીલકાદ શનિવારના દીવસે આપ નાયાને ખુશબોઇ લગાડી લુગડાં બદલ્યા ને ધર્મ પ્રમાણે લેવડ દેવડ બશીસને માફી ધર્મના રીવાજ પ્રમાણે અદા કરી શજરાહ નામે માર્ગે જવીલહલીફા પોહચ્યા. આ સફરમાં સર્વે સ્નેહિઓ તથા સગાવાલા હતા. અને બની શકે તેટલા સવાર તેમની સાથે હતા. હજરતઅલી (ક૦) યમનમાં બંદોબસ્ત કરવા તે પહેલાં ત્યાં ગયા હતા. તેથી તેમને ત્યાં ખબર આપવામાં આવી બીબી ફાતમાં અલી (ક૦) સફર ગયા હતા. તેવા વખતમાં પોતાના પિતાની સાથે હુમાં (ઊંટના ઉપર બેસવાનું સાજ જેમાં બે સ્ત્રીઓ બેસી શકે છે) સવાર થઇ ચાલ્યા આવતા હતા. હજરત અલી (ક) પણ યમનથી તે કાફલામાં આવી સામેલ થઈ ગયા અને કેટલા ઊંટ હદીયાનાં કુરબાનીના વિચારથી મોહમદ મુસ્તફા (સ૦) ના વાસ્તે લાવ્યા હતા.

હજરત મોહમદ (સ) હજરત અબાબકર (૨) ઉમર ફારૂક (૨) અલી શેરે ખુદા (ક) પોત પોતાના હદીયા (કુરબાનીના જાનવર) સાથે લાવ્યા હતા. પણ ઉમ્મહાતુલ મોમેનીન (૨) અને બીબી ફાતમાં (૨) ની સાથે હદીયાના જાનવર નોહતા આટલા માટે જનાબ બતુલ એહરામથી બહાર થઇને મોહીલ (કુરબાનીની જગ્યા) થઇ ગયા હતા.

હજરત શેરે ખુદા (૨) જ્યારે બીબી ફાતમાં (૨) ને રંગીન લુગડા પહરેલા તથા આંખામાં સુરમો લગાડેલો જોયો ત્યારે તેવો નારાજ થયા ત્યારે બીબી ફાતમાં (૨) બોલ્યા કે મને વાલીદ સાહેબે એહરામ ઉતારવાની રજા આપી છે અને આપના આવવાની ખબર સાંભળવાને આવી વર્તણુંક મેં ચલાવી ખુશબો લગાડીને રંગીન લુગડા પહેર્યાં. અલી (ક) આ સંબંધી પેગમ્બર સાહેબ આગળ શીકા-

મત કરી અને કહ્યું કે એ આપનું નામ લે છે હજુરે ફરમાવ્યું સત્ય છે.

અલી મુરતુજા (ક) અમણા સુધી એહરામમાં હતા. (એહરામ એને કેહવામાં આવે છે કે હજ કરવા જતાં જે ધર્મ પ્રમાણે કાર્ય કરવામાં આવે છે તે) એમણે મોહમદ (સ) સાથે મળી બરછી હાથમાં લીધી ને ઉંટની કુરબાની કરી. ને તે કાર્યથી પરવારી. હજરત મોહમદ [સ] ખચર ઉપર સવાર થયા ને હજરતઅલી (ક) ને પોતાની પાછળ બેસાડી લીધા. ધારેલી જગ્યાએ પોહચ્યા.

હજથી પરવારી જનાબ મોહમદ (સ) મે જોહરની નમાજ પછી સર્વે મુસલમાનોની સામે કે જેમની ગણતરી એક લાખની હતી. એક જુસ્સદારને પવિત્ર ખુતબો (ભાષણ) તેમને સંભળાવ્યો. તેનો હેતુ માત્ર ટુંકમાં કે હું (મોહમદ સ.) દુનિયાથી કુચ કરનારોછું. તમારી પાસે બે વસ્તુઓ મુકી જાવું છું જેની ઇજ્જત એક બીજાથી વધીને કરવાની છે. એક કુરઆન મજીદ બીજી મારી ઓલાદ એટલે બીબીફાતમાં (ર) ને તેમની ઓલાદ છે. તેમની હદથી વધારે આબરૂ સાચવજો. આ બન્ને ઇન્શાઅલ્લા. અન્યોન્ય જુદા નથી. તે બન્ને સાથે મળેલા રેહશે ને કયામતના દિવસે અને તે બન્ને હોજેકૌસર ઉપર આવીને મળશે. ખુદા મારો મોલા (માલિક) છે અને હું દરેક બંદાનો વલી (દોસ્ત) છું. તે પછી જનાબ અલી (ક) નો હાથ પકડી કહ્યું કે જેનો હું તેના આપણ વલી છે. ખુદા અલી (ક) જેના વલી હશે તેહની મેહરબાની રાખશે અને જે એમનાથી અદાવત કે દુશ્મનાવટ રાખશે તેના ઉપર કયામત સુધી ગજબ વરસાવતો રેહશે.

સાંજન, એન્ડ કું. દેવજીની ગલી ફોર્ટ-મુંબાઇ.

# પ્રકરણ ૧૯ મું.

—ફદક—

બીબી ફાતમાં (ર) મોહમદ મુસતુફા (સ) ના પુત્રી હતા, આથી તો વાંચક બંધુ અજાણુ નહિજ હોય તેવો મેહશરમાં બક્ષીસ કરાવનાર હતા–છે. તેમના પુત્રો હયાત નોહતા તેથી તેત્રો બીબી ફાતમાં (ર) સાથે પુત્ર જેવો વ્હાલ રાખતા હતા. તેમની ઇજ્જત સર્વે મુસલમાન કરતા હતા. ને માત્ર તેમનોજ પ્રતાપ હતો કુરેશના સર્વે કોઇ અલી (ક) ની સારી આબરૂ સાચવતા હતા. તે અલી (ક) ના ઘરમાં બીબી ફાતમાં (ર) આવવાથી તેવો પોતાની આબરૂ વધેલી માનતા હતા. આ વારદાત મશહુર છે કે ચોખ્ખી રીતે બીબી ફાતમા (ર) ના જોરથી હજરત સીદીક કુબરા (ર) થી છ માસ સુધી બયઅત (ફરમાં બરદારી) ના કરી. અને બીબી ફાતમાં (ર) ના સ્વર્ગવાસ પછી તેમની તાકતને ઇતિહાસ કર્તાઓની ચોકસ શોધથી લખાણુથી માલમ પડે છે કે તેવોએ સીદીક કુબરા (ર) સાથે બહુ ત્વરાએ જલદી બયઅત કરી લીધી હતી. આ રીવાયતને લઇનેજ તેમનો અમણુા સુધી નામ અમર તથા પ્રેમાળ છે, જે અસહાબો બીબી ફાતમાં (ર) ની ઇજ્જત કરતા હતા. તેવોએ અલી (ક) ની અદબ તેમની હયાતી સુધી ઠેઠ સુધી નીભાવી.

હાલ પણુ મુશલમાનોના હજારો મતો છે. ગીરોહ છે. પરંતુ અમણુા સુધી કોઇ પણુ ગીરોહે તે ગમે તે માનતો હોય

બીજા ધર્મ સાથે સંબંધ કેમ ધરાવતો નાહોય હજરત બીબી ફાતમાં (ર) ની શાનમાં કોઇ દહાડો બે અદબી કરી નથી. તે તેમનો મોટામા મોટો મોજેજો અથવા કરામત છે. તેવોની જાત દરેક માણુસના ખરાબ વચનોથી બચેલી રહી છે. અને ઇન્શાહ અલ્લાહ કયામત સુધી તેમજ રહેશે; અસર કાસમ (ર) અને ઇબ્રા- હીમ (ર) જીવતા હોત તો તેમની સાથેની મોહબત ઓછી થઈ જાત પરંતુ ખુદાને તે મંજુર નોહતું. તે પહેલાથી પેગમ્બર સાહેબની સર્વે મોહબત્ત ફાતમાં (ર) ની તકદિરમાં લખાઈ ચુકી હતી; કોઇ આ પવિત્ર મોહબતના કોઇ ભાગ પાડી શકતું હતું, આપની તમામ ઉમરમાં આ એક તાજુબી પમાડનાર વારદાત છે કે જેમાં મુસલમાનોની બે ગીરોહે ઘણી જુદાઇ બતાવી ને સામા- ન્ય વારદાતને ઘણી સખ્ત બનાવી દીધી. અને તેને એવી રીતે સમઝાવ્યું કે તેની હદજ રહી નથી અને આ સામાન્ય વારદાત માટે સુની તથા શીયાહની કીતાબોના પાનાના પાના કાલા થઇ ગયાછે. એક નાના જમીનના કકડા માટે આ તકરાર ઉભી થઇ હતી હજ- રેત બીબી ફાતમાં (ર) એ પોતાના વાલીદનું સમજીને એને પોતાના કબજામાં લાવવા ધાર્યું હોય. અને અબુબકર સીદીક (ર) એ તે વાત ન મંજુર કરી હોય. કે અમ્બીયાં (અ)ની મીલકત વેચી શ- કાતી નથી આટલું તો પાસ બેસનારા તરફથી ખુલાસો મળે છે, બાકી અન્ય જે કાંઇ છે. તે માત્ર વાર્તા છે. નોવેલ છે. અને તે અમારો ઇમાન છે. ને સર્વે અરબી ઇતિહાસો જેમાં બીબી ફાતમાં (ર) ના સબંધમાં લખવામાં આવ્યું છે. તે આ વાતના સાહેદ છે;

કે તેવો ઘણી અક્કલવાલાને પવિત્ર બીબી હતા. અને તેમનાથી કોઈ પણ વધારે સખાવતવાળો ઇસ્લામમાં ઘણી મુશ્કેલીથી નીકળશે તેવો બંટી હળી હળીને ભૂખાને ખવડાવતા હતા. તમામ દુનિયાની દોલત તેમના માટે મોજુદ હતી. અગર જો તેની તેવો ખાએશ કરતા મજબુત વચનના આધારે હજરત જીબ્રીલ પણ તેમની પાસે આવતા હતા. તેમનાથી વધારે સબર કરનાર ફૈયાજ ઉતમ હોંસલાવાલા આખી દુનિયામાં ભાગ્યેજ નીકળશે. તેવોની પવિત્ર જાત હતી અને અન્ય બીજી વાતો જુદી છે. તેવો એક નાના જમીનના કકડા માટે કોઇ પણ કહાડો દિલગીર થનાર નોહતા અને થયા નહિ. એવાદશ ફક ફાની પણ એમને પરવા નોહતી. તેમને પોતાના પિતા બે જહાનના સરદાર સાથે કમાલ દરજ્જાનો ઇશ્ક હતો તેવોની વફાત પછી થોડાજ કાળ તેવો જીવતા રહ્યા અને તેજ ગમમાં સીધાવી ગયા. તેમની જરાપણ ઇચ્છા નોહતી કે પોતાના પિતા મૃત્યું પામે ને તેમના માલ મતા ઉપર જઘડા મચાવે. ગમથી તેમને પુરસદહજ કર્યાં હતી. કે તેવો લેવડ દેવડના ઝઘડામાં પડતા આમાં કોઈ પણ પ્રકારની શંકા નથી કે જ્યારે આપણે જે ઈતિહાસ હાલ હયાતી ધરાવે છે અને તેમાં તેના સંબંધી લખવામાં આવ્યું છે જોઇએ છાએ તો જે વાતો તેમના સંબંધમાં જાહેર કરવામાં આવી છે તે તદ્દન જુદી છે. અને તે તેમના ગુણાકાર સાથે સંબંધ રાખતીજ નથી; મજહબી રીવાયતો અને તેના કાયદા ભલે ગમે તે હોય પરંતુ તેમની જાતી સીફતો તરફ જોવામાં આવે તો તેવો પવિત્રમાં પવિત્ર દેખાવા વગર રેહશે જ નહિ. આ ઉપરથી તેવો ખલીફાના વખતમાં અદાલતમાં-કચેરીમાં તેવા અરજદાર બને !! કદાપિ નહિ. આવુ કદાપિ બની શકેજ નહિ,

---

## —ફદકમાં આવ્યું:—

કામુસમાં લખ્યું છે કે ફદક એક ગામ ખેબરમાં છે, અને મસબાહમાં લખ્યું છે કે એક શહેર છે ને તે મદીનાથી બે દીવસનો રસ્તો છે. અને ખેબરથી એક મંઝીલ છે. લસાનુલ અરબમાં લખ્યું છે કે ફદક એક ગામ છે. હજાઝમાં અઝહરી કહે છે કે એક ગામ ખેબરમાં છે. કેટલા કહે છે કે તે હીજાઝની એક બાજુ તરફ છે. એમાં ચશ્માં—નદીયો છે. ખજુરના વૃક્ષો અને ખુદાએ પોતાના પેગમ્બર મોહમદ (સ) ઉપર પરફએ ( એટલે ખનીમતને ખેરાજને કહે છે, જે મુસલમાનોને લઢાઇ કર્યા વગર મળ્યો હતો અર્થાથ આ માલ મુસલમાનોને મલ્યો હતો તે આ કુરઆનના આધારે લેવામાં આવ્યો હતો ) આપ્યો હતો.

બકાએ જરમની ભાગ ૨–જો પૃષ્ઠ ૩૩૭ માં લખ્યું છે કે હજાજ એક ગામ છે ને તે મદીનાથી બે ત્રણ દીવસના રસ્તાના અન્તરે છે. અને તે ખુદાએ મોહમદ મુસ્તફા (સ) એ ફતેહ કર્યું હતું કે તે સહેલથી મળ્યું હતું તેમાં ચશ્મા હતા ને તેમાં ખજુરના વૃક્ષો હતા.

મોજમુલ બુલદાં કયાકુત હમુઈ નામે કીતાબમાં લખ્યું છે કે હજાજમાં ફદક એક ગામ છે, ને મદીનાથી બે દીવસનો ત્યાં પોચવાનો રસ્તો કે બીજી રીવાયત પ્રમાણે ત્રણ દીવસનો રસ્તો છે. આ શહેર હીજરીસન સાતમાં પેગમબર સાહેબના હાથમાં આવ્યો. તે વખતે તેમાં ઘણાં ચશ્માં (જળાશય) તથા ખજુરના વૃક્ષો હતા.

ફતેહ બુલબારી શરે સહી બુખારી ભાગ ૬ પૃષ્ઠ ૧૪૦ માં લખ્યું છે કે ફદક એક કસ્બાનું નામ છે. ને ત્યાં પોચવાને મદીનાથી ત્રણ દીવસ થાય છે. પરંતુ ફદક ઉપર મેં જણાવ્યું છે તેમ એક જગ્યા છે, ને તેની હદ જેવી શહેર ગામને હોય છે તેવી હતી.

સર્વે જાણે છે કે પેગમ્બર મોહમદ મુસ્તફા (સ) તેનો બંદો બસ્ત તેજ લોકોને સોપ્યો હતો કે જેમનાથી સહેલાઇથી લેવામાં આવ્યો હતો. અને તેનો એવો નીકાલ કર્યો હતો કે તેમાં જે કાંઈ પેદા થાય તેમાંથી અરધો તે લોકો લે અને બાકી અર્ધ મોહમદ (સ) ને આપે. આથી દરેક વર્ષ પેગમ્બર શાહેબ તરફથી કેટલા લોકો જતા ને ભાગ પાડી પેગમ્બર મોહમદ મુ. [સ) નો ભાગ લઇ આવતા જે ભાગ ત્યાંથી આવતો તેમાંથી પોતાના કુટુંબના ગુજરાન જેટ, લુંજ રાખી વધે એટલું મુસલમાનોને વેંચી દેતા.

## ફદક કેવી રીતે મોહમદ (સ) ના તાબામાં આવ્યો.

ફતેહુલબારી ભાગ ૬ પૃષ્ટ ૧૩૪ છે કે સર્વે અસહાબીઓએ ફદક સંબંધી નીચે મુજબ વર્ણવ્યુ છે. કે ફદકના રેવાસી યહુદીયો હતા. જ્યારે ખૈબર ઉપર ફતેહ મેળવી ત્યારે તેવોએ પેગમ્બર સાહેબ ઉપર કહેણુ મોકલ્યું કે હમોને સહી સલામત કીલ્લામાંથી જવાદો. અમો જતા રહીશું.

દાઉદ (ર) એ ઝેહરીની રીવાયત પ્રમાણે ખેબરના કેટલા લોકો કીલ્લો બંધ કરીને ભરાઇ બેઠા હતા. તેમણે મોહમદ (સ)

ને કહેણ મોકલ્યા કે અમારી ભુલ માફ કરો ને અમોને સહી સલા• મત જવાદો. આથી તેવોએ તેજ પ્રમાણે કર્યું. ને તેમને જવા દીધા. આ વાત જયારે ફદકના લોકોએ સાંભળી ત્યારે તેમણે પણ તેજ પ્રમાણે કર્યું.

દાઉદ (ર) એ ઇબ્ને શહાબની રીવાયત પ્રમાણે મોહમદ (સ) ખેબરને સર કરવા પ્રયત્ન કરી રહ્યા હતા કે તે વખતેમાં તેવોએ સલાહ કરી.

તફસીર કબીર પૃષ્ટ ૨૭૧ માં સંગ્રહ મીસરમાં જે આયત " વમા............મીનહુંમ " છે તે આયાત ફદકના સંબંધમાંજ છે. કે તેના રેહવાશીઓને વતનથી દુર કરવામાં આવ્યા હતા. તેમની માલ મતાને સર્વે જગ્યા નબી મોહમદ (ર) ના કબજામાં આવી ગઇ હતી. અને ફદકનીજ ઉપજમાં તેવો પોતાના કુટુંબનું ખર્ચ નભાવતા ને બાકી વધે તે હથીયારો વગેરેમાં ખર્ચી નાખતા.

ઇમામ અબુ અબ્બાસ અહમદ બીન યાહયા બલજરી ફતુહુલ બુલદામાં લખ્યું છે કે. અસામાં જેહે શહાબ અને તેમણે માલિક ઉસથી રીવાયત કરી છે કે હજરત ઉમર ખીત્તાબ (ર) એ કહ્યું કે રસુલ (સ) ના ત્રણ સફાયા ( સફાયા તેને કહે છે કે લુંટના માલ- માંથી પોતાના વાસતે જુદું કાઢીને ) હતા. એક નજીરનો, બીજો ખેબર અને ત્રીજું ફદક. નજીરનો માલ હજુર પોતાના ખર્ચ માટે રોકી લેતા. ફદક મુસાફરોને માટે અને ખેબરની ઉપજના ત્રણ ભાગ કરીને બે ભાગ મુસલમાનોને અને ત્રીજો ભાગ પોતાના માટે

તથા પોતાના કુટુંબ માટે રોકી દેતા હતા. (જુવો પૃષ્ટ ૨૦ ફતુલબુલદાં સંગ્રહ જરમની) એજ કીતાબમાં બીજી રીવાયત છે કે લોકોએ કહ્યું કે રસુલ મોહમદ (સ) મેં ખેબરને લુટતી વખતે માહયસ્સા મસઉદ અને સારીને ફદકમાં ઇસ્લામ કબુલ કરાવવા માટે મોકલ્યા તે લોકો મહિલો નામે યુશે અનુન તે એક રઇશ હતો. તેની આગેવાનીથી ફદકની અરધી જમીન આપી પેગમ્બર સાહેબ સાથે સલાહ કરી લીધી. મુસલમાન લસ્કરે તેના ઉપર હુમલો કે ચઢાઈ નોહતી કરી આથી તે ખાસ પેગમ્બર સાહેબનીજ મીલકત હતી. જે મુસાફર કે તેમની પાસે મુલાકાતે આવતા તેમના ખર્ચમાંજ તેની ઉપજ વાપરવામાં આવતી હતી. ને ત્યાંના રહીશોજ રહેવા લાગ્યા. તે ઉમર (ર) ખિલાફત સુધી આવો વ્યવહાર ચાલ્યો. અને એમણે હેજાજથી યહુદીયોને કાઢી મુક્યા. ને એવી રીતે કે અબુહસીમ માલિક નેયાહહામ, સહલ અબી ખસીમાં, અને ઝેદ સાબીત વગેરે મદદગારોને મોકલી બાકી રહેલી અર્ધી ભુમિના પૈસા આપી તેમની પાસેથી લઈ લીધી. અને તેતો શામના મુલક તરફ જતા રહ્યા. (જુવો. પૃષ્ટ ૨૮ ફ૦ બ૦ સં. જરમની) આનેજ મળતી બીના તબરી તથા કાતીલ નામે ઇતિહાસમાં છે.

ઉપરના લખાણુથી એ વાત સાબીત થાય છે કે ફએ (સરદારે વગર લડાઇએ લસ્કરની મદદ વીના મેળવેલુ) અને લુટના માલમાં માત્ર એટલોજ તફાવત રાખવામાં આવ્યો છે કે એમાં લુટના માલની માફક કોઇનો સંબંધ કે ભાગ હોતો નથી, અને તે મોહમદ સ) ના માલેકીમાં રાખવામાં આવ્યું હતું. અને જેથી તેવો

---

હરેક જાતના ટાઇલ, તથા ગાલીચાના વેપારી,

ખુદાના હુકમના પ્રમાણે તેને અમલમાં લાવે-ઉપયોગ કરે. તેમના સ્વર્ગવાસ પછી ખલીફાના વખતમાં ને ઈમામના વખતમાં તેમની માલેકીમાં સોંપવામાં આવ્યું હતું. કારણ તેવો પણ પેગમ્બર મોહમદ (સ) ના પ્રમાણે તેમનો ઉપયોગ કરે. એટલે ખર્ચ કરવાનાજ સ્થાને ખર્ચ કરે. આ ઉપરથી સાફ માલમ પડી આવે છે કે ફએનો માલ સાથે તેમનો (પે૦ મો૦ મુ૦ સ૦ નો) જાતી સંબંધ નોહતો. તેથી તે મીરાસ જારી થઈ શકતી નથી અથવા તેના હકદાર સ્વર્ગવાસીના પછી હક ધરાવી શકે નહિ. કારણ ફદક તે ફએમાં ગણાતો હતો. પરંતુ જો તે તે મોહમદ (સ) પોતાની જાતે મેળવેલું હતું તેથી મીરાસ પણ જારી જોયત. અને તેમના સંબંધમાં સામાન્ય કાયદા નિયમના ઉકત. તે સ્વાભાવિક છે. તો પણ ફદકના સંબંધમાં કેટલી ગુંચવણો રેહતી.

રસુલે ખુદા મોહમદ (સ) ફદકની ઉપજનો કેટલો ભાગ પોતાના તથા પોતાના કુટુંબના ખર્ચ જેટલો રાખી લઇ બાકી મુસાફરોના સંબંધમાં ખર્ચી નાખતા હતા. આજ કારણ તેમના પછી કેટલાકે જે ઈસ્લામને સારી પાયરી પર જોવા નોહતા માગતા તેવોએ બીબી ફાતમાં (સ) ને સાબીત કરી બતાવ્યું કે ફદક તે મોહમદ (સ) ની જાતની કમાયલી છે. અને તેના ઉપર તેમનો હક છે હતો. અને તેમની ઓલાદમાં તમારા સીવાય અન્ય કોઇ નથી. માટે તમારા વગર કોઇ પણ તેના ઉપર હક ધરાવી શકતો નથી. આથી તેવો સદીક અકબર (સ) ની પાસે ગયા. અને તેવોએ કુરઆન શરીફના વચન પ્રમાણે તેનીજ મદદથી તેમની કચેરીમા

ફરીયાદ કરી. તે વચન (આયત) નો અર્થ "તમારી ઓલાદના હીસ્સાના સંબંધમાં ખુદા તમોને હુકમ આપે છે કે એક પુત્રને આપીને પુત્રીઓને બરાબર હીસ્સો આપ્યા કર," આના સંબંધમાં બીબી ફાતમાં (ર) ને તેમણે જવાબ આપ્યો કે પેગમ્બરના માલના ઉપર વારસોનો હક જારી થઈ શકતો નથી, તેમને તે મળી શકે નહિં આ જવાબ સાંભળી તેવો બીબી ફાતમાં (ર) અબા બકર (ર) ઉપર નારાજ થઇ ગયા રહ્યા. તે મૃત્યુ સુધી તેમની સાથે બોલ્યા નહિ.

પેગમ્બરોના માલનો વારેસ નથી, હમો જે કાંઇ મુકી જઇએ તે ખુદાના નામ ઉપર સદકો છે. આવી હદીસ (પેગમ્બર સાહેબની આગ્ના) છે. ઘણુંજ ઉત્તમ અમો તેને આંખો તથા માથા ઉપર ચઢાવીએ છીએ. પરંતુ આવી હદીસની ખબર બીબી ફાતમાં (ર). ને નહિજ હોય. અને આજ કારણે તે અબુબકર (ર) ઉપર નારાજ થઇ ગયા હોય. પરંતુસદીક અકબર (ર) ખુદાના તથા રસુલના હુકમથી વીરૂધ નોહતા કરી શકતા. વાચક બંધુ ! સારી પેઠે જાણતા હશે કે અરબસ્તાનમાં પહેલાથી લોકો માનતા હતા કે મોહમદ (સ) આ સર્વે હુકમત તથા બાદશાહત પોતા માટે કરે છે. અને તેજ ધુનમાં મગજમાં આ માર્ગ તેમણે પકડયો છે. તમો જો પુરાતન તેમના વખતના ઇતિહાસ જુવો અથવા જોયા હશે તો તમો જાણશો અથવા જાણો છો કે અરબો પોતાનો મુલક વધારવાને તેમના ઉપર મોહમદ (સ) બાદશાહત કરવા. આગળ કર્યા જાંવો છો ! હાલ મુસલમાનોના વિરોધીઓ જે દલીલ કરે છે પણ તેજ

તોબા, તોબા. ઇસ્લામના હેતુઓ દુનિયાને ચાહનાર નોહતા. નાં છે. પણ ઇસ્લામના વિરૂધીઓ દુનિયાને ચાહનાર હતા.

બુખારી નામે કીતાબમાં જનાબ આયેશા (ર) થી રીવાયત છે કે બીબી ફાતમાં (ર) ને કોઇ માણસે અબુ બકર (ર) ની પાસે મોકલ્યા. ને ફદક તથા ખમસ ખેબરનો ભાગ જે મોહમદ (સ) ની પાછળ રહી ગયો હતો તે માંગ્યો. ત્યારે તેવોએ ફરમાવ્યું કે પેગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે "પેગમ્બરના માલમાં વારેસ નથી. જે અમો પાછળ મુકી જઇએ તે ખુદાના માર્ગમાં સદકો છે. પરંતુ પેગમ્બર સાહેબની ઓલાદ પોતાના ખર્ચ જેટલું લઇ શકે છે. હું ખુદાની સોગન ખાઇને કહું છું કે આમાં કોઇની પણ તરફેણ નહિ કરૂં. તેનો ખર્ચ રસુલે ખુદા (સ) જેવી રીતે કરતા તેવી રીતે તેની વ્યવસ્થા કરીશ. જ્યારે અબુબકરે (ર) એ ઇનકાર કર્યો ત્યારે તે નારાજ થઇ ગયાને બોલવાનું બંધ કર્યું. તે ત્યાં સુધી કે મૃત્યુ પામ્યા ત્યાં સુધી.

